નિર્દોષ

હેમકળા.

એક સામાજીક સચીત્ર નવલકથા.

પ્રથમાવૃત્તિ.
૧૯૧૨
કિં. રૂ. ૧—૮—૦.

લેખક,
રા. ચમનલાલ છોટાલાલ
દેશાઈ.


પ્રકાશક,
ભેલશંકર લક્ષ્મીશંકર
આચાર્ય—મુંબઇ.

અમદાવાદ
ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યું.

સ્ત્રીઓ, પુરૂષો અને બાળકો માટે માથામાં નાખવાનું

ખુશબોદાર તેલ

કામીનીઆ ઑઇલ



છે. આ સર્વોત્તમ ગુણકારક તેલ, હાલમાં હીંદુસ્તાનના દરેક ભાગના સઘળા લોકો વાપરે છે. કારણ કે એમાં કીમતી વસાણાંઓ પડેલાં છે, તેથી વાપરનારાઓને ઘણું સંતોષકારક પરીણામ આપે છે. કામીનીયા ઓઈલ માથામાં નાંખવાથી માથું ઠંડુગાર રહે છે, તેથી વિદ્યાર્થીઓને, મગજ સંબંધી કામ કરનારાઓને અને જેઓને માથામાં ચાલુ દુખારો રહેતો હોય તેઓને માટે એ અમુલ્ય તેલ છે.

એની સ્વચ્છ બનાવટમાટે છેલ્લાં માઈસોરના પ્રદર્શનમાં

સોનાનો ચાંદ

આપવામાં આવેલો છે.

તા. ૮-૭-૧૧ ડો. હરીનારાયણ સીવીલ સર્જન કમાલપુરથી લખે છે: મેં તમારૂં કામીનીઆ ઓઇલ વાપર્યું છે અને બીજા તેલો કરતાં ઘણુંજ પસંદ પડયું છે. મહેરબાની કરીને ત્રણ બાટલી વી. પી.થી મોકલજો

કી. બાટલી ૧ નો રૂ. ૧-૦-૦ વી. પી. રૂ. ૦-૪-૦
કી. બાટલી ૩ નો રૂ. ૨-૧૦-૦ વી. પી. રૂ. ૦-૭-૦

તા. ક. કેટલાક વેપારીઓ હલકા માલમાં સારો નફો મળવાની આશાએ હલકો માલ આપવાને કોશેષ કરેછે તો તે લેતા નહી અને ખરીદતી વખતે કામીનીઆ ઓઇલની સીલબંધ બાટલી ખરીદજો.

સોલ એજંટ:—

ધી એંગ્લો ઈંડીયન ડ્રગ એંડ કેમીકલ કું૦,

દરેક જાતની દવાઓ વેચનારા, જુમા મસીદ—મુંબાઇ.

નબળી તવાઈ ગયેલી સ્ત્રીઓ માટે

ગુદેરીન



અકસીર દવા છે. તેમાં લોહ અને મેંગનીસ નામની ધાતુઓ શરીરમાં સહેલાઇથી લોહી સાથે મળી જાય તેવી બનાવટ હોવાથી દરેક ડાકટરો વાપરવા ભલામણ કરે છે, માસીક ૠતુ વખતે હદબહાર લોહી જવાથી અતિશય નબળાઇ થાય છે, મગજે ફેર આવે છે, અને કાંઈ કામ સુજતું નથી. તેવા દરદોમાં આપવાથી ઘણો ફાયદો થાય છે. અને નીયમસર અટકાવ આવે છે. શરીરમાં તાકાત વધે છે. કીંમત બા. ૧ ના રૂ. ૨–૧૦–૦ વી. પી. ખર્ચ દસ આના વધુ.

ડા. ફારેનહોલ્ટ, એમ. ડી. લખે છે–અટકાવના વખતે એક સ્ત્રીને ઘણું લોહી જવાથી અતિશય નબળાઇ આવી હતી તેને ગુદેરીનની બે બાટલી પીવાથી તેની તબીયત ઘણી સુધરી હતી. અને શરીર લોહીથી ભરાઇ ગયું હતું.

ડા. ઈ. ટૉફ, એમ. ડી. લખે છે કે–મારા હાથ નીચેની હોસ્પીતાલમાં સુવાવડ ખાતાના વૉર્ડમાં સુવાવડ પછી જે સ્ત્રીઓ લોહીના ઘટાડાથી નબળી થઇ હતી તેઓને ગુદેરીન આપવાથી ઘણોજ ફાયદો થયો હતો.

મળવાનું ઠેકાણું.

એંગ્લો ઇંડીયન ડ્રગ એંડ કેમીકલ કંપની, દવાવાળા.

નાં ૧૫૭, જુમામસીદ નીચે—મુંબઈ.

નિર્દોષ હેમકળા.

એક સામાજીક સચીત્ર નવલકથા.

લખનાર,

ચમનલાલ છોટાલાલ દેશાઇ—મુંબઈ.

પ્રકાશક,

ખેલશંકર લક્ષ્મીશંકર આચાર્ય;

મેનેજર, ચુનીલાલ ખેલશંકરની કું.

એડવરટાઇઝર્સ એન્ડ કમીશન એજન્ટસ

મુંબઈ.

પ્રથમ આવૃતિ.

અમદાવાદ

ધી ગુન્જરાત પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યું.

સને ૧૯૧૨.

કીંમત રૂ. ૧—૮—૦.

અર્પણપત્ર.

શેઠ શ્રી જીવણદાસ ઓઘાભાઈ રૂપારેલ;

આપ એક વેપારી તરીકે જેટલા જાણીતા છો તેવા
રીતે વિદ્યારસિક પણ છો અને ગ્રંથકારોને
ઉત્તેજન આપો છો: મને તેવી રીતે આ
પુસ્તક પ્રગટ કરવામાં એક દેશસ્થ
લઘુ બંધુ તરીકે જે મદદ કરી છે
અને અહર્નિશ મારા ઉપર જે
કૃપા રાખો છો તે ઉપકારના
યત્કિંચિત્ સ્મર્ણ તરીકે
મારા તરફથી બાહેર પડતું
આ નવલકથાનું પુસ્તક
આપનેજ
અર્પણ કરતાં આનંદ પામું છું.

કાન્હેલ; કાલબાદેવી;
મુંબઇ.
તા. ૧૧-૧૨-૧૨.

હું છું આપનોજ
ખેલશંકર લક્ષ્મીશંકર આચાર્ય.

પ્રસ્તાવના.

મારાં આગલાં નાનાં મોટાં નવલકથા તથા ચરિત્ર વગેરેનાં પુસ્તકો વાંચકોને હસ્તગત કરતાં તેમનો વાંચકો તરફથી સારો સત્કાર હમેશા થતો રહ્યો છે અને મારા આ પુસ્તકનો પણ માયાકુળ વાંચકો તેવીજ રીતનો સત્કાર કરશે, એવો મને વિશ્વાસ છે. આગલાં સઘળાં પુસ્તકો વેળાએ મેં તેમાં થોડો ઘણો પણ પ્રસ્તાવ કરેલોજ હોવાથી આ ગ્રંથમાં પ્રસ્તાવનાની જરૂર શી એવો પ્રશ્ન ઉપસ્થિત કરી તેનો ખુલાસો કરવાની જરૂર તો મારે માટે રહેતી નથીજ. કિન્તુ આગલાં મારાં પુસ્તકો કરતાં આ પુસ્તક કાંઇક જુદાજ પ્રકારનું હોવાથી તેનો પ્રસ્તાવ કાંઇક વિસ્તીર્ણ થવા પામે એ સ્વભાવિકજ છે.

આગલાં મારાં નવલકથાનાં પુસ્તકો કાંતો બહુધા નાનાંજ હતાં અથવા તો છુટી છુટી છપાયલી નાની નાની વાર્ત્તાઓનો એક સંગ્રહ હતો. આથી એવી વાર્ત્તાઓની વસ્તુ સંકલના કરવામાં ઉઠાવવી પડેલી જેહમત કરતાં આ પુસ્તક માટે ઉઠાવવી પડેલી જેહેમત કાંઇક વધારેજ હોય, અને એક મોટું નવલકથાનું પુસ્તક લખવામાં હું વાંચકોના સત્કારને પાત્ર ઠરૂં છું કે કેમ (?) તે જોવાનું છે.

ગુજરાતી ભાષામાં નવલકથાનાં પુસ્તકો સંખ્યાબંધ છે, અને બીજી ભાષાના સાહિત્યમા પણ તેજ સ્થિતિ જણાય છે. પણ ખેદની વાત તો એ છે કે બીજી ભાષાની નવલકથાઓમાં હમેશા કાંઇક ને કાંઇક નવાજ વિચારોનું પ્રગટિકરણ હોય છે, ત્યારે ગુજરાતી ભાષામાં તેવું કશુંય નથી, એમ કહીએ તો કાંઈ સર્વથા ખોટું નથી. એ આનંદની વાર્તા છે કે થોડોક સમય થયાં પરભાષાનાં એવાં નવલકથાનાં પુસ્તકોનું ભાષાન્તર કરવા તરફ ગુર્જર સાહિત્ય સેવકો ધ્યાન આપવા લાગ્યા છે, પણ તેજ વેળાએ એક એવા પ્રકારનો ખરાબ ચેપ એ સાહિત્યોપાસકોને લાગ્યો છે કે જે માટે અત્રે ખેદના ઉદ્ગારો કાઢયા સિવાય નથી ચાલતું. કેટલીક વાર એવાં કોઇ પુસ્તકનું તેઓએ ભાષાન્તર કર્યું છે એમ નહીંજ જણાવતાં જાણે પોતેજ તે ગ્રંથ અસલ વિચારો ઉપજાવી લખ્યો હોય એમ વાંચકો સન્મુખ રજુ કરે છે. બેશક, એથી વાંચકોને કાંઇજ નુકશાન નથી થતું, પણ ભાષાન્તરકારો મુળ લખ-

નારાઓને, પોતે ખોટી રીતે વિદ્વાનમાં ખપવાની લાલસાને લીધે, અન્યાય કરે છે એટલું તો ખરૂંજ. ખાસ કરીને ગુર્જર સાહિત્યોપાસક સમુહનું આ વર્તન ઐતિહાસિક નવલકથાઓના સંબંધમાં તો સ્પષ્ટ જણાય છે. ઇશ્વર પ્રતિ મારી પ્રાર્થના છે કે ગુર્જર સાહિત્યોપાસકોને આવાં નહીં છાજતાં વર્તનથી હવે બચાવી લે. આથી તેઓ હમેશ માટે કાંઇ સારા વિદ્વાન તરીકે પંકાતા રહેતા નથી, પણ જ્યારે તેમનું આવું વર્તન ખુલ્લું પડી જાય છે ત્યારે નિરીક્ષકો, ' સુકા સાથે લીલું બળે ' એ ન્યાયે સમસ્ત સાહિત્યસેવક સમાજને અન્યાય કરે છે.

આટલો આ પ્રસ્તાવ અત્રે કરવાની જરૂર એટલા માટે પડી છે કે, આ નવલકથા કોઈ પરભાષાના પુસ્તકનું ભાષાન્તર છે, એમ કોઇ માની લે નહીં. ઉપર જણાવ્યું તેવા લેખકોના સંબંધમાં હવે દિવસે દિવસે એવી પોલંપોલ બાહેર આવતી જાય છે કે, તેમના ગ્રંથોમાં કાંઇક નવિનતા જેવું હોય છે પણ તે પરભાષાનાં પુસ્તકોનુંજ બહુધા નૂર હોય છે અને તેથી જો કોઇ અસલ વિચારો ઉપજાવે તો તેને પણ પરભાષામાંથી ઉઠાઉગીરી કરનાર માનવામાં આવે છે. આ પુસ્તકમાં તેવું કશુંજ નથી. પુસ્તકમાંના કોઇ વિચારો કે કાંઇપણ તત્વ પસંદ કે નાપસંદ પડે તો તે માટે આ લેખક પોતેજ સર્વાંશે જોખમદાર છે, નહીં કે તેનો અપયશ કે યશ કોઇ અન્યને શીરે ઘટતો હોય.

સામાન્ય રીતે જોતાં આપણું નવલકથાનું સાહિત્ય સંખ્યાબળમાં કાંઈ નાનું નથી પણ વિચારબળમાં એટલું તો સંકુચિત છે કે જેમાં કાંઇ જીવજ નથી, એમ કહીએ તો ચાલે. ગુર્જર નવલકથાઓમાં બહુધા પ્રેમનાં ટાહેલાંજ થયલાં જોવામાં આવે છે અને તે સિવાય પ્રજોન્નતિ માટે રાહબર થાય તેવા વિષયોની ચર્ચા તો તેમાં કદાચજ જોવામાં આવે છે. પરભાષાના નવલકથાનાં પુસ્તકોમાં પણ તેવા વિષયો પુષ્કળ ચર્ચાય છે એ પરભાષાના સાહિત્ય માટે ગૌરવ પેદા કરનારી વાર્તા છે. ગુર્જર સાહિત્યની આ અવદશાનું કારણ જેમ લેખક વર્ગ તેમજ વાંચકવર્ગ ઉભય છે ! લેખક વર્ગ પોતાના પુસ્તકો ઝટપટ ખપી કેમ જાય અથવા તો વધુ પ્રમાણમાં કેમ વંચાય એટલો ઉદ્દેશ રાખે છે, જ્યારે વાંચકવર્ગ પોતાનાં હૃદયને રૂચતું હોય તેથી વિરૂદ્ધના વિચારોને ઉત્તેજન આપવાનું તો રહ્યું પણ વાંચવાનું પણ પસંદ નથી કરતો. આમ છતાં આ બાબતમાં વધારે દોષપાત્ર તો લેખક વર્ગજ

છે. લેખકો અજ્ઞાન લોકોમાં ઉન્નતિદર્શક વિચારો પ્રસારવાનો પ્રયાસ કરવાને કુદરતી રીતે ફરજથી બંધાયલા છે અને તેમણે વાંચકોની ઇચ્છાને અનુસરવા કરતાં પોતાની ફરજને અગ્રસ્થાન આપવું જોઇએ.

આ પુસ્તકમાં એવા કેટલાક વિષયોની ચર્ચા કરવામાં આવી છે કે, જે વાંચકોને હિતાવહ છે એમ લેખકની માન્યતા હોવાથી લેખકે ચર્ચ્યા છે, પણ તે વિષે વાંચકો કેવો મત બાંધશે તે માટે હાલ રાહજ જોવાનું છે. આ નવલકથામાં જે પણ વિષયો ચર્ચવામાં આવ્યા છે તેમાંના કેટલાક જો કે અગાઉ ચર્ચાઈ ગયલા હોવા છતાં અત્રે તે નવિજ દલીલો સાથે અને નવિજ રીતે ચર્ચવામાં આવ્યા છે અને પુનર્લગ્ન કરતાં નિયોગને આપવામાં આવેલી ઉચ્ચતર પંક્તિ, પતિત શુદ્ધિની જરૂર અને એવા બીજા કેટલાક વિષયો ચર્ચવામાં આવેલા છે કે જે વિષે હિંદુ પ્રજામાં અદ્યપિ ભારે મતભેદ જોવામાં આવે છે અને નિયોગનો તો ખરો અર્થ પણ હજુ પ્રજાનો મોટો ભાગ સમજતો નથી. જેઓ નિયોગના વિચાર વિષે આટલા બધા અજ્ઞાત છે, તેઓ આ વિચાર-ચર્ચા માટે ઘ્રુણા દર્શાવે તો તેમાં કાંઇ આશ્ચર્ય પામવા જેવું નથી. પણ નિયોગની ક્રિયા અને પુનર્લગ્નની ક્રિયા વચ્ચે ભાવનાનો અત્યંત તફાવત છે. પુનર્લગ્નની ભાવના બહુધા લગ્નની ભાવના જેવીજ હોય છે, જ્યારે નિયોગની ભાવના જુદાજ પ્રકારની હોય છે. પુનર્લગ્નની ભાવના જ્યારે વ્યવહારિક જીવન ચાલુ રાખવાની હોય છે, જ્યારે નિયોગની ભાવના માત્ર કૂળોચ્છેદ થતો અટકાવવાની હોય છે. એટલે કે પુનર્લગ્નથી ગ્રહસ્થાશ્રમ યથેચ્છ ભોગવવાની પરવાનગી મળે છે, જ્યારે નિયોગથી માત્ર શુદ્ધ ભાવથી એક સંતાનની પ્રાપ્તિ થવા બાદ જેનાથી સંતાનની પ્રાપ્તિ કરી હોય તેની સામે પણ કિંચિદ્ વિકારી ભાવ પણ પ્રકટાવવાની મના હોય છે. બેશક, હાલની રહેણીકરણી અને સંજોગો એવા છે કે આવી ભાવનાની હસ્તી માટે સામાન્ય પ્રજાને તો ખ્યાલ પણ ના આવી શકે: પણ એટલું તો ખરૂં કે પ્રાચીનકાળમાં આવી રીતે કૂળોચ્છેદ થતો અટકાવવામાં આવતો હતો, અને તેનાં સંખ્યાબંધ ઇતિહાસિક પ્રમાણો મળે છે.

પતિત શુદ્ધિ અને બીજા વિષયોની અગત્ય તો નવલકથામાંથી આપોઆપ સમજાય તેમ છે, એટલુંજ નહીં પણ જનસમાજ પણ ધીમે ધીમે તે બાબતમાં ઉદાર વિચાર ધરાવતી થતી જાય છે, એટલે

અહીંઆં તે માટે કાંઇ ખુલાસો કરવાની જરૂર નથી જણાતી.

આ નવલકથાનો થોડોક ભાગ અગાઉ "આર્યપ્રકાશ" પત્રમાં "હું આર્યસમાજી કેમ થઈ?" એ મથાળા નીચે પ્રગટ થયો હતો, અને તેણે સારી પ્રીતિ મેળવેલી જોઇ આખી નવલકથા પુરી કરાવી તેને પુસ્તકના રૂપમાં વાંચકો સન્મુખ રજુ કરવાની આજે તક આપવા માટે આ પુસ્તકના પ્રકાશક મારા સ્નેહી રા. ખેલશંકર લક્ષ્મીશંકર આચાર્યનો આ તકે મારે ઉપકાર માનવો જોઇએ.

છેવટે વાંચકો સન્મુખ વધારે અને વધારે ઉંચ્ચ પંક્તિનું સાહિત્ય રજુ કરવાની મને પરમ પિતા તક આપે એમ તેના પ્રતિ પ્રાર્થના કરતાં જે પૂજ્ય પિતાશ્રીની કૃપાથી વિદ્યા સંપાદન કરી તેમનાં ચર્ણાર્વિંદમાં શીર્ષાવંદન કરી આ પ્રસ્તાવના અત્રેજ સમાપ્ત કરૂં છું.

મુંબઇ, ગીરગામ:
વિજ્યાદશમી, ૧૯૬૮;
ખ્રિસ્તી તા. ૨૧-૧૦-૧૨.

વાંચકોનો કૃપાભિલાષી,
ચમનલાલ છોટાલાલ દેશાઇ.
ગ્રંથકર્તા.

પ્રગટકર્ત્તાનો પ્રસ્તાવ.

પ્રિય વાંચકો ! મને તમારી સન્મુખ અનેક સાંસારિક ચિત્રોનાં દિગ્દર્શન જેવી આ નવલકથા રજુ કરતાં ઘણો આનંદ થાય છે. પરમાત્મા મને તેવાં વધારે પુસ્તકો તમારા હાથમાં મુકવાને તક આપે એ પ્રાર્થના છે.

આ તકે 'ગુજરાત' છાપખાનાના માલેક રા. રા. સોમાલાલ મંગળદાસ શાહે પોતે પોતાની ગંભીર માંદગી છતાં છાપવામાં કરી આપેલી સરળતા માટે અને બીજા જે પણ મિત્રોએ મને આ કામમાં મદદ કરી છે તે માટે તેમનો સર્વનો આભારી થયો છું.

મી. ધુરંધર જેવા ઇલાકાના પ્રથમ પંક્તીના દેશી આર્ટીસ્ટના હાથના પ્રાસંગિક ચિત્રો પણ રજુ કરવામાં આવ્યાં છે; તે વાંચકોની પસંદગી મેળવશેજ એવી આશા છે. મી. ધુરંધરે દિવાળી જેવા પ્રસંગે ઘણા ટુંક વખતમાં જે ઉમદા ચિત્રો તૈયાર કરી આપ્યા છે તે માટે તેમનો પણ ઉપકારી થયો છું. ઇતિ.

પ્રગટ કર્ત્તા.

અનુક્રમણિકા.

ચાલુ માસ આખર સુધી.

રૂ. ૧–૮–૦ નું હરકોઇ પુસ્તક મફત.

આથી બીજી સગવડ શું હોઈ શકે ?

ધર્મ, નીતિ, ઐતિહાસિક, નવલ કથાઓ, સ્ત્રી ઉપયોગી, બાળકો માટે, કાવ્ય, નાટકો, હુન્નર, વૈદક ઇત્યાદી હરકોઈ જાતના હીંદી તથા ગુજરાતી ગમે **તેના પ્રસિદ્ધ કરેલા** મળી શકતાં પુસ્તકો અમારી ઓફીસમાંથી મળી શકશે. **એક સાથે રૂ. ૫-૦-૦ નાં પુસ્તકો ખરીદનારને** અમારા લીસ્ટમાંથી રૂ. ૧ાા વાળું કોઇપણ **પુસ્તક મફત.** પરચુરણ મંગાવનારને એકંદર રૂ. ૫–૦–૦ની ખરીદી પુરી થયે તેને પણ રૂ. ૧–૮–૦ નું પુસ્તક મફત મળી શકશે.

એકી સાથે રૂ. ૩–૦–૦ નાં પુસ્તકો મંગાવનારને સાહીની પેન મફત મળશે.

	રૂ. આ.		રૂ. આ.
ઉષાકાન્ત	૧–૮	રસિકચંદ્ર ભા. ૧ ...	૧–૦
મહાકાળની મૂર્ત્તિ... ...	૨–૮	રસિકચંદ્ર ભા. ૨ ...	૧–૦
પૃથુરાજ રાસાડ ભા. ૧...	૧–૦	રસિકચંદ્ર ભા. ૩ ...	૧–૦
પૃથુરાજ રાસાડ ભા. ૨...	૧–૦	અલક્ષ્ય જ્યોતિ	૧–૮
પંજાબની રાણી	૧–૮	મોતનીખીણ યાને અજબપ્રેમ	૧–૮
અયોધ્યા અને અંગ્રેજ...	૧–૮	જ્યોતિ પુંજ	૧–૮
પ્રતિવ્રતા બેગમ લુત્ફ઼ુરનીશા	૧–૮	ઓખામંડળના સુરવીરવાઘેરો	૧-૦
દીલ્હીની રજીયા બેગમ...	૧–૮	કૃશ્નલાલનાં કાવત્રાં ...	૧–૦
પ્રેમની આહુતી અજયલક્ષ્મી	૧–૮	પાતાળની પ્રેમદા ...	૧–૦
પદ્મનાભ	૧–૮	મથુરાપુરીનો રંગીલો રાણો	૧–૦
મધુકર	૧–૮	સુધારાની ફતેહ ...	૧–૦
કુદરતનો ખેલ ભા. ૧ ...	૧–૮	મહીલા મર્યાદ ...	૧–૦
કુદરતનો ખેલ ભા. ૨ ...	૨–૦	નંદકુમાર ...	૧–૦
સુરતની સુંદરી ...	૧–૦	ભયંકર ન્યાય ...	૦–૮
સુરતી લાલ ...	૧–૦	મહાભારત ...	૩–૮

આ લેખકનાં બીજાં પુસ્તકો.

		રૂ. આ. પા.
૧	વિનોદવાટિકા (બેઉ ભાગ, પાકું પુંઠું, સોનેરી નામ).	૧—૮—૦
૨	મહાત્મા પુરણભક્ત ... (ચરિત્રો.)	૦—૧—૦
૩	લાલા હંસરાજ ... (ચરિત્રો.)	૦—૧—૦
૪	સ્વામી દયાનન્દ ... (ચરિત્રો.)	૦—૪—૦
૫	કંઠબંધ (ટુંકી વાર્તા).	૦—૧—૦
૬	વનરમણી ,,	૦—૧—૦
૭	અંતરોર્મિ (કાવ્યો).	૦—૧—૦
૮	નિર્દોષ હેમકળા	૧—૮—૦

દરેક પુસ્તકનું પોસ્ટેજ જુદું.

મળવાનું ઠેકાણું:—**મેનેજર, ચુનીલાલ બેલશંકરની કું.**
કાલબાદેવી, પોસ્ટ નં. ૨—**મુંબઈ.**

ૐ

નિર્દોષ હેમકળા.

(સામાજીક નવલકથા.)

પ્રકરણ ૧ લું.

વિલાસભવન.

શાસ્ત્રો ને સિદ્ધાંતો આંખે નવ વાંચે ને સુણે;
નાટકરાનાં ગીતો ગાતાં, ધડપડ ઠોકાં ધુણે.
કથા–વાર્ત્તા કાન ધરે નહીં, પદ ભજનો નવ સુણે;
ગણિકાનાં ગાયન સાંભળવા, જઈ બેસે છે ખુણે.

*　　　*　　　*

ધુમાડાના ઢગલા કાઢે, બીડી મ્હોમાં ઘાલી;
એક બળે ત્યાં બીજી કરમાં, તુરત લે છે ઝાલી.

ત્રિભૂવનદાસ નારણજી મહેતા.

ગ્રાંટરોડ મુંબઈનો એક સુપ્રસિદ્ધ ભાગ છે: હેનો એક ભાગ 'ગ્રાંટરોડ કૉર્નર'ના નામથી ઓળખાય છે. અહીંઆં ચાર મ્હોટા રસ્તા જોડાય છે. એક બાજુ તાડદેવનો રસ્તો આવેલો છે, બીજી બાજુ નળબજાર, ભૂલેશ્વર અને પાયધૂની વગેરે તરફનો માર્ગ આવેલો છે; ત્રીજી તરફ 'પારસી સ્ટેચ્યુ' જે 'ઉભો પારસી' તરીકે સામાન્ય જન-સમાજમાં ઓળખાય છે ત્યાં જવાનો માર્ગ આવેલો છે, અને ચોથી બાજુએ ગ્રાંટરોડ સ્ટેશન તરફ જવાનો માર્ગ આવેલો છે. આ જગાની રમણીયતાને અવલોકીને કેટલાક યોગ્ય માનવ પ્રાણીઓએ 'પીલ હા-

ઉસ'નું નામ આપ્યું છે. 'ગ્રાંટરોડ કૉર્નર' કહેવાથી મુંબઈના વસ્તીનો થોડોકજ ભાગ આ જગાને ઓળખી શકે, જ્યારે મુંબઈની કોઈ દિશા કે કોઈપણ વિભાગમાંથી 'બોલ હાઉસ' નામોચ્ચાર કરવાથી આ જગાને ઓળખનાર મોટો ભાગ મળી આવ્યા વિના ના રહે. અત્રે માત્ર વિલાસી જનોજ આવે છે, એમ નહીં પણ, કેટલાક વિદ્વજ્જનો પણ આ વિચિત્ર ઈશ્વરી લીલાનું અવલોકન કરવાને આવતા જોવામાં આવે છે. તેઓ આ સ્થળનું નિરીક્ષણ કરતાં કરતાં 'અજાયબાતે આલમ' એ વિશ્વનું વૈચિત્ર્ય છે એવા સામાન્ય વાક્યોનું સ્મરણ સ્વાભાવિકજ કરે છે.

નળ બજાર અથવા પાયધૂની વગેરે તરફ જવાનો માર્ગ ફોકલેન્ડ રોડના નામથી ઓળખાય છે અને ત્યાં ગણિકાઓ અને વેશ્યાઓનાં મકાનો આવેલાં છે. તારદેવના માર્ગે નાટકશાળા પછી કાંઈ અગત્ય જેવો વિભાગ નથી; તેમ છતાંય મુમ્બઈનું નિરીક્ષણયોગ્ય મહાલક્ષ્મીના સ્થળે જવાનો સરળ માર્ગ આ હોવાથી અને નાટકશાળા હોવાથી કાંઈ તે સર્વથા શુષ્ક તો નથી જણાતો. 'પારસી સ્ટેચ્યુ' તરફના માર્ગે નાટકશાળાઓ વગેરે વિલાસી જનોને લગતાં મથકો હોવાથી બહુધા રાત્રે તે અધિક રમણીય લાગે છે. ચોથાં સ્ટેશન તરફની બાજુએ ઉપર જણાવ્યું તેવું કશુંજ નથી. સામાન્ય જનસમૂહ માટે તે સર્વથા શુષ્ક છે. એમ કહ્યા વિના ના ચાલે: પરંતુ ખરું જોતાં તો ત્યાંની ગાંભિર્ય રસપૂર્ણતા કાંઈક અલૌકીકજ છે. પારસી ગૃહસ્થોનાં મકાનો તે બાજુએ આવેલાં હોવાથી પીઆનો, હારમોનીયમ, તાઉસ, દિલરૂબા, સતાર વગેરે મધુરાં વાજીંત્રોના નાદ સાથે પારસી યુવતિઓનાં કોકીલ કંઠમાંથી ગાનનો નાદ સંમિલિત શ્રવણ કરવાની તક મળે છે ત્યારે તેની રસપૂર્ણતા અલૌકીક માલુમ પડે છે.

આપણી વાર્તા સાથે સંબંધ રાખતો માર્ગ પાયધૂની વગેરે તરફ જવાનો માર્ગ ફોકલૅન્ડ રોડ છે. ત્યાં ગણિકાઓ અને વેશ્યાઓનાં મકાનો આવેલાં હોવાથી ત્યાંનું રાત્રિ સમયનું અવલોકન રસમય છે. જ્યારે શેહેરના અન્ય સર્વ કોઈ માર્ગ કે બજાર શાંત થાય છે ત્યારે આ બજારનો વેપાર વૃદ્ધિ થતો જાય છે. આ બજાર જાહોજલાલીમાં આવતું જાય છે. આ બજારને અમે 'મમોહની રેસીડન્સી બજાર' એવું નામ આપીયું, અને તે યથાર્થ છે. આ બજારમાં જે માલની ખરીદી કરી

શકાય તેવું છે તેનાં નામો સાંભળો:—ક્ષણિક આનન્દ અને તે બાદ તન, મન તેમજ ધનની અવદશા આ માલ બજારમાં ખરીદી શકાય છે ! ! આ માલની કિમ્મત તરીકે તન, મન અને ધન સઘળું સાથે સમર્પણ કરવું પડે છે. ત્હેમાંની કોઈપણ એક ચીજ આપવાથી આ બજારમાંનો માલ ખરીદી શકાતો નથી ! ભારતીય અવદશાનાં એક અદ્‌ભુત કારણનું અહીંઆં અવલોકન થાય છે. કેટલાક અત્રે વિના કારણ કે વિના ઉદ્દેશ ફરતાં ફરતાં જોવામાં આવે છે. તેઓ નિર્ધન હોય છે તેઓ બારીએ ઉભેલી વેસ્યાઓનાં મુખડાં જોઈ મલકાય છે, તો તેઓમાંના કેટલાકો ગણિકાનાં ગાનનાદનાં શ્રવણથી આલ્હાદ પામે છે. આ લોકોની સ્થિતિ ગરીબ હોવાથી તેઓ આ રીતે પોતાનો કાળ ક્ષેપ કરે છે. બીજો ભાગ શ્રીમંતોનો હોય છે, તેઓ આજ રીતે મોઢાં નીરખતાં નીરખતાં કે નાદ શ્રવણ કરતાં કરતાં વેસ્યા કે ગણિકાનાં મકાનમાં ઈચ્છાનુસાર પ્રવેશ કરે છે. અત્રે બધી જગ્યાએ બીડી, શીગારેટ કે શીગારના ધુમાડાના ગોટેગોટ નીકળતા જણાય છે. પ્રાશ્ચિમાત્ય દેશસ્થ સ્ત્રીઓ જેમ બીડીઓ પીવાના શોખ ઉપર હવે ચઢતી જાય છે અને સ્ત્રી અધરનું વિલક્ષણ માધુર્ય નષ્ટ કરે છે, તદનુસાર અહીંઆ વસ્તી ગણિકાઓ કે વેસ્યાઓ પણ ધુમાડાના ગોટેગોટ કાઢી ઉપરોક્ત એક પ્રકારનું પોતાનું સૌન્દર્ય નષ્ટ કરે છે. અત્રે આ ગણિકા કે વેસ્યા સમાજમાં મોહલબ્ધ થયલા, પછી તેઓ શ્રી કૃષ્ણ રામચંદ્ર કે ભક્તિદાસ ગમે તે નામ ધરાવતા હોય તેમ છતાં વેસ્યાઓએ કે ગણિકાઓનાં ઉપરોક્ત આચરણમાં પુષ્ટિ આપતાં જણાય છે. અત્રે મદિરાપાનનાં મથકો પણ પુષ્કળ છે, અને હોટેલો પણ કાંઈ ઓછાં તો નથીજ. આ રીતે વામ માર્ગના આચાર્ય—મહીધરાચાર્યજીએ વર્ણવેલા પાંચે પ્રકારોની પ્રાપ્તિ અત્રે સરળતાથી થાય છે. તેનોજ વેપાર અત્રે ચાલે છે, અને તે વ્યાપાર સરળતાથી ચાલે છે. માત્ર પાંચ મકારના ભોગીજનો માટેજ આ **વિલાસભવન** છે. ક્વચિદ્ માનવ પ્રાણીઓ સ્વયમ્ ગણિકાનું પાત્ર બનતા—ગાનતાન કરતા જણાય છે.

અત્રે ચારે બાજુએ હૉટેલો, બોર્ડીન્ગ હાઉસ, રેસ્ટોરો વગેરે નામનાં પાટીયાં લટકતાં જોવામાં આવે છે. **અત્રે** બોટલો ફુટવાનો વ્યાપાર ધમધોકાર ચાલે છે. ચાર રસ્તાના સંગમ ઉપર—આપણા વિલા-

---

સભવનપર બોટલોના અવાજથી કાન પણ કદાચ બેહેર મારી જાય છે; બીજા શબ્દોમાં કહીએ તો અત્રે એ નિર્વાચ્ય બોટલોનાં ખુનનો વ્યાપાર નામદાર સરકારની કશીજ બ્હીક વિના છુટથી ચાલે છે! કેટલીક વાર તો નામદાર સરકારના અમલદારો પણ આ નિર્વાચ્ય બોટલોનાં ખુન કરતાં જોવામાં આવે છે!! ખુનીઓ નિદષ્ટ હૃદયથી ખરા કે નહીં?! બિચારી નિરાધાર બોટલોનાં ખુન કરવામાં અને, સાથોસાથ તેનું હોજરીમાં આરોપણ કરવામાં એ બોટલોનાં રક્ષક—માલિકો સ્વયમજ આર્થિક તૃપ્તિનાં કારણે સહાયતા આપે છે. તેઓ ઉપર વર્ણવ્યું તેવા પ્રકારનાં ખોટલોનાં ખુનીઓને બોટલો ખુન કરવાને વેચે છે. વિચિત્રતા એ છે કે ખુન કરવામાં આવ્યા પછી એ બોટલો પાછી લઈ તેને પુનઃ મરવા માટે તહૈયાર રૂપમાં રજુ કરી શકે છે! આમ વારંવાર ખુનો કરતાં ખુનીઓ અચકાતા નથી, ખુન કરવા ને વેચનાર તેના માલિકોને કશી ગ્લાનિ થતી નથી, અને બાટલીઓ સ્વયમ્ પણ કાંઈ વાંધો ઉઠાવતી નથી!!! આ રીતે અત્રે ચારે બાજુએ બહુધા ખુન અને ખોટનો વ્યાપારજ ચાલતો જોવામાં આવે છે; અન્ય કાંઇ ચીજનો વ્યાપાર ચાલતો જણાતો નથી.

આ **વિલાસભવનના** એક ખુણાપર શ્રીયુત્ ગોખલેનું સુપ્રસિદ્ધ હોટલ આવેલું છે. અત્રે હિંદુ ભાઈઓ લુંટારા માફક દરોરો પાડતા જણાય છે. આ શ્રીયુત્ ગોખલેનાં હોટેલમાં કૌટુમ્બીક જનો માટે ખાસ અલાહેદા ઓરડા રાખવામાં આવેલા હોવાથી કેટલાક નવીન જીવનમાં રમણ કરતાં જનો સહકુટુમ્બ પણ અત્રે આવે છે; શ્રીયુત્ ગોખલેએ ઉપરોકત ખાસ ગોઠવણ પણ એજ હેતપુરઃસર રાખેલી હશે. ગોખલેની હોટેલમાં નાકા ઉપર કૅશીઅર—નાણાં લેનારનું ટેબલ છે. તેના ટેબલ ઉપર જુદી જુદી જાતની સીગારેટ તેમજ સીગારની બરણીઓ તેમજ બાકસો ગોઠવેલાં રહે છે. અંદર બેઠકના દરેક વિભાગમાં આરસપહાણ જડીત ટેબલો અને તે પર ઝાડનું અંકક કુંડું ગોઠવેલું હોય છે. બાજુ બાજુએ અરીસો અને નિરીક્ષણ યોગ્ય છબીઓ ગોઠવેલી હોય છે. છબીઓ બોધક અને પ્રાચિન આર્યગૌરવ વિષે હૃદયમાં છાપ પાડે તેવી હોય છે. આ હોટેલમાં જનારનો એવો મત સ્વાભાવિકજ દૃઢ થાય છે

કે, મુમ્બઇની અન્ય હિંદુ હોટેલોની સ્પર્ધામાં આ હોટેલ અગ્રપદ ભોગવવા યોગ્ય છે. સઘળા સામાન્ય ખંડો પુરા થવા બાદ પહેલા વંર્ગના અને કૌટુમ્બીક જનો માટેના ઓરડાઓ આવે છે. આ ઓરડાંઓમાં કાચ વગેરેની ગોઠવણ પણ છે અને સરભરાની ગોઠવણ પણ વખાણવાયોગ્ય છે. કૌટુમ્બીકજનો માટે હોટેલમાં દાખલ થવાનો તથા હોટેલમાંથી બાહેર નીકળવાનો માર્ગ પણ અલાહેદોજ છે.

* * * * *

" પારસી સ્ટૅચ્યુ " અથવા ' ઉભો પારસી ' તરફના માર્ગથી એક ગાડી હૉટેલ આગળ તેના કૌટુમ્બીક જનો માટેના ખાસ દ્વાર આગળ આવી ઉભી રહી. આ બારણેથી, ગાડીમાંથી ઉતરી, એક બાલિકા, એક યુવતિ અને એક યુવક એમ ત્રણ જણાં હોટેલમાં દાખલ થયાં. યુવતિના કરકમળમાં દશ–બાર મહિનાનું એક બાળક પણ હતું. આ બાળક એક સૌંદર્યનું સુદર્શન હતું. આજ કાલનાં ઉંદરડી જેવાં બાળકો જેવું આ બાળક ન્હોતું બાળક બહુધા વર્ષ દહાડાનું હોવા છતાં તે હાથ ઉપર ટટાર હતું, ખભા ઉપર ઢળી પડતું નહીં. બાલિકા અને યુવતિ સૌંદર્ય પૂર્ણ દેવી સ્વરૂપ હતાં; યુવકનો બાંધો પણ નાજુક હતો. તેમ છતાંય સઘળાં નિરોગી અને સુદ્રઢ શરીર વાળાં અને દેખાવડાં હતાં.

આ કુટુમ્બ, હમેશ મુજબ, આજે શનીવાર હોવાથી વિક્ટોરિયા ગાર્ડનમાં બેન્ડ સાંભળવા ગયું હતું. આ રીતે હમેશાં ફરવા જવાના દિવસે મોડું થતું હોવાથી હૉટેલમાંજ પોતાનું ભોજન–ઉપહાર લઇ લેતું, અને આજે પણ અત્રે આ હેતુથીજ આવ્યું હતું. હોટેલમાં બેઠાં બેઠાં આ કૌટુમ્બીક જનો વચ્ચે કેટલુંક વિષય વ્યર્ચન પણ ચાલ્યું હતું. ઉપાહારની રકાબીઓ આવી તે ખાતાં ખાતાં યુવતિએ શરૂઆત કરી કહ્યું કે, " આપણા દેશમાં એવા અનેક વીચારો પ્રચરિત છે " કે, જે દૂર કરવાને આવાં હોટેલો સાધનરૂપ થઇ પડે. ધાર્મિક વી- " ચારો–વેહેમ યુક્ત વીચારો નીચે આભડછેટ અને બીજા શબ્દમાં " કહીએ તો એક બીજા પર તિરસ્કાર દર્શાવવાની જે પ્રણાલિ ચાલે " છે તે વેહેમ આવાં સ્થાનો અગમ્ય રીતે દૂર કરે છે, અને સંકુચિત " વિચારો વિશાળ બનાવે છે. "

યુવકે પત્નિના યોગ્ય વીચારોનું સમર્થન કરતાં જણાવ્યું કે, "હજુ
"આવાં હોટેલો એકજ દિશામાં પોતાનું કર્ત્તવ્ય બજાવી શક્યાં છે
"નાટકશાળા, હૉટેલો વગેરે સંસ્થાઓ ધારે તો લોકહિતનું ઘણું
"રૂડું કાર્ય બજાવી શકે, પણ આજ કાલ નાટકોમાં એવા અનિષ્ટ
"પ્રકરણો—દેખાવો રજુ કરવામાં આવે છે કે ત્યાં સભ્ય જનો તો જ-
"વાનું ભાગ્યેજ પસંદ કરે છે. હોટેલો પણ એવીજ રીતે દેશહિતના
"કાર્યમાં સહાય કરી શકે તેમ છે. એ બેઉ સંસ્થાઓએ, એ માટે
"પોતાની કાર્ય પદ્ધતિ સુધારવી જોઇએ. જો નાટકો યોગ્ય દિશામાં
"કર્ત્તવ્ય બુદ્ધિથી ભજવાતાં હોય તો તે સેંકડો ઉપદેશકો કરતાં વધારે
"સારૂં અને સરળતાથી પોતાનું કાર્ય બજાવી શકે. હોટેલો પણ ધારે
"તો સંસાર સુધારાનાં કાર્યમાં સરળતા કરી આપી શકે. જાપાનમાં
"રાંધવા વગેરેનું કામ સામાન્ય કે કનિષ્ઠ સ્થિતિનાં કુટુમ્બોમાં સ્ત્રીઓને
"શીરે નથી હોતું. આથી તેઓ કુટુમ્બના નિર્વાહ સારૂ આવક મેળ-
"વવાના અને લોકહિતનાં કાર્યોમાં પણ સારી મદદ આપી શકે છે."

માતા પિતાના વિચારોના સંબંધમાં પોતે જે, થોડું ઘણું, મા-
બાપના વિચાર—ચર્ચા પરિચયથી શીખી હતી તે અનુસાર બોલવા
લાગી:—"બાપુ આપણા દેશમાં પણ મજુરી કરી પોતાનું ગુજરાન ચલા-
"વનાર વર્ગમાં પુરૂષોની માફક સ્ત્રીઓ પણ નોકરી કરે છે, અને
"વળી સાથે તેઓ ગ્રહકાર્ય પણ આરોપે છે;—રાંધવા વગેરેનું કાર્ય પણ
"તેઓ જાતેજ કરે છે."

"યુવકે પુત્રીના વિચારોનું સ્ફુટન કરતાં કહ્યું કે, "પુત્રી! તમ્હારી
"ભૂલ થાય છે. સામાન્ય દ્રષ્ટિએ અહીંઆં તેમજ જાપાન વગેરે જે
"દેશોમાં સ્ત્રીઓ સામાન્યતઃ તમે કહ્યાં તેવાં ગ્રહ કાર્યમાંથી મુક્ત રહે
"છે. એથી તેઓ કુટુમ્બનાં નિર્વાહ સાધનમાં પણ મદદ કરી શકે છે
"અને પોતાનું જ્ઞાન પણ વધારી શકે છે. આપણા દેશમાં સ્ત્રીઓ—કા-
"મદાર વર્ગની કે કનિષ્ટ સ્થિતિની સ્ત્રીઓ માત્ર કુટુમ્બની આ મુશ્કેલી
"દૂર કરે છે, પણ તે સિવાય તે પોતાના વિચારોનો વિકાસ કરી શ-
"કતી નથી કે લોકહિતનાં કાર્યોમાં મદદ કરી શકતી નથી."

યુવતિએ સ્ત્રી હ્રદયથી સમાલોચન કર્યું કે, "આવા હેતુ સાધ્ય
"થવા માટે કાંઇ પણ વધુ ખર્ચ કરવા વિના મનુષ્યોને સારો ખોરાક

"પુરી પાડી શકાય તેવી વ્યવસ્થા થવી જોઇએ. હોટેલો ધારે તો આ
"સુધારો કરી શકે. મને લાગે છે કે, તેઓ આવી વ્યવસ્થા કરે તો
"તેઓ કમાણી પણ ઘણી સારી કરવા પામે."

યુવકે જણાવ્યું કે, "જાપાન દેશમાં આવી સંસ્થાઓ છે. ત્યાં
"એક માણસ ધારે તો ઓછામાં ઓછું દોઢ આનાનું ખર્ચ કરીને
"એક મનુષ્ય પોતાનો નિર્વાહ કરી શકે. કામદાર વર્ગ બહુધા આવી
"સંસ્થાઓનો આશ્રય લે છે. તેઓ ખોરાક સ્વચ્છ આપે છે અને
"બની શકે તેટલો સસ્તો પણ આપે છે તેથી કોઈ તેનો લાભ લેતાં
"અચકાતું નથી. આપણા દેશની હોટેલોમાં હજુ જોઇએ તેટલું સ્વ-
"ચ્છતા તરફ ધ્યાન અપાતું નથી; અને ખોરાક પણ સસ્તો કે પૌષ્ટિક
"નથી મળતો. આ બાબતમાં આપણા દેશની હોટેલો સુધારો કરે તો
"ખચિત તેઓ સારી દેશ સેવા બજાવી શકે."

બાલિકા વચ્ચમાંજ બોલી ઉઠી;—"બાપુ! દેશહિતમાં રસ
"ઝીલનાર આવી સંસ્થાઓ ખોલે તો તેઓ 'એક પંથ ઓર
"દો કાજ' માફક કર્ત્તવ્ય સાધ્ય કરી શકે. તેઓ પોતે આર્થિક
"લાભ પણ મેળવી શકે અને દેશહિત પણ કરી શકે. બાપુ! કેળ-
"વાયલા અને ભણેલા ગણેલા યુવાનો આવા માર્ગમાં પ્રવેશે તો
"કેવું રૂડું!"

યુવકે પુત્રીને વધુ શિક્ષણ મળે અને તેના વીચારો દ્રઢીભૂત થાય
તેવા હેતુથી કહ્યું કે, "એકાદ બે બંગાળીઓએ આવી શરૂઆત જર્મની
"અને ઈંગ્લેન્ડ આદિ દેશોમાં કરી છે. તેઓ ત્યાં આ ધંધો કરીને
"સારૂં ધન કમાય છે. આ દેશમાં એ ધંધો હલકો ગણાય છે,
"અને ભણ્યા ગણ્યા લોકો એ કાર્ય કરવામાં, તેથી, શરમાય છે."

યુવતિએ વચ્ચમાં પુરાઈ જણાવ્યું કે, "એવા શુષ્ક વીચાર ધરા-
"વનારાઓને પ્રજા વીચારશીલ અને દેશભક્ત માને છે, એથી હું તો
"આશ્ચર્ય પામું છું અને મને તો હસવું પણ આવે છે. હવે તો
"આવા શુષ્ક વીચારો તરછોડવાને ચર્ચા થવી જોઇએ. આ હોટેલના
"માલેક શ્રીયુત ગોખલે હાલ કેવી સારી આવક કરે છે!"

આમ વાર્તાલાપ અને વિષય ચર્ચન કરતાં કરતાં સર્વેએ ક્ષુધાનુસાર ઉપાહાર લીધો. તે પછી યુવતિ અને બાલિકા બાળકને લઇને બા : આવી ગાડીમાં બેઠા, યુવક પણ પૈસા ચુકવી આવી ગાડીમાં બેઠા.

ગાડી વિલાસભવનથી ઉપડી મહાદેવી રેસીડૅન્સી બજારમાં થઇ ન સૅન્ડહર્સ્ટ રોડ ઉપરના એક બંગલા આગળ આવી ઉભી રહી. આ કુટુમ્બનું નિવાસસ્થાન અહીંઆ હતું. પૈસા ચુકવ્યા પછી ગાડીવાળા ગાડી હાંકી ગયો અને કુટુમ્બ પણ પોતાના નિવાસસ્થાનમાં જઇ લગભગ અગીઆર (સ. ટા.) નો આશરો થયલો હોવાથી નિંદ્રાધીન થયું. મહાદેવી રેસીડૅન્સી બજારમાં આ કુટુમ્બે પણ કેટલુંક નિરીક્ષણ કર્યું હતું.

પ્રકરણ ૨ જું.

નાયક કુટુંબ.

પ્રથમ પ્રકરણમાં આપણે જે ચીત્ર આલેખી ગયા તે કુટુંબ આ વાર્તાનું નાયક કુટુંબ હોવાથી તેની આજે જરા વિસ્તારથી ઓળખ આપી છે.

જે યુવક અને યુવતિ તે ધણી ધણીયાણી હતાં અને બાલિકા અને બાલક તે તેમનાં ફળ હતાં. બાલિકાની ઉમ્મર આશરે તેરેક વર્ષની હતી અને યુવતિ યુગ્મની ઉમ્મર આશરે ત્રીસેકની હતી. બાળકની ઉમ્મર તો વર્ષ દહાડાની પણ નહતી. યુવકનું નામ વિનયચંદ્ર હતું, પણ બધા વિનુભાઈ કહીને બોલાવતા હતા. યુવતિનું નામ કૃષ્ણા હતું, બાલિકાનું નામ હેમકળા હતું અને માતાની ગોદમાં ગેલ કરતા બાલકને તો હજુ લાડમાં લોકો કુસુમ કહીનેજ બોલાવતા.

વિનયચંદ્ર પ્રથમ સરકારી ખાતામાં નોકરી કરતા પણ નોકરી એ દુઃખનો સ્થંભ છે—જડ છે, અને પરતંત્ર જીવન છે, એ પામર જીવન છે, એમ તેઓ માનતા હતા. વળી તેઓ સામાન્ય રીતે વિદ્વાન પણ હતા. કોઈ કોઈવાર વર્તમાનપત્રો અને માસિકોમાં લેખો પણ લખતા હતા.

તેઓ ધાર્મિક પંથ—ચર્ચાને લગતા ઝઘડાનું મુળ ગણતા, અને સાંસારિક તથા ધાર્મિક બાબતમાં ઘણા આગળ વધેલા વીચાર તેઓ ધરાવતા હતા. તેઓ જ્ઞાતિભેદને અધોગતિનું મુળ સમજતા. તેઓ સંસારમાં ધર્મ—પંથની અગત્યતાજ નહોતા માનતા. માત્ર ઐક્યતા એજ એમનો ધર્મ કે પંથ હતો, આર્યાવર્ત્તના પ્રાચિન દર્શન વિષે તેઓ ઘણો અનુરાગ ધરાવતા હતા. લગભગ તેઓ બ્રહ્માસમાજના સિદ્ધાંતો સાથે ઘણી રીતે મળતા થતા હતા. આથી વર્તમાનપત્રમાં તેઓના લેખો પ્રકટ થાય એટલે તેના ઉપર સખ્ત પ્રહારમય વર્ષા કેટલીક તરફથી થતી હતી, પણ જેમ જેમ વિરોધીઓ તરફથી પ્રહાર—વર્ષા થતી તેમ તેમ તેઓ કંટાળીને બેસી રહેવાને બદલે દલીલથી જવાબ આપવાનું વ્યાજબી વીચારતા; પ્રતિપક્ષીઓ ગાલીપ્રદાન કરે તો તેથીપણ તેઓ માઠું લગાડતા નહિં. તેઓનું હૃદય દેશ માટે ઘણી લાગણી ધરાવતું; અને તેઓના દરેક લેખમાંથી તત્વ સીંચકને તો તેવું દર્શન તુરતજ થતું હતું. તેઓ ભાષાશાસ્ત્રી ન હતા, અને તેથી કેટલીક વેળા અશુદ્ધ પણ લખી જતા, છતાં લાગણી પૂર્ણ હોવાને કારણે તે પ્રેમથી વંચાતા.

આવા સ્વતંત્ર વિચારના પુરૂષ પરતંત્રતા કેમ સહન કરી શકે? જ્યારે પણ તેઓ એકાંતમાં હોય ત્યારે તેઓ આ પરતંત્રતાની બેડીમાંથીજ છુટવાનો વીચાર કરતા. કેટલીક વખત તો તેઓ આથી આકળા, ઉતાવળા થતા, હૃદયમાં મુંઝાતા અને આત્માને કષ્ટ આપતા. આ કારણે વારંવાર હૃદય દગ્ધ કરવા પછી એક દિવસે પોતે પોતાના ઉપરીને રાજીનામુ લખી મોકલ્યું. ઉપરી અધિકારીના હાથમાં રાજીનામું જતાંજ તે પાછું ખેંચી લેવાને **વિનયચંદ્ર**ને ઘણું સમજાવવામાં આવ્યું, પણ **વિનયચંદ્ર** એકના બે ન થયા અને અંતે ખેદસહ ઉપરી અધિકારીએ તે રાજીનામુ મંજુર કીધું. **વિનયચંદ્ર**ને પિતા તરફથી વારસામાં દશ, પંદર હજારની પુંજી મળી હતી અને તેથી આ પરતંત્રની બેડીમાંથી છુટવા બાદના પોતાના વીચારને અનુસરતું એક વર્તમાનપત્ર કાઢ્યું. **વિનયચંદ્ર**ની લેખક તરીકેની લોકપ્રીયતાને લીધે પત્રના પંદરસોના આશરે ગ્રાહકો પણ થયાં. પત્રનું નામ **"સ્વતંત્ર મત"** એવું રાખ્યું હતું. છાપખાનું પણ તેઓએ ઘરનુંજ કર્યું હતું. **વિનય-**

ચંદ્રને, પરતંત્રતાની બેડીમાંથી છૂટવાને વર્ષ પણ પુરૂં નહોતું થયું એટલામાં સંપત્તિ અને સ્વતંત્રતા પણ પ્રાપ્ત થયાં. પોતાની આગલી સરકારી લાગવગને લીધે સરકારી ખાતાંઓની જાહેરાતો પણ વિનયચંદ્રના પત્ર માટે મળતી અને તેથી તેઓ માસિક દોઢસો,—બસો રૂપીઆ પેદા કરતા. આટલું છતાં વિનયચંદ્ર અધિપતિ તરીકેનું સઘળું કામ જાતેજ કરતા. તેઓ તેમ કરવાનો પોતાનો ધર્મ માનતા. તેમને હાલના કેટલાક પત્રકારો માફક પ્રજાના પૈસે મોજમજાહ ઉડાવવાની હરામી આદત નહોતી. જ્યારે પણ તેઓ નવરા પડે ત્યારે—

સ્વદેશનું સુખ સાધન શોધ્યું નહિ, તે નર નિશ્ચય નાદાન;
પથ્થર કે એ પ્રગટ બહુંદળ, ખુબ બરાબર ખાધું ધાન:
ભલે હોય વિદ્વાન વધારે, ભલે હોય મોટા શાહુકાર;
શ્વાન અગર હેવાન નથી, ઉર સ્વદેશનું અભિમાન લગાર.*

એ લીટીઓ હૃદયના શુદ્ધ રસ સાથે લલકારતા.

કૃષ્ણાની બુદ્ધિ સામાન્યતઃજ હતી. પીયર તદ્દન જુના વિચારનું હતું, અને કેળવણીમાં માત્ર નિશાળમાં ચાર પાંચ ધોરણનો અભ્યાસ કરેલો તેજ; આટલું છતાં તે પતિપરાયણા હતી. તેની વૃત્તિ નિર્મળ અને નિષ્કલંકિત હતી. પોતાના ઘરની શોભા વધે તેમ તે વર્તતી અને પોતાના વિચારની વિરૂદ્ધ હોય તોપણ પતિની ઇચ્છાનેજ પોતાની ઇચ્છા બનાવતી. પતિની સમોવડી બનવાને તે વારંવાર ચિંતવન કરતી, પણ સંસ્કારવિહીન હોવાને લીધે તેમજ બાળ બચ્ચાંથી જંજાળી બનવાને લીધે તેમાં તે નિષ્ફળ નીવડતી અને નાસીપાસ થતી.

બાળક તો માત્ર માતાની ગોદમાં રમતું–ખેલ કરતું ! તે રડવાનું તો શીખ્યુંજ નહોતું. બીજાં કેટલાંક બાળકોની માફક શરીર ગંદું કરવાની ટેવ તેને ન હતી અને કદાચ તેવું થઇ જાય તો પુનઃ સ્નાનદ્વારા સ્વચ્છતા પ્રાપ્ત કરાવવામાં આવે ત્યારેજ જંપવાની તેની હઠવાળી પ્રકૃતિ હતી. તેની દિવ્યતા અને કોમળતા તેમજ નિર્દોષ રમતો પરમાત્માની હસ્તીનો નિશ્ચય કરાવતાં.

---

* રાગ સવૈયા–'સ્વધર્મ' માસિકના પ્રથમ વર્ષના અંક પાંચમાંથી ઉધૃત.

બાલિકાની ઉમ્મર તેરેક વર્ષની હતી; તેમ છતાં તેની ઉમ્મર સામાન્ય રીતે હાલના સમયાનુસાર ચૌદ પંદર પંદર વર્ષની અટકળી શકાતી. તેની કાયા મોહક હતી; મુદ્રા નિર્મળ હતી. તે સ્વભાવે શરમાળ હતી. તે બહુધા મોસાળમાં ઉછરીને મોટી થઇ હતી, અને તેથી તે બુદ્ધિમયી હોવા છતાં બુદ્ધિનો ઘટતો પ્રકાશ થયો નહોતો. એ બાલિકાને તેના મોસાળમાં હેમંત કહીનેજ બધા બોલાવતા. તેને હાલમાંજ છઠ્ઠા ગુજરાતી ધોરણનો અભ્યાસ પુરો કીધો હતો. તેમાં તે ભુગોળના વિષયમાં નાપાસ થઈ હતી. તેને ઇતિહાસ અને સાંસારિક નિબંધના પાઠો વાંચવાનો શોખ હતો. ગણિતશાસ્ત્ર ઉપર અને લેખાં ઉપર તેનો ખાસ પ્રેમ હતો; તેને પ્રભુ ભક્તિની કવિતાઓ મોઢે કરવાની ઘણી ટેવ હતી. આટલું છતાં તેને બાહેરના અભ્યાસ શિવાયનાં પુસ્તકો વાંચવાં નહોતાં ગમતાં. બહારનાં પુસ્તક તરીકે તેને ઇનામમાં મળેલું "સતિ ચરિત્રમાળા" નામનું એકજ પુસ્તક તેણે વાંચ્યું હતું. તેને વૃન આદિ કરતાં પરમાત્માની પ્રાર્થના વધારે પસંદ પડતી તેનો લગ્ન સંબંધ હજુ થયો ન હતો પણ વેવીશાળ સંબંધ થઇ ચુકયો હતો. સતિ ચરિત્ર અને નીતિના પાઠો વાંચવાથી તેનામાં પવિત્ર પ્રેમના અંકુરો સ્થિત થયા હતા તેનું અવલોકન કરતાં.

÷ ફૂલે સંસારની શોભા ખરેખર નેક નારી છે,
મરદ કરતાં વધુ ગુણ છે, વળી એકીનદારી છે;
કહાં એ સમ અરે બીજી, કહોની ચીજ પ્યારી છે?
કલી દીલજાન છે ગુલની, સુગંધી એજ કયારી છે.

એ લીટીઓનું હરઘડી સ્મર્ણ થતું.

÷ રાગ મુસ્સદ—ગઝલ છે. અને તે લખનાર "માસિક મજાહ" ના માજી તંત્રી શ્રીયુત્ દાદી એદલજી તારાપોરવાળા છે.

પ્રકરણુ ૩ જુ.

વિનયચંદ્રના વિચારો.

મહાદેવી રેસીડૅન્સી બજારમાંથી ઘેર આવતાં આવતાં વિનયચંદ્રે જે નિરિક્ષણુ કર્યું તેથી તેમના હૃદયમાં તિવ્ર લાગણીએ સ્થાન લીધું. હિંદુસ્તાનમાં વેશ્યાઓ તો પુરાતન કાળથી ચાલી આવી છે અને તેનો સર્વથા અટકાવ કરવાનું અસંભવયુક્ત અને અયોગ્ય છે; તો પણુ વડીલો પોતેજ એ માર્ગ બતાવે, અથવા તો એ માર્ગે જવાનું સરળ કરી આપે એ તો ચાલુ જમાનામાંજ બને છે! તેથી તેમને ભારતીય પ્રજાનાં ધાર્મિક જ્ઞાન તથા નીતિ રીતિની ભ્રષ્ટતા ઉપર ભારે વીચાર થવા લાગ્યો. ઘેર આવી સર્વ કુટુંબ નિદ્રાધીન થયું પણુ વિનયચંદ્રને ખરેખર નિંદ્રા નહોતી આવી. તેમના હૃદયમાં તો દેશની દુર્દશાના ઉપરોક્ત દર્શનથી અનેક પ્રકારના વીચારોએ હાલનડાલન મચાવ્યું, અને પોતાના પત્રના બીજાજ અંકમાં તે વિષે અગ્ર લેખ લખવાનો નિશ્ચય કર્યો.

આમ વીચારમાં અને વીચારમાં અખંડ રાત્રિ નિંદ્રાધીન ન થવાયું અને ઉજાગરો થયો. સહવારનો પહોર થયો. ગમે તેમ છતાં સહવારના ૭ વાગતાં મોડામાં મોડા શય્યાનો ત્યાગ કરવાનો અને તે બાદ મળમુત્ર, સ્નાન ધ્યાનાદિથી પરવારી આઠ વાગતા સુધીમાં વ્યવહારિક પ્રવૃત્તિમાં પ્રવેશી જવાનો તેમનો નિયમ હતો. આથી આજે તેઓ ઉંઘવાનો વીચાર દુર કરીને તુર્તજ શય્યામાંથી ઉઠી ઉભા થઈ ગયા, અને મળમુત્ર ત્યાગીને સ્નાન ધ્યાનાદિમાં રોકાયા.

કૃષ્ણા હમેશ પાંચ વાગે શય્યામાંથી ઉઠી જતી, તે મુજબ આજે પણુ ઉઠી જઈ પોતાનાં કાર્યમાં-ગૃહકાર્યમાં પ્રવૃત્ત થઈ. વિનયચંદ્ર પથારીમાંથી ઉઠી દાતણુપાણી કરી પરવારે તે સમયે ચાહ તૈયાર રાખવાનો તેનો નિયમ હતો વિનયચંદ્રને ચાહ વિના એક દિવસ પણુ ન ચાલતું; કિંતુ તેઓની ચાહ હાલના યુવકોની ચાહ જેવી નહિ હતી. આસામના બગિચામાંથી તત્વસિંચન થઈ ચુકેલી, કોઈ પણુ ઘેનમાં

નાંખનારી વસ્તુનો પટ દીધેલી, અથવા ખરા રૂપમાં કહીએ તો નિર્દોષ અને અજ્ઞાન હિંદીઓનાં લોહી ચુસી ચુસીનેજ ખેડ કરી ઉત્પન્ન કરવામાં આવેલી, આસામમાં સપડાયલા હિંદીઓ મજુરોના ચુસાતા લોહીનું દયાજનક રીતે સ્મર્ણ કરાવતી ચાહ ન હતી. તેઓ હિંદી મજુરોનું લોહી ચુસી પેટ ભરવામાં—પૈસા પેદા કરવામાં—આસામના અત્યાચારીઓને મદદ નહોતા કરતા. તેઓ એમ માનતા કે, એ ચાહ કાંઈ પણ ફાયદો આપવાના બદલે માત્ર વ્યસની બનાવે છે, અજીર્ણ પેદા કરે છે, વીર્યનો નાશ કરે છે અને અંતે શરીરને શુષ્ક, શક્તિહીન અને તેજહીન બનાવે છે. તેઓ પોતાના આ વીચારને અનુસરીને તુળસી અને મરીને ઉકાળીને તેમાં જરા સાકર નાંખીને પીતા. ઈંગ્લૅન્ડમાં તો કોઈ પણ જાતના ઉકાળાને ચાહજ કહેવામાં આવે છે, પછી જેની પ્રકૃતીને જે ઉકાળો અનુકુળ હોય તે તે ઉકાળો પીવાની ટેવ રાખે છે, અર્થાત્ તેમની ચાહ એક ઉપયોગી દવાની ગરજ સારે છે. વિનયચંદ્ર પશ્ચિમ પ્રજાના આ આચરણનું ખરૂં કારણ સમજેલા હોવાથી તે તે પ્રમાણે વર્ત્તતા. પ્રાચીન કાળમાં આપણામાં આવી પ્રથા હોવાનું આર્યવૈદક–શાસ્ત્રનાં પુસ્તકોમાંથી અનુમાન નીકળી શકે છે. તેમાં અનેક પ્રકારના ઉકાળાનું વિધાન છે. આવી પોતાની પ્રકૃતિને માફક આવતી ચાહની ટેવથી ડાકટરનું ઘર ભાગ્યેજ જોવું પડે છે.

સાત–સવાસાત વાગ્યાના લગભગમાં વિનયચંદ્ર પોતાના સ્નાન ધ્યાનાદિકના કાર્યમાંથી મુક્ત થઈ ગયા અને તરતજ કૃષ્ણા એક થાળમાં ચાહના ત્રણ પ્યાલા લઈ આવી; કૃષ્ણાની પુંઠે હેમકળા પોતાના બાળક ભાઈને ખભા ઉપર તેડીને આવી.

આ દિવાનખાનાના વીશાળ ખંડની મધ્યમાં એક સુંદર ગોળ ટેબલ હતું તે માત્ર ચાહ અથવા બપોરના નાસ્તા વિગેરેને માટે ઉપયોગમાં લેવાતું. આખા દિવાનખાનામાં ખોટાં મોતીનાં તોરણો અને ઝાલર અને વચ્ચે વચ્ચે સુંદર પડદાઓ ગોઠવેલા હોવાથી દેખાવ ઘણો રમણિય જણાતો હતો. છબીઓ પણ પુષ્કળ ટાંગવામાં આવી હતી. આ છબીઓમાં કંઈ શુષ્ક વિચારો પેદા કરે તેવી છબીઓ ન હતી પણ શ્રીકૃષ્ણ અને રાધા, રામ અને સિતા, નળ અને દમયંતી, શાકુન્તલ અને દુષ્યન્ત, પાંચ પાંડવો સાથે પતિપરાયણા દ્રૌપદીએ ચીત્રો રવિવર્મા

અંકિત રંગીન હતાં, ત્યારે, ભીમ, યોગિરાજ કૃષ્ણ, પિતાની આજ્ઞાનું શ્રવણ કરવાને આતુર થયલા રામ અને લક્ષ્મણ, દેહને ત્યાં દાસત્વ સેવતા હરિશ્ચંદ્ર, ગોપીચંદ, સત્યપ્રિય વૈરાગી અને શ્રીમાન્ શંકરાચાર્ય ઈત્યાદિ એવીજ બીજી પુષ્કળ છબીઓ હતી. હાલના આગેવાનોમાં, પણ શ્રીમાન્ દાદાભાઈ, સ્વામી દયાનંદ, સર જમશેદજી જીજીભાઈ, સર જમશેદજી તાતા, કૈલાસવાસી ન્યાયમુર્તિ રાનડે, રાજારામમોહનરાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, બાબુ સુરેન્દ્ર, લાલા લજપતરાય, સર ચીનુભાઈ, લાલા મુન્શીરામ પં. લેખરામ, પં. ગુરુદત્ત, વિદ્યાર્થી લાલા હંસરાજ, શ્રીમતિ સરલાદેવી ચોધરાણી, સરોજીનિ નાઈડુ વિગેરેની છબીઓનું નિરીક્ષણ થતું હતું. કોઈ અજાણ્યો પુરૂષ તો ઘરમાં પ્રવેશતાં આ જોતાં જરા વાર સ્તબ્ધ થઈ જતો. આ ચિત્રોનું દર્શન કરતાંજ તે ભારતીય રત્નો વિષે લવલેશ જ્ઞાન ધરાવનાર હૃદયમાં તેઓ તરફ ભક્તિભાવ પ્રદિપ્ત થતો અને કાંઈક કર્તવ્યભાન થતું.

કૃષ્ણા આજે અત્રે આવતાંજ ઉદાસ બની ગઈ હતી. પોતાના પતિ વીચારગ્રસ્ત છે એ જોતાંજ તેના હૃદયમાં કોમળ તીવ્ર લાગણી પેદા થઈ હતી. પણ પોતાના પતિની વિચારગ્રસ્તતામાં ભાગ લઈ શકે તેવી પોતે બુદ્ધિમતી નથી અને નાહક તેમની વીચારલીનતામાં ક્ષેપ થશે એમ માનીને કાંઈ પણ બોલી નહિ. ચાહને સઘળાંએ ન્યાય આપ્યો. બ્હેને પોતાની ગોદમાં રમતા ભાઈને—હેમકળાએ કુસુમને—પણ બે–ચાર ચમચી ચાહ પાઈ. જ્યારે પણ કુસુમને આ ખંડમાં લાવવામાં આવતો ત્યારે આ મનોહર ચિત્રોનું દર્શન કરીને તે બહુ ખુશી થતો. આ નિર્દોષ રમતીયાળ બાળકને રમાડવાનું વિનયચંદ્રને પણ બહુજ ગમતું; વારંવાર ચુંબન કરતા, આજે પણ થોડી વાર કુસુમને રમાડ્યો, એક ચુંબન લીધું અને પછી કૃષ્ણાના હાથમાં તેને આપી દીધો. માતાની ગોદમાં બેઠલા બાળકને બ્હેને પણ એક ચુંબન લીધું, અને પછી સ્વત: માતાએ પણ ત્રણ ચાર ચુંમી લીધા બાદ બાળકને લઈને કૃષ્ણા, હેમકળા સાથે પાછી બીજા ખંડમાં ચાલી ગઈ, હેમકળા ભાઈને રમાડવામાં અને કૃષ્ણા ગૃહકાર્યમાં પ્રવૃત્ત થઈ.

વિનયચંદ્ર પોતાના લખવાના ખાસ ઓરડામાં ટેબલપર ગયા કાગળનો બ્લોક હાથમાં લીધો અને લખવામાં લીન થયા. “સ્વતંત્ર

મત" માં હાલના ઘણાંખરાં પત્રોની માફક જાહેરાતના બોજો અધીક કરી નાખવામાં નહોતો આવતો, જેમ બને તેમ લખાણ વધુ આપવા પરજ **વિનયચંદ્ર** લક્ષ આપતા; તેમાં અનીતિમાન જાહેરાત તો સમુળી નહિ લેતા, બલ્કે કોઈ ભુલે ચુકે આપવા આવે તો પોતાના પાપી સ્વાર્થમાં ન તણાતાં ધિક્કારની સાથે એક બે શિખામણના શબ્દો પણ કહી દેતા. તેઓનું "સ્વતંત્રમત" સ્ત્રી વાચકોમાં પણ છુટથી વંચાતુ અને સ્ત્રીઓ માટે ખાસ વિષયો પણ તેમાં લખવામાં આવતા હતા. "સ્વતંત્ર મત" ના અગ્ર લેખોમાં ખાસ નવીનતા એજ હતી કે તે, ગમે તે વખતે કોઈ પણ વિષય લખતાં સામા પક્ષને ખોટું લાગશે અથવા તો પોતાને નુકશાન થશે એ વીચારવાને બદલે આ વ્યાજબી છે કે નહિ એજ વીચાર કરવામાં આવતો અને જે મત પોતાને વ્યાજબી લાગે તે પ્રકટ કરવાને જરાએ આચંકો ખાવામાં આપતો નહિ.

No man is bound to be rich or great, no nor to be wise; but every man is bound to be honest.

આ મહદ્વચનનો એક મઢાવેલો સુંદર તખ્તો હમેશ **વિનયચંદ્ર** પોતાના ટેબલપરજ રાખતા અને પોતે તેજ પ્રમાણે વર્તતા. આ વાક્યામૃતમાં કહ્યા પ્રમાણે પોતે પણ એમજ માનતા કે ડાહ્યા થવું, પૈસાદાર થવું કે કીર્તિવાળા થવું એ મનુષ્યના પોતાનાજ હાથમાં નથી પણ પ્રમાણિક થવાનું તો દરેક મનુષ્યના પોતાનાજ હાથમાં છે અને તે ઇશ્વરી આજ્ઞા હોવાથી તેનું પાલન કરવાને–પોતે પ્રમાણિક બનવાને દરેક મનુષ્ય બંધાએલા છે." આ વાક્ય લખવા માટે તેના યોજક મી. એન્જનમીનને વારંવાર ધન્યવાદ આપતા.

આજના પોતાના લખાણથી પોતે પ્રજાના મોટા વર્ગની ખફગી વહોરી લેશે એમ તેઓ સમજી ચુક્યા હતા અને કદાચ પોતાને નુકશાન થશે એમ પણ તેઓ સમજ્યા હતા તેમ છતાં આ અગત્યના વિષયને છોડી દેવાને બદલે વાહવાહના રૂપમાં દોરી જવાને તેઓ લલચાયા નહોતા. હાલના કેટલાક અધિપતિઓના જેવું લાંચખાઉ હૃદય તેમનું ન હતું, અથવા તો તેઓનું હૃદય ખુશામદ કરનારૂં પણ ન હતું. ભવિષ્યમાં પોતે કેવી સ્થિતિમાં મુકાશે તેનો જરાએ વીચાર ન કરીનેજ તેઓ વારંવાર લખતા. વિરોધીઓ કેટલીક વખત તેમને કોર્ટનું દ્વાર દેખાડીને પણ હેરાન કરતા, છતાં પણ **વિનયચંદ્ર** તો અડગપણે પ્રમાણિકજ રહેતા.

પ્રકરણ ૪ થું.

મૂર્ત્તિ.

બાપ, ભાઇ બેઠાં સાંભળે, જેવા વેશ્યાના ભરવા;
ધિક્ક પડયો અવતાર એ, શબ્દ શું કહીએ નઠ્ઠા.

કવિ દલપતરામ.

વિનયચંદ્ર તે પછી પોતાના લખવાના ઓરડામાં ગયો. વિનયચંદ્રનો એવો નિયમ હતો કે, તેઓ કોઇ કાર્યમાં રોકાયલા હોય ત્યારે કોઇએ તેહેમને હરકત કરવી નહીં કે તેહેમને બોલાવવાને તેમજ બીજી કોઇ રીતે તેહેમનું ધ્યાન અન્ય કોઇ બાબત તરફ ખેંચવું નહીં. આવી રીતે કાર્યમાં હોય તે સમયે કોઇ પણ ખલલ કરવાનો પ્રતિબંધ હોવાથી વિનયચંદ્ર જ્યારે પણ પોતે કોઇ કાર્યમાં પ્રવેશતા, ત્યારે અગાઉથી ઘંટડી વગાડી ઘરના મનુષ્યોને પોતાના પ્રતિબંધની યાદ આપતા હતા. આજે પોતે અગાઉ નિર્ણય કર્યાનુ સાર મૂર્તિ વિષે આર્ટિકલ અગ્ર-લેખ લખવા બેસવા અગાઉ ઘરના મનુષ્યોને ઘંટડી વગાડી કશીય ગરબડ નહીં કરવાની ચેતવણી આપી. વિનયચંદ્રે લખેલો લેખ નીચે પ્રમાણે હતો:---

"મૂર્ત્તિ; તેહેની ઉત્પત્તિ અને હાલની સ્થિતિ; પ્રજા અને સરકારની તે સંબંધમાં ફરજ.

"ભારતવર્ષની પવિત્ર ભૂમિ ઉપર મહાભારતનું યુદ્ધ થયું ત્યા-
"રથી ભારતવર્ષની અવળી પનોતી શરૂ થઇ છે, એ બીના કિંચિદ્
"માત્ર પણ શંકાના સ્થાન વગરની છે. તે બાદ, ભારતવર્ષમાં દરેક દિશા
"અંધકારમય બની જવા લાગી છે: અને ખાસ કરીને બહુધા ધાર્મિક
"અને સંસારિક માર્ગમાં નજર કરતાં તો સર્વથા માડુંજ વળેલું જોવામાં
"આવે છે. આ મહાન યુદ્ધજ ભારતની હાલની ધાર્મિક અને સંસા-
"રિક અવદશાનું કારણ માત્ર છે એમ કહેવામાં જરાય ખોટું નથી.
"અનેક યોદ્ધાઓ સાથે વિદ્વાનો આ યુદ્ધમાં આ નશ્વર જગતમાંથી

" દેહમુક્ત થયા હતા; અને પરિણામે. પોતાની પછીની પ્રજા માટે સં-
" કુચિતતાનો સમુદ્ર સ્થિત કરી ગયા હતા.

" મહા ભારતના યુદ્ધમાં ઘણી ભદ્રજનો દેહમુક્ત થવા પછી
" ઘણા લાંબા સમય સુધી આ દેશની ભૂમિ ઉપર એવો કોઈ વીર
" પુરૂષ જન્મ પામ્યો નહીં કે પ્રજાને હેના પુનરોદ્ધારનો વ્યાજબી
" માર્ગ બતાવ્યો હોય! આ રીતે ધીમે ધીમે, ' સાપ ગયા ને લીસોટા
" રહ્યા ' જેવી સ્થિતિ હતી, તે પણ બહુધા નષ્ટપ્રાય થઈ. મહાત્મા
" શંકર સ્વામીએ ભારતીય પ્રજાની ધાર્મિક તિમિરતાનો નાશ ક-
" રવાને ઘણું મથન કર્યું, પણ બીજી કોઈજ દિશા તરફ હેમને બિ-
" લકુલ ધ્યાન આપ્યું નહીં. આટલું કર્તવ્ય પણ તેઓ ભારતવર્ષ ઉપર
" ઉપકાર તરીકે કરતા હતા, પણ યુવાન વયમાંજ કાળ હેમનો કો-
" ળીઓ કરી જવાથી કિંચિદ્ સંતોષનું એ સ્થાન પણ વિરામ્યું. આ
" પછીના સમયમાં રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય વગેરે આચાર્યો ભદ્ર
" પુરૂષો જન્મ પામ્યા; તેઓએ પણ થોડી ઘણી ધાર્મિક જાગ્રતિ
" પ્રજામાં પેદા કરી; સિવાય તેઓએ બીજી કશીય સેવા બજાવેલી
" નથી જણાતી. આ પછી ઠેઠ મુસલમીન સત્તાનો અમલ સ્થાપિત
" થયો તે સમયસુધી દરમ્યાન ભારતવર્ષના ધામિક કે સંસારિક બાબતમાં
" કશુંજ જાણવાજોગ બન્યું હોય એવું અદ્યાપિ જાણવામાં નથી આવ્યું;
" ઇતિહાસ આ માન્યતાનું સમર્થન કરે છે, કેમકે તેમાંથી પણ તેવું
" કશુંજ જણાતું નથી. ઠેઠ મુસલમીન સત્તા અમલના મધ્ય કાળમાં
" પુનઃ ભારતવર્ષમાં ધાર્મિક આંદોલન થયલું જણાય છે. આ સમયના
" ઇતિહાસ ભારતીય ઇતિહાસમાં તો અગત્યનું સ્થાન ધરાવે છે. આ
" કાળમાં કેટલાક આનંદપ્રદ તેમજ શોકપ્રદ બનાવો પણ વિપુલ સંખ્યામાં
" બન્યા છે, જેની યાદી આપવાની અત્રે જરૂર નથી, તેમજ આ સ્થાન
" કે પ્રસંગ નથી. આ સમય બાદશાહ અકબરના અમલનો હતો.
" આ સમયના રાજપુત ઇતિહાસ ઉપરથી સ્પષ્ટ જોઈ શકાય છે કે,
" આ કાળમાં ભારતીય પ્રજામાં દેશાભિમાન અને કૃપા અભિમાન સારી
" રીતે જ્યોતિ રૂપ હતું. સ્ત્રીઓના જીવનની મહત્તા આ સમયમાં સ્વિ-
" કારવામાં આવતી; અને સ્ત્રીઓ પણ કેટલાંક અત્યારે તો અકલ્પ્ય
" એવાં મહાભારત કાર્યો એવી સરળતાથી પાર ઉતારતી કે જે દ્વારા

“ તેઓ પોતે પુરુષ સમાજની સાચી સહચરી છે એમ નિર્ણય કરા-
“ વતી હતી. આમ સ્ત્રીઓના સંબંધમાં આ કાળનો ઇતિહાસ કાંઈક
“ ગૌરવ પેદા કરે છે, તેમ સાથે સાથે એમ પણ જણાય છે કે, અ-
“ ધોગત સ્ત્રી જીવનની શરૂઆત પણ આજ સમયથી શરૂ થઈ હતી.
“ પુરાણમાં વર્ણવેલી અને બીજી કેટલીક વહેમ યુક્ત માન્યતાઓ આ
“ કાળમાં સ્થિત થયલી જણાય છે. આવાં કેટલાંક પુસ્તકો પણ એ
“ કાળમાં પ્રગટ થયાં, અને એ દ્વારા વહેમ, અજ્ઞાન અને અ-
“ નીતિ પ્રચરતાં ગયાં; આ કાંઈ ભારતવર્ષના પ્રબળ માટે ઓછું શોક
“ પામવા જેવું નથી આ કાળમાંજ પુરાણો પણ લખાયલાં હોવાનું
“ માનવામાં હવે આવે છે, અને તે પુરાણો મહાત્મા વ્યાસજીનાં લખેલાં
“ નહોવાનું પણ કેટલીક તરફથી સમર્થન થાય છે. આ પુરાણ ગ્રંથોમાં
“ કેટલુંક બોધદાયક વિવેચન છે. એમાં કાંઈ શક નથી, પરંતુ તે સાથે
“ તેહેના કેટલાક ભાગ અનર્થ નીપજાવી શકાય તેવા પણ છે. એમ બેધડક
“ કહી શકાય છે. સામાન્ય જનસ્વભાવ છે કે, સારી બાબત કરતાં બુરી બાબ-
“ તનું અનુકરણ ત્વરાથી કરી જવાય છે. આનું કારણ માત્ર એટલુંજ
“ છે કે, સારી બાબતનું અનુકરણ કરવામાં આત્મસંયમન જોઈએ છે,
“ ત્યારે બુરી બાબત મૂર્ખમાં મૂર્ખ મનુષ્ય પણ અનુકરણ કરી શકે
“ છે. પુરાણોમાંનો સારો ભાગ બહુધા લોકોના કશાજ વિચાર અદ્યાપિ
“ નથી પામ્યો. એમ કહી શકાય; અને માત્ર અસંભવિત અને વિરુદ્ધ
“ બાબતોનું અવલંબન પ્રબળ કરે છે. હવે એવું થયું છે કે, ‘સૂકા સાથે
“ લીલું બળે.’ પુરાણની ઉંચી વિચક્ષણતા તરફ હવે કોઈ ધ્યાનજ
“ આપતું નથી, અને વેહેમનાં જે તત્વો અત્યારે અનીતિનો પ્રચાર કર-
“ નારાં પ્રસાર થાય છે તે અદ્યાપિ સ્વીકૃત હોવાનું જણાય છે. આજ
“ આપણે મુર્લિ વિષે તે રિવાજની શરૂઆત કેવી રીતે થઈ તેહેની ત-
“ પાસમાં ઉતરીએ છીએ. ત્યારે પુરાણો કાંઈ ઓછાં દોષપાત્ર નથી
“ જણાતાં. પરિણામે એવી કફોડી સ્થિતિ કેટલીક બાબતમાં તો થયલી
“ જોવામાં આવે છે કે, તેનું સ્મરણ કરતાં શરમ અને ધિક્કાર ઉપજે
“ છે. મુર્લિના રિવાજનું તત્વ એવું છે કે, પ્રસંગવશાત દેવ સાથે પોતાની
“ એક પુત્રીનું લગ્ન કરાવી દેવાની લોકો પ્રતિજ્ઞા કરે છે. કેટલીક વેળાએ
“ ‘કાગને બેસવું અને ડાળને પડવું’ જેવું થઈ જાય છે અને જો આ

" પ્રતિજ્ઞા બાદ, પોતે જે માટે પ્રતિજ્ઞા લીધી હોય તે કાર્ય કોઈ પણ રીતે
" સિદ્ધ થાય છે, તો તેમાં પ્રતિજ્ઞાની ચમત્કૃતિજ માનવામાં આવે છે.
" પરિણામે શ્રદ્ધાશીલ મનુષ્યો પોતાની વ્હાલી પુત્રીને દેવ સાથે પર-
" ણાવી ત્હેનાં તે પછીનાં જન્મ સમાપ્ત થતાં સુધીનાં જીવનને
" ધૂળમાં મેળવે છે. આ પછી તે બીચારી પુત્રીને પોતાનું યુવાનજીવન,
" પ્રૌઢાજીવન અને વૃદ્ધાજીવન આ મંદિરમાંજ વીતાડવું પડે છે. આ
" કાળમાં ત્હેની કેવી અવદશા થાય છે, તે વિષે થોડાકોજ માહીતિ
" ધરાવતા હશે. વસ્તુતઃ તો તે વિષે કાંઇ કલ્પના કરવા જેવું નથી
" પણ સહજ કલ્પનાથી સહમજાય તેવું છે. આવી રીતે પોતાની પુત્રીનું
" લગ્ન કરાવનાર માબાપો વળી પુત્રીનું પણ હીત થતું માને છે. એ
" આશ્ચર્યપ્રદ છે. દેશહિતૈષી જનો તરફથી હવે આબાદી અટકાવવાને
" પ્રયાસ થાય છે. આવા પ્રયાસની કેટલી જરૂર છે, તે તો સર્વ કોઈ
" સહમજી શકે તેવી બાબત છે. યુવાવસ્થામાં આ દેવ સાથે પરણેલી
" સ્ત્રીઓ વસ્તુતઃ કશીય સંસારિક જીંદગી ગુજારી શકતી નથી અને
" સર્વથા ધર્મપૂર્ણ જીવન ગાળવાની તો તે બિચારીઓમાં સ્વભાવિકજ
" શક્તિ નથી હોતી એટલે પરિણામે તેઓ જીવન નિર્વાહાર્થે અનીતિના
" દ્વારમાં ફસાય છેઃ અને કેટલાકો તો અનીતિનો હલકો ધંધો કરવાના
" અધમ માર્ગમાં પ્રવેશે છે. આવા વ્હેમયુક્ત આચરણ પરિણામ કલ્પી
" પણ આજ શકાય."

" મર્કી, દુષ્કાળ વગેરે નાશક દર્શનો દર્શ્યો પછી આવી બાબ-
" તોમાં લોકોનું ધ્યાન ખેંચાયું છે. કેમકે આવા વ્હેમોથી જે નુકશાન
" થાય છે તે ઉપલાં દર્શનોથી થતાં નુકશાનમાં નાહક ઉમેરો કરે છે.
" મૂર્તિનો વ્હેમ પણ એવી બે પ્રકારની હાની કરે છે. (૧) તેથી
" અનીતિનો ફેલાવો થાય છે અને (૨) વસ્તીનો વધારો થવામાં તે
" અનેક રીતે અટકાવરૂપ થાય છે. દેવ સાથે લગ્ન કરવા પછી પો-
" તાની વૃત્તિઓ વિકાસ પામતાં તેઓ લગ્ન કરી શકે તેમ નહીં
" હોવાથી, એ વૃત્તિના અધિક બલવત્તર સંજોગોમાં તેઓ અનીતિના
" રસ્તે ચહડી જાય તો તેતો સ્વભાવિકજ છે. મંદિરોમાં મૂર્તિ તરીકે
" તેઓનું સંતોષકારક ભરણપોષણ થતું ન હોવાથી પણ માત્ર ઉદર

"નિર્વાહના હેતુ સાધ્ય માટે અજ્ઞાનતા અને નિરૂપાયનાં કારણે તેઓ
"આ અનીતિનો ભોગ થાય તો તેમ સર્વથા સ્વભાવિકજ છે. આ
"રીતે જે નીતિના ઉચ્ચતર તત્વને લીધે આર્ય અબળાઓ જુ
"સુધી મહત્તાના માર્ગમાં પ્રથમ પંક્તિ ધરાવે છે તેનો તેઓ નાશ
"કરે છે. તેઓને મૂર્લિ બનાવતી વેળા તેમનાં માબાપો દેવને સંતુષ્ટ
"કરવાની એકલીજ માત્ર ઇચ્છાથી આ કાર્ય કરે છે, પરંતુ તે ઇચ્છા
"ફલિત થવાને બદલે તે એક ઘાતક તત્વની ઉત્પાદક બને છે. એ
"તો સર્વ કોઈ સમજી શકે તેવી બીના છે કે, મલ્લિશ્વરાચાર્યે વર્ણવ્યા
"મુજબનાં અનીતિથી સંતુષ્ટ થનારાં કોઇ દેવદેવી હોવાનું અથવા તો
"તેના પ્રચારથી મોક્ષ પામવાનું બનશે એવી માન્યતા આ કેળવણીના
"જમાનામાં કોઇ ધરાવતું નથી. બીજી રીતે જોતાં તેઓ મંદિરના
"પુજારીઓ વગેરેને અનીતિમાં ફસાવે છે યા તો પોતે હેમની જાળ-
"ળમાં ફસાય છે. કિંતુ તેઓ આવી રીતે પુજારીઓ વગેરેની સ્ત્રીઓનાં
"સંસારિક જીવન કિલષ્ટ બનાવે છે. જો તેઓ મંદિરમાંથી નીકળી
"છુટે છે તો બહુધા તેઓ જાહેર રીતે અનીતિનો વ્યવસાય તેઓ
"કરે છે. આ રીતે તો વળી તેઓ એકાદ બેનાં બદલે સેંકડો ગ્રહ-
"સ્થોની ગ્રહિણીઓનાં જીવન કિલષ્ટ બનાવે છે;—એ ગ્રહસ્થોની પ્રીતિ
"પોતાની સૌભાગ્યવતિઓ ઉપરથી શુષ્ક થઇ જાય હેમાં કાંઇ નવાઇ નથી
"અને એ રીતે તેઓ વસ્તી વધવાના સંબંધમાં પણ આવરણરૂપ થાયછે. મર્કી
"વગેરે ઘાતક રોગો અને દુષ્કાળ તેમજ બીજાં તેવાં તત્વોથી વસ્તીમાં
"જે ભારે ઘટાડો થાય છે હેમાં વધારોજ થાય છે. આ રીતે આ
"સવાલનો નિર્ણય આણવાને અનેક દ્રષ્ટિએ જરૂર છે. લોકો પોતાની
"પુત્રીઓને આવા અનિતિના માર્ગમાં પણ માત્ર ધાર્મિક માન્યતાના
"એક પવિત્ર ખ્યાલના આશ્રા નીચે પ્રવેશ કરાવે છે. આથી હેમને
"એકદમ પોતાની આ માન્યતાનુસાર વર્તન કરતાં તો અટકાવી નહીં
"શકાશે પણ તે માર્ગ ધીમે ધીમે બાધ્ય કરવાનું રાખી હાલ તુરત,
"મૂર્લિ થવા પછી જેઓ અજ્ઞાનપણે અનીતિમાન જીવન ગાળવા લાગતી
"હોય તેઓના લગ્નો કરાવી દેવાં. કાઠીયાવાડના અને ગુર્જરાષ્ટ્રના
"એકાદ બે રાજ્યોએ પોતાનાં રાજ્યમાં આ મુજબનો હુકમ પ્રચલિત

"કર્યો છે. ત્યાં હલકો ધંધો કરનારી સ્ત્રીઓ નિવાસ કરી શકતી નથી.
"કાંતો તેઓએ રાજ્યની હદ છોડી દેવી પડે છે, અને કાંતો તેમણે
"તે આચરણુ છોડી લગ્ન કરવું પડે છે."

"આ અનિતિને દુર કરવાને નામદાર સરકાર પણ મદદગાર થઈ
"શકે તેમ છે કિંતુ; નામદાર સરકાર કરતાં પ્રજાએ તે બાબતમાં
"ગંભીર ફર્જ બજાવવી જોઈએ. નામદાર સરકાર તે માટે શાળા કાઢવાનું
"અથવા તો ફોજદારી ગુન્હો ગણીને બાધા કરનારાઓને અદાલતના
"અખાડામાં કુસ્તી કરતાં બનાવવાનું આવકારપાત્ર લેખાશે. આ ધર્મને
"નામે ચાલતી બાબતમાં આપણે તેમની મદદ એક વખત મેળવીશું
"તો બીજી વખત આપણને કદાચ નુકશાન કર્તા હશે કિંતુ તેમને
"પોતાને લાભદાયી હશે તો તે બાબતમાં તેઓ સહેલથી અને જલદીથી
"વચ્ચે પડી શકશે. અને તે સમ પ્રજાને પસ્તાવું પડશે, આટલા માટે
"આ બાબતમાં નામદાર સરકાર પાસે મદદ માગવા કરતાં પ્રજા પોતેજ
"ચાંપતા ઉપાયો લે એ વધારે સલાહભરેલું થઈ પડશે. વિચારવાનું
"માત્ર એટલુંજ છે કે, પ્રજાએ તે માટે કેવી રીતના ઉપાયો યોજવા
"જોઈએ? હિંદુ પ્રજામાં ધર્મના નામ હેઠળ કોઈપણ બાબત એવી
"જડ નાખી બેસે છે કે, તેને દુર કરવામાં કેટલી વખત તો અસં-
"ભવતાનો પણ ભાસ થાય છે. કદાચ આ બાબતમાં પણ તેવું બને!
"પરંતુ જો પ્રજાકીય આગેવાનો તેમના ઉપર આ રિવાજ નાબુદ કરવાને
"કોઈપણ પ્રકારનું દબાણ કરવાને બદલે તેઓને નિતિના નીયમોનું
"જ્ઞાન આપવા પ્રયત્ન કરે તો ખચીતજ તેનો અટકાવ થઈ શકે!!
"આત્મિકવૃત્તિ ઉપર કાયદો કાબુ મેળવી શકતો નથી એ બોધ અક્ષરશઃ
"સત્ય અને સિદ્ધાંતમય તેમજ રહસ્યપૂર્ણ છે. એ મહદ્ વાક્યનું અ-
"નુકરણુ કરીને પણ તેઓની આત્મિક વૃત્તિઓ સુધારવાને આપણે
"તેઓને જ્ઞાન આપવાનોજ રસ્તો લેવો પડશે. આ માટે સઉથી પ્રથમ
"તો દેશહિતચિંતકોએ તે માટે એક મંડળી નાયત કરીને તેને, અ-
"નિતિમાં પ્રવેશ કરી ચુકેલી સ્ત્રીઓ માલુમ પડતાંજ તેઓ વીચરવાને કેવી
"રીતે લલચાઈ છે તે વિષે બારીકાઈથી તપાસ કરવાનું કામ સુપ્રત કરવું
"જોઈએ, અને તે તપાસતાં અતે તે મૂર્ખ છે એમ માલુમ પડે તો
"પછી તેમના માબાપો અથવા વાલીઓની શોધ કરવી જોઈએ. જો

“ આ પ્રમાણે શોધ કરતાં તેમના વાલીઓના પત્તો મળે તો તેમને “ તેમના પોતાના મુર્ખતાના પરિણામે તેમની નિર્દોષ અજ્ઞાન પુત્રીઓ “ કેવા અનિતિના માર્ગમાં ફસાઈ પડી છે તે બતાવવું જોઈએ. જો તેમ “ થશે તો અનિતિમાં ફસાવનાર આ મૂર્ખિના રિવાજ સહેલાઈથી “ આપોઆપ નાબુદ થઈ જશે.”

“ પણ આથી કાંઈ એમ સમજવાનું નથી કે, આ એકલોજ માર્ગ “ લઈને આગેવાનોએ સંતોષ માનવાનો છે. તેઓને માલુમ પડેલી “ મૂર્લિં પોતાના રક્ષણ નીચે લઈ કેળવણી આપવી જોઈએ, અને યોગ્ય “ ઉમરની થતાં અથવા ઉમ્મરની હોય તો તુરત તેઓનાં લગ્ન પણ કરાવી “ આપવાં જોઈએ. આ માટે એક મોટા ફંડની અગત્ય પડશે. પણ બીજા “ અનેક માત્ર વાહ વાહના ફંડો, ગાર્ડનપાર્ટીઓ અને ‘એટહોમ’ “ તેમજ માનપત્રોના મેળાવડાઓમાં ધનનો જે અસાધારણ વ્યય થાય “ છે તેમાંથી થોડોક ભાગ આ માટે કહાડવાને ખચિત દેશહિતૈષીઓ “ આનાકાની નહિં કરશે; બલ્કે, આવા ફંડામાં ફાળો આપવામાં પોતાની “ કર્તવ્યપરાયણતા સમજશે. આ ફંડમાં મદદ આપવાને નામદાર “ સરકારને વિનંતિ કરવામાં આવશે તો તે પણ વ્યાજબીજ ગણાશે.”

“ આવી રીતે બે ઉપાયો સાથે અમલમાં લેવાથી કાર્ય કર્તાઓને “ આ બાબતમાં જલદીથી ફતેહ મળશે, પણ તે માટે લાગણી ધરાવ- “ નારાઓએ પોતાની એશઆરામી અને બેદરકારપણાંની વૃત્તિનો ત્યાગ “ કરવો પડશે. જો તેમ કરવામાં આવશે તોજ તેઓ પોતાના પ્રયત્નમાં “ સફળ નીવડી શકશે.”

આ *આર્ટીકલ લખ્યાને બીજે દીવસે નહિ અને ત્રીજે દીવસે પ્રભાતમાંજ “**સ્વતંત્ર મત**”નો અંક બહાર પડ્યો. “**સ્વતંત્ર મત**”ની છુટક નકલો પણ ઘણી વેચાતી હતી તે વેચવાને ફરતા છોકરાઓને મુખ્ય લેખો દર્શાવનાર બોર્ડ આપવામાં આવતાં, અને તેથી સ્વતંત્ર મતની નકલો સારી રીતે ફેલાવો પામતી આજે તો +વોલ-બીલો પણ ચોંટાડવામાં આવ્યા હતા, અને તેથી આ અગત્યના લેખે પ્રજામાં સારી ચર્ચા પેદા કીધી હતી. લોકો તે વાંચતાંજ, ઉપરની કવિતાનો મર્મ સમજી જતા અને માબાપ અને સ્ત્રીની દશા વિષે તેમાં આપેલો ચિતાર ખરો માનતા હતા.

---

*Article અગ્રલેખ. +Wall-bill ભીંતપર ચોટાડવાનું જાહેરનામું.

પ્રકરણ ૫ મું.

હેમકળા.

* Home is the first and the most important school of character. Smiles.

હેમકળાને મોસાળમાંથી માબાપની પાસે આવ્યાને કાંઈ વધારે સમય થયો નથી. તેનો નિશાળનો વિદ્યાભ્યાસ સંપુર્ણ થયા છે. હિંદુ સંસારના ચાલુ બંધારણને અનુસરીને માત્ર દશ બાર વરસની કન્યા થઈ એટલે તેને નીશાળેથી ભણતી ઉઠાડી લેવામાં આવે છે; અને જો તેમ કરવામાં ન આવે તો અનર્થ નીપજવાનો ભય રાખવો પડે છે. આ કારણે હેમકળાના માતા-પિતા પણ હેમકળાને હવે નીશાળ તો છોડાવી દેવાનાજ નિશ્ચયપર આવ્યાં. આથી હવે રજા પછી નીશાળ ઉઘડે ત્યારે હેમકળા પુનઃ નીશાળમાં દાખલ થનારી નથી. તેને હવે ઘરમાંજ કેળવણી આપવાનો નિશ્ચય કરવામાં આવ્યો પણ હેમકળાને ઘેર શું શિક્ષણ આપવું એ એક ગંભીર પ્રશ્ન હતો. તેની માતા કૃષ્ણા કાંઈ એવી કેળવાયલી નહતી કે જે હેમકળાને કેળવી શકે. અને તેથી આ વિચાર કરવાનો બોજો વિનયચંદ્રને શીરેજ આવ્યો; વિનયચંદ્રનો તેમ કીધા વિના કાંઈ અન્ય ઉપાય પણ નહોતો. વિનયચંદ્ર કંઈક અંશે બ્રહ્મોસમાજના સિદ્ધાંતના અનુયાયી હતા એટલે તેઓ પુરૂષો કરતાં સ્ત્રીઓની પદ્ધિ કિંચિદ પણ ઉતરતા પ્રકારની ગણતા હોય એવી તો કલ્પના માત્ર પણ કરવી અઘટિત છે. વિનયચંદ્રના હૃદય પ્રદેશમાં આ વિચાર વિપુલતાથી પ્રવાસ કરતો હતો. " કૃષ્ણા એટલી સુશિક્ષિત નથી કે જેના ઉપર હેમકળાને કેળવવાનો વિશ્વાસ રાખી શકાય. હેમકળા એટલી તો શરમાળ છે અને મોસાળમાં રહીને એવી તો એકમાર્ગી બની ગઈ છે કે, તે પોતાનીજ મેળેજ આગળ વધે એવી આશા રાખી ન શકાય. મને પણ તેણીને કેળવવાને અવકાશ નથી. શું કરવું એ ગંભીર ગુંચવાડો છે." કેદામાં બેઠાં બેઠાં એક દિવસે વિનયચંદ્ર આ પ્રમાણે વીચારલિન હતા. કૃષ્ણા તે માટે

* ગૃહ એ સદ્દવર્ત્તનની પ્રથમ પંક્તીની અને ઘણી અગત્યની શાળા છે.

નચિંત બની બેઠી હતી એમ નહોતું. તે પણ પોતાની મતિ અનુસાર વીચાર કરતી હતી વિનયચંદ્ર એમ પણ સમજતા હતા કે, "એ પારકું ધન છે, તેના લગ્નને હવે વર્ષ બે વર્ષજ બાકી છે અને તેથી તેના માસિક તેમજ શારીરિક બળને કેળવવાનો ખરૂં જોતાં તો તેટલોજ સમય છે."

આ બધા વિચારો પછી વિનયચંદ્ર એક નિશ્ચય ઉપર આવ્યા. તેમનો નિશ્ચય, હેમકળાને વ્યવહારકુશળ બનાવવાનું તેમજ ગૃહકાર્યમાં સુશિક્ષિતા બનાવવાનું કામ કૃષ્ણાને સોંપવાનો હતો; પણ આમ નિશ્ચય કરીને પોતે બેસી રહેવાનો વીચાર નહોતો રાખ્યો. તેને વ્યવહારકુશળ બનાવવામાં કૃષ્ણા સાથે પોતે પણ પરિશ્રમ લેવાનો તથા તેને વૈદક સંબંધી ખાસ જ્ઞાન આપવાનો નિશ્ચય તેમણે કર્યો હતો; અને તે કાર્ય તેમણે પોતાના શીરેજ રાખ્યું હતું. આ બંને શિક્ષકો તરફથી કેળવણી લેવાના કાર્યમાંથી અવકાશ મેળવે ત્યારે તેના શિક્ષક ગ્રંથ વાંચતા હતા. તેણી માત-પિતા સાથે હરહમેશ ફરવા જતી હતી.

કૃષ્ણાએ તેને-હેમકળાને વ્યવહારકુશળ બનાવવાને માટે હીસાબ અને નામું શીખવવા માંડયું. પોતાની સાથે વારંવાર સારી સારી સભાઓમાં લઈ જવા માંડી, પોતે પારકુ ધન છે એ સ્પષ્ટિકરણ સાથે સમજાવીને પતિ, સાસુ, સસરા, નણંદ, દીયર, જેઠ ઇત્યાદિ શ્વસુર પક્ષના સગાં વહાલાંઓ સાથે પોતે કેમ વર્તવું જોઇએ અને તે સર્વની પ્રીતિના પાત્ર કેમ બની શકાય એ તેને સમજાવવા માંડયું. પણ આટલેથી કાંઈ કૃષ્ણાનું કાર્ય સમાપ્ત નથી થતું. તેને પાકશાસ્ત્રમાં બનતી પ્રવીણ કરવાને પ્રયત્ન કરવામાં આવ્યો. બાળકો પ્રત્યે પોતાની શું ફર્જ છે એ પણ તેને સમજાવવામાં આવ્યું. પતિની આવકમાંજ પોતે ખર્ચ કેવી રીતે નીભાવવું અને છતાં ગ્રહની શોભા કેમ સાચવવી એ તેને ખાસ શીખવવામાં આવ્યું. પતિના મિત્રો અને સ્નેહીઓ પ્રત્યે કેવો ભાવ રાખવો એ વિષે તેને ઠીક જ્ઞાન અપાતું હતું. દયા, ધર્મ અને નીતિના સુત્રો તેને વારંવાર સમજાવવામાં આવતાં ૧ **Man is made to unite with a man, not to fight with him?** તેમજ ૨ **We are not born for ourselves but for the**

---

૧. મનુષ્ય, મનુષ્યની સાથે સંપવાને પેદા થાય છે; લડવાને માટે નહિ.

૨. આપણે આપણી જાતને માટે નહિ, પણ આખી દુનયાને માટે જનમ્યા છીએ.

whole world. આ શબ્દ વાક્યોનું રહસ્ય તેના હૃદયમાં ઉતારવા સાથે ૧ The future good or bad conduct of a child depends entirely on the mother એ વચનનું પણ યથાસ્થિત જ્ઞાન આપવામાં આવ્યું. પોતાની માતૃભૂમિ પ્રત્યે પોતાની શું ફર્જ છે એ પણ તેને સારી રીતે સમજાવવામાં આવ્યું. આ સાથે તેના અલાહેદા ઓરડાના દરવાજા ઉપર "ભીંતો તથા બારણું એનું નામ ઘર નહિ પણ ગૃહિણી એજ ઘર છે." એ વાકય ચિત્રાવવામાં આવ્યું હતું; જેથી તેને પોતાના એ અલાહેદા ખંડમાં દાખલ થતાંજ પોતાના કર્તવ્યનું સ્મરણ થતું હતું. તેના ઓરડાની માંહે પણ ચારે બાજુ તેવાંજ ચિત્રો, અને લેખોના તખ્તાઓ ટાંગેલા જોવામાં આવતા હતા. એ ટાંગેલા લેખોમાં મુખ્ય નીચેનાં કાવ્યલેખો હતા.

સુખકારી, સદ્‌ગુણવારી, પતિને પ્યારી,
પતિવ્રતા નારી તેનું નામ;
ત્રિપુરારીને ભજનારી, સુવૃત્ત ધારી,
લીએ છે તારી વંશ તમામ;

દિવાળી, જુવાળી, પુત્રાળી, રૂપાળી,
મરમાળી નહિ અભિમાન;
કોટાળી, પ્રેમાળી, લાજાળી, લટકાળી,
ધન્ય સ્વામીમાં ધ્યાન— સુખાકારી.

જમવામાં, રમવામાં, ગુરુજન મન ગમવામાં,
રાખે તે ઉત્તમ રીત;
મનમથને દમવામાં, ઈશ્વરને નમવામાં;
પુરણ જેની છે પ્રીત.— સુખકારી.

સિતાથી, ઉમિયાથી, કુંતાથી, તારાથી,
શુદ્ધ જેનો છે સ્વભાવ;
ગંગાથી, જમુનાથી, કાવેરી, કૃષ્ણાથી.
પૂર્ણ પવિત્ર પ્રભાવ.— સુખકારી.

જસવંતી, રસવંતી, સંતવંતી, ગુણખંતી,
દીપંતી પ્રિતમ દ્વાર;

---

૧. બાળકની ભવિષ્યની સારી અગર ખરાબ વર્તણુક તદ્દન માતા ઉપરજ આધાર રાખે છે.

મલકંતી, ઝલકંતી, ગજગતિમાં હલંકતી,
પિંગલ સુકૃત પ્યાર— સુખકારી.

* * * *

પતિમાં રતિ અતિ રાખતી, પતિ તેજ જગદાધાર છે,
ગૃહતંત્ર ચલવે દક્ષતાથી, હૃદયમાં ન વિકાર છે;
વિદ્યાવિલાસે લીન, નિર્મળ, નમ્ર નિતિ વિચાર છે,
શોભાવનારા એજ ઉત્તમ સુંદરી શૃંગાર છે.

* * * *

જ્ઞાન પુત્રો ને પતિના માનમાં વૃદ્ધિ કરે,
નિત શાંત ચિત્તે ભ્રાંત હરતી કાંતપર કરૂણા કરે;
દેતી રતિ, નિર્મળ પ્રીતિ પતિને વિપત્તિ વખતમાં,
એ નારના ભરથાર સમ સુખીઓ નહિ કો જગતમાં.

* * * *

સતિ પુજે સદા પતિ એક, શ્રી પરમેશ્વરની પરવા,
કદિ ચાહે પ્રભુ, પતિ બે, સતિ શાની ગણાયે તે;
સતીને વેદ, કે પુરાણ કે પરમેશથી શું કામ,
અમારો (સ્ત્રીનો) ઈશ, વેદ, પુરાણ, સૌ પતિ એકમાંજ વસે.

હેમકળાનું શારીરિક બળ દૃઢીભુત કરવાને અંગકસરતને અનુસરતું દરેક કાર્ય કૃષ્ણા લગભગ હેમકળાનીજ પાસે કરાવતી. વિનયચંદ્ર તરફથી તેને ઉંચા પ્રકારનું વૈદક વિષયનું જ્ઞાન આપવામાં આવ્યું હતું. પોતાના પત્રમાં લેખો લખવાની અને વકતૃત્વ શકિત ખીલવવાની પણ તેને ધીમે ધીમે ટેવ પાડવામાં આવતી હતી. ભરત, શીવણ વિગેરે કામમાં તેને કુશળ બનાવવામાં આવી અને સંગીત તેમજ વાદ્ય કળાનું પણ તેને સારૂ જ્ઞાન આપવામાં આવ્યું. તેને ચીતરવાનો થોડો થોડો શોખ લગાડવામાં આવ્યો. આ ઉપરાંત જ્યારે પણ હેમકળા અવકાશ મેળવતી ત્યારે તે સ્ત્રી ધર્મને સમજાવનારાં પુસ્તકોજ વાંચતી હતી; સખી મંડળમાં પણ ક્વચિત જતી અને સ્નેહ વિસ્તારતી હતી.

આવી રીતે હેમકળા પોતાના નામને યોગ્યજ બની હતી, તેમજ તે માટે પ્રયત્નવશજ હતી.

પ્રકરણ ૬ ઠું.

પંડીત રામાનંદની પધરામણી.

સબ ઘર પાગલ, સબ ઘર પાગલ સબ ઘર દીવાના
અન્દર પાગલ, બહાર પાગલ ચક્કરમે આના.

ભુલ ભુલઇયાં.

હમકુળાને જરા વિદ્યાર્થી અવસ્થામાં વિચરવા દેવાને થોડી- વાર એક બીજા સંબંધી તે દર્શનનું અવલોકન કરવું યથાવટિત થઇ પડશે.

થોડાક દિવસો થયાં મુંબઇમાં એવી વાત ચાલી રહી હતી કે, એક મહા સમર્થ વિદ્વાન પંડિત આવી ટુંક વખતમાં મુંબઇને સદ્બોધનું પાન કરાવશે અને હાલની જે જે સંસ્થાઓ ધર્મના ઢોંગી બ્હાના હેઠળ સનાતન ધર્મને કલંકિત કરે છે તેઓને પરાજીત કરી સત્ય સનાતન ધર્મનો વિજય વાવટો ઉડાડશે. આ વાતને આજે પુષ્ટી મળી છે. ભુલેશ્વર આગળ ભુલેશ્વરથી માર્કેટ સુધીનો રસ્તો બહુ પ્રવૃત્તિમાન જણાય છે, અને તેથી હરેક પ્રકારનાં હેંડબીલ વહેંચનારાઓનું તે એક આશ્રમ ગણાય. તેને કદાચ હેંડબીલ રોડ એવું નામ આપવામાં આવે તોપણ યથાર્થજ છે. દવા દારૂ, લીલાંઉ, દેવાળા અને નાટક વિગેરે દરેક પ્રકા- રનાં હેંડબીલ ત્યાં પુષ્કળ ખપી જાય છે. નાટકવાળાઓ તો સવથી પેહેલાં ત્યાંજ હેંડબીલ વહેંચવાને દોડી આવે છે. આજ એ પ્રકારના હેંડબીલમાં એક નવીન પ્રકારના હેંડબીલનો ઉમેરો થયો છે. એ હેંડ- બીલ ઉપરોક્ત પંડીતજીના આગમનના વર્તમાન આપે છે. જેઓએ ટીલું કર્યું હોય, ચંદન અથવા સુખડનું અર્ચન કીધું હોય અને ચોક્કસ પંથ તરફની અંધશ્રદ્ધામાં રાત દિવસ લીન રહેતો હોય એવા મનુષ્યો- નેજ માત્ર આ હેંડબીલ આપવામાં આવતું. આમ કરવાનું કારણ શું હશે તે નથી સમજાતું. કોટ, પાટલુન પહેર્યાં હોય તેમનેય આપવામાં નહોતું આવતું તો પછી પારસી, ઇસાઇ, અને મુસલમાન ભાઇઓ

સાથે જૈનોના તો નસીબ ક્યાંથી હોય. હેંડબીલ વેહેંચવાની આવી મુર્ખતાભરી રીતીથી હેંડબીલ વેહેંચનારને કેટલાક સાથે તકરાર પણ થતી અને છેવટે એક પારસી યુવાને તે બીચારાને માર પણ માર્યો. અંગ્રેજ પ્રજાના રાજ્યમાં અંગ્રેજો બનવામાં અને પાશ્ચિમાત્ય સૌંદર્ય-માંજ રાચી રહેલા, યુરોપીઅનોના અપભ્રંશ (Converted Europeans) જેવા નમુનારૂપ બનેલા, પારસીઓ તરફના એવાં આચરણો આપણે વારંવાર અવલોકીએ છીએ. તેવા મનુષ્યના હાથે એ હેંડબીલ વેહેંચનારો માર ખાય તેમાં આશ્ચર્ય પામવા જેવું કાંઇ નથી. વેહેંચનારનાં હેંડબીલ માર ખાતાં ખાતાં પડી ગયાં અને પછી તો હિંદુ, મુસલમાન, ઇસાઇ અને અન્ય સર્વ કોઇના હાથમાં તે ઉડવા લાગ્યાં. સામેના એક ગાંધીએ પડીકાં વાળવાને બસો પાંચસો જેટલાં ઉપાડી લીધાં. આ જોઇ ત્યાંથી જતા આવતા ચુસ્ત સનાતનીઓની છાતીમાં અંગારા બળવા લાગ્યા, પણ ગુલામગીરી અને નિર્બળતા એ આધુનિક સનાતન ધર્મનાં પરિણામ હોવાથી તેમનાથી કાંઇ વિક્ષેપ ન બની શકયું. 'મનમાં રૂઠયા અને મનમાંજ રીઝયા' જેવું થઇ ગયું. એક પોલીસ સીપાઇએ આવી આ વર્તન માટે તે પારસીને ઠપકો દેતાં *"સાહેબ આ ઠીક નહિ; આપના જેવા ગ્રહસ્થને આમ ન છાજે"* એટલું કહ્યું. આ કરતાં વધારે ઠપકો દેવાનો તેને હક્ક ન હતો. કદાચ કોઇ હિંદુ કે મુસલમાન હોત અને તેણે આવું બાંધલ મચાવ્યું હોત તો નક્કી તેને બે ચાર તમાચા લગાવવામાં આવત અને કદાચ ચોકી ઉપર લઇ જઇ ગુપ્ત ગોષ્ટી કરતાં બે ચાર કલાક સુધી મુકવામાં પણ આવત. અસ્તુ. આ હેંડબીલમાં નીચે મુજબ લખેલું હતું:

સમર્થ પંડીતવર્યની પધરામણી.

તર્ક જ્યોતિર્વિદ, વ્યાખ્યાન વાચસ્પતી, મહા મહોપાધ્યાય,
સર્વ શાસ્ત્ર સંપન્ન, પુજ્ય, સમર્થ પંડીતવર્ય શ્રીમાન શામાનંદજીનું આગમન.

અત્રે આવતી કાલે સહવારે થશે તે સમયે તેમને આવકાર આપવાને દરેક સનાતન ધર્માભિમાનીએ આંટરોડ સ્ટેશને ઉપસ્થિત રહેવું. આ બાબતમાં ભુલ કરશે તેઓ પોતાની જીંદગીને કૃતકૃત્ય કરવાનો એક અમુલ્ય લાભ ગુમાવશે. શ્રીમાન પંડીતવર્ય પુજ્યશ્રી શામાનંદજી પોતાની વિદ્વત્તાનો વિજય ડંકો વગાડીને અત્રે પધારે છે.

આન્ટરોડ ખાતેથી એક સર્વસના રૂપમાં લેઓને ફ્રોકલૉન્ડરોડ (મહાદેવી રેશીકસી રોડ) આગળ થઇને ગુલાલવાડીમાંથી, પાયધુની આગળ થઇને ઝવેરબાગમાં લઇ જવામાં આવશે. ત્યાં પંડીતજી તે સમયે થોડો સદ્બોધ કરશે. પુનઃ વ્યાખ્યાન કથા વગેરે ક્યા સમયે અને ક્યા સ્થળે થશે તે પણ તેજ સમયે જાહેર કરવામાં આવશે.

હેંડબીલ કરતાં નીચેની સહીઓએ ત્રણગણી વધારે જગ્યા રોકી હતી ! !

બીજી સહવારે પ્હો પણ નહોતો ફાટયો તે વખતથી સનાતન ધર્માભિમાનીઓનાં ટોળેટોળાં ગ્રાંટરોડના રસ્તા તરફ દોડધામ કરી રહ્યાં હતાં. આથી કેટલાક અજ્ઞાન લોકો તો આ ઘટના વિષે વીચારમાં પડી જતા હતા. ગાડી આવી પહોંચે તે અગાઉથીજ સર્વેસ ગોઠવી રાખવામાં આવ્યું હતું. સર્વથી આગળ ઘોડેસ્વાર, વોલંટીયરો, પછી અનુક્રમે વાજાંવાળાઓ, પછી પુરૂષો, પંડીતની ચાર ઘોડાની બગી અને પછી અન્ય સર્વને અંતે યુવતીઓને ગોઠવવામાં આવી હતી. વોલંટીયરોના હસ્તગત જે વાવટા હતા તેમાં પંડીત શ્રી રામાનંદજીની જય, સનાતન ધર્મની જય, પુરાણોની જય, ધર્માભિમાનીઓની જય અને એવા બીજા અનેક પ્રકારના લેખવાળા વાવટા હતા. વારંવાર વોલંટીયરો આ વાક્યોની ગર્જના પણ કરતા. વાજાંઓમાં ગાવાને નીચેનાં સુલલિત ગાયનો પસંદ કરવામાં આવ્યાં હતાં:—

(૧) " પ્રેમનો કોલ દીઓને રાજકુમાર. "

(૨) " ધીમા ધીમા ચાલોને મારા સાજણરે, "

(૩) " એકને આંગણે ચાંદનીરે, ખીલી રૂપેરી રંગ,
રંગ જો ચાલો સાહેલી રંગ માણવા. "

(૪) " વાટ જુએ છે વહાલી, રસીકવર,
રજા હમે તો લઇશું બા. "

(૫) " રસીલો, રસીલી ચાંદનીનો સમો સાધી તજી
સઘળી ઉપાધી ગયા ઉપવનમાં. "

(૬) " રસીઆ રે, કાં રસીક થઇ રસબંધી તલસાવો ? "

(૭) " હું માથે મટુકી લઇ જાઉં. "

આભૂષણ જેમ કેમ હાથણુ ગળાની નળીઓ સોભે અને કંઠ ઉપર [illegible] છે

(૮) " પ્હેરી ચોળી લટકા મટકા કરતાં આવ્યાં."
(૯) " બોલો મારા પ્રેમી પોપટજી બોલ બોલો,
બોલો, બોલો, મેના બોલાવે."

સ્ત્રીઓ પણ " શામળીઆ તારી સુરત જોઇને હું તો મોહી." " મુને વાંસલડીની લ્હે લાગી " અને એવાંજ બીજાં પ્રેમાનંદ, મીરાં અને બીજા અન્ય કવિઓનાં કવિતો ગાતી હતી. પુરૂષો પણ " પંડીત રામાનંદજીનો જય "ના અવાજની ઘોષણા વારંવાર કરતા. સ્ત્રી પુરૂષો-પર ગુલાલ પણ પુષ્કળ ઉરાડવામાં આવતો. કેટલાક પરમ ભકતો ખંતાલા વજાડતા, અને કેટલાક કૃષ્ણનાં સોળ શૃંગાર વર્ણવતાં ગીતો ગાતાં હતાં. અગાઉથી હેંડબીલ દ્વારા થએલા ડોળ અને વર્તમાનપત્રના માલીકો ઉપર ખાસ આમંત્રણપત્રિકાઓ ગયેલી હોવાથી તેમના પ્રતિનીધીઓ પણ તેમાં ઉપસ્થિત હતા. તેઓને પણ ગુલાલ વિગેરેથી સંતોષવામાં આવતા ! ! આ સઘળાંથી પ્રતિનીધીઓ તો ત્રાહે ત્રાહે પોકારતા ! ગુલાલ વિગેરેથી રંગાયા પછી તેમનો પેટલુન સહિતનો દેખાવ ખચીત પ્રદર્શનમાં મોકલવા લાયક થઇ ચુકયો હતો ! પ્રતિનીધીઓ માંહે માંહે " quite useless; quite useles "ના કંટાળામય ઉદ્ગારો કાઢતા, અને તેથી "અક્કલના અધુરા અને ગાંઠના પુરા" એવા જે લોકો લાંચ આપતા તેઓનાં નામ હાજર રહેલા સદ્ગૃહસ્થોની ટીપમાં ઉમેરતા હતા ! !

છેવટે જેમ તેમ કરતાં સરઘસ ઝવેરબાગમાં આવ્યું. યુવાન સ્ત્રીઓએ પંડીતજીની પુજા કીધી અને પગ ધોઇ તેનું ચર્ણામૃત પીધું. પંડીતજી આથી અતિ પ્રસન્ન થયા. છેવટે હાજર રહેલામાંના એકે ઉભા થઇ મોટા અવાજે જણાવ્યું કે. "ભાઇઓ. એ ભાઇઓ ! ચર્ણામૃતનો અમુલ્ય લાભ લેવા આવો અને કૃતાર્થ થાઓ. ચર્ણામૃતની પ્રસાદીનો આવો અમુલ્ય લાભ ફરી ફરી નહિ મળે." આટલું વાકય બોલતાંજ બીચારાને ખુ ખુ કરવાનો વખત આવ્યો; પુષ્કળ લોકોએ પ્રસાદી લીધી. આ સર્વ પ્રારંભીક પ્રોગ્રામ પતી રહ્યા પછી પુનઃ ઉપરોક્ત ગૃહસ્થે ઉભા થઇ જણાવ્યું કે, " પુજ્ય પંડીતજી હવે થોડો સદ્બોધ કરવાની આપણા ઉપર કૃપા કરશે તે તમે બધા ધ્યાનથી સાંભળજો." આટલુંજ બોલીને તે ભાઇ બેસી ગયા કે તરતજ પંડી-

---

તજીએ ઉભા થઇ મંગળાચરણ કરી, ખેસ વડે મ્હોં લોહી સુલલિત સ્વરે પોતાની માતૃભાષા હિંદિમાં જણાવ્યું કે "પ્રિય બાંધવ! આપ સબોંને મેરે જૈસે એક સામાન્ય પંક્તિકા મનુષ્યકો ઇતના માન દેકર અચ્છા પ્રેમ દીખલાયા ઇસ લીએ મેં આપકો ધન્યવાદ કહતા હું; મેરી સંપુર્ણ આશા હય કી મેરા વ્યાખ્યાન સુનને કે લીયેભી તુમ લોક ઇતના હી ઉદ્યત રહોગે. મેં આપકો વિશ્વાસ દેતા હું કી ઇસસે આપકી ધર્મશ્રદ્ધા દૃઢ હોગી. અંતિમ મેં આપ સબોં કો યહ સુચના દેના આવશ્યક માનતા હું કી વ્યાખ્યાન સુનને કે લીયે આપકા અન્ય બાંધવો ઓર ભગિનીઓકો લેકે આના **ॐ शांतिः ३.**"

પંડીતજીનો ઉપરોક્ત સદ્‌બોધ (!) સમાપ્ત થયો કે તરતજ એક ચકરી પાઘડીવાળા ગૃહસ્થે ઉભા થઈ જણાવ્યું કે, પંડીતજીએ આજેજ સાંજે શ્રમ લઇ વ્યાખ્યાન આપવા સ્વીકાર્યું છે અને તેથી આપણે તેમના ઉપકારી થયા છીએ. આજે સાંજે પાંચ વાગે શ્રીમાન પંડીતજી 'આપણો સનાતન ધર્મ' એ વિષય ઉપર વ્યાખ્યાન આપશે. વ્યાખ્યાનનું સ્થળ માધવ બાગ રાખવામાં આવ્યું છે. વેળાસર ત્યાં આવી હાજર થવું; નહિ તો પાછળથી આસન સ્થાન નહિ મળતાં પસ્તાવું પડશે."

છેવટે "પંડીતજીની જય"ના અવાજો કરતાં કરતાં લોકો છુટા પડ્યા. સાંજે પ્રકટ થતાં વર્તમાનપત્રોએ પોતાના ગ્રાહકો રીસાય નહિ તેટલો સારૂ રંગીન અહવાલ પ્રકટ કર્યો. 'સ્વતંત્ર મત'નો અહવાલ તેવા પ્રકારનો નહોતો.

પ્રકરણ ૭ મું.

પંડિતજીનું આત્મદર્શન.

જો ઈશ્કમેં હય રન્જુર હુઆ, વો દુનીઆઓં દીંસે દુર હુઆ;
જીસ ઘરમેં વો મઆમુર હુઆ, અંધેરસે વો બેનુર હુઆ.

જહરી અંગુસ્તરી.

* * *

જે સત્ય જાણ્યા વિણ આચરે છે. વિચારવંત સહસા કરે છે;
તે મુર્ખ શિરે દુઃખ ઓઘ જાગ્યો (જેમ) ન કુલથી બ્રાહ્મણ દુઃખ પામ્યો.

અમૃત કે. મહેતા.

હાલની અબળાઓની એક દુર્ભાગ્ય ટેવ છે, અને ખરૂં જોતાં તે તેમની બુદ્ધિહિનતાનુંજ કારણ છે કે, કંઈ પણ વીચાર્યા વિના એકાદ કોઈ કાર્ય કોઈ કારણપુરઃસર કરતો હોય, તેનો વીચાર કીધા વિના તે પ્રમાણે પોતે પણ કરવાને ગાડરીઆ પ્રવાહની માફક મંડી જાય છે. પંડીતના સંબંધમાં પણ તેમજ બન્યું; પંડીતજીનું ભાષણ થઈ ગયું, તેના નિરીક્ષણનું આપણને પ્રયોજન નથી; કિંતુ પંડીતજી પોતે કેવા ધર્મશીલ પુરૂષ છે તેનું નિરીક્ષણ હાલ કરીએ.

મી. તમારે છે તે આપણે મકુદાસ તો 'ગજ ભરે પણ તસુ વેતરે નહિં' એવા હતા. પણ મી. મારા ભાઇદાસ ઠક્કર અને તેમનું આખું કુટુંબ તો પંડીતજીની પંડીતાઇપર ફીદા થઇ ગયેલ હોવાથી પંડીતજી આજ મી. મ્હારા ભાઇદાસને ત્યાં પધરામણી કરનાર હતા. મી. મ્હારા ભાઇદાસ તેમજ તેમની એકનીએક પુત્રી અને પત્નિ પણ પંડીતજી ઉપર ફીદા થઈ ગયેલ હોવાથી તે સર્વ આજે પંડીતજીની સરભરા માટે તૈયારીમાં રોકાઇ ગયાં હતાં. બહારના કેટલાક લોકોને પણ આ પ્રસંગ ઉપર આમંત્રણ કીધું હતું. વિનયચંદ્રને પણ આમંત્રણ હતું. આ બધું તો ધર્મભક્તિનું હતું; મી. ભાઇદાસ કાંઈ બહુ તો ઉદાર ન હતા. એટલે ભોજન વ્યવસ્થામાં કોઇને આમંત્રણ કીધું ન હતું! તેમનું હૃદય ધર્મની બાબતમાં ઘણું ઉદાર હતું તેમજ ઘરખર્ચમાં પણ સામાન્ય રીતે મ્હોળો જીવ હતો પણ પારકાને માટે તો બરાબર લોભીલાલનો પાઠ ભજવે તેવાજ હતા.

તૈયારી પણ થઇ રહી અને સાંજના વાજતે ગાજતે પંડીતજીની પધરામણી પણ થઇ. પંડીતજી આવ્યા અને આસન ઉપર બીરાજ્યા એટલે મી. મ્હારા ભાઇદાસની પત્નિએ અને પછી અનુક્રમે બીજા બહારથી આવેલાં બૈરાંઓએ પગ ધોઈ ચરણામૃત પીધું. અને પખો નાખવા લાગી. પગ વારંવાર ધોવાવાથી કરીને કોઇ રીતે સંકોચવા જેવું ન થયું, બીજાં બૈરાંઓ ગીત ગાવા લાગ્યાં. ગીતો હમેશનાં જેવાં —પોપટના જેવાં—શ્રૃંગારીક, અને અનીતિમાનજ હતાં. પંડીતજીની

ગૌમુખીમાં માળા હતી, પણ હૃદયમાં તો રંગવિલાસના વીચારોજ ચાલતા હતા. તેઓનું ચિત્ત અનાચારમાં સર્વથી પ્રથમ હતું. કલાક બે કલાક સુધી બૈરાંઓનાં ગીતો વિગેરે સમાપ્ત થયા બાદ સઘળા પ્રસાદ લઇ ઘેર સિધાવ્યા; પંડીતજી હવે શાંત થઇ થોડો વખત બેઠા,

અર્ધોએક કલાક વીતી ગયો. પંડીતજીએ જમવાની ઘણી આનાકાની કીધી. આનાકાની કરવાનું એકલું કારણ પોતાની આદતોનું હતું. પંડીતજીને પોતાની પ્રિયંવદા (Kept-woman) વિના ચેન પડતું નહોતું અને વળી હમેશની ટેવ મુજબ આજે કાંઇ ખાવા અગાઉ દારૂનો ડોઝ અથવા તો ખોરાક તરીકે ઇંડાના પુડા, પેટીસ્ટ, કટલેટ, (પ્લેટ–મટન) ખીમો, પાંઉ, શેરવાની કઢી, ચાવલ કે તેવું બીજું કાંઇજ મળે તેમ નહોતું; એટલે પંડીતજીને મન તો–ખરેખર તો તેમની પ્રકૃતિ અનુસાર આ ખોરાક તેમને માફક આવે–પસંદ આવે તેવોજ નહોતો. પધરામણીમાં આવેલા એટલે બહુ આનાકાની કરવા છતાં ના પાડવી અને નાહક પોતાના ભરમાવી મુકેલાં ભકતોનાં હૃદય કલીષ્ટ કરવાં એ વ્યાજબી તેમજ ઇષ્ટ ન જણાયું; તેમજ બીજી બાજુથી જોતાં તુવેરની દાળ, ઘઉં વિગેરે તરફ પોતાની રૂચી જરાએ નથી તેમજ કદાચ માફક પણ નહિ આવે, એવા મંતવ્યથી તે ખાવા ઘણો આંચકો ખાવા લાગ્યા. પણ છેવટે **कामातुराणाम् न भयं न लज्जा** એ વાકયાનુસાર તેમની વૃત્તિ ચંચળ થઇ ગયેલી હોવાથી તેઓ તે તરફ દોરવાઈ ગયા. પંડીતજીનું ચિત્ત **મી. મ્હારા સાઇદાસ**ની એકની એક પુત્રી તરફ દુષ્ટ વૃત્તિથી ખેંચાઈ જતું હતું.

મી. મ્હારા ભાઈ ઠક્કરની પુત્રી હજી કુમારી અવસ્થામાં હતી. એટલે ખીલતી યુવાવસ્થામાં હજુ તો પ્રવેશ કરતી હતી. તેનું લલિત્વ, દેહસૌંદર્ય અને નાજુકાઈ કોઈ સામાન્ય માનવનું ચિત્ત આકર્ષે તેમાં નવાઇ જેવું નથી; તો ઉપરથી આ મહાત્મા દેખાતા–પણ અંતર્ગત પંચ'મ'કારના ઉપાસક પંડીતજી તો તેમાંજ લીન થઈ જાય તેમાં કાંઈ આશ્ચર્ય પામવાનું નથી. આત્મિક નિર્બળતા એ પંચ'મ'કારના ઉપાસક બની જવાનું મુખ્ય કારણ છે. શ્રી ગીતાજીમાં કહ્યું છે કે 'વૃત્તિ ચંચળ છે અને તેને કાબુમાં રાખવી ઘણી મુશ્કેલ છે'. જ્યારે શ્રી કૃષ્ણચંદ્ર જેવા પણ ગીતામાં એજ અનુભવ પ્રગટ કરે છે તો આ

કે તમારો મલમ એક જાદુઈ ચીજ છે અને તેણે જલદીથી શફી

આજકાલના પંડીતજીઓ માટે શુંજ સમજવું ? પંડીતજીને માટે એટલુંજ કહેવું બસ થશે કે યુવતિ તરફ આકર્ષાઈ જવામાં તેઓ કુદરતીજ હતા. જે અફસોસ કરવા જેવું હતું તે માત્ર એજ હતું કે એક મહાત્મા તરીકે ડાળ ઘાલવા છતાં પોતાનામાં વિશ્વાસ રાખનારનાજ ઘરમાં–અરે એજ મનુષ્યને ભ્રષ્ટ કરવામાં તેઓ જરા પણ પાછા પડતા નહિ.

પંડિતજીનો સિદ્ધાંત તો એવો હતો કેઃ—

અટમપટમ કાંઇ કાંઇ સમજાવી ભાઇ પૈસો પેદા કર્યો કામનો.

મનુ–મણી.

તેઓ ખાણા પીણામાં પણ મનુસ્મૃતિના એકાદ શ્લોકનો અવળો અર્થ કરીને અથવા તો એકાદ ક્ષેપક શ્લોકનો આધાર લઇને પોતાના વર્તન માટે લોકોમાં જે જાણ થતી તો પણ પોતાને માટેનો વિશ્વાસ નહોતો ઉઠવા દેતા. આ બધાનું તાત્પર્ય એટલુંજ છે કે 'યેન કેન પ્રકારેણ' તેઓએ આજે **મી. મ્હારા ભાઇદાસ**ના પુત્રીને પોતાના–પોતાની દુષ્ટ વૃત્તિના ફંદામાં ફસાવવાનો નિશ્ચય કર્યો હતો અને તેજ વાચારમાં તેઓ સંપૂર્ણપણે લીન હતા.

સમો જે આ વહી જાશે, ફરી કદી આવવાનો ના;
યુવાની ચાર દહાડાની, ગયે ફરી આવે ના કુમુદા.

નિર્ભયરામ મુળજી પુરોહીત.

તું દીલ મ્હારૂં છે તો પણ કોઇ મધુરી જે હરી લે તો;
તુરત આ બેવફા દિલ રે, મુને ગાંડા બનાવે તું.

નિઝામુદ્દીન એ. કુરેશી.

શું બાણ મારી પ્રેમનું આઘી ખસીને તું જશે ?

આર. ડી. પરમાર.

આ અને આવીજ બીજી કેટલીક કવિતાઓ અને **અહં બ્રહ્માસ્મિ** ના સિદ્ધાંતાનુસાર સર્વ બ્રહ્મ છે અને સંસાર તો માયાનું સ્વપ્નુ છે એવું આંખના પાટા બાંધવાનું શું શું સમજાવવું તે વીચારમા પંડીતજી તો લીન થયા હતા.

દુરાગ્રહ કહો, હઠાગ્રહ કહો કિંવા પ્રપંચમય આગ્રહ કહો પણ એ બધાને અંતે પંડીતજીને ભોજન તો લેવું પડયું પણ તેમ કરતાં પંડીતજીનું ચિત્ત ભોજનમાં હતું એમ ભાગ્યેજ કહેવાશે, પંડીતજી ઉપરથી કહેતા હતા કે,

ભોગવ્યા ભોગો બધા પણ ભોગમાં કાંઇ નહિ;
ખાધું, પીધું ને ભોગવ્યું, પણ સ્વાદ ત્યાં કાંઇ નહિ.

આ એજ પંક્તિઓમાં પંડીતજીનો વૈરાગ્ય જણાતો હતો ! તેટલોજ અંતર્ગત પાપાત્મા જણાતો હતો. પણ પંડીતજીના ઉપર સર્વાંશે ફીદા થયેલ **મી. મ્હારા ભાઇદાસ**ની પુત્રીજ પીરસનાર હતી. પંડીતજીએ મરજાદીપણાનો અસાધારણ ડોળ ઘાલ્યો હતો અને તેથી પંડીતજીને જમવાને એકાંત વાસ પ્રાપ્ત થયો હતો. એકાંત વાસજ પંડીતજીને જોઇતો હતો !! પંડીતજીને ખાવાનું મન શું હતું અને ખાવું શું પડતું હતું તે વિષે વાંચકો ગમે તેવી કલ્પના કરતા હોય કિંતુ અત્યારે પંડીતજીને મન કોઇ ખાવાની ચીજ ખાવાની ચીજ તરીકે નહોતી, પીવાની ચીજ પીવાની ચીજ તરીકે નહોતી. પંડીતજીનો સર્વે આનંદ માત્ર **મી. મ્હારા ભાઇદાસ**ની નિર્દોષ એકની એક પુત્રીમાં સમાયલો હતો. તેણીનું મુખદર્શન કરતાં પંડીતજી ઘેલા થઇ જતા હતા, મનમાં હસતા હતા અને કોઇ વળા ખુલ્લાં પણ હસતા હતા. પંડીતજીની દશા વગર દારૂના ડોઝે દારૂડીઆ જેવી બની હતી. વારંવાર ઘેલછા કરતા અને પોતે શું કરે છે તેનું પણ તેમને ભાન રહેતું નહોતું રહેતું. તેમનો મંત્ર તો:—

*આનંદ આ દુનિઆ તણા સચવાયલા રમણી મહીં,
સૌંદર્ય સર્વે ત્યાં વસ્યું છે: શુષ્કતા સૌ અહીં તહીં;
પેદા કીધી છે ઇશ્વરે, આનંદમાં ઝરબોળવા,
પ્રમદા પુરે આનંદ ઉરમાં, હાવભાવો અવનવા.
દેવી તમે છો વિશ્વની, વળી પ્રેમની જનની ગણું,
વર્ણન નથી વેદે થયું, વળી મોહની રાણી ગણું;
લોહી, માંસ ને વળી ચર્મની, પુતળી બધા તો કહી ગયા,
એ એજ યોગીરાજ સર્વે પ્રેમમાં તલ્લીન થયા !
ઘડણી ઘડી શું ઇશ્વરે એ મુજથી સમજાય નહિ,

---

* હરિગીતની ઢબે ગવાશે.

દુઃખી અને સુખી સઉ વિશ્રામ કાજે જાય તહીં;
દેવી તણો જે નાથ તે, સૌંદર્ય સૃષ્ટિમાં નહિ.
એ શક્તિની ભક્તિ કરો, સુખ ભોગવો સૃષ્ટિ મહીં.
ભક્તિ બધી જગદીશની, 'જે' 'જે' મહીં આવી રહી ?
માયા મહીં હા–ના કર્યું, ભક્તિ બધી ખોટી થઇ:
નહીં માહરૂં કંઇ, સઉ તમારૂં, તમ કાજ આ પુતળી બની.
પ્રેમે સ્વીકારો આપ એ, ઉદ્ધાર છો સૃષ્ટિ મહીં.
સ્ત્રી જીવનનો આ મંત્ર ઉંચ, ભણું જે બધી શુભ ચિત્તથી
માયાતણું સ્વપ્નું તજી, અર્પો બધું શુભ ચિત્તથી;
પંચભુતનું પુતળું બન્યું, તેમાં નથી કંઇ આપણું,
પર સુખમાં અર્પો ગ્રહોની, સુખ સઉ પરલોકનું;
પર સુખમાં સુખ આપણું શાસ્ત્રોવડે તે સિદ્ધ છે,
પર લાગણી દુઃખવ્યા મહીં, રે દુઃખ તો નિશ્ચિત છે:
કુદરત તણો એ નિયમ: તો ગુરૂ કાજ શું કહેવું અરે,
અર્પી ગ્રહો આશીષ આ મુજ ઉરની, સુંદરી ! ખરે.

પંડીતજીની આટલી બધી પારખીવત જાળમાં કોઇ પણ આધ્યાત્મિક જ્ઞાનથી સર્વથા અજ્ઞાન બાળા–નિર્દોષ બાળા ફસાઇ પડે તો તે સર્વથા સંભવતુંજ છે. આવા પંડીતજીઓ હાલમાં ઘણા જોવામાં આવે છે અને તેનો ભોગ પણ ઘણી નિર્દોષ અજ્ઞાન અને ભોળી યુવતીઓ થઇ પડે છે. તેઓ ઐહીક અને પરલૌકિક અથવા તો આલોક અને પરલોક શું તે સમજતીજ નથી હોતી એમ કહેવું વીચારનારને સર્વાંશે સત્ય જણાશે. તેમાં ફસાઇ પડનાર પંડીતજી ઉપર વિમોહીત થનાર ખચિત્ વધુ નહિ તો આધ્યાત્મિક જ્ઞાનમાં–ધાર્મિક જ્ઞાનમાં શુન્યવતજ હોવા જોઇએ. ધાર્મિક જ્ઞાન માટે **શ્રી. મ્હારા ભાઇદાસ** તથા તેમનું કુટુંબ તેવીજ સ્થિતિ ભોગવતું હતું.

પંડિતજીએ પોતાના પાપિષ્ટ વીચારોને અમલમાં મુકવાનો વીચાર કરીને હવે તો અમલ પણ કરવા માંડયો. **મ્હારા ભાઇદાસની** પુત્રી જેટલી વખત પીરસવા આવે તેટલી વખત તેની સાથે છંછણાવા માંડયું; અને અંતે તે વાત તેમનાં પત્નિ સુધી પહોંચી. આમ છતાં

તેનું પરિણામ તરતજ તેમની પુત્રીને દુઃખ દેવામાં આવ્યું. **મી. મ્હારા ભાઇદાસે** અને તેમનાં પત્નિએ પોતાની પુત્રીને પંડીતજીની સરભરામાં ખામી આવવા દેવાને માટે–પંડીતજીને છંછેડાવાનું કારણ આપવા માટે સખ્ત ઠપકા દઇનેજ નહીં અટકતાં સંખ્યાબંધ ગાળોનો વર્ષાદ વરસાવ્યો; નિર્દોષ પુત્રીએ આ બધું મુઝાતાં મુઝાતાં સહન કીધું; પણ તેણે પોતાનાં માત–પિતાને પંડીતજીના પાપિષ્ટપણાથી માહિતગાર કરવાને હીંમતજ નહીં કીધી. તે બિચારીને તો એમજ લાગ્યું કે, મ્હારાં માત–પિતા પંડીતજી વિષે આવી વાત નહિ માનશે, એટલુંજ નહિ પણ મ્હારા પોતાના વિશેજ શંકાશીલ થશે. એક તરફથી તે નિર્દોષ બાળા ધાર્મિક જ્ઞાનથી લગભગ અજ્ઞાતજ હતી;–સંસારિક પવિત્રતા શું, એનો તેને ખ્યાલ ન હતો, અને એક બાજુથી પંડીતજીને ઇશ્વરના અવતાર માનતી હતી, તેમજ બીજી બાજુથી ઇશ્વરાવતાર શ્રીકૃષ્ણમાં રાધા અને લલીતા પણ વિમોહિત થઇ ગઇ હતી એવી ગપાષ્ટક કથાઓમાં વિશ્વાસ ધરાવતી હતી તેવી સ્થિતિમાં એ નિર્દોષ બાળા પંડીતજી–પારધીની પાપિષ્ટ જાળનો ભોગ થઇ પડે એ વિના શંક માનવા જેવું છે; તથાપિ **મી. મ્હારા ભાઇદાસની** પુત્રી હજુ સુધી પવિત્ર હતી એ આશ્ચર્યજન્ય હતું તેની વૃત્તિ માત્ર પણ ચંચલિત થઇ ન હતી.

પંડીતજીને પોતાનું ખાણું ન મળ્યું–પોતાની પાપિષ્ટ ઇચ્છા પૂર્ણ થવાનું ચિન્હ પણ ન જણાયું. આમ છતાં પંડીતજી નીરાશ ન થયા. પંડીતજી પોતાને માટે ખાસ નિયત કરેલા શયનાલયમાં ગયા. પંડીતજીએ અતિ શ્રમિત થયાનું જણાવ્યું અને પંડીતજીની સેવામાંજ જીવનનું સાફલ્ય હોય તેમ માનતા **મી. મ્હારા ભાઇદાસ ઠક્કર** તેમજ તેમનાં પત્નિએ–પંડીતજીની અંતઃકરણની ઇચ્છાને અનુસરતું–પોતાની એકની એક પુત્રીને ચંપી કરવા મોકલી. એ એક અગત્યની વાત ધ્યાનમાં રાખવાની છે કે **મી. મ્હારા ભાઇદાસ ઠક્કર** તથા તેમનાં પત્નિ પંડીતજીના વર્ત્તન વિષે જરા પણ માહિતગાર અદ્યાપિ નહોતાં, અને અજ્ઞાતપણેજ પોતાની એકની એક પુત્રીને અનાચારની જાળમાં ફસાવવાના કામમાં પંડીતજીને સહાય આપતા હતા.

શયનગૃહમાં પંડીતજીએ પલંગમાં પડ્યા પડ્યા પ્રેમાંધતાનાં ગાયનો

ગાતા હતા અને નિર્દોષ બાળા પગચપી કરતી હતી. પંડીતજીનું માનવું એવું હતું કે બાળા પોતાના પંન્નમાં સહેજમાં ફસાઈ જશે અને તેથી તેમણે પોતાના ઉપર દર્શાવેલા મંત્રનું ગાણું ગાવા માંડવા સાથે તેનું સ્પષ્ટિકરણ કરવા માંડયું; તેની કશીએ અસર બાળાના અંતરમાં થઈ નહિ. તે પછી પંડીતજીએ શ્રૃંગારને નામે અનાચારનો ફેલાવો કરનારાં અને વૃત્તિને ચંચલિત્ કરનારાં, મધુર રાગણીનાં ગાયનો ગાવા માંડયા. છેવટે દ્રૌપદીને પાંચ પતિ હતા, લલિતા પોતાનો રૂષભ પતિ છતાં શ્રીકૃષ્ણ ઉપર મોહિત થઈ હતી અને ભરતરાજે પણ પોતાની પત્નિને વિહાર માટે સ્વતંત્રતા આપી હતી એ બધાં દ્રષ્ટાંતોથી પોતાની નિચ વૃત્તિ, જાણે ખરેજ ધાર્મિક વૃત્તિ હોય નહિ તેમ નિર્દોષ બાળાને સમજાવ્યું અને અંતે નિર્દોષ બાળા પંડીતજીના પાપાચરણનો ભોગ થઇ:—અજ્ઞાનતામાં દુરાચારી થઈ. ખરેજઃ

ઘરબારમાં પાડે વિખુટતા, દુષ્ટ રાક્ષસ ઇસ્ક એ,
રે, 'બ્હેન' ને વળી 'પુત્રી'નું, સૌ ભાન ભુલવે ઇસ્ક એ;
લાખો ખુનોનું નિમિત કારણ, રે બન્યો છે ઇસ્ક એ,
કર્ત્તા તણી કૃતીઓ વળી લજવાવતો રે ઇસ્ક એ.
"**મ્હારૂં**" કહ્યું "**મ્હારૂં નથી,**" કહેવરાવતો રે **ઇશ્ક એ,**
ઇતિહાસનાં પાનાં મહીં કાળો દીસે છે ઇસ્ક એઃ
દાનાઇને લજવાવતો સંસાર માંહે ઇસ્ક એ,
આ લોક કે પરલોકનું નહિ સુખ—સાધન ઇસ્ક એ.
સીતા થઇ દુઃખી અરે, એ ઇસ્કના નામા તળે,
કુંતીતણા પુત્રો રવડતા, (એ) ઇસ્કના નામા તળેઃ
કોઇ બન્યો સુખી અરે, એ ઇસ્કના નામા તળે?
શાને બનો છો નર્કભાગી, ઇસ્કના નામા તળે!

પ્રકરણ ૮ મું.

પંડિતજીને પેહેરામણી કે વિગ્રહની વધામણી ?

જોઇ લેજો જગના બાવા, છે આજકાલ જે આવા;
ધરે ભેખ ધૂતીને ખાવા; જ્યાં ત્યાં હાવાને આવા—

*   *   *   *   *

ભાઇ, લાગે તાલ બનવવા, ભાઈ, અને ભજન સંભળાવા—
વિરલા ભેખ ધરે છે ભાઇ, ભગવત ભેટો થાવા;
બહુ તો બાવા માયા માટે કે ભામા ભરમાવા—
નારીને નીરખીને લાગે બાવા નેન નચાવા;
મસ્ત થઇ મહાલે પર પૈસે, ક્યાં જાવું છે કમાવા—જોઇ.

વીણાવેલી.

*   *   *   *   *

કેવા પાપી પ્રપંચી પુજાય છે, જ્યાંય ત્યાંય આજકાલ;
સાથે સો સો સલામો ભરાય છે, જ્યાંય ત્યાંય આજકાલ;
કેવા ઢોંગે ધીબાય, વળી ફંદે ફસાય, મુઢ માને મોહાય,
પણ સમજે ન કાંઇ.
કેવું આંધળે બ્હેરૂં કુટાય છે જ્યાંય ત્યાંય આજકાલ—કેવા.
દગલબાજી તે ગાજી ગવાય છે (૨)
સાચા મોતી તે સહેજે વટાય છે (૨)
ખોટા હિરા તે હિરા ગણાય છે (૨)
જોજો દુનિયાનો (૩) કેવો આ અન્યાય છે, જ્યાંય ત્યાંત
આજકાલ—કેવા.

તારા-સુંદરી.

પંડીતજીના અપૂર્વ, અસાધ્ય અને અસાધારણ તેમજ અસહ્ય નીતીમાન (!!) આચરણનો પ્રકાશ મી. મ્હારા ભાઈદાસના કુટુંબ ઉપર પડયો, છતાં ગૃહના મનુષ્યો તેથી સર્વથા અજ્ઞાન હતા. પણ

પંડીતજીના વિશાળ અને વિપુલિત આત્માનો અંત એટલાથીજ આવતો નથી...ભાષણ વગેરેની ઉઠાવેલી તકલીફને અંતે આજે પંડીતજીને પેહેરામણી આપવાને માટે એક મેળાવડો થયો અને પંડીતજીના વખાણનારાઓની સારી સંખ્યાએ તેમાં ભાગ પણ લીધો સ્ત્રી-પુરૂષો, બાળ, યુવા અને વૃદ્ધ સર્વ કોઇ આ સભામાં સંમેલિત થયેલું જણાય છે. પંડીતજીને પેહેરામણી આપવાને આટલો મોટો સમુહ મળ્યો હતો; તથાપિ તેમાંથી કોના હસ્તે પંડીતજીને પેહેરામણી અપાવવી એ ભારે વીચારની બિના થઇ પડી હતી. એવો કોઇ મનુષ્ય નહોતો માલુમ પડતો કે જે પંડીતજીને પેહેરામણી આપે તો પંડીતજીની પ્રસિદ્ધતા અને માનમાં વધારો થાય. તોપણ અંતે અપૂર્વ શોધ કરી એક સ્ત્રીના હસ્તક પંડીતજીને પેહેરામણી અપાવવાનો નિશ્ચય થયો. એ પેહેરામણી આપવાને કબુલ થનાર કોઇ નહિ પણ **મી. મ્હારા ભાઈદાસ**નાં પત્નિ હતાં. **મીસીસ મ્હારા ભાઈદાસ** પોતાના હસ્તે પંડીતજીને પેહેરામણી આપવાનો અપૂર્વ લાભ મળવા માટે પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યાં, અને તેમાં આશ્ચર્યજન્ય કાંઇજ નહોતું !

પ્રમુખની દરખાસ્ત મુકાઇ, ખાલી પડેલી એક ખુરશીમાં પ્રમુખે બેઠક પણ લીધી અને **મીસીસ મ્હારા ભાઇદાસે** પેહેરામણી પંડીતજીને સ્વાધીન પણ કીધી; તેમાં તો હમેશાના રીવાજ કરતાં કાંઇ વિશેષત્વ નહોતું; જે કાંઇ જાણવા જેવું છે તે તો પછીજ બન્યું હતું ! પંડીતજીને પેહેરામણી અને માનપત્ર સ્વાધિન થયા પછી નિયમ મુજબ પ્રમુખનો આભાર માનવાને પંડીતજી ઉભા થયા. પોતાના નિયમ મુજબ પા કલાક સુધી મંગળાચરણ સુલલિત કંઠે ગાઇ, બોલવાનું શરૂ કરતાં પહેલાં પાનની એક પીચકારી પણ મારી લીધી, સૌંદર્ય સૃષ્ટિપર પોતાનાં આંખિયકા યંત્રને ગતિમાન કીધું ! અને તે સાથેજ મુખયંત્રને પણ ચાલુ કીધું ! તેમણે પોતાના ભાષણમાં ઘણું પિષ્ટપેષણ કીધું હતું અને તેથી તે આખું ન આપતાં તેની મતલબજ અહીં આપીશું; તેમણે જણાવ્યું હતું કે, " લોકો કહે છે કે વિદ્વાનોની હાલ કદર નથી થતી તે મને જરાએ જરા સત્ય જણાય છે. હમે આટલે દુરથી તસ્દી લેઇ આવીએ તેનો બદલો જો, આટલા માત્ર પાંચસો રૂપીઆની પેહેરામણીમાંજ વળતો હોય તો એમજ કહેવું

જોઇએ કે હાલ વિદ્વાનો તરફ લોકોને લાગણી નથી. ઘેર મ્હોટા મ્હોટા મેળાવડાઓ કરવામાં, વિધર્મીઓને પાર્ટીઓ આપવામાં, હજારો રૂપીઆનો ખર્ચ હમેશાંજ મુંબાઇમાં થાય છે અને હમે ધર્મરૂપી અમૃતનું પાન કરાવવાને મોટેથી બરાડાઓ પાડીએ તેની કીંમત માત્ર રૂપીઆ પાંચસો જેટલીજ !! નાટક કંપનીઓ સાથે સંબંધ ધરાવતા સર્વે કોઇ જાણતા હોવા જોઇએ કે નાટકના દિવસનુંજ ખર્ચ ઉપજાવવાને નાટક ભજવવામાં નથી આવતાં પણ આસપાસનાં બીજાં ખર્ચનો બોજો પણ તેને શીરેજ ગણાય છે, હમે શું રોજ મુંબઇમાં આવીએ છીએ ? અદ્યાપિ તો સમુળાજ આવ્યા નથી અને હવે વર્ણો તમારો ચાહ દેખીએ તો વર્ષે—બે વર્ષે એકાદ વેળા આવીએ તો આટલીજ કદર થાયને ! ‘પંડિતજી’ ‘પંડિતજી’ કહીને મીઠા મીઠા શબ્દો બોલ્યા તેમાં પંડિતજીની બૈરીએ શું રાંધ્યું ? ‘આવી ફસાયા તે આવી ફસાયા’ પણ હવેથી હું શપથ લઇને કહું છું કે, આવી કદર કરાવવાને હું મુંબઇ ફરીથી નહિ આવું. કાંઇ માનપત્રનાં કાગળીયાં ભેગાં કરવાને હમે અત્રે નથી આવતા. સનાતનીઓ માત્ર બોલવામાંજ મશહુર છે. આવી બેકદરને લીધેજ સેંકડો બ્રાહ્મણો આર્યસમાજ અને તેવી બીજી સંસ્થાઓનાં પગારદાર પંડિત તરીકે રોકાઇ જાય છે, અને પછી તેમના વીચાર પણ પરિવર્ત્તિત થાય છે. માત્ર બાર મહીનામાં એકાદ મહિનો તમારી પાસે આવીએ અને તે પણ નકામા નહિ, તોપણ માત્ર આવીજ કદર થાય તો એમ પ્રકટ કર્યા વિના નથી ચાલતું કે સનાતન ધર્મનો નાશ થવાનું હવે નજદીકમાં છે. ‘**પહેલાં પેટનું પોષણ અને પછી બીજાં બધાંનું રક્ષણ**’ એ કુદરતી કહેવત યાદ રાખજો. બસ એટલુંજ કહીને પ્રમુખનો આભાર માની હું બેસી જાઉં છું.”

પંડીતજીએ પોતાનું ઉપકારદર્શક ભાષણ સમાપ્ત કર્યું એટલે છ છેડાયલા ટોળામાંથી કોઇ ઉભો થઇને કાંઇ બોલશે એવી કલ્પનાજ હતી; પંડીતજીએ પોતાના ભાષણમાં પોતાનું જે ધર્માભિમાન અને વિદ્વતા બતાવ્યાં હતાં તે પછી જરાપણ અક્કલવાન મનુષ્ય પંડીતજી તરીકે કબુલ રાખે એ સર્વથા નહીં સંભવતી બીના છે. પંડીતજી

અહીં શા માટે આવ્યા હતા તેનું સ્પષ્ટીકરણ કરવાની કાંઇ જરૂર રહી નથી. પંડીતજીએ પોતાના આચરણોથી વેદધર્મની મહત્તામાં કેટલો વધારો કીધો છે, કેટલો પ્રકાશ કીધો છે તે વર્ણવવાની કશીય જરૂર નથી. પંડીતજીના આચરણ અને અનુભવ બાદ તેમની સાથે ગાઢ પરિચયમાં કોઇ સુજ્ઞ આવે એ તો નથીજ સંભવતું. કિંતુ ખરા વિદ્વાન તરીકે ગણના કરીને તેમને ભાષણો આપવાને પણ આમંત્રણ કરે એમ નથી જણાતું. પંડીતજીના આ ઉપકારદર્શક ભાષણમાંથી તો સ્વાર્થાંધતા સિવાય કાંઇજ નથી દ્રશ્ય થતું.

આ બધાં દર્શનથી ઉપર જણાવ્યા—કલ્પના મુજબ છંછેડાયલા ટોળામાંથી એક જણ—યુવકે ઉભા થઇ જણાવ્યું કે, "પ્રિય બંધુઓ ! પંડીતજીએ આપણી પાસે માત્ર એકજ વ્યાખ્યાન બે દિવસે પુરૂં કીધું છે અને તેને માટે આપણાથી બની શકી તે કદર આજે આપણે બુઝી છે. પંડિતજીના ઉપકારદર્શક ભાષણમાંથી એ સ્પષ્ટ થાય છે કે, તેઓ તેટલાથી પોતાની યથેચ્છ કદર બુઝાઇ હોય એમ નથી માનતા. પંડીતજીએ આપેલું ભાષણ કેવું છે, તેનાં વખાણ કરી ભાટચારણનું કામ કરવાને હું ઉભો નથી થયો; હું તો માત્ર પંડીતજીએ કરેલા ઉપકાર માનનારા ભાષણમાં શાં શાં તત્વો રહ્યાં છે અને તેમાંથી આપણે શું કલ્પના કરી શકીએ (?) એટલુંજ બતાવવાને ઉભો થયો છું. પંડીતજીએ મુંબઇને માથે જે આક્ષેપ કીધો છે તે મારા અનુભવ પ્રમાણે મને તો કાંઇ યથાર્થ જણાતો નથી પંડીતજીની જે કદર આપણાથી બુઝાઇ છે તેટલી પણ ન બુઝાઇ હોય તો પણ તેમણે મુંબઇને માથે આવા આરોપનું આરોપણ ન કરવું જોઇએ. જો પંડીતો આવી રીતે પરાણે કદરની માગણી કરે તો એ પંડીતજીની પંડીતાઇમાંથી આકર્ષણશક્તિ ઓછી થઇ જશે—બલ્કે નાશ પામશે.

એક યુવકે પોતાનું ભાષણ સમાપ્ત કીધું એટલે બીજું છંછેડાયલું રત્ન ઉભું થયું, અને ખરેખર તેણે તો પંડીતજીની પંડીતાઇપરથી પડદાનું વસ્ત્રહરણ કીધું. તેણે જણાવ્યું કે "પંડીતજી કહે છે કે 'આવી રીતે પંડીતોની યોગ્ય કદર ન થવાથી વિદ્વાનો આર્યસમાજ અને એવી બીજી સંસ્થાઓના પગારદાર પંડીતો તરીકે રોકાઇ જાય છે' મને તેમના આ કથનમાં કાંઇ સત્ય જણાતું નથી. હું આર્યસ-

---

માજનો અનુયાયી નથી, મને પંડિતજીની વિદ્વતા માટે અસાધારણ માન છે પરંતુ તેમ છતાંય ખરી વાત તો મ્હારે કહેવી જોઇએ. આર્યસમાજના પંડીતોને બાર મહિનાની મહેનત અને અથાગ શ્રમ પછી જે રકમ પ્રાપ્ત થાય છે તે બલ્કે તેથી વધુ આપણા પંડીતજીને એકજ દિવસના વ્યાખ્યાન માટે મળી છે, છતાં તેઓ આપણને વગોવે છે એ મને તો ઠીક જણાતું નથી. પ્રાચિનકાળમાં ગુરૂકુળના અધિષ્ઠાતાઓ તદ્દન નિઃસ્વાર્થપણે કામ કરતા હતા અને હાલમાં પણ આર્યસમાજ અને બીજી અનેક સંસ્થાઓનાં સ્થંભરૂપ પુરૂષો કાંઇ પણ સ્વાર્થ રાખીને નહીં પણ ઉલટું તન, મન અને ધનનો ભોગ આપીને કામ કરે છે. આપણા પંડીતજી ધર્મનું ખરૂં અભિમાન ધરાવતા હોય તો તો, મારૂં માનવું છે કે, માન પાન કે લક્ષ્મીની કાંઇ પણ લલુતા રાખ્યા સિવાય તેમણે કામ કરવું જોઇએ."

બે યુવક ભાઇઓનાં ભાષણો સમાપ્ત થયાં એટલે **મી. મણીરાય જગમોહનદાસ દાસાનુદાસ** નામના ગ્રહસ્થ ઉભા થયા. તેમણે પંડીતજીનો પક્ષ લેઇ જણાવ્યું કે, "પંડીતજીના ભાષણથી બે યુવક ભાઇઓ છંછેડાઇ ખુલ્લેખુલ્લું બોલ્યા છે અને બીજા હજી ગુપ્ત છે પણ એ તો સત્યજ છે કે આ એકઠા મળેલા સમુહમાંથી ઘણો મોટો ભાગ છંછેડાઇ પડ્યો છે. આ સર્વ ઘટનામાં મને તો તેઓનીજ ભૂલ દ્રશ્ય થાય છે. બીજા યુવક ભાઇએ આર્યસમાજના પંડીતના મળતર સાથે આ રામાનંદ પંડીતવર્યને આપવામાં આવેલી પહેરામણીને સરખાવી; પણ તે સરખામણી મને તો ઇષ્ટ જણાતી નથી. પંડિત રામાનંદના જ્ઞાન સાથે તે પંડીતોના પોકળ જ્ઞાનની પ્રથમ સરખામણી કરી હોત, અને તે બાદ આ પહેરામણી અને તેમના પગારની સરખામણી કરી હોત તો ઠીક ગણાત. પણ તેમ તો થયું નથી, પ્રાચિન કાળના રૂષિમુનિઓની વાતો કરવી; પણ હાલ તે જમાનો તો વહી ગયો છે. તે વખતના રાજ્યપાટની દરકાર નહીં કરનારા જનક અને હરિશ્ચંદ્ર આદિ રાજાઓ જેવા રાજાજ આજકાલ ક્યાં જોવામાં આવે છે. બધી બાબતમાં તેવુંજ છે. હાલ આપણી પાસે જે કાંઇ છે તેથી સંતોષ માનવાનો છે. મહારૂં માનવું એવું છે કે ખચીત પંડીતજીના કથનાનુસાર આપણે તેમની યોગ્ય કદર કરી શક્યા

નથી પરંતુ તે સાથે એ પણ સ્પષ્ટ કહેવું જોઇએ કે હવે વધુ કદર કરવાની સ્થિતિમાં પણ આપણે નથી. પંડિતજીએ ગાર્ડનપાર્ટીનો જે દાખલો આપી આપણ સર્વ ઉપર ટીકા કરી છે તે ખરેખર સત્ય છે પણ આજકાલ વ્યવહારિક કાર્યોને લેઇને તેમ કર્યા વિના ચાલતુંજ નથી. છેવટે 'ફુલ નહિ તો ફુલની પાંખડી' અનુસાર જે કાંઇ આપણાથી ભેટ થઇ શકી છે એટલેથી પંડીતજીને સંતોષ માનવાને વિનવી ભુલ-ચુકની ક્ષમા યાચી હું બેસી જવાની રજા લઉં છું"

મી. મણીરાય જગમોહનદાસ દાસાનુદાસના કથનથી તો ઘણી ચ્હીડામણી શરૂ થઇ અને તેથી વળી એક યુવક ઉભા થયા. તેમણે જણાવ્યું કે. "આ કોઇ દુકાન નથી. લક્ષ્મી અને ધર્મને જ્યાં પણ એકત્રિત કરી નાખવામાં આવે છે ત્યાં ધર્મની ખળ દશા થઇ પડે છે. પંડીતજીના સંબંધમાં પણ તેવુંજ બન્યું છે, તથાપિ હું **મી. દાસાનુદાસ** સાથે મળતો થાઉંછું અને તેમની દરખાસ્તને ટેકો આપુંછું."

હવે બધા છંછેડાઇ પડેલા જોઇ પંડીતજીએ, પોતાની આબરૂ ખુલ્લી થશે એમ માની આડી વાતે દોરી જવા વચ્ચે ઉભા થઇ જણાવ્યું કે, મ્હારો કહેવાનો આશય મ્હારે માટે ન હતો પણ સામાન્ય અન્ય પ્રજા અને પંડીતજીઓમાં તમારે વિષે કેવી કલ્પના થાય તેજ મેં તો જણાવ્યું હતું. અન્ય ધર્માવલંબીઓ પોતાના ધર્મમાં વિદ્વાનોને ખેંચી લેવામાં કેવા પ્રતેહમંદ નીવડ્યા છે તે પણ તે ઉપરથી જણાતું હતું, અને એ બધી ખુલ્લી બીનાઓ જણાવવાનોજ મ્હારો આશય હતો, બાકી હું કાંઇ પૈસાનો લાલચુ નથી કે મ્હારે પોતાને માટે કાંઇ બોલું. સનાતન ધર્મનું રક્ષણ કરવાને જે કાંઇ હમારાથી બને તે કરવાને હમને ઇશ્વરી આજ્ઞા થઇ છે અને તેનું પાલન કરવાનો હમે હમારો ધર્મજ સમજીએ છીએ. છેવટે પુનઃ પ્રમુખનો આભાર માની 'કાલે સહવારે હું આપ સર્વથી છુટો પડી મ્હારી માતૃભુમીમાં જ-ઇશ' એટલુંજ જણાવી બેસી જતાં જે કાંઇ મ્હારાથી મુંબઇવાસીઓ માટે અયોગ્ય બોલાયું હોય તો તેની ક્ષમા યાચું છું." કહી સભાનું શાંત પાડ્યું. સભા વીખેરાઇ. હેમકળા અને તેના માતાપિતા તો ત્રાસી ગયા હતા.

પ્રકરણ ૯ મું.

બલાત્કાર કે લગ્ન?

કજોડાં કૃષ્ટથી ઝુરે, બીચારી હીંદુની બાળા,
ફુલા વાલા કંઈ પુરે, બીચારી હીન્દુની બાળા,

* * *

કુસંગે કંઇક દોરાએ બીચારી હીન્દુની બાળા,
થઇ નીરૂપાય નીંદાએ, બીચારી હીન્દુની બાળા,

* * *

સહે છે સંકટો કારી બિચારી હીન્દુની બાળા,
કહે શું કહાન પુકારી, બીચારી હીન્દુની બાળા,

કવિ કહાનજી ધર્મસિંહ.

હેમકળા હવે ઉમ્મરમાં આવી પહોંચી છે. આગામી એક પ્રકરણમાં તેના વેવીશાલનો ઉપોદ્ઘાત થયો છે. આજે તેના લગ્નનો સમય છે. આટલો મંગલ પ્રસંગ છતાં હેમકળાના પોતાના હૈયાંમાં કાંઈ હર્ષ જેવું નથી જણાતું, એ એક ખેદ પામવા સરખી બીના છે. કુદરતી રીતે 'લગ્ન' એ શબ્દમાં માધુર્ય અને પવિત્રતા સમાયલી છે કિંતુ એવા એક પવિત્ર અને માધુર્યમય શબ્દનો યોગ હેમકળાને થવા છતાં તેના મુખારવિંન્દપર હર્ષની જરાએ છાયા નથી એ આશ્ચર્ય કરતાં પણ ખેદ જલદી પેદા કરે છે. એ ખેદનું કારણ શું? હેમકળા સુધારક કુટુંબની બાળા છે તે? ના, ના, તેવા નિકૃષ્ટ આક્ષેપ સુધારકોને શીરે મુકવાનું સાહસ નહિ કરીશું; ત્યારે તે ભણેલી છે તે? ખચિત તેજ છે; વિદ્વાનો સત્યજ કહે છે કે, **જ્ઞાન એજ દુઃખ અથવા સુખનું કારણ છે.** આજ હેમકળાને તે સુખનું નહિ પણ દુઃખનું મુળ થઈ પડયું છે,- પોતાના મકાનના એક ખુણામાં બેઠી બેઠી પોતે વીચાર કરે છે. "અરે પ્રભુ? જેનાથી મ્હારૂં હૃદય અત્યારથીજ દૂર ન્હાસે છે તેની "સાથે મ્હારી જીંદગી કેમ વ્યતિત થવાની? લગ્નની પવિત્રતા અને "માધુર્ય એવા લગ્નમાં કેમ સમાઈ શકે?"

" પાયું, પાયાં, જીગર જીઅરે, અમૃતો સ્હામ સ્હામાં:
" દહાડો નહિ ત્યાં પણ નિશા, પ્રેમ કરી ઉશામાં.

બળવંત કે. ઠાકોર.

" એ પંક્તીઓ આવાં લગ્નો માટે યોગ્ય કેમ ઠરી શકે?
" રહે જો દુર જીગર તુજથી, કદિ તે યાચતું નહિ તું;
" કહો ને યોગ થશે ક્યાંથી વળી રે એક હું ને તું.

વિદ્યાવિલાસી.

" આવો ઢંગ દેખાય છે ત્યાં લગ્નની સાર્થકતા ક્યાંથી થાય? " ગમે તેમ, હવે મ્હારે શું કરવું? લગ્ન કરવું કે કેમ? ના પાડીને પણ " હીંદુ સંસારમાં જીવન ગુજારવું એ કાંઈ સરળ નથી, રામ અને " સીતાનાં પવિત્ર લગ્ન ક્યાં છે? સંયુક્તા અને પૃથ્વીરાજના પવિત્ર " હૃદયલગ્ન ક્યાં છે? નથી. અને તેના બદલે લોઢાના ટુકડાની ફાંસથી " સાંધેલા લગ્ન જ્યાં ત્યાં જણાય છે, અને એજ લગ્ન ગણાય છે.

" મન ચહાય કંઈને થાય કંઈ હરિની માયા સમજાય નહીં; " એ આધુનિક લગ્નનું તત્વ છે......તેમનેજ મ્હારૂં જીવન સમર્પણ " કરૂં. પ્રભુને ગમ્યું તે સઉને ગમ્યું. ભલે.

" ન તાણો પ્રેમની દોરી, બહુ તાણે જશે તુટી;
" અહી જો બાંય તો લજ્જન તમારાંની તમોને છે,
" હું તો આ પુષ્પ છું કુમળું, ઝલદ આ દર્દથી કીધું;
" થજો સ્વપ્ને કરૂણ વ્હાલા! હણાઊં હેતવાળી હું.

કલાપિ.

" પણ. હમણાં તો,

" જુની પ્રીતી ગઈ તુટી! નથી તુટી ગઈ ખુટી!
" ખુટી ગઈ વાટ દિવાની, પછી બલવું રહ્યું ક્યાંથી?

કલાપિ.

" હવે તે હૃદય તેમને કેમ ચહાય!

" પ્રેમી ન એવા નિરખ્યા અરે! મેં;
" પ્રેમી ન એવા રીઝવ્યા અરે! મેં,
" પ્રેમી ન એવા લીધા ઉર, રે! મેં,
" વસંતકેલિ ન કીધી, ખરે! મેં.

" એ મારા જીવનનું તંત્ર; પણ અફસોસકારક જીવનનું તંત્ર;
" ખરેખર—

" વનોમાં આગિયા ઉડે, પલક ચમકી રહે છાના !
" સપ્રેમી આગિયા જેવા, તમે તો એ પ્રભુ મારા.

કલાપિ.

" એમ તો જેને હૃદય વ્હાય તેના પ્રતિજ કહેવાય, ત્યારે ક્ષ-
" માની યાચના કરૂં ? એ પ્રભુ ! કઈ નિકૃષ્ટ ઘડીએ તેં મને આ
" સંસારમાં મોકલી કે આટલું આટલું સહન કરવું પડે. માતા-પિતા
" મ્હારા હિતાર્થ બનતું કરે છે.

" એક વખત જે મુર્ત્તિને દેખી હું આનંદ પામતી, મ્હારી વ્હા-
" લી મુર્ત્તિ કહી હું મલકાતી તેજ આજે મને કેમ નથી ગમતી ?
" પરિવર્તન મ્હારામાં થયું કે તેનામાં થયું તે સમજવાની શક્તિ
" પણ મ્હારામાં નથી રહી ?

" ગુલાબની પાંદડીઓ છે ?
" પ્રાણચોકમાં પ્રફુલ્લતા છે ?
" હૃદયના સિંહાસનમાં હુલ્લાસ છે ?
" આશાના મન્દિર ક્યહાં માંડશો ત્યારે ?
" વસન્તદેવ ક્યહાં પધારશો ત્હારે ?

કવિ ન્હાનાલાલ દલપતરામ.

" આ હૃદયના પ્રશ્નોના ઉત્તર પણ શા આપવા ? ઉત્તર નથી;
" **મુજ કને કાંઇ નથી.** હૃદયની પવિત્ર પ્રતિજ્ઞાઓ હૃદયમાં સ્થિતજ
" થતી નથી;

" સંધાડી પ્રેમદોરી મેં, મચાવી મિષ્ટ ગોષ્ટી મેં;
" પ્હેરાવી પ્રેમમાલા મેં, જગાવી પ્રેમ જ્યોતિ મેં.

કલાપિ.

" પતિએ પત્નિવ્રત લેવું.
" પત્નિએ પતિવ્રત લેવું.
" એવી પરસ્પરની પુણ્ય પ્રતિજ્ઞા તે લગ્ન.

કવિ ન્હાનાલાલ.

" પણ તે હૃદયમાં સ્થિતજ ક્યાં થાય છે તે. લગ્નની ઉચ્ચતા
" હિંદુસંસારમાં ક્યાં ભળાય છે? હિંદુ સંસારમાં હાલમાં થતાં
" લગ્નો તે સત્યતઃ લગ્નજ નથી. પરસ્પરના ચિત્ત સંમિલિત ન થાય
" ત્યાં સુધી થયલાં લગ્નને લગ્ન ન કહેવાય. ચોરીમાં ફેરા ફર્યા બાદ
" પરસ્પરને કંસાર ખવરાવવામાં આવે છે, એકી બેકી રમાડવામાં
" આવે છે, તેનું ખરૂં કારણ શું છે, તે કોણ સમજે છે? તેમાં
" કેટલું માધુર્ય—રસિકતા રહ્યાં છે તે કોણ જાણે છે. હીંદુ સંસારમાં
" લગ્ન શબ્દજ માત્ર હયાત રહ્યો છે. ગર્ધવ અશ્વશાળામાં બંધાય?
" પણ અશ્વ પરજાપતને ત્યાં જાય છે. એવો કાળ છે. તેઓ બિચારાં
" શું કરે? હીરાનો ભાવજ ન થતો હોય ત્યાં હીરાની હયાતી ક્યાંથી
" હોય! એવોજ મ્હારા જીવનનો માર્ગ છે. કંઈક ફેર છે, કદાચ હીરો
" હોય! ઝવેરી ન હોય ત્યાં હીરાની પરીક્ષા ક્યાંથી હોય? હું ઝવેરી
" નથી અને તેથીજ મને પરીક્ષા નથી! પણ તેથી એ શું? જે ચીજ
" મ્હારા હૃદયને ન ગમે તેની ખરીદી હું કેમ કરી શકું? બજારની
" શાકભાજીનો સોદો નથી કે ખરાબ નિકળતાં મન વાળી શકાય;
" પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન નથી કે માફી મળ્યે મુક્ત થઈશું. આ
" તો પ્રેમ છે—લગ્ન છે; પ્રેમ પેદા કર્યો થતો નથી; લગ્ન બાંધ્યા બં-
" ધાતાં નથી.

" અમીની આંખની પ્યાસી, કુમુદ આતો ત્હમારી છે;
" અંહીંજે બાંય, તો લગ્નજ; ત્હમારાંની ત્હમોને છે!

કલાપિ.

હેમકળા હજુ તો સ્વયં તર્ક વિતર્કમાં ગોથાં ખાય છે, કિંતુ તે દરમ્યાનમાંજ તેની એક સખી પ્રિતિદા આવી પહોંચી. લગ્નના સમયમાં વરની તેમજ કન્યાની પાસે તેનો મૈત્રિ વર્ગ લગભગ આખો વખત રહે છે એમ હિંદુ સંસારમાં તો સ્વાભાવિકજ બને છે આજ હેમકળા માટે પણ એમ સ્વાભાવિકજ બન્યું હતું. પ્રિતિદા, છેક અંતની ઘડી સુધી હેમકળા પોતાના પતિ તરીકે પોતાના પિતા તથા માતાએ પસંદ કીધેલા બાળક તરફ ચાહ નહી બતાવતી હોય, એમ નહોતી જાણતી. આશા આગળ તો પાછળ નીરાશાજ હોય છે. હેમકળાનું મુખદર્શન કરતાં પ્રિતિદા સમજી ગઈ કે, આજે આટલો મંગળ સમય

છતાં હેમકળા ઉદાસી છે, પણ તેમ હોવાનું કારણ તે કાંઈ સમજી શકી નહિ. મિત્રની સ્થિતિથી વાકેફ રહેવું, અસહ્ય સંકટમાં મદદ કરી તેમાંથી બચાવવાની મિત્રની ફરજ છે અને તે ફરજ બજાવનારનેજ મિત્રની સંજ્ઞા હિંદુ શાસ્ત્રકારોએ આપી છે. આ સૃષ્ટિમાં દરેક ચીજ અને તેના દ્વારા જે કાંઈ મેળવવાનું હોય તે સર્વ પઈસાદ્વારા મેળવી શકાય છે પણ એક મૈત્રિજ એવી ચીજ છે કે, જે પૈસાથી ખરીદાતી નથી. જીવન અર્પણ કરવા માત્રથીજ—સ્વાર્થનો સમુળગો ત્યાગ કરવાથીજ, 'મિત્રતા' શબ્દની સાર્થકતા સિદ્ધ થાય છે. આ સઘળી મિત્ર તરીકેની પોતાની ફરજ પ્રિતિદા સમજતી હતી. પ્રિતિદા હેમકળાની માફક કેળવાયલા કુટુંબની બાળા હતી; કિંતુ પૈસાદાર કુટુંબની બાળા નહોતી. તે પણ સુશિક્ષિત હતી, આ ઉભય સહીપણીઓ એક બીજાની સલાહ વારંવાર લેતી દેતી, આજે તો હેમકળા પોતાને સલાહ પુછે છે કે કેમ (?) તેની રાહ જોયા વિનાજ પ્રિતિદાએ હેમકળાને પુછ્યું, "બ્હેન ! આજના મંગળ પ્રસંગે પણ ઉદાસ કેમ જણાવ છો ! તમારાપર ઉદાસીનતાનું સામ્રાજ્ય છે કે ગાંભીર્યનું તે પણ મને તો નથી સમજાતું, હો બ્હેન !"

મિત્રોના સહવાસમાં ગમે તેવું દુઃખ ભૂલી જવાય છે અને તે અનુસારેજ હેમકળા પણ ક્ષણભર માટે સર્વ ઉદાસીનતાનો ત્યાગ કરી હૃદયનું દર્દ શમાવી ગંભીરતા તેમજ આનંદથી બોલી, "બ્હેન ! તમે "મારા શુભેચ્છક છો; અણજાણતાં પણ તમારે હાથે મારૂં બુરૂં થવાનો "સંભવ નથી. પરમાત્માનો પાડ માનું છું કે સલાહ આપવાને લાયક "તમારા જેવાં સુશિક્ષિત બ્હેન મને તે વિભુએ આપેલ છે. મારા દ- "ર્દને તો તમે પણ જાણોછો. અમર્યાદા અને મર્યાદાના થઈ પડેલા "અર્થેજ હિંદુ સંસારને ઉચ્ચતાના શીખરપરથી અધોગતિની ખાઈમાં "ગબડાવી નાંખ્યો છે. સંસારનો પાયોજ ખરાબ છે. દીકરી ને ગાય "દોરે ત્યાં જાય એ કહેતી સુજ્ઞ અને અજ્ઞ જનસમાજમાં સરખી રીતેજ "સાચી પડે છે. સુજ્ઞ લોક ડર અને નાતજાતના ડરથી ખરી પાડે છે "અને અજ્ઞ કમ બુદ્ધિના પરીણામે ફંદામાં ફસાય છે; પણ પરિણામ "તો એકસરખુંજ આવે છે. મારા પિતા જેની સાથે મારૂં લગ્ન "કરાવવા ચાહે છે તેનાથી મારૂં હૃદય તો હમેશ દુરજ રહે છે.

"'દેહલગ્ન' અને 'હૃદયલગ્ન' એ બેમાંથી સાત્વિક લગ્ન તો હૃદયલગ્ન
"છે. હિંદુ સંસારની આજ સુધી પ્રસરી રહેલી પવિત્રતા માત્ર તેને
"આભારી છે. આજ તો દેહલગ્નનુંજ જ્યાં ત્યાં ભ્રષ્ટાચારીપણું
"જણાય છે ત્યાં પછી 'હૃદયલગ્ન' ની આશા તો સર્વથા આકાશને
"આઝવા જેવીજ ગણાય. મારા પીતા ઘણા સુશિક્ષિત અને વીચાર-
"વંત છે પણ જ્ઞાતિમાંજ લગ્ન કરવાં જોઈએ એમ તેઓ હાલ તુર-
"તના જમાના માટે માને છે. જ્ઞાતિમાંના કોઈ બાળક સાથે મારૂં હૃદય
"મળતું નથી અને ત્યારે પછી તેની સાથેનું લગ્ન તે લગ્ન કેમ કહી
"શકાય? બ્હેન ! આ લગ્નના હોમમાં મુંગે મ્હોડે બળી મરૂં કે અમર્યાદાનો
"ત્યાગ કરીને પીતાજી અને માતાજીના મ્હોડે તે માટે ખુલ્લો ઈનકાર
"કરૂં ? પ્રાચીન કાળમાં તો તેવી રીતે પોતાની નાપસંદગી હોતાં હજારો
"વેળા વીરાંગ્નાઓ લગ્ન માટે અસ્વીકાર કરતી. આપણે પણ તેજ
"વીરાંગ્નાની પુત્રીઓ છીએ. માત્ર જમાનાનું પરિવર્ત્તન એજ ભયનું
"કારણ છે.

પ્રિતીદાએ વિશેષ સ્પષ્ટીકરણ સારૂં કહ્યું, "વ્હાલી સખી !
"તમારૂં હૃદય તમે શુદ્ધ કરી આજે મારી આગળ બતાવ્યું
"તો ખરૂં, પણ તે માટે શું સલાહ આપવી તે મને નથી
"સુઝતું. લગ્નને માટે આજકાલ પાશ્ચિમાત્ય પ્રજામાં જે
"વીચારો પ્રવર્તમાન છે—ચર્ચાઈ રહ્યા છે, તેની સાથે સરખાવતાં
"હિંદી પ્રજાના તે સંબંધી વીચારો હિંદની કેવી અધમ દશા બ-
"તાવે છે ? એક અમેરિકન બાનુ તો પતિ પત્નિના સબંધને ભાઈ
"બ્હેનના સંબંધ સાથે ભેળવી દેવા સુચવે છે. વળી એક રશિયન
"બાનુ તો લગ્નની આવસ્યકતાનોજ અસ્વીકાર કરે છે, ત્યારે એક
"ત્રિજો પક્ષ ઈચ્છાવરનો અર્થ અવળો કરી પ્રાસંગિક લગ્નની હી-
"માયત કરે છે. આ બધાંની વચ્ચે હિંદમાં તો આજે એજ મત
"પ્રવર્તમાન જણાય છે. એક પુનર્લગ્નની દોરી લંબાવીને તેની મહત્તા
"સિદ્ધ કરે છે. બીજો પક્ષ પુનર્લગ્નને શાસ્ત્ર મર્યાદાથી વિરૂદ્ધ ગણી
"નિયોગની તરફેણ કરે છે. હિંદમાં પ્રથમ વખતના લગ્ન માટે તો
"કાંઈ વીચાર જેવું છેજ નહીં. હિંદમાં થયેલાં સીતા, સંયુક્તા, દમ-
"યંતી, તારા અને એવી અનેક વીરાંગ્નાના લગ્ન અવલોકતાં હિંદની
"લગ્નકથા કેવી મનહર અને પવિત્ર જણાય છે ! પરંતુ મધ્ય કાળના

" મોગલાઇ સમયમાં જોધાબાઇ અને એવી અનેક વીર ક્ષત્રીય પુત્રીઓ
" લગ્નની પવીત્રતાનો કાંઇ પણ ડર ખાવા વિના ખાનપાન આચાર-
" વીચારમાં પણ વિરૂદ્ધ એવા બાદશાહોનો હસ્તગત થઇ. જે શીળવૃ-
" ત્તના પવિત્રપણા માટે હજારો આર્ય પુત્રીઓએ આત્મઘાત કીધો,
" અગ્નિમાં બળીદાન આપ્યું તેની મહત્તાનો કાંઇ પણ વીચાર કીધા
" વિના માત્ર તેમની લાજ લુંટાવવાને-આજ સૂધી ટકી રહેલા નષ્ટ-
" પ્રાય ઇતિહાસના પાનાઓમાં કાળા અક્ષરે તેમનું નામ સ્થિતિમાં
" રાખવાને વિના વીચાર્યે, માત્ર માનપાનની લાલચના ભોગ થઇને
" કાર્ય કરવામાં આવ્યું. એ મધ્ય કાળનીજ પ્રવર્તાઇ ગએલી લગ્ન-
" પ્રથા આજના હિંદુ સંસારની લગ્નપ્રથા છે એમ બ્હેન ! શું
" તમોને નથી જણાતું ? એક ચીજ કોઇને પણ સોંપવાનો હક્ક તેના
" માલેકનોજ માત્ર ગણાય છે પણ હિંદુ સંસારમાં તો મનુષ્ય જેવું
" મનુષ્ય પણ પરહસ્તે વેચાય છે. એક નિર્દોષ મુંગુ પ્રાણી જેમ તેના
" પાળકની દયા ઉપરજ જીવી શકે છે તેવીજ હિંદુ બાલક બાલિકાની
" દશા અનુભવમાં જણાય છે. એક પીતા પોતાની પુત્રીનું લગ્ન
" રક્તપીતીઆ, ક્ષયરોગી કે તેવા બીજા કોઇ પણ યમના ડાચાંના
" ભોગ થવાને તૈયાર થયલા પુરૂષ સાથે કરાવે છે અને પુરૂષને
" પણ સંસારની વૃદ્ધિ કરવાને સંસારસુખનો અનુભવ આપવાને
" નાલાયક થઇ પડે તેવી કોઇ પણ સ્ત્રી સાથે પરણાવી દેવામાં આવે
" છે એ સઘળું જોતાં માત્ર મધ્ય કાળની પ્રથા સાથે સરખાવીએ તો
" મધ્યકાળમાં તેવી બળાત્કારી માગણી કરવામાં આવતી અને હાલ
" તો માબાપો પોતાની પુત્રીઓપર વિના કારણે માત્ર લોકલજ્જા-
" થીજ આ સિતમ ગુજારે છે, એટલો માત્ર ફેર છે; આ સિતમમાંથી
" મુક્ત થવાનો માર્ગ માત્ર મ્હોતજ છે. આ હિંદુ સંસારના હાલના
" લગ્નનું સ્વરૂપ છે. બ્હેન ! તમે પ્રયત્નવશ થઇ કાંઇક કરી શકશો.
" પણ અરે ! કેટલીએ નિર્દોષ આર્ય બાળાઓ અને અબળાઓ માબાપો
" કહો કે અજ્ઞાનતા અને લોકલજ્જાના કારણે થઇ ગએલા કસાઇઓ
" કહો પણ તેમના હસ્તે દશેરાના દિવસે થતા પશુવધની માફક
" માર્ગશીર્ષ અને વૈશાખ માસમાં બહુધા અને કવચિત વચ્ચે વચ્ચે
" પણ યજ્ઞમાં ભોગ અપાય છે—મનુષ્ય વધ થાય છે, અને નિર્દોષ

"બચ્ચાંઓના એ એ અવાજો વચ્ચે યજ્ઞમાં જેમ લોહી માંસ અને
"મદિરાની પ્રસાદી લેવાય છે, તેમ આ મનુષ્ય વધના અંતે મિષ્ટાનો
"ઉડાવાય છે. આ મુજબ હાલના લગ્ન યજ્ઞમાં બલિદાન, અને તે
"પછી અપાતી પ્રસાદીનું રૂપાંતર છે. બ્હેન ! હાલ ચાલતી લગ્નની
"પ્રથાને હું તો આદરપાત્ર નથી સ્વીકારી શકતી. જો આવીજ રીતે
"હમેશા ચાલ્યા કીધું. તો હિંદુ લગ્નની પવિત્રતા નાશ પામીને હિંદુ
"સંસાર ભ્રષ્ટાચારી સંસારના નામથીજ ઓળખાશે. માત્ર મર્યાદાના
"અંધ દાબમાં દબાઇને આવી રીતે પાપના કુવામાં પડવું એ, બ્હેન !
"મને તો નથી ગમતું."

પ્રિતિદા પોતાના સામાન્ય વીચારો **હેમકળાને** કાંઇ પણ સલાહ આપ્યા વિના જણાવે છે અને તેના પરિણામે **હેમકળા**, પોતાને **પ્રિતિદા** કેવી સલાહ આપશે તે માટે, આતુર બની રહે છે. **હેમકળા** જરા શાંત ચિત્તે પુછે છે "બ્હેન **પ્રિતિદા** ! તમારા વિચારો ઘણા આગળ વધેલા છે. હાલમાં એ વીચારો ખુલ્લે મુખે જણાવવાનુંજ જોખમભર્યું છે તો પછી અમલમાં મુકવાની તો વાતજ શા માટે કરવી ! અત્યારે તો આપણે હવે મારા સંબંધીજ વીચાર કરવાનો છે. બ્હેન ! તે વિષે મને કાંઇ સલાહ આપશો ?"

"પ્રીતિનું પાત્ર કુદરત જ્યાં જઇ સોંપે ત્યાંજ દેવું એવો મારો
"ટુંકો મત છે. મુર્ખાઇભરી શરમ રાખી જીવન વ્યર્થ ગુમાવવું એ
"મને તો ઠીક નથી જણાતું.

"પ્રેમ અજબ ગતિ, પ્રેમ અજબ રીતિ, ગજુ હોયે પરખાય,
"પ્રેમી વિના હાય ! પ્રેમી હૃદય નહીં અન્ય થકી ઓળખાય;
"પ્રેમ પિંજરમાંહી પુરેલા પંખીનું પ્રેમી મૃત્યુ ભલે થાય;
"પ્રેમી મૃત્યુ પામી, પ્રેમ પોકારનું, દિનેશ સન્મુખ જાય.

વિદ્યાવિલાસી.

"આ કવિતા સર્વથા સત્ય છે. એ દેવાંશી પ્રેમ હાલમાં પણ
"પ્રકટે એ સર્વથા સંભવિત છે; પણ એવાં લગ્નો હાલ ક્યાં થાય
"છે તે ? હાલ તો 'ભાઇનું ધ્યાન ભુગોળમાં ને ખગોળમાં તો બાઇનું
"ધ્યાન ચુલામાં' અથવા ભાઇ ભણે અને બાઇ રાંધે, કિંવા ભાઇ

"ચોપડી રમાડે અને બાઇ બાલક રમાડે તેવી દશા થઇ પડે છે.
"આ દશા પણ હાલનાં લગ્નનેજ આભારી છે. એ લગ્નને અગ્નિ-
"કૂંડ સિવાય બીજી કઇ ઉપમા આપી શકાય? બ્હેન! તમે
"ચાહો કોઇને અને કોઇની સાથે પરણો તો પછી તમારે માટે કૂદરત
"શું કહે? સખી મશ્કરીની ઢબે કહીએ તો એ પણ એક પ્રકારનો
"પાપાચાર કહેવાય અને તમે ખચીત્ દ્વિપતિકા કહેવાઓ. તમે કહેશો
"કે બ્હેન, તેવું નહિ બનવા દઉં. પણ મને તો જણાય છે કે તે માટે
"તમારા હાથમાં કાંઇજ નથી. તમારા પિતાની સામે તમે નહી થાવ
"તો કૂદરતના નિયમ સામે થવાની તમારામાં કદાપિ હિંમત આવશે
"નહિ. આ બધાં તર્કોને અંતે મારી સલાહ માબાપની આજ્ઞાનું
"ઉલ્લંઘન કરતાં પણ જેની તરફ તમારૂં હૃદય જતું હોય તેની સાથેજ
"લગ્નની પવિત્ર અને મહત્તાપુર્ણ ગાંઠથી જોડાવાની છે. બ્હેન! તમારૂં
"સુખી જોડું જોવાને હમે આતુર હોઇએ તેમાં પરમાત્માએ આવું
"વિઘ્ન કેમ નાંખ્યું?" પ્રિતીદાએ સલાહ આપી.

પ્રિતિદાના વધુ વિવેચન અને સલાહનું અવલોકન કીધા બાદ હેમકળાએ પોતાની ઇચ્છા મુજબજ લગ્ન કરવાનું વચન આપ્યું. પ્રિતિદા તેથી ખુશી થઇ પણ તેથી હેમકળાની ઉદાસીનતા દુર થઇ નહિં. પિતાની આજ્ઞાનું ઉલંઘન કરવું એ કાંઇ સરળ કામ નથી અને તેથી તે માટે શું કરવું એ બિના તેને મહા વીચારની થઇ પડી. હેમકળાએ પોતાનાં માતા પ્રતિ એક ટુંકી ચીઠ્ઠી લખી મોકલી. એ ચીઠ્ઠી નીચે પ્રમાણે હતી:—

"તીર્થરૂપ માતુશ્રી!

"જે પવિત્ર કુક્ષાએ જન્મ લીધો તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાની
"આ ચીઠી તમને મળતાં ખચીત તમે મારે માટે કોણ જાણે કેવીએ
"કલ્પનાઓમાં પ્રવૃત્ત થશો. માતુશ્રી! આમ સમજવા છતાં ભવિષ્યમાં
"મારૂં અંતઃકરણ તમને દોષ દે તે કરતાં જે બાબતમાં વીચાર કર-
"વાની સ્થિતિમાં હું છું તે સંબંધમાં તમને પાછળથી દોષ દેવા જેવું
"રાખવા હું ચહાતી નથી. મારૂં હૃદય કોઇના તરફ આકર્ષાઇ ગયું છે
"અને તમે જેની સાથે મ્હારો સંબંધ બાંધવા માગો છો તેની સાથે
"મ્હારૂં હૃદય વિરૂદ્ધતાજ લઇ બેઠું છે. માતુશ્રી! જેની સાથે હૃદયનો

" યોગ નથી થતો તેની સાથે બળાત્કારે યોગ કરાવી માનસિક પાપા-
" ચરણુ ભોગ મને નહીં બનાવો એવી આ તમારી રાંક પુત્રીની અર્જ
" ઉપર કાંઇ ધ્યાન આપશોજી. "તમારી..............

" હેમકળાના અતિ નમ્રતાપૂર્વક
..............."

પ્રિતિદાએ પણ આ ચાઠીમાં સંમતિ આપી અને એ ચાઠી માતાપર મોકલાવી પણ આપવામાં આવી. એ ચાઠી હેમકળાની માતાને મળે એ દરમ્યાનમાં હેમકળાની ત્રીજી સખી હૃદયભામા ત્યાં આવી પહોંચી. હૃદયભામાએ બારણામાં પ્રવેશ કર્યો એટલે હેમકળા અને પ્રિતિદાએ તેને આવકાર આપ્યો. હેમકળાની સ્થિતિ તેને સવિસ્તર સમજાવવામાં આવી. તેણે પણ હિંદુ સંસારની આ પાપિષ્ટ રસમપર પોતાના વીચારો અને ધિક્કાર દર્શાવ્યો: " બ્હેન ! જન્મતાં
" વારજ પાટીદાર વર્ગ ખાટલાના પાયા તળે કચરી છોકરીને મારી
" નાંખે તેના કરતાંયે આતો વધારે ભુંડું હોં ! એ અજ્ઞાનાવસ્થામાં
" તો પાંચ પળ એં એં કરી પરમાત્માના દરબારમાં ન્યાય મેળવવા
" ચાલ્યાં જઇએ અને અત્રે કશુંએ દુઃખ ભોગવવું પડે નહીં; પણ
" આપણો ઉંચો કહેવાતો સંસાર તો ખચીત ખાટકીવાડ જેવોજ છે.
" ખરૂં જોતાં તો હિંદુ સંસાર માટે

" બિચારી હિંદુની બાળા, જીવે છે કાં ? મરે નહીં કાં ?
" કુવા વાવો પુરે નહીં કાં ? જહર પી લઇ સુવે નહીં કાં;
" કરંતાં આત્મહત્યા પણ કરે સરકારનો ગુન્હો !
" રીબાવી મારનારાનો ઠરે નહીં કાંઈ રે ગુન્હો ?
" વિના દુઃખે ઝુરે છે રે, અરે બહુ હીંદુની બાળા,
" ઘરે ઘરમાં પ્રકટતી દીસતી અગ્નિ તણી જ્વાળા;
" ગઇ ઇન્સાફની રીતિ, નથી ઇન્સાનપર પ્રિતિ,
" બુરાં પાપો કરે લાખો ઠરે છે એજ શુભ રીતિ ?
" ચહે છે લાઇ જો કાંઇ, કરે છે અંગ તો કાંઇ,
" છટકવાને અરે બારી, નથી રે દીસતી કાંઇ;
" કરો અવતાર આ પૂરો, કરી પાપાચરણુ લાખો,
" અરે જગદીશની પાસે, ચહી જલદી મરણુ માગો.

વિદ્યાવિલાસી.

" બ્હેન હૃદયભામાએ આપણી હિંદુ બાળાઓની સ્થિતિ યથો-
"ચિત વર્ણવી છે. લેખકના આ ઉદ્‌ગારોમાં તેના અંતરના ઉંડા
" આવિર્ભાવ જણાય છે. બ્હેન ! હજારો લેખો લખાય, હજારો ભાષણો
" થાય પણ હિંદમાંથી મુંગા પ્રાણીઓના ગળાપર છરી ફેરવવાનું
" બંધ ન થાય ત્યાં સુધી આબરૂ અને આડંબરની રંગીન દિવાલો-
" વાળું આ રીબાવી રીબાવી મરણ પમાડનારૂં કસાઈખાનું પણ બંધ
" થાય એવો કદીએ સંભવ નથી." હેમકળાએ હાર્દિક ભાવસહ કહ્યું.

હૃદયભામાએ વિશેષ જણાવ્યું: "હેમકળા બ્હેનનું કહેવું
" સંપુર્ણ સત્ય છે. હિંદુ સંસાર કોણ જાણે પરમાત્માએ કઈ ઘડીમાં
" ઘડયો હશે, 'અહીંસા પરમો ધર્મ'ના પોકારો તો જૈનભાઈઓ બહુએ
" કરે છે પણ વિધવાઓનાં અને કન્યાવિક્રયદ્વારા અનેક નિર્દોષ બાળા-
" ઓનાં અંતઃકરણ દુભાવે છે એ કયા પ્રકારની નીતિ કહેવાય ? એ
" કયા પ્રકારનો ધર્મ કહેવાય ! એક નાટકમાંના વીચારો સત્ય છે કે,

" માનવને મરઘડાનો શો એતબાર
" બંને કહે છે કે વૈરીને માર.

માલવકેતુ નાટક.

" બ્હેનો હેમકળા અને પ્રિતિદાએ કહ્યું તેમ સુધારકો અને પ્રજા
" ગમે તેટલો પ્રયત્ન કરે પણ ધાર્મિક શિક્ષા વિના કોઈ પણ પ્રકારનો
" સુધારો જલદીથી થઈ શકવાનો નથી. માત્ર પાસદીના સમયમાંજ
" આર્યસમાજે જે કામ કરી બતાવ્યું છે તેમાં તેના ધાર્મિક સિદ્ધાંતોજ
" કારણભૂત છે. આપણા હીંદુ શાસ્ત્રોમાં લગ્નની કેવી મહત્તા છે, અને
" તે કેટલી અગત્યની બીના ગણવામાં આવી છે તે થોડાકોજ જાણતા
" હશે અને તેથીજ આવા વીચારો પ્રવર્તમાન છે. જો તે માટે પ્રજામાં
" ધાર્મિક નજરે જ્ઞાન ફેલાવવા સાથે મહાભારત, રામાયણ અને એવાજ
" બીજા ગ્રંથો વાંચવા ઉપરાંત તેમાં સમાયલા તત્વો સમજાવવામાં આવે
" તો પુનઃ હિંદુ સંસાર નમુનેદાર સંસાર બને. તેમાં ભોગ આપી
" લોકનિંદા કે વખાણની દરકાર કીધા વિના સાચાં કાર્યો માટે દાખલો
" બેસાડવાની જરૂર છે."

હેમકળા અને તેની એ સખીઓ પ્રિતિદા તથા હૃદયભામાનાં
વીચારો પણ આપણે જાણ્યા અને 'ગેન કેન પ્રકારેણ' હેમકળા પો-

અમૃતાંજનથી નબળા પડી ગયેલા સાંધા અસલ સ્થીતીમાં થાય છે.

તાના વિચાર પ્રમાણેજ વર્તવાના નિશ્ચયપર આવી. આથી સખીમંડળ હર્ષ પામ્યું; પણ પરિણામજન્ય ચીઠીએ તેમનાં કુટુંબીજનો ઉપર કેવી અસર કરી તે હવે આપણે તપાસવાનું છે. હેમકળાની ચીઠી તેની માતા કૃષ્ણાના હાથમાં આવી. એકદમ ચીઠી વાંચતાં સ્તબ્ધજ બની ગઇ અને જે બનાવ વિષે કલ્પના માત્ર પણ નહોતી તેવી ચીઠીથી નિસ્તેજ મુખમુદ્રા પણ થઇ ગઇ. પ્રભો ! એક પુત્રી અને એક પુત્ર, તેમાં પણ મ્હારા નશીબે આ બનાવ જોવાનો શું લખાયલો હશે ! 'તમે જેની સાથે લગ્ન કરવા માગોછો તેને મ્હારૂં હૃદય ચહાતું નથી' એ વિચારોનું તાત્પર્ય શું કાઢવું ? આજ સુધી સુધારકો ગણાઇને લોકોની અનેક ચર્ચાના પાત્ર તો બન્યાં પણ હજુ તેટલેથી આરો ક્યાં આવવાનો છે ? પુત્રીનો આ દુરાગ્રહ અતિ શોકજન્ય છે. અને તે બનાવમાં હેમકળા કોઇ રીતે સમજી નહિ તો આ લગ્ન કયા પ્રકારનું થશે તે સમજવું પણ મુશ્કેલ છે. તેના પીતા પણ આ બાબતમાં કાંઇ પોતાના વિચાર ફેરવી શકે એવું મને તો નથીજ લાગતું. દેશમાં પ્રસરી રહેલી હાલની લગ્નપ્રથા જો કે પાપિષ્ટ લગ્નપ્રથા છે તોપણ જ્ઞાતીમાં રહેવાની ઇચ્છા છે ત્યાં સુધી તો તે વિચારને અનુસર્યા વિના ચાલવાનુંજ નથી. પરમાત્મા ઉપરજ ભવિષ્યનો વિશ્વાસ રાખી હાલ તો મનુષ્યે પોતાનું જીવન નાવ ચલાવવાનું છે. હેમકળા કોઇ પણ રીતે સ્હમજે તો ઠીક. પણ તે કોઇનાથી સ્હમજે તેવી નથી. પ્રિતિદા અને હૃદયભામા બે ધારે તો તેને સ્હમજાવી શકે, કિંતુ તેઓ તો ઉભય આ ચીઠી લખાવવામાં સાગ્રિત હશે; એટલે તેમને બોલાવી કહેવું વ્યર્થ છે; અને અન્ય કોઇ તો હેમકળાને કશુંય કહી શકે તેમ નથી. પ્રિતિદા અને હૃદયભામા પણ પોતાના આવા વિચારોથીજ નાતની બત્રીશીએ ચ્હડી છે તો ! ગમે તેમ થાય પણ હેમકળાને સ્હમજાવવી તો જોઇએ. પસંદ આવે કે ન આવે તે માટે પરમાત્માને દોષ દેવો જોઇએ પણ હાલ તો નાત જાતની ચર્ચાએ ચ્હડી ભવિષ્યમાં કેટલું બધું સોસવું પડે તેનો કાંઇક ખ્યાલ કરવાનો છે; અને તેથી કોઇ પણ રીતે ન્યાતના વિચારને આધીન તો થવુંજ પડશે. પ્રિતિદા અને હૃદયભામાના વિચારો તો જાણુમાંજ છે અને હવે તો તેથી હેમકળાનેજ બોલાવી સ્હમજાવી લેવી જોઇએ !

હેમકળાને બોલાવી મંગાવી; હેમકળા આવી; હેમકળા નિસ્તેજ અને સ્તબ્ધ મુખમુદ્રાએ ઉભી રહી. પણ હવે કરવું શું? શું કહેવું અને શું ઉત્તર આપવો એજ વિચાર ઉભયના હૃદયમાં કાતિલ ઘા સમાન થઇ પડયો. શોકાતુર સમયમાં મુરબ્બીઓ પાસે લાંબો વખત રહેવું ન ગમે એ તો સ્વાભાવિકજ અને કુદરતીજ નિયમ છે અને તેથી ગુંગળાતા અવાજે હેમકળા પોતેજ બોલી ઉઠી, "માતુશ્રી શું આજ્ઞા છે? મને કાંઇ ફરમાવશો?"

કૃષ્ણાએ હેમકળાની ચીઠી ખુલ્લી કરી; પોતાની ગોદમાં હેમકળાને લેઇને તે ચિઠી વંચાવી કહ્યું, "બેટા! હેમ આવી ગાંડાઇ તારી "પાસે કોણે કરાવી? આ ચીઠી તું વાંચી તો જો. એ ચીઠી વાંચીને "મને કેટલું દુઃખ થયું હશે તેનો ખ્યાલ તો કર. તારા પિતા અને "હું રાત્રિદિવસ ચિંતવન કરી કરીનેજ આ નિર્ણયપર આવ્યાં છીએ "તે શું તને ખબર નથી? હમારો પસંદ કરેલો પતિ તને પસંદ "નથી, તો એ વાત પ્રથમથીજ કહેવી હતી ને!......એ કરતાં સારો "લાયક જોડીઓ તને કયો મળવાનો છે, તે તો તું વિચાર. ન્યાતના "બાળકોમાંથી અમારાથી બન્યું તેટલું તો અમે વિચારી જોયું છે "અને તે બાબત ફરીથી વિચાર કર. બેટા!! હેમ! આવી ચીઠી "લખીને આજ તારે અમને દુઃખ આપવું જોઇએ શું? જ્યાં સુધી "તારે માટે અમે ચિંતવન કરીએ છીએ, અને અમારે માથે અકલ્પ્ય "શક્તિવાન પરમાત્મા ચિંતા રાખે છે ત્યાં સુધી તારે તે શા માટે "આ બધી ચિંતા જોઇએ! દુનિયાના વ્યવહારમાં તારા કરતાં અમે "કાંઇક વધારે જોયું છે અને એ તો તને પણ ખાત્રી હશે કે, અમે "કોઇ પણ કાર્ય લાંબો વિચાર કરીનેજ કરીએ છીએ. બેટા! ગમે "તેટલા આપણા વિચારો ઉડતા હોય પણ આસપાસના વાતાવરણ "આદિનું અવલોકન કરીનેજ કોઈ પણ કાર્ય કરવું જોઇએ; તો આ "ચીઠી ફાડી નાખ, તારે તો આજકાલ આનંદના દિવસ છે અને "તું નચિંતપણે આનંદ માન! જા. આવી ચિંતા હવે નકામી ના "કરતી, હો બ્હેન!"

શાંતતાથી કૃષ્ણાનું કહેવું હેમકળા સાંભળી રહી. ન બોલવું કે ચાલવું,—એક પુતળી જેવી તેની સ્થિતિ થઇ રહી. જે કાચ ઉપર તે

બેઠી હતી તેના ઉપર ઢળી પડી રડવા લાગી. એક અક્ષર પણ બોલવાની હિંમત તેનામાં ન રહી. તેના ડુસ્કાં પણ હવે તેનાથી અટકાવી ન શકાયાં ! તેના હૃદયમાં અત્યારે જે ચિંતાગ્રસ્તતા હતી તે તો અનુભવિ મનુષ્યજ કલ્પી શકે ! એક મનુષ્યમાં લેશ પણ અક્કલ હોય તો તેનો ગંભીરતાપૂર્વક ઉપયોગ કરવાનો હક તો તેને પોતાના લગ્ન સમયેજ છે. લગ્ન એ જીંદગીનો પાયો છે, એમ તો હિંદુ શાસ્ત્રો પોકારી પોકારી કહે છે પણ આપણે આગળ વધીને એમ પણ કહી શકીએ કે એક લગ્નનું પરિણામ સારૂં કિંવા નરસું-માત્ર તે પરણેતર જોડાંનેજ નથી અનુભવવું પડતું પણ તેની આસપાસ રહેતા દરેક કુટુંબને અનુભવવું પડે છે અને તેની અસર લગભગ એક હજાર કુટુંબ ઉપર સરેરાશ થાય છે. જે લગ્નનું મહત્વ આટલું બધું છે તેના સંબંધમાં પોતાના વિચારથી વિરૂદ્ધ વર્ત્તવાને હેમકળા જેવી સુશિક્ષિત બાળા કેમ તૈયાર થઇ શકે ! હેમકળા

પ્રેમ વૃક્ષનાં વિચિત્ર પુષ્પો, નયનોથી નહીં દેખાય,
સત્તા ચલવી ચિત્ત ચળાવ્યે, કદી મોદ નહીં દે, ખાય.

એ વાક્ય બરોબર સમજે છે અને તેથીજ તે પોતાના વિચારો અમલમાં મુકવાને આગ્રહી બની છે. તેનામાં જો કે બોલવાની જરાએ શક્તિ હવે તો રહી નથી તોપણ જરાક શાંતતાથી બોલી, “માતુશ્રી !
“ જો મારી સ્થિતિ આવીજ કરવાનો તમારો મનોભાવ હતો તો
“ પછી મને કેળવી શા માટે ? જો મને કેળવણી ન આપી ન્યાતની
“ બીજી અબળાઓ માફકજ અંધ સ્થિતિમાં રાખી હોત તો, આજના
“ જેવો કોઈ વિચાર કોઇ પણ વેળાએ તમારી પાસે ન જણાવત.
“ **જ્ઞાન એજ મુક્તિનું સાધન છે, તેમજ જ્ઞાન એજ** દુ:ખનું
“ **પણ મુળ છે**, એ વિચારો. મ્હારો હાથ તો તમે ચોરીમાં
“ જેની સાથે મેળવાવશો તેની સાથેજ મળશે, પણ હૃદય કાંઈ
“ ચોરીમાં નથી સોંપી શકાવાનું ! અને તેને માટેજ વિચારવાની જરૂર
“ છે. જો માત્ર તમે લોકોની વાહવાહ પામવાને મારૂં લગ્ન કરાવવા
“ માગતા હોતો તમારા વિચારને હું ખુશીથી અનુસરીશ; પણ માતુશ્રી
“ પરમાત્માએ તમને મારે માટે જે ફર્જ બજાવવાનું સોંપ્યું છે તેનો
“ ઘાત કરવાથી તમે પ્રાયશ્ચિતના ભોગી થશો અને મારૂં અંતર પણ

" તમે દુભાવશો હો ! હિંદુઓની અનેક જાતીમાં કન્યાવિક્રય, બાળલગ્ન,
" બળાત્કાર અથવા આસુરી લગ્ન એવાં અનેક પ્રકારનાં લગ્ન ચાલ્યાં
" આવ્યાં છે અને તેમાંનું મારૂં લગ્ન આસુરી–બળાત્કારી લગ્ન જ
" ગણાશે ને ? જો મુરબ્બીઓની માત્ર ઇચ્છાનુસારજ લગ્ન કરવાનું
" હોય તો કુદરતે અર્ધાંગના સ્વરૂપમાં મનુષ્યને જન્મ ન આપ્યો હોત.
" સંસારમાં અને વ્યવહારમાં પણ તે અર્ધાંગના નામથી ન ઓળખાતું
" હોત. લોહચુંબક પોતાની આકર્ષવાની ચીજને આકર્ષવાને કોઈ
" ત્રીજાની મદદ લેતું નથી તે તો પોતાનીજ મેળે આકર્ષાઇ જાય છે
" અને લગ્ન પણ એક આકર્ષણ છે તેના બદલે તમે પરાણે ગાંઠ
" બંધાવવાનું સાહસ કેમ કરો છો ! નાતજાતમાં માત્ર વાહવાહ કહેવ-
" ડાવવાને એક નિર્દોષ બાળાના જીવનનો નાશ કરવાને શું તમે નહિં
" અચકાઓ ! જો તમને મારા વિચાર પ્રમાણે લગ્ન કરવામાં વાંધો
" અને દુઃખ પેદા થતું હોય તો મારો અત્યારથીજ નાશ કરોને ? હજારો
" સ્ત્રી અવતારો આ સંસારમાં પાટીદાર કુક્ષાએ જન્મી જન્મતાંજ
" કચડાઇ મુઆ છે, તો તમે આવું સાહસ કેમ નથી કરતાં ? અમને
" રીબાવી રીબાવી મારવા કરતાં મ્હોડું ગુંગળાવી થોડી પળમાંજ
" અમારો નાશ કરોને ! વધુ શું કહું પણ નાતજાતમાં વાહવાહ કહેવ-
" ડાવવાનેજ તમે મને કસાઇવાડે મોકલવાનો સોદો કરો છો. અમૃત
" હોય પણ તે ખાબોચીયાના દેડકાંને કામનું નથી. સાકર હોય પણ
" તે ગધેડાંને દુઃખ દે છે અને દ્રાક્ષ વાંદરાને તો અપ્રિયજ છે."

આટલું કહી હેમકળા ત્યાંથી ઉઠી ગઈ.

માતા પાસેથી આવ્યા પછી પાછો પ્રીતિદા, હૃદયભામા અને હેમકળા વચ્ચે જુદા જુદા દેશની લગ્નપ્રથા, લગ્નનો ખરો અર્થ અને ઉદ્દેશ તથા હિંદુ પ્રજાની હાલની હિણી લગ્નપ્રથા વિષે વાર્તાલાપ–વિચાર ચાલતો હતો, એ અટકાવવાને હેમકળાએ જણાવ્યું, ' બ્હેનો વિધીનું લખેલું થશે. હવે આપણે એ વાત છોડો.' આટલું કહેતાં જ હેમકળાને ઘણું લાગી આવેલું જોઈ સૌએ એ વાત પડતી મુકી.

* * * *

હેમકળાએજ પાછી વાત શરૂ કરી, 'બ્હેન ! મૂર્તિ જોવા અન્ય અનાચારે ચઢવામાં અને પંડીત રામાનંદ જેવાના છંદે ફસાવામાં પણ આવીજ રકમો મદદગાર થઇ પડે છે.' હેમકળાના વાક્યના અનુરૂપે પ્રીતિદા બોલી, બ્હેન, તમારા શ્વસુરગ્રહે પણ અંધશ્રદ્ધા તો

અતિશય છે. એવા ગ્રહમાં વસવું, પતિ સાથે હૃદય ના મળે અને શીલનું સંરક્ષણ કરવું, એ સર્વ એક સાથે બનવું સરળ નથી, હો બ્હેન!'

પ્રીતિદાના કહેવાનો મર્મ હેમકળા સમજી ગઈ અને પોતે કાંઇક કહે તે પહેલાં વચમાં હૃદયભામા બોલી ઉઠી કે, "હેમકળા બ્હેનની સ્થિતિ ઘણી કફોડી થવાની. ભણીગણી એવા પાપાચારીઓના ફંદામાં તો ન ફસાય, પણ જે સ્થિતિમાં તેઓ શ્વસુરગ્રહે વસશે, તે રીતે તેઓ લોકોને તો ગમે તેમ બોલવા ચાલવાને અવકાશ આવશે. તેમની સ્થિતિ કફોડી અને ઉપરથી લોકનિન્દા; એટલે તેમને તો દાઝ્યા ઉપર ડાહામ જેવું થવાનું. હેમકળા બ્હેન, છતાંય સુશીલ છે, એટલે સઘળું સંભાળશે, બાકી તો પરમાત્માનો ભરોંસો."

પ્રીતિદાના અને હૃદયભામાના કથનનો ઉત્તર આપતાં હેમકળાનું હૃદય ગદ્ગદિત થયું અને ખરેખર જાહેરમાં આવી ચર્ચા થતી હોત તો તે બીલકુલ જવાબ આપી ના શકત; પણ સખીમંડળ હોવાથી અને વળી સહૃદય સખીઓ હોવાથી હેમકળાએ આંતર લાગણી દબાવી કહ્યું કે, "બ્હેનો! તમે કહ્યું તે સ્થિતિની મને ખબર છે. ઇચ્છાપૂર્વક નહીં પણ આડંબર ખાતર પિતાશ્રી જાણી સમજીને મને તેવી સ્થિતિમાં મુકે છે. સંસારમાં પ્રવેશતાં કોઇ સૌભાગ્યવતી સ્ત્રી પોતાનો ગ્રહિણી અવનાર કુભારજા જેવો બનાવવાને ચહાય નહીં, અને વળી બનતાં સૂધી તો તેવો પ્રસંગ આવતાં પણ તેમાંથી બચવાને પુરતું મથન કરે; પણ પૂર્વના કર્મસંજોગો અને વડીલોએ સોંપી આપેલા સ્થિતિ સંજોગો એ ઉભય ઉપર કાબુ રાખવાની શક્તિના અભાવે અનેક સ્ત્રીઓ યુવાવસ્થામાં–ઘેલછામાં અનાચારમાં ફસાય છે; અને એક વેળા એ માર્ગે ચઢયા પછી લાજ અને મર્યાદાનો લોપ સદાને માટે થાય છે. એવી અવસ્થામાં લોકો પણ તેમને ફસાવવાને પ્રયત્ન વિશેષ પ્રમાણમાં કરે છે. ઇતિહાસનાં પાનાંઓમાં આવાં અનેકધા પ્રમાણો મળી આવે છે. ઋષિ, મુનિઓ સુદ્ધાંય તે માર્ગથી બચવા પામ્યા નથી. એ માર્ગથી બચવાનું સંબોધન મારા માટે ઉચિત તો છેજ, પણ મારો વિજય થાય તે સારૂં તો પરમાત્મા ઉપરજ શ્રદ્ધા રાખવી પડશે, ઇશ્વર મને સહાયક હો!"

આટલું બોલતાં બોલતાં તો હેમકળા રડી પડી, બાજુમાં કોચ ઉપર ઢળી પડી. સખીઓએ સમજાવી શાંત કરી છતાંય બળતા હૃદયવાળી હેમકળા જેવી ને તેવી સ્થિતિમાં ત્યાં રહી અને પ્રીતિદા અને હૃદયભામા થોડી વાર પછી ત્યાંથી ચાલ્યાં ગયાં.

પ્રકરણ ૧૦ મું.

હેમકળાનું શ્વસુરગ્રહ.

વિનયચંદ્ર અને કૃષ્ણા જે કુટુંબ માટે પુરતો સંતોષ તો નથીજ બતાવતાં અને પ્રીતિદા, હૃદયભામા અને હેમકળા તો જે વિષે લવલેશ સહાનુભૂતિ નથી આપતાં એ કુટુંબ કેવી અવસ્થામાં છે અને સંતોષપ્રદ નહીં માનવા જેવાં હેમકળાને કયાં કારણો તેમાં છે, તે જોઇએ.

હેમકળાનું શ્વસુરગ્રહ કાંઇ ન્હાનું નથી, હેમકળાને સાસુ, સસરો, નણંદ, દીયર, જ્યેષ્ટ, જ્યેષ્ટાણી અને અન્ય મૂખ્ય ગણાતાં સર્વ સબંધી જનો છે. તે કોઈ સ્વભાવે કિલષ્ટ નથી, કિંતુ મધ્યમના બદલે ઉચ્ચતમ પંક્તિનાં છે. શ્રીમંતાઇ પણ નગરનિવાસી જનોમાં પ્રતિષ્ઠિત છે, કુટુંબ કુળ પણ ઉંચા પ્રકારનું છે. હેમકળાનો પતિ થનારો બાળક પણ ઉમ્મરમાં હેમકળા કરતાં કાંઈ ન્હાનો નથી; તે નિશાળમાં ભણે છે, આટલું બધું છતાં હેમકળા તે કુટુંબમાં પોતે ગ્રહિણીપદ સૌભાગ્યાવસ્થા પામે એ કેમ નથી ચાહતી? આવો સંશયાત્મક પ્રશ્ન સ્વભાવિકજ ઉદ્દભવવા પામે તેમ છે આપણે તે માટે હેમકળાની દૃષ્ટિથી થોડુંક અવલોકન કરીશું: હેમકળા પોતાના પતિ થનાર બાળકની સ્થિતિ કાંઇક જુદીજ દૃષ્ટિથી વિલોકતી હોવી જોઈએ એ તો સ્પષ્ટ છે. હેમકળા એવું નિરખતી હતી કે, બાળક ઉમ્મરમાં સમોવડીઓ હોય એ પૂરતું નથી પણ પોતાના કરતાં તેની ઉમ્મર વધારે હોવી જોઇએ. બાળકનું શરીર હાડપીંજર જેવું હતું. બાળક નિશાળમાં જો કે ઉંચી પંક્તિ રાખતો પણ તે બુદ્ધિ સાથેના અભ્યાસથી નહીં પણ માત્ર ગોખીને. હેમકળા જેટલું પોતાના પિતા–માતા અને ગ્રંથોદ્વારા ગ્રહસંસારની ફરજ સંબંધે સમજવા પામી છે એથી કિંચિદ્દ પ્રમાણમાં પણ તે તેવું જ્ઞાન નથી ધરાવતો. ધાર્મિક અને સાંસારિક વિચારોમાં તે કુટુમ્બ સર્વથા અંધશ્રદ્ધાળુ છે, અને એવી અંધશ્રદ્ધાના પરિણામે કુટુમ્બનો સ્ત્રીસમાજ ધર્મને નામે અનાચારમાં ફસાયલો છે. આ અને બીજી એવી

ઘણી બાબતો હતી કે હેમકળાને લાગતું કે પોતાનો સંસાર જો આજ બાળક સાથે મંડાય તો ઉભયના હૃદય ઐકયબંધિત થાય નહીં અને ઉભયમાંથી કોઇ સુખી પણ થાય નહીં કદાચ હેમકળા પોતાના પતિને સ્હમજાવી પોતાને યોગ્ય બનાવે તોપણ તેનું દુઃખ તેથી ટળે એમ ન હતું. કેમકે જો તે પોતાના પતિને સમજાવીને અનાચારમાં ખેંચી જાય તેવા શ્રદ્ધાયુક્ત માર્ગમાં તે ના પ્રવેશે તો કુટુમ્બ, કુટુમ્બ સંબંધીત લોકો તેને છાકી ગયલી અને બાળક ઉપર ભૂતિ નાખનાર, જાદુ કે મંતર જંતર કરનાર તરીકે ઘેરઘેર અને ચૌટે બજારે વગોવે. આ રીતે હેમકળાની સ્થિતિ કોઇ પણ રીતે સુધરવાનો સંભવ નહોતો; આ સ્થિતિ વિનયચંદ્ર અને કૃષ્ણા પણ જાણતાં તો હતાંજ. આમ છતાં ત્યારે તેઓ પોતાની પૂત્રીને એવી કફોડી સ્થિતિમાં મુકવા કેમ તૈયાર થયા હશે? સામાન્ય મનુષ્યો માટે તેમ બને તો ઠીક પણ સુધારકોના સમુહમાં ભળેલા વિનયચંદ્ર જેઓ લખવામાં કોઇની શરમ બીલકુલ નહોતા રાખતા કે બીજા કોઇ સંજોગમાં બીલકુલ નહોતા અચકાતા તેઓ આ બાબતમાં પોતાની એ જાહેર હીમત છોડીને ડગમગી કેમ ગયા! આવી શંકા સ્થળે સ્થળે થતી અને તે અપ્રાસંગિક કે અયોગ્ય નહોતી. વિનયચંદ્ર જેવા અને તેથી પણ બે ડગલાં આગળ વધે તેવા સુધારકોજ, સંસારસુધારકોના કામમાં પ્રસંગ આવતાં ડખળરૂપ થઇ પડે છે, એ આપણે જાણીએ છીએ. હિંદુ સમાજમાં ન્યાતનું બંધારણ કનિષ્ટ હોવા છતાં એવું તો મજબુત બંધાઈ ગયું છે કે, તેને કોઇ તોડી શકતું નથી. સંસારસુધારા પરિષદ દર વરસે આજે લગભગ પા સદી થયાં મળતી હોવા છતાં તેણે લોકોના મ્હોડેથી 'હા ભાઈ, છે તો ખરૂં' એટલું થોડા પ્રમાણમાં કહેવડાવવા કરતાં કાંઇ વિશેષ પ્રમાણમાં કામ કરી નથી બતાવ્યું. હોટેલોએ જ્ઞાતિભેદ ટાળ્યો છે, કાઠીયાવાડી કન્યાવિક્રયે રોટીવ્યવહાર ત્યાં બેટીવેહેવારનો રિવાજ પ્રસાર્યો છે પણ સુધારકોથી તેટલું બન્યું નથી. કાઠીયાવાડમાંથી પેટા જ્ઞાતોની અને જુદા જુદા હિંદુ ધર્મને અવલંબી રહેલી કન્યાઓ આવે છે. આમ છતાં જો સુધારકો તેવું કોઈ લગ્ન કરે છે કે કરાવે છે તો જ્ઞાતિના અગ્રગણ્યો તેઓની સામે ખળભળી ઉઠે છે. આમ થવાનું કારણ એકજ છે અને તે એજ કે, દીલસોજી શબ્દમાં બ-

તાપ્યા પછી વહેવારમાં તેઓ સર્વથા અજાણપણું બતાવે છે. આથી તેમના કહેવાને લોકો શ્રદ્ધા કે માનની નજરથી જોતાં નથી. બીજું એક કુદરતી કારણ એ પણ છે કે, જેઓ પોતાનાં ખરા કાર્યની વચ્ચે આવતાં વિઘ્નોની સ્હામે ટકવાને જરાએ હિંમત નથી ધરાવતા—જેઓ પોતે એ કાર્યને હિંમતથી વળગી નથી રહેતા તેમને તે કાર્ય માટે ઇશ્વર પણ મદદ નથી કરતો. 'મનુષ્ય પ્રયત્ન; ઇશ્વર સહાય.'

વિનયચંદ્રના અંગત વીચારો એવા હતા કે એક છોકરી કે છોકરાને માટે લાયક જોડું નહીં મળે તો અન્ય ભાણે ખપતી જ્ઞાતિમાં લગ્ન કરાવવું જોઇએ પણ તેમ નહીં કરતાં ગમે તેવી લાકડે માંકડાની જોડી બનાવવી એ ખરેખર પાપ છે. આવા વીચારદર્શક લખાણો પણ વિનયચંદ્રે અનેક વાર લખ્યાં હતાં પણ હાલ પોતાની સાથે પોતાની સૌભાગ્યવતી સ્ત્રીને લઇને તેઓજ એવા એક પ્રકારનું આચરણ આચરવા—પોતાના મન્તવ્ય મૂજબ પાપ કરવા તૈયાર થયા છે. લોકો તેમને સારૂ શું વીચાર બાંધે છે? લોકો તેમને અંગત માટે કશોય વીચાર બાંધવા જેટલી સમજ નથી ધરાવતા; પણ તેઓ એમ તો આવા બનાવો પછી વારંવાર અને સ્વભાવિકજ માને છે કે 'નાત તો રાજાથી વધી તેની સામે કોઇ થાય નહીં; તેને કોઇ ના પુગે.'

હેમકળાનું શ્વસુરગ્રહ આવા પ્રકારનું હતું.

પ્રકરણ ૧૧ મું.

તમારે પનારે!

રડો, ભલે ના રડો, પરંતુ રહ્યું રડવાનું;
સહો, ભલે ના ચહો, પરંતું થયું સહેવાનું—રડો.

વિનય.

પાશ્ચાત્ય અબળા જાતિપર સંકટના જે શરો છોડવામાં સર્વત્રથી આવે છે, તેવા શરો પાશ્ચાત્ય અબળા જાતિ

કદાચ સહન કરે નહીં, એ તો હવે વિના આનાકાનીએ એક બાળકથી અને અત્યંત દુરાગ્રહી મનુષ્ય તરફથી પણ સ્વિકારવામાં આવે તેવી બીના છે. આશ્ચર્યમય ઘટના એ છે કે, પાશ્ચાત્ય અબળા જાતિ અત્યંત ઉન્માદિની હોવા છતાં એ સુધરેલી જાતિ–સમાજમાં ગુણસંપન્ન સ્ત્રી તેમાંજ ગણાય છે, ત્યારે પૂર્વાત્ય સ્ત્રી સમાજ અનેક સંકટો સહન કરી બળી જળી રહેતું જીવન વ્યતિત કરતી હોવા છતાં તે અનગઢ, અબુદ્ધ વગેરે વિશેષણોથી સંબોધાય છે; ત્યારે ખરૂં ગુઢ રહસ્ય શું છે તે સ્હમજવાનું હાસ્યપાત્ર છે કિંતુ સરળ નથી. જન્મથી જોઇએ તો પણ પૂર્વાત્ય અબળાને વ્યવહાર અને ધાર્મિક દ્રષ્ટિથી પરાધિન જીવન ગાળવાનુંજ શરૂ થાય છે, અને તેમ છતાંય તે માત્ર પરાધિન જીવનજ નહીં પણ ગુલામી જીવન હોય છે, ત્યારે પાશ્ચિમાત્ય અબળાને જન્મના દિવસથીજ સ્વાતંત્ર્યની હવા ખવડાવવામાં આવે છે. આવી રીતે પૂર્વાત્ય અબળા જીવન દુઃખાર્દ્ર હોવા છતાં, તેનું કેટલાંક અદ્બાતદ્બા કક્કા કે બરાખડી ગોઠવવા જેવું વીચારશુન્ય લખનારાઓ કે રોટીનું રોટલી (ભાષાન્તર) કરનારાઓ એવું તો કચુંબર કરે છે કે એ વિચાર ચંદન જેવો હોવા છતાં કૃષ્ણાવળી (ડુંગરી) ની સાથે ભેળવવા–સરખાવવાથી ચંદન પણ સુગંધના બદલે દુર્ગંધ–બદબો છોડે છે. એ અદ્બાતદ્બા લખનારાઓ હિંદુ સ્ત્રી સમાજ અને સામાન્યતઃ આગળ વધીને કહીએ તો હિંદી સ્ત્રીજીવનના ઉપલા પ્રકારને પણ પવિત્ર અને મહત્તાપૂર્ણ બતાવે છે! અમને તો એ પવિત્રતા અને મહત્તા ભૂતખાનાના ભૂતો સાથે સરખાવવા જેવી જણાય છે!!

સહવારમાં ઉઠે ત્યારથી તે રાત્રે સૂવે ત્યાં સુધી અને ખરૂં કહીએ તો જન્મી નામ ધારે ત્યારથી ચોકે સૂએ ત્યાં સુધી હીંદી અબળાનું જીવન જો કદાચ્ અવલોકન દ્રષ્ટિથી કસાઇ પણ અવલોકે તો તેને પણ રડાવે તેવું છે. કસાઇખાનામાં પ્રાણીઓને અને હિંદી સમાજમાં સ્ત્રીઓને એકજ પરિણામક સ્થિતિએ લાવી મુકવામાં આવે છે. એકનો મરણ બાદ પણ તેથી લાભ મેળવવાને છેડો આણુવામાં આવે છે, બીજાનો છેડો માત્ર સમાજબંધનના ઉંચા ઓઠાં હેઠળ રિવાજના ખ્યાલ નીચે ચાલતી ક્રૂરતા કાંઇ પણ સ્વાર્થ વિના, અને કેટલીક વેળાએ તો 'પડ કુહાડા પગપર'ની માફક ચલાવવામાં

આવે છે. જન્મે ત્યારથી પહેલેથી તેને હીણવામાં આવે છે તે જૂઓ: છોકરાના જન્મ વેળાએ પેંડા મીઠાઇ વગેરે વ્હેંચવામાં આવે છે, ત્યારે છોકરીના જન્મ વેળાએ, છોકરીઓનો વેપારી સોદો કરી નાણું કમાનાર કન્યાવિક્રયકારીઓ પણ તેવું કશુંય તો કરી નથીજ શકતા. તે પછી કૂમાર્યાવસ્થામાં હરેક પળે તેને એવો બોજો નાંખવામાં આવે છે કે ચાળીસ–પચાસ વરસની આધેડ બાઇને માથે પણ તેવો બોજો નાંખવામાં આવતો હોય તેમ કહેવું મૂશ્કેલ છે. તે પછી લગ્ન સંબંધમાં વિક્રયકારીઓ તેમનો સોદો કરી નાણું મેળવે છે અને અન્ય માત્ર વિના મૂલ્યે જીવન વેચે છે પણ વેચાણ થતી વસ્તુની ઇચ્છા હો કે અનિચ્છા હો તથાપિ તેને સ્વેચ્છા મૂજબ પર ઘરે મોકલી આપવામાં આવે છે! આટલું છતાં આશ્ચર્ય તો એ છે કે કસાઇવાડે વેચવામાં કે મોકલી આપવામાં આવતાં કે અન્ય રીતે દુ:ખ પામતાં જાનવર માટે મુકદ્દમો માંડી ન્યાય મેળવાય છે અને તેવી મંડળીઓ છે પણ નિર્દોષ અબળાઓનાં દુ:ખોનો છેડો લાવનાર તેવું વહેવારૂ કોઇ મંડળ જોવામાં નથી આવતું–માત્ર સુધારાવાળાઓ ખાલી પટપટારો કરે છે કિંતુ તેઓ પણ પોતાનું હિત હોય છે ત્યારે તો એજ પ્રકારનું અનિષ્ટ વર્તન કોમળ અબળાસમાજ સાથે ચલાવે છે. સુધારકોના શિરોમણી શ્રીયુત વિનયચંદ્ર અને કૃષ્ણાબાઇને હાથે તેમની પ્રિય પુત્રી હેમકળાને એજ પ્રકારનો અન્યાય થાય છે.

* * * * *

હેમકળાને સુશીલ બનાવવાને વિનયચંદ્ર અત્યંત કાળજી રાખતા હતા એ કાંઇ વાંચકોથી હવે અજાણ્યું નથી; પણ તે તે નિર્દોષ અબળા તેઓ તરફથી જે પણ જૂલ્મ ગુજારવામાં આવે તે મુંગે મોઢે સહન કરે તે સારૂં કે તે પોતાને સારે ઠેકાણે નાંખવામાં આવતાં પોતાના કુળને અને પ્રતિપક્ષીય કુળને પણ શોભા અપાવે તે સારૂં? આવો પ્રશ્ન બહુધા દરેક સુધારક ચરિત્ર માટે ઉપસ્થિત થાય છે. હેમકળાના લગ્ન સંબંધમાં પણ આવુંજ નાટક ભજવાય છે, અને તેના અત્યારના લગ્નના પ્રવેશો આપણે જોયા છે અને બાકીના જોવાના છે.

હેમકળાને માટે લાયક વર નહીં મળી શકતો હોવાથી ગમે તેવા

સાથે લાકડે માંકડું વળગાડી દેવાનું સાહસ કરવા હેમકળાના માબાપ, જ્ઞાતિમાં સુશીલ ગણાઇ પપ્પા પટલાઇખોરોની વાહ વાહ પામવાને તૈયાર થયા છે, એ અગાઉ જણાવી ચુક્યા. અત્યાર સુધીમાં એ સંબંધમાં ભજવાયલાં નાટકનો કિસ્સો એટલોજ છે કે 'બ્હેન ! બાપુ ! જ્ઞાતિમાંથી જો કે તારે યોગ્ય નહીં પણ લાયકમાં લાયક વર તારે માટે મેળવવાનો અમે પ્રયાસ કર્યો છે,' એમ સહમજાવવાને હેમકળાની માતા કૃષ્ણાબાઇએ પ્રયાસ કર્યો. હેમકળાએ આ દુઃખથી પોતાના જીવનનું ભવિષ્યનામું ખ્યાલથી ઉકેલતી ઉકેલતી સખીમંડળ સાથે આ માંહેથી કેમ બચવું એ સંબંધી વિચાર કર્યો અને અન્ય દેશસ્થ લગ્નપ્રણાલિ અને આ દેશની લગ્નપ્રણાલિની સરખામણી કરી અને માતા ઉપર ચીઠ્ઠી લખી. સખી મંડળે હેમકળાને 'યેન કેન પ્રકારેણ' આ ચિતામાં બળી મરવાને બદલે છટકી ભવિષ્યમાં બળી મરનારી અનેક બાળાઓના માર્ગદર્શક–ભોમિયા થવાનો આગ્રહ કર્યો. આ પ્રમાણે હેમકળા વિવાહ પ્રકરણ નાટક ત્રણ કિસ્સામાં ભજવાયું છે ! આ હવે ચોથો કિસ્સો શરૂ થાય છે. હેમકળાના પિતા વિનયચંદ્ર હેમકળાને સહમજાવવા આજે પ્રયાસ કરવાના છે એ આજના કિસ્સાનો સાર છે. હેમકળાના પિતા એ પ્રયત્ન કરીને કરશે શું ? પોતાની સ્ફટિક–પુતળી જેવી પુત્રી જીવતોડ મહેનતથી નીપજાવેલી સૂવર્ણ માળા ઉકરડે ફેંકશે, અને ફેંકાવા સંબંધી પુત્રીની સંમતિ મેળવશે. વસ્તુતઃ આવી સંમતિ લેવી એ એક સુધારક નાટકનું સુધારક દ્વારસ છે ! એ તો આપણે જાણીએ છીએ કે હેમકળા કબુલ રાખે કે નહીં પણ તેનાં માબાપ તો તેનું લગ્ન પોતે ધારેલે સ્થળેજ કરાવવાનાં છે. હેમકળા એવી તો દૃઢ તેમજ આગળ વધેલા વિચારની બાળા નથી કે એટલું છતાંય છટકવાનો કોઈ અન્યજ માર્ગ ગ્રહણ કરે !

હેમકળાને સમજાવવાને વિનયચંદ્રે બોલાવી. તે વેળા કૃષ્ણા પણ પાસેજ બેઠી હતી, કેમ કે લાડકી પુત્રી જે જવાબ આપે તેની સાથે પતિના બોલમાં ટાપસી પુરી પતિને સહાય કરવાની અને પુત્રીને દબાવવાની આંજ માત્ર પેહેરવી હતી. હેમકળાને બોલાવવામાં આવી એટલે આવતાં વાર કૃષ્ણાએ તેને તેનો લાડકો ભાઈ કુસુમ રમાડવા આપ્યો.

આટલા દુઃખના સમયે પણ હેમકળાએ પોતાના એ નિર્દોષ ભાઇને પ્રેમથી ગોદમાં લીધો. બે ચાર ચુંબી કરી અને ગલપચી કરી હસાવ્યો. આ પછી પણ ભાઈને રાખ્યો તો પોતાનીજ ગોદમાં ! તે બિચારી એમ માનતી હતી કે "બાળકોનું જીવન અત્યંત પનારે પડેલું "છે. મ્હેં તો ચીઠ્ઠી લખી અને રક્ષણનો કિંચિદ્ માર્ગ પણ લીધો "પણ આવાં નિર્દોષ કુસુમોને જે જ્ઞાતિઓ કે દેશમાં ગુંગળાવી "મારી નાંખવામાં આવે છે તેમની વા'રે કોણ ધાય છે ! આ જન્મથી "છૂટકારો પામતાં પરમ પિતા તેને રક્ષણ આપતો હશે પણ આ "જન્મમાં તેની હૃદયફાટ ચીસોનો રવ પણ નહીં ગણકારી તેને "ગુંગળાવી મારી નાંખનાર જલ્લાદોને અટકાવવા કે તેમને એ ઘોર "પાપાચરણ માટે સજા કરવાને કોણ આવે છે ? કોઇ આવતું "જણાતું નથી."

વિનયચંદ્રે વાર્તાનું પ્રકરણ ખોલતાં શાંતિથી પણ માથાની આગલી ચોટલી પકડી ચોળી નાંખતા હેમકળાને પ્રશ્ન કર્યો કે, 'બ્હેન હેમકળા ! તેં તારૂં લગ્ન આ સ્થળે ના થાય તે માટે તારી માતા ઉપર ચીઠ્ઠી લખેલી એ વાત સાચી છે ?'

હેમકળાએ શરમાતાં અને દુઃભાતાં 'હા' એટલો જવાબ આપ્યો.

વિનયચંદ્રે પુનઃ પ્રશ્ન કર્યો કે, 'મને લાગે છે કે એમ કરવાને તારી પેલી ચાવળી ચીબાકડી સહીપણીઓ પ્રીતિદા અને હૃદયભામાએ સહમજાવ્યું હશે ?'

હેમકળાને હવે લાગી આવ્યું; કેમકે દાબમાં દબાવી હા કહેવડાવી લેવાની અને અપયશ આરોપણ ઉપરોક્ત એ હેમકળાની સખીઓને શીરે કરવાનો પ્રયત્ન શરૂ થયો. હેમકળા એ મુજબ સ્હમજી જવાથી સ્પષ્ટતાથી કાંઈ વિસ્તૃત નહીં પણ સ્પષ્ટ જવાબ આપ્યો કે, 'ના.'

વિનયચંદ્રે ઉલટોજ પ્રશ્ન કર્યો કે 'ત્યારે શું તેંજ તારી ઇચ્છા મુજબ ચીઠ્ઠી લખી હતી. ?'

હેમકળાએ પિતાની ચાલ સ્હમજવાથી હવે વ્યક્ત મુખે કહેવા માંડયું કે, 'એથી નિર્દોષ સખીઓને શું લાભ હતો તે તેઓ લખાવે. 'જેની

આંખમાં મરચાં પડે તે આંખ ચોળે. બિચારી સખીઓ તો ઘરબારી છે, તેઓ મને આવી સલાહ આપવા શું કરવા માંડે? બાપુજી, એ ચીઠ્ઠી મેંજ લખી છે, એનું દોષારોપણ અન્ય કોઇને શીરે નથી ઘટતું.'

વિનયચંદ્રે વળી એક બીજી જાળ પાથરતાં પ્રશ્ન કર્યો કે, 'બેટી હેમકળા! તને એ વર પસંદ નહીં હતો, તો અત્યાર લગી શા માટે મુંગી હતી, કે છેક છેલ્લી ઘડીએ આ ઝઘડો ઉભો કર્યો? તારી ઉમ્મર થઇ ગઇ છે. અત્યારે જો તારો વિવાહ સંબંધ તોડી નાંખીએ તો નાતનો ઝગડો એવો ઉભો થાય કે તેનું પરિણામ કેવું આવે તે કહેવું અશક્ય છે તેમ છતાંય કહે તો ખરી કે જ્ઞાતિમાં તારે લાયક કોઇ બાળક તારી જાણમાં છે? બેટી! તું કહેશે કે તું જ્ઞાતિમાં કોને ચહાય છે? સુખે કહે.'

હેમકળાએ એ તો જોયું કે તેને કરવામાં આવેલો પ્રશ્ન જાળ જેવો છે. હેમકળા એ તો સ્હમજતી હતી કે જ્ઞાતિમાંથી બની શકે તેટલો ઉંચામાં ઉંચી પંક્તિનો બાળક પોતાના પતિ તરીકે શોધવાને—મેળવવાને પોતાનાં માબાપોએ મથન કર્યું છે, અને મળી શકે તેવો સારામાં સારો વર પોતાને માટે પોતાનાં માબાપોએ મેળવ્યો છે. હેમકળાના વિચારો એવા પણ છે કે, સ્વજ્ઞાતિ (તડ) માં યોગ્ય વર કે કન્યા મેળવી લેવાની પ્રથા દૂર થવી જોઇએ. હેમકળા એમ માનતી હતી કે, પોતાના પિતા સૂધારક છે અને તેથી તેઓ પોતાને માટે સ્વજ્ઞાતિ (તડ) માં યોગ્ય વર નહીં મળતાં અન્ય ભાણે ખપતા તડ (વીભાગ)માંથી વર સંપાદન કરશે. હેમકળાની એ ધારણા ખોટી પડેલી આપણે જાણીએ છીએ. વિનયચંદ્ર પણ બીજા બોલકણા સૂધારક જેવાજ જણાયા છે, અને તેથીજ પોતાની પુત્રીને આવી કઢંગી રીતે પ્રશ્ન કર્યો હતો. આમ છતાંય હેમકળા એમ સ્હમજતી હતી કે શરમ રાખી જવાબ નહીં આપવાથી જે નુકશાન ખમવું પડશે તે કરતાં જવાબ આપવાથી—પોતાના વિચારો વ્યક્ત કરવાથી કિંચિદ્ માત્ર પણ લાભજ થવાનો આ વિચારાનુસાર હેમકળાએ વિવેકપુરઃસર પિતાને ઉત્તર આપ્યો કે, 'આપણે કન્યા લેવડ દેવડનો વ્યવહાર જેટલા વિસ્તારમાં હાલમાં છે તેટલામાંથી તો આ-

---

પનાથી બની શકે તેટલો સારો પતિ મારે માટે મેળવવાને આપે મથન કર્યું છે; પણ મારા વિચારો દ્રઢિભૂત કરતી વેળાએ આપણો એ વિસ્તાર ખ્યાલમાં નહીં રાખવાનુંજ માત્ર આ પરિણામ છે. જો તમે મને તે ખ્યાલ રાખી શિક્ષણ આપ્યું હોત તો આ દુઃખદ પ્રકરણ ખુલવાનો અવકાશજ નહોતો.'

વિનયચંદ્ર પુત્રીનો જવાબ સાંભળતાં સ્તબ્ધજ થઈ ગયો. પુત્રી આટલા આગળ વધેલા વિચારો ધરાવતી થઈ ગઇ હશે, એવો ખ્યાલ વિનયચંદ્રને સ્વપ્ને પણ નહોતો. પુત્રીના આ વિચારો જાણી વિનયચંદ્રને હવે શાંત પડયા વિના છૂટકોજ નહોતો. વિનયચંદ્રે શાંત ચિત્તે પુત્રીને સંબોધ્યું કે, 'બેટા તારો વિચાર અમલમાં આવી શકે તેવો નથી. એ મુજબ ભાણે ખપતો વર મેળવવા જતાં તો જ્ઞાતિથી બહિષ્કૃત થવું પડે. જ્ઞાતિથી બહિષ્કૃત થઈ રહેવું એ કાંઈ સરળ નથી.'

'હેમકળા હવે એ તો નિશ્ચયાત્મક સહમજી કે પોતાનો હેતુ સાધ્ય થાય તેમ તો નથીજ. તેમ છતાં તેણે પિતાને પ્રશ્ન કરી પોતાના સંજોગ પ્રકરણનું સ્પષ્ટિકરણ કરવાને પ્રશ્નોત્તર કાર્ય ચાલુજ રાખ્યું. હેમકળાએ હવે પ્રશ્ન કર્યો કે, 'બાપુ! તમે તો ભાણે ખપતી કન્યા લેવડદેવડની હીમાયતમાં છો ને? તમે તો વારંવાર તેની તરફેણ કરી તેની વિરૂદ્ધમાં મત ધરાવનારાઓને નિંદો છો, અને ક્વચિદ્ સુધારકો પણ તે મુજબ નહીં વર્તતા જણાય છે ત્યારે તેમને પણ ઘટતો ઉત્તર આપી ટીકા કરવામાં ખમચાતા નથી. બીજા સુધારકો અને પ્રતિપક્ષીઓ તમારે માટે આ સમયે કેવી ટીકા કરશે?'

વિનયચંદ્રે પુત્રીને સ્હમજાવતાં કહ્યું કે, 'બોલવું કે લખવું, ટીકા કરવી કે પોતાને માટે કરવામાં આવતી ટીકા સહન કરવી અને જ્ઞાતિથી બહિષ્કૃત થઈ વ્યવહારિક જીવન વ્યતિત કરવું એ બેઉ સરખાં નથી, એવી રીતે વ્યવહારિક જીવન વ્યતિત કરવાની મૂશ્કેલી અનેક ગણી વધારે છે.'

હેમકળાએ ટુંકમાંજ ઉત્તર આપ્યો કે મારૂં માનવું પણ એમજ છે કે, 'મારૂં લગ્ન અન્ય સ્થળે થતાં મને લોકચર્ચાના જે ચકડોળે

ચઢવું પડે તે કરતાં આવા લગ્નથી જોડાયલી જીંદગી ગાળવી એમાં અનેક ગણી વધારે મુશ્કીલી છે. તમે પણ તે સ્વીકારશોજ.'

વિનયચંદ્રે હાસ્ય કરતાં કહ્યું કે, લોકટીકા કર્ણગોચરજ માત્ર થાય છે અને જ્ઞાતિ બહિષ્કૃત તો હૃદયમાં આઘાત પેદા કરે છે.

હેમકળાએ જોયું કે હવે માથાકુટ કરવી નિરર્થક છે. એટલે તેણે 'બાપુ ! મારા કહેવાથી નાહક તમારા હૃદયમાં દુઃખ ઉપજે એ સિવાય અન્ય કશુંય પરિણામ નથી. પ્રભુએ ધાર્યું હશે તે થશે જ્યાં મોકલો ત્યાં મારે તો જઈ વસવાનું છે. હું તો **તમારે પનારે !** છું.' એટલું બોલી પતાવ્યું અને સર્વે છુટાં પડયાં.

પ્રકરણ ૧૨ મું.

સ્વપ્નમાં ભવિષ્યદર્શન.

ઘમઘોર દશા જેવી નભની,

એ'વીજ દશા છે જીવનની.

વિદ્યાવિલાસી.

માતા પિતા અને સખી સમુહ સાથે **હે**મકળાએ લમણાઝીક કરી તેનું કશુંય પરિણામ આવ્યું નહીં, અને હવે એનું કશું પરિણામ આવવાની આશા પણ તે નથીજ રાખતી. **હે**મકળાના માબાપ માત્ર કિર્ત્તિ—લોકકિર્ત્તિના લોભમાં તણાયાં છે અને તેઓ તેવીજ સ્થિતિમાં રહે ત્યાં સૂધી તેમના તરફથી કશાં પણ સારાં પરિણામની આશા સંભવતીજ ના ગણાય. સખીમંડળ તો બીચારૂં સલાહ આપે કે દિલાસો આપે, તે બીચારૂં બીજું શું કરી શકે તેમ હોય છે. શું તેમાંથી કોઇ **હે**મકળાનું દુઃખ દૂર કરી શકે તેમ હતું કે તેનું દુઃખ અદલબદલ કરી શકે તેમ હતું; અથવા તો તેમાંથી ભાગ પડાવી શકે તેમ હતું ? કશુંજ નહીં.'

નિરાશ થયલી હેમકળાના દિવસો હવે કેવા ગુજરતા હશે, એ'ની કલ્પના અનુભવી વાંચકોજ માત્ર યથાર્થ કરી શકે તેમ છે. તે સ્હમજાવવાની શક્તિ લેખિનીમાં નથી ! તેને એક વરસ જેટલો એક દિવસ લાગતો હતો, એક દિવસ જેટલો એક કલાક લાગતો હતો અને એક કલાક જેટલી એક મિનિટ લાગતી હતી ! માત્ર પ્રેમના દુઃખદ આભલા નીચે દબાયલાંનીજ આ દશા થાય છે, એમ નથી; કિંતુ હરકોઇ પ્રકારનાં દુઃખદ અવસરમાં એવીજ સ્થિતિ થાય છે. હેમકળાને અત્યારે કાંઈ પ્રેમનું કારણ નહોતું પણ ભયનું કારણ હતું. 'માબાપ શું પોતાનું ધાર્યું કરી મારૂં જીવન એળે નાંખશે ?' આ સવાલ અને તેના ઉત્તરો એક ક્ષણે 'હા' અને દ્વિતીય ક્ષણે 'ના' એવા આવતા હતા. તેજ સ્થિતિમાં તે સમુદ્રના ખરાબા સાથે અથડાતી સ્ટીમર માફક અથડાયા–ગોથાં ખાયા કરતી હતી. આમને આમ મોડી રાત્રી થઈ ગઈ. લગભગ બાર વાગ્યા હશે. અને કદાચ વાગી ગયા પણ હોય ! ઘડીઆળ કોણ જુએ ! નસીબનું પાનીયું જોતાં પરવારે નહી ત્યાં સૂધી બીચારી હેમકળા ઘડીઆળનું દર્શન શા સારૂ કરે ! કાંઈ થયલો વખત વધી જવાનો કે ઘટી જવાનો તો ઓછોજ હતો. એ તો એની મેળે ચાલ્યા કરતું હોય, પછી હેમકળા ગમે તેટલો વખત થયલો હોવાની કલ્પના ભલે ને કરે તેમાં તે નિર્દોષ ઘડીઆળને શું ? તેને તે સારૂ સજા પણ કશીય થવાની નહીં ! ઘડીઆળ સામું નહીં જોવા છતાં બાજુની એક ઘડીઆળમાં ટકોરા વાગ્યા. બાર ટકોરા વાગ્યા. હેમકળા વિચારમાં પડી કે શું ઘડીઆળ બરાબર છે ? કેમ બને ? હું કયારની આમને આમ બેઠી બેઠી વખત પસાર કરૂં છું અને એમ છતાં શું હજુ બારજ વાગ્યા છે. 'નાઇટ–લૅમ્પ' રાત્રે કાયમ રાખવાનો ઝીણી બત્તીનો દીપક સળગાવ્યો અને પોતાની ઘડીઆળમાં જોતાં તેમાં પણ બારજ વાગેલા હતા. ચ્હીડવાઈ તો ઘણી ગઈ પણ કરે શું ? જો ઘડીઆળને સજા કરી તેનો બહિષ્કાર કરે તો પોતાનુંજ ઘડીઆળ જાય, તેથી ઘડીયાળને શું થાય એમ હતું! કપાળે હાથ દેતી હેમકળા બેસીજ રહી. તેને સુખની નિદ્રા તો આવવાની હતીજ નહીં કે જલદી આવે ! દુઃખમાં નિદ્રા પણ ઘણી મોડી આવે છે અને ઓછી આવે છે ! બાર વાગ્યાનું જાણ્યું અને હજુ પણ ઉંઘ નથી આવતી,

એથી તે વધુ ચ્હીડાઈ અને વારંવાર કપાળ કુટવા લાગી. ગમે તેમ છતાં લાગે છે કે લગભગ એક વાગ્યો હશે–તેની આસપાસ હશે; તેવામાં હેમકળા નિદ્રાધીન થઇ. હેમકળાને નિદ્રા શા સારૂ આવી, એ પણ એક પ્રશ્ન છે ! આખા દિવસનો શ્રમ ઉતારવાને આરામ સારૂ ? ના. ત્યારે વખત પસાર થાય તે સારૂ ? ના તે સારૂ પણ નહીં ! ત્યારે હેમકળાને નિદ્રા આવી શા સારૂ ? હેમકળાની નિદ્રા ગુપ્તચરના જેવી હતી. ગુપ્તપણે તેને તેની ભવિષ્યની સ્થિતિનું જ્ઞાન કરાવવા તે આવી હતી. તેની નિદ્રા ખરેખર તો નિદ્રા નહીં પણ જાદુગરોનો 'બ્લેક આર્ટ' નો પડદોજ હતી. નહીં જણાય તેવી રીતે પોતેજ પ્રેક્ષકો આગળ સઘળું રજુ કરી લેવા પછી 'બ્લેક આર્ટ' નો પડદો દૂર થાય છે, તેમ હેમકળાની નિદ્રા પણ હેમકળાને તેના ભવિષ્યથી જ્ઞાત કરવા પછી દૂરજ થઇ હતી. તેની નિદ્રાનો અવકાશ એક દોઢ કલાક જેટલો પણ કદાચજ હશે ! આ સ્થિતિનો જેઓને અનુભવ હશે તેઓ તો અમારી સાથે મળી ખચિત્ કહેશે કે, દુઃખી મનુષ્યોપર દીનાનાથ દયા કરો. જરા પણ દયા કરો !' નિદ્રામાંથી જાગ્રત થયા પછી તેની સ્થિતિ શું થઈ હશે ! તે જાણવા પહેલાં પોતાની ભવિષ્યની કેવી સ્થિતિ વિષે હેમકળા જ્ઞાત થઇ; તે જોઇએ. સાર એટલોજ હતો કે, હેમકળા ગમે તેટલા પ્રયત્ન કરે છતાંય લગ્ન તો માબાપના ધાર્યા 'મુજબજ થવાનાં અને તેથી હેમકળા દુઃખી પણ થવાનીજ. હેમ- 'કળા પોતાના મનમાં માનેલાને વરવાને પ્રયત્ન કરવાની પણ તેનું 'કશુંય પરિણામ નહીં આવવાનું. પોતાનાં માબાપ જેની સાથે લગ્ન 'કરાવશે, તેથી પણ તેનું સૌભાગ્ય સ્થિત નથી રહેવાનું........'

'પોતાનાં માબાપ જે રીતનું જોડું જોડશે તેથી પણ પોતાનું સૌભા- 'ગ્ય કાયમ તો નહીં રહેશે, એ ખ્યાલ કરતાં હેમકળાને બીજા શાથી 'વધારે દુઃખ ઉપજે ? કુલ્ટામાં કુલ્ટા સ્ત્રી પણ પોતાનું સૌભાગ્ય દૂર થવાનું 'સાંભળતાં કઈ સ્થીતિમાં જઇ પડે એ કલ્પના કરવાનું બને તેવુંજ 'નથી ! હેમકળા મૂર્છાવશ થઈ ! પાછી મુર્છા દૂર થઇ. વળી પાછું 'હેમકળાની ભવિષ્ય સ્થિતિનું પ્રકરણ શરૂ થયું ! વિધવા થઇ અને 'તુરત પોતાનાં માબાપ પણ ગુજરી ગયાં. નાના ભાઇ કુસુમની ચિંતા 'પણ પોતાનાજ શીરે પડી. બાપની મિલ્કત સંબંધમાં જોયું કે

'તેમાંથી કશુંય પ્રાપ્ત થાય તેમ નથી. આથી હવે તો પોતાને પોતાનું
'જીવન પરાધિન સ્થિતિમાં ગાળવાનું હતું ! સાસરવાસમાં પતિના
'જવા બાદ વિધવાઓ કેવી રીતે દિવસ ગુજારે છે, એ જેઓ જોઈ
'શક્યા હશે તેઓ તો કહેશેજ કે હિંદુ સંસારમાં બુરામાં બુરી
'સ્થિતિ તે છે. વળી આવી સ્થિતિમાં પોતાના ભાઈને પણ પોતાની
'સાથેજ રાખી પાળવા પોષવાનો હોય ત્યારે તે સ્થિતિનો તો ખ્યાલજ
'ન કરો ! હેમકળાનું પલ્લું પણ એટલી મોટી તો શું પણ સારી
'રકમનું નહોતું કે તેમાંથી તેના વ્યાજમાંથી તે પોતાનું અને ભાઈનું
'પોષણ ગમે તેમ પણ કરે અને જીવન પૂર્ણ કરે. વળી એટલાથીજ
'હેમકળાનાં દુઃખદ આભલાંનો અંત આવ્યો નહીં; દુઃખદ આભલું
'ઘટ્ટ થયું નહીં. હેમકળાનું પલ્લું પણ હજમ થયું. જે વ્યાપારીને
'ત્યાં તે રકમ મુકી હતી તે વ્યાપારીએ દિવાળું કાઢયું. હવે
'બીચારી હેમકળા શું કરે ? આટલું છતાં હેમકળા સંસ્કારી હતી
'અને તેથી તે કાંઈ પ્રારબ્ધવશ થઈ બેસી રહે તેમ તો નહોતુંજ.
'હેમકળાએ નર્સીંગનો અભ્યાસ કરવા માંડયો. નર્સ કાંઈ રમતમાં
'થવાતું નથી. નર્સ થતાં થતાં તેને અનેક સંકટો સહન કરવાં પડયાં.
'ધર્મ પરિવર્ત્તિત થવાના સંજોગ પણ આવ્યા. અંતે નીતિમાન થવા
'પણ લલચામણુ થઈ. જુલમ જુલમ અને જુલમમાંથી પસાર થઈ;—
'નીતિમાંથી બહિષ્કૃત થઈ. એક નવી આફ્ત. નિર્દોષ કુસુમ પરમાત્મન
'ધામમાં પહોંચ્યો. હેમકળા નિરાશ થઈ. આ બધું મેં કોના સારૂ
'સહન કર્યું.' એ ઉદ્દગારો કાઢતી વારંવાર કુટતી અને પોતાની સ્થિતિ
'પર હાય ! હાય ! ! ના પોકારો કરતી. નિરાધાર થયલી હેમકળાનો
'દુઃખદ ઇતિહાસ હજુ અધૂરો છે. દુષ્કાળ પડયો. આસપાસના સંજો-
'ગોથી મુક્ત થયલી નિરાધાર હેમકળા માત્ર જીવન ટકાવવા—પોષણ
'પામવા સારૂ ધર્મભ્રષ્ટ થઈ અને પછી આચારભ્રષ્ટ થાય તેમાં નવાઈ
'શી ! ધર્મભ્રષ્ટ થવા જેટલી ઉતરતી પંક્તીએ આવવા પછી, આત્મિક
'નિર્માલ્ય સ્થિતિ પામવા પછી આચાર વિચારનાં સંબંધમાં દ્રઢ રહેજ
'કેમ ? અને તેનું પ્રયોજન પણ શું ? હેમકળા અંતે પાવન થઈ;
'પાછી હિંદુ થઈ અને વિદુષીજ રહી, છતાં સંતાનવતી પણ થઈ.'

હેમકળાની આ જીવનરેખા જાણી વાંચકજનો ! તમને રડવું

નથી આવતું ! મનુષ્ય હૃદય હશે, 'આત્મવત્ સર્વ ભૂતેષુ' એ વાક્યનો મર્મ સ્હમજતા હશો તો કદાચ્ આ રેખાથી નહીં તો તેનો આખો ઇતિહાસ વાંચતાં અવશ્ય આંસુનાં બે ટીપાં પણ પાડશો. હેમકળાનું સ્વપ્નુ દૂર થયું અને પૂનઃ જાગ્રત થતાં વિચારવા લાગી "શું સ્વપ્નમાં જોયલી જીવનરેખા સાચી હશે ? શું પરમાત્માએ મને દુ:ખનીજ પૂતળી બનાવી છે ? આવા મનુષ્યાવતાર કરતાં તો જાનવરનો અવતાર અધમ નહીંજ હોય ! માબાપને કહું કે મારી જીવનરેખા કેવી છે ! તમારાં સાહસનું ફળ મને કેવું સહન કરવું પડશે ! માબાપને કહેવાથી શું ફળ છે ? તેઓ તે વેળાએ પાછાં સુધારક બની જશે; અને 'ફળે ન તેમાં કાં જોવડાવો જોશીનાં પાનાં' એ કવિવર નર્મદની ઉક્તિઓનો આધાર લેશે; ગમે તે પ્રકારે તેઓ પોતાનાં સાહસમાંથી પાછાં હઠવાનાં તો નથી ! મારી જીવનદોરી તૂટીફૂટી કરતાં બીલકૂલજ અટકવાનાં નથી ! ખેર ! દૈવ્ય ઉપર આધાર ! કદાચ જે જીવનરેખા સ્વપ્નમાં જોઇ તે સ્વપ્નજ કેમ ના હોય ? 'સ્વપ્નાં સાચાં પડયાં છે તે ?' જગદીશ્વરે ધાર્યું હશે તે તો થવાનુંજ. તેમાં માબાપને ચેતાવવાથી પણ કાંઇ અવરોધ થવાનો નથી. ઇશ્વરેચ્છા એજ પ્રારબ્ધ છે. ખરૂંજ છે કે,

અભાગિયા જાઇશ મા, બેરી રહેજે ભારમાં;
તું જઇશ રેલમાં તો, હું પોહોંચીશ તારમાં.

પ્રારબ્ધ પ્રાબલ્ય માટેની આ પંક્તિઓનો અનુભવ કોને નહીં થયો હોય ! !"

પ્રકરણ ૧૩ મું.

મારૂં રક્ષણ કરો !

સવાર પડી, હેમકળા ઘરકામમાં વળગી તેમ છતાં તેનું ચિત્ત તો ઘરકામમાં બીલકૂલ નહોતું. આપણે જાણ્યું તેવું ઘાતક સ્વપ્ન જોવા બાદ હેમકળાનું ઘરકામમાં ચિત્ત રહે એ આશાજ સર્વથા નિરર્થક ગણાય. હેમકળા 'હવે શું કરવું' એ સંબંધે કશાજ

વાથી ઠંડક અને લહેર આપે છે.

નિર્ણય ઉપર આવી શકતી નહોતી અને ઘડીકમાં 'માબાપને ચેતાવી કૃપા માગું' તો ઘડીકમાં 'મનના માલકને લખીને તેમની મદદ મેળવું' એવા એ વિચારમાં ગોથાં ખાતી હતી. કવચિદ્ એવી કલ્પના પણ કરતી હતી કે, "આત્મઘાતદ્વારા દુઃખી જીવનનો અંતજ આણું અને જીવનયાત્રા પૂરી કરૂં !" પરંતુ તેમ કરતાં તો 'આત્મઘાતી મહા પાપી' એ સાદા બોધના સ્મર્ણથીજ તે બચી જતી હતી. છેવટે હેમકળાનો નિશ્ચય પોતે પોતાના મનના માનેલા માલિકને પત્ર લખીને રક્ષણ માગવાનો થયો. પણ તેમાંય પાછો એક અવરોધક ખ્યાલ આવ્યો; "હું તેમને ચાહું છું. મારૂં હૃદય તો "તેમને વરી ચુકયું છે પણ તેઓને મારા વિષે ખ્યાલ પણ હશે ખરો "કે ? તેઓ કેળવાયલા છે, વિદ્વાન છે, આવાં વિશુદ્ધ પ્રેમનાં ઘણાં "ચિત્રો તેમણે વાંચ્યાં હશે, પણ તેમ છતાંય કનિષ્ટ હિંદુ સંસારમાંય "તેવાં ચિત્રો સ્થિતિમાં હોવાની કલ્પના તેમને હશે ખરી ? વળી હું "તેમને ચાહું છું એવી ખબર પણ તેમને હશે ખરી ? હું તેમના "વિષે હરેક વેળાએ માહિતિ મેળવવાને જેવી રીતે ઇંતિજાર રહું છું "તેના કિંચિંત્ પ્રમાણમાં તેઓ મારે માટે ઈંતેજારી તો શું પણ "લાગણી માત્ર ધરાવતા હશે ? જો તેઓના હૃદયમાં થોડુંક સ્થાન "પણ મેં મેળવ્યું હોય તો તો તેમ બને, પણ નહીં તો તેમ કયાંથી "બને ! તેઓ ભાણેખપતી જ્ઞાતિના છે; અને પિતાના સંબંધી છે. "પિતાના પત્ર 'સ્વતંત્ર મત' માં અવારનવાર લેખો વગેરે "લખે છે અને તેઓ જ્યારે પણ અત્રે આવે છે ત્યારે પ્રસ્થાન "આપણે ત્યાંજ હોય છે, એથી તેઓ મારા પત્રનો ઉપયોગ પિતા "ઉપર તે પત્ર મોકલી આપવામાં તો નહીં કરે ? જો તેમ કરે તો "મારી કેવી બુરી દશા થાય !.........તેઓ મને પીછાણશે તો ખરા "ને ? ....તેઓ મને ચાહે છે કે કેમ ? વગેરે સઘળી બાબતો "પત્રના ઉત્તરથી જણાશે, અને ઉત્તર નહીં આપતાં તેનો ઉપયોગ તે "પત્ર પિતાશ્રીપર મોકલી આપવામાં કરશે તોપણ શું ? તેથી શું "થવાનું છે ? પિતાએ તેમજ માતાએ શું ભલું કરવાનો નિશ્ચય કર્યો "છે કે હવે તેથીએ વધારે બુરૂં થવાનું હતું ?......પણ હા......એક "વાત છે. જો તે પત્રની વાત પિતાશ્રીના જાણવામાં આવે તો તેથી "તેમનેજ કદાચ સહન કરવું પડે ! તેમના સંબંધમાં માતાપિતા એવો

"ખ્યાલ આવશે કે જ્યારે પણ તેઓ અત્રે આવતા હતા ત્યારે આપણે "ત્યાં ઉતરવામાં તેમનો આજ હેતુ સમાયલો હોવો જોઇએ. અમારી "નિર્દોષ પુત્રીને ભોળવી ચિત્તભ્રમ બનાવવાનો હેતુ હતો. હજુ સુધી "મેં તેમને 'ભાઇ'ના વિશેષણથી નથી સંબોધ્યા, કેમકે તેમની સાથેના "પ્રથમ દર્શન પરિચય અને વાક્પરિચય સમયેજ તેમને માટે મારા "અંતઃકરણમાં દામ્પત્ય પ્રેમ સ્ફુર્યો હતો; પણ તેમણે તો અત્યારસુધી "હરેક સમયે મને 'ભગિની' શબ્દથીજ સંબોધી છે. પિતાના પત્રમાં "પણ તેજ શબ્દથી સંબોધે છે !......પણ તે કાંઇ બચાવ નથી. "ભાઇ–બ્હેન' શબ્દોથી પરસ્પર સંબોધનારાં અનેક માનવ પ્રાણીઓ "એવા કનિષ્ટ સંબંધથી જોડાયલાં કયાં નથી જણાતા......ગમે તેમ "થાવ. એક વધુ સાહસ. તે સુજ્ઞ છે અને ઇશ્વર સાક્ષી છે કે તેમને હાની "કરવાનો મારો કાંઇપણ ઉદ્દેશ નથી, તેથી ઇશ્વર પણ તેઓને જ્યારે "તેમના હૃદયમાં મારા માટે એવો ખોટો ખ્યાલ ઉપસ્થિત થશે ત્યારે મારા "તરફ દયાની દોરી લંબાવવા અને તેમને કલંકમાંથી બચાવવા મદદ "કરશે. એક પત્ર તો તેમના ઉપર લખવો ખરો." પત્ર લખવા માટે રાત્રીનો સમય નક્કી કર્યો. કવર–નોટપેપર, શાહીનો ખડીઓ, હોલ્ડર બ્લોટીંગપેપર વગેરે સર્વે પોતાના ઓરડામાં એકઠું કરી છૂપાવી રાખ્યું. નૉટપેડ પત્ર લખવાનો નિશ્ચય કર્યો કે જેથી બરાબર મળે. 'નૉટપેડ' પત્ર લખવાની રીત રજીષ્ટર પત્ર કરતાં પણ વધારે ચોક્કસ રીતે અને તદ્દન સહીસલામત રીતે માલિકના હાથમાં જાય તે માટે નિર્ભર છે. આગલી રાત્રે સ્વપ્નું જોયું અને ત્રાસ પામી. આજે રાત્રે પણ તેના અંતઃકરણમાં તો ત્રાસજ હતો. રાત્રી દરમ્યાન–પોતે પત્ર લખે છે તે અવકાશ દરમ્યાન માતા–પિતા કે કોઇ જાગી ઓરડા તરફ આવશે અને ઓરડામાં બળતો દીવો જોશે તો તેઓ ખચિત્ શંકાશીલ થશે, પકડાઇશ અને મુશ્કીલીમાં સપડાઇશ. આવાને આવા ભય વચ્ચે તેણે પોતાનો પત્ર પુરો તો કર્યો. એ નીચે પ્રમાણે હતો:—

'પ્રિયકર......

'નમ્ર અર્જ માટે તમારાપર આ પત્ર લખું છું. પણ મારો 'તમારાપરનો આ પ્રથમજ પત્ર છે. વળી તેમાં મેં તમને જે વિશેષણ 'લગાડયું છે તેથી તમે આશ્ચર્યલિન થશો. નીચેની સહી વાંચતાં મને,

‘હું ધારૂં છું કે, તુરતજ ઓળખશો પણ તે વેળાએ આખો પત્ર નહીં
‘વાંચ્યો હોય તો જેને તમે ‘ભગિની’ શબ્દથી સંબોધો છો તે તમને
‘પ્રિયકર’ના વિશેષણથી સંબોધે છે એ જાણી તમે વિસ્મય પામવાના
‘એ તો ખચિત, કદાચ જો તમે મારા ઉપર ગુસ્સે પણ થશો, કેમકે
‘તમારા હાથમાં આ પત્ર મોકલવાનું સાહસ કરતી વેળાએ તમે મારે
‘માટે એ વિશેષણને યોગ્ય પૂરવાર થવા ચાહતા હશો કે કેમ, તે
‘વિષે હું પોતેજ કાંઇ જાણતી નથી. જો તમને તે વિશેષણ બોજા-
‘રૂપ થાય કે અન્ય કોઇ કારણે સ્વીકારવા યોગ્ય નહીં જણાય તો
‘ખચિત, મને ક્ષમા કરશો અને દુઃખદ માર્ગમાં અટવાતીને વધારે
‘દુઃખી બનાવવા જેવો કોઇ માર્ગ તો ગ્રહણ નહીંજ કરો. હવે હું
‘તમને પત્ર આલેખનનું પ્રયોજન જણાવીશ. મારા પિતાએ મારો લગ્ન
‘સંબંધ ક્યાં અને કોની સાથે કરવા ધાર્યો છે, તે તમે બહુધા જા-
‘ણતા હશો. તેના જીવનનો સવિસ્તર ઇતિહાસ અને મારા પિતાએ મને
‘પણ કેવી કેળવણી આપી મારા વિચારો કેવા કરી મૂક્યા છે તે પણ
‘તમે જાણતા હશોજ. જો આ બેઉ હકીકત જાણતા હશો તોજ મારો
‘આ પત્ર લખવામાં રહેલો હેતુ પાર પડવાનો કાંઇક પણ સંભવ છે.
‘વાત એટલીજ છે કે, મારા પિતા જેની સાથે મારૂં જીવન જોડવાને
‘ઇચ્છે છે તેની સાથે જોડાવા મારો આત્મા જરાય ચાહતો નથી. આમ
‘કરીને હું કાંઇ એમ કહેવા તો નથી ચાહતી કે જેને મારા ભરથાર
‘તરીકે પસંદ કરવામાં આવ્યો છે તેનામાં કશીય લાયકાતજ નથી.
‘પરંતુ એ વાત ખરી છે કે, ગમે તેમ છતાં મારૂં ચિત્ત આકર્ષવાને તે
‘ફતેહ પામ્યા નથી. ઉલટું મારૂં ચિત્ત અન્ય ઉપરજ ચોંટયું છે. એ અન્ય
‘કોણ છે તે, પત્રની શરૂઆતના વિશેષણથી તમે સ્વતઃ તુરતજ સમજી
‘શકશો; અત્રે, એ કારણે પૂનઃ લખવાની કશી જરૂર નથી. તમે આ
‘વાતથી આશ્ચર્ય પામશો ! પણ તેમાં નવાઇ કે આશ્ચર્ય જેવું છે તો
‘કશુંય નહીં. મારા પિતાએ મને જેવી કેળવણી આપી છે તેવી કેળ-
‘વણી પામેલી કોઇ પણ કુમારી પોતાના ભવિષ્યના અખંડ સુખને
‘સારૂ આવું સાહસ કરે તેમાં કાંઇ આશ્ચર્ય નથી. પ્રાચિન કાળમાં
‘તો તેવા અનેક બનાવો બનેલા જણાય છે, તો તેનો અભ્યાસ કર-
‘નાર તેનું અનુકરણ કેમ ના કરે ? તમે મારી જ્ઞાતિથી જુદા છો.

'મારી અને તમારી જ્ઞાતિનો સાથે બેસી જમવાનો વ્યવહાર છે પણ 'એક બીજી જ્ઞાતિમાં સ્ત્રી–પુરૂષો લગ્ન સંબંધથી જોડાય એવો રિ- 'વાજ નથી. આમ જાણવા છતાં પણ હું તમારી સાથેજ લગ્નથી 'સંકલિત થવા ચાહું છું. હું ચાહું છું એટલુંજ નહીં પણ હું નિશ્ચય 'કરી મુકી છું. મારો આત્મા આપનો એટલો પક્ષપાતી થયો છે કે 'તે અન્યને તે આત્મમંદિરના દ્વારમાં પગ પણ મૂકવા નથી 'દેતો! તે એટલો તો પ્રબળ છે કે મારા માબાપ કે હું મારૂં 'દેહલગ્ન ગમે તેની સાથે થવા દઈએ, પણ તે તો હરેક પળે પ્રિયકર 'શબ્દથી તમને સંબોધવાનો. હું તેની સામે વધુમાં વધુ સાહસ એ- 'ટલુંજ કરી શકીશ કે લગ્નની પ્રતિજ્ઞા વેળાએ–જો અન્ય સાથે લગ્ન 'થાય તો હું, મારો આત્મા તેમને નહીં ચાહતો હોવા છતાં, 'હું તમને 'ચાહું છું' 'હું તમારી છું' એવી પ્રતિજ્ઞાઓ કરીશ. મારો આત્મા 'તેજ ક્ષણે તેજ વચનો તમારા પ્રતિ ઉચ્ચારશે. આટલા પ્રબળ રીતે 'ચાહતા આત્માને કઈ સ્થિતિમાં છોડવો તે વિચારવાનું કામ તમારૂં 'છે; હું મારા આત્માને કાબુમાં રાખી શકતી નથી તો તમારા આ- 'ત્માને જો તેની ઇચ્છાજ નહીં હોય તો હું કાબુમાં મેળવી શકવાની 'નથી. જો આત્મા આત્મા ઉપર કાબુ મેળવે તો તે કિરતારની કૃપાજ 'માનીશ. પરિણામ ગમે તે આવો, પણ હું મારાથી બને તેટલી સ- 'કારણ આજીજી તો કરૂં! મારૂં ચિત્ત તમારી સાથે જોડાઈ ચુકયું છે 'અને તેજ વેળાએ ઉભયની જ્ઞાતિનો પરસ્પર લગ્નવ્યવહાર નથી, 'એ કઢંગી સ્થિતિ છે. આમ છતાં મને આશ્વાસનનું જે સ્થાન છે 'તે એ કે, તમારા કેટલાક લેખો માંહેના વીચારોથી હું જ્ઞાત થઈ છું 'કે તમે એવી સમાજ સંકલનાને પસંદ કરતા નથી. મારા પિતા 'પણ તે પસંદ તો નથીજ કરતા, તેમ છતાં તેઓ લોકડરની કે જ્ઞા- 'તિથી બહિષ્કૃત થવાની બ્હીકથી મને સુખી બનાવવાને મથન કરે 'તેમ નથી. હું છતાંય એટલું તો કબુલ કરૂં કે ઉપરની બેઉ બાબતને 'અનુસરવા સાથે તેમનાથી બને તેટલું–તેમની દૃષ્ટિ અનુસાર–મારે 'માટે પતિ નિર્માણ કરવામાં તેમણે નિરીક્ષણ કર્યું છે. આ મારી 'સ્થિતિ શું છે અને શું થશે તે જણાવી. તમે મને રક્ષણ આપો 'મારૂં રક્ષણ કરો એ માત્ર મારી તમારા પ્રતિ યાચના છે. તમે

'મને ગમે તેવી સ્થિતિમાં રાખશો ત્યાં તેમાં હું સુખજ માણીશ;
'કેમકે મારો અને તમારો આત્મા મિત્ર થયા છે. હું તમારા રંગ રૂપ
'ઉપર નથી મોહી—નથી આકર્ષાઇ કે પાછળથી પસ્તાવાનું થાય; તમારા
'વિચારો અને મારા વિચારો ઘણા ભાગે મળે છે, અને એક બીજાના
'વિચારો પરિવર્ત્તન ન પામે ત્યાં સુધી મારાથી તમારો આત્મા
'કે તમારા આત્માથી મારો આત્મા દુઃખી થવાનો પ્રસંગ નહીં
'આવે. આવી રીતે આકર્ષાવાથી બંધાયલાં અનેક જોડાંના ચરિત્રોથી
'તમે સુજ્ઞાત છો અને તેમાં તમે ઇષ્ટતા પણ જુઓછો, એ કુદરતી
'છે એમ પણ તમે માનોછો એટલે મારે વિશેષ લખવાનું રહેતું નથી.
'અંતિમ યાચના એજ કે, તમે મારૂં રક્ષણ કરવાને, મને આશ્રય
'આપવાને તૈયાર છો એટલું જાણુતાંજ હું મૂશ્કીલીમાંથી મુક્ત થઇ
'તમારી ચર્ણરજ સેવવા હાજર થઇશ. પાળી—પોષી—ઉછેરી મોટી
'કરનાર માતા પિતાની, તેમના વિચારોને નહીં અનુસરી શકવા માટે
'ક્ષમા ચાહીશ; અને તેઓ તેજ ક્ષણે નહીં તો ભવિષ્યમાં પણ
'પોતાની પુત્રી એકને દેહ અને એકને આત્મા સોંપી રહી છે એ
'જોવા કરતાં સર્વસ્વ એકનેજ સોંપી રહી છે એમ જાણશે ત્યારે ક્ષમા
'કરશે અને ભલા આશિર્વાદ પણ દેશે. ઇશ્વર પાસે પણ મારાં સાહસ
'માટે ક્ષમા યાચીશ અને મારાં હૃદયની શુદ્ધતા તે જાણતો હોવાથી
'મને ક્ષમા કરશેજ. જો તમારા હૃદયમાં મારા માટે દયાની લાગણી
'પ્રદિપ્ત થાય નહીં તો મારી સ્થિતિ માટે તો મને અહર્નિશ કવિવર
'કલાપીનું સુત્ર યાદ કરવું પડશે કેઃ—

આ સંસારે પ્રથમ પ્રીતિએ કોણ જાણી શકયું છે?
કે પ્રીતિનું રૂધિર સઘળું, ઉષ્ણ અશ્રુ તણું છે?

તમારી ચર્ણરજસમ
"હેમકળા."

* * * *

હેમકળાએ આ પત્ર પોતાના મનના માનેલા માલિકપર નૉટપેડ મોકલ્યો. મધ્ય રાત્રે કોઇ ના જાણે તેમ ગુપચુપ પોતેજ ઘરમાંથી બાહર નીકળી પત્ર ટપાલમાં નાંખ્યો. મુંબઇની એ બલિહારી છે કે, આખી રાત્રે ગમે ત્યાં હરતાં ફરતાં કોઈ કશુંજ પૂછે નહીં, શિવાય રસ્તામાં ફરતી એક બાળાને જોઇ દષ્ટાઓ કદાચ તે વિષે ગમે તેવી કલ્પના કરી શકે. હેમકળાના મનના માનેલા—પ્રિયકરનું નામ હરિરત્નરાય હતું. તે કરાંચી રહેતા હતા.

પ્રકરણ ૧૪ મું.

હેમકળાનું લગ્ન.

હેમકળાના લગ્નનો મહોત્સવ આજથી શરૂ થાય છે. ગત પ્રકરણમાં વર્ણવેલા બનાવને આજ પંદર દિવસો પૂરા થયા છે. હરિરત્નરાયનો કશો ઉત્તર નથી. હેમકળા એથી ચિન્તાતુર હોય એ સર્વથા સ્વભાવિક છે. હેમકળાના લગ્નનો મહોત્સવ ઘરમાં છે. ઘરને રંગાવી ધોળાવી શ્રૃંગારવામાં આવ્યું છે. હેમકળાના માતા પિતા અને તેમનાં સગાંસહોદરો આજનો દિવસ પોતાને માટે રળિયામણો માને છે. આખો દિવસ વાજાં વાગે છે. તાંસાં બજાવવામાં આવે છે. રાવળીયાઓ શરણઇના નાદથી હૃદયને પ્રફુલ્લ કરે છે અને દેશી સસ્તાં વાજીંત્રની કળાનો ખ્યાલ આપે છે. સ્ત્રી સમાજ પણ આજે આખો દિવસ ગીતો ગાય છે. " મારે સોના સમોરે સૂરજ ઉગીઓ " એ કવિવર દલપતરામની પંક્તી તો આખો દિવસ સ્ત્રીઓનો મુખ પાઠ થઇ છે. લગ્નમાં ગવાતાં ગીતો અને અન્ય દર્શનથી એમ જણાય છે કે હિંદુ સંસારમાં કે દૂન્યાની અન્ય કોઇ પ્રજામાં લગ્ન કરતાં મોટો રૂડો અવસર નથી મનાતો. આવો અવસર ઘેર પ્રાપ્ત થતાં વિનયચંદ્ર અને કૃષ્ણા પોતે પણ પોતાને ત્યાં યથાશક્તિ આનંદ માને તેમાં શું નવાઇ? આમ છતાં હેમકળા કે તેનાં સખી મંડળમાં કશોજ આનંદ નહોતો. સખી મંડળમાંથી કોઇ હેમકળાની પાસે પણ નહોતું. હેમકળાના માતા-પિતાએ તેનાં સખી મંડળમાં નોહોતરૂં કહાવ્યું હતું પણ તેમણે કોઇએ તેનો સ્વીકાર નહોતો કર્યો. હેમકળાને પણ તેના સખી મંડળને આમંત્રણ કરવાને સૂચના કરવામાં આવી અને આગ્રહ પણ કરવામાં આવ્યો. હેમકળાએ કશો ઉત્તર ન આપ્યો. હેમકળાના પિતા વિનયચંદ્રે પોતે પુત્રીને સ્હમજાવવા માંડી, "પુત્રી! "તું ગાંડી થઇ છે! તારા લગ્ન જેવા તારે માટે રૂડા ગણાતા પ્રસંગે "પણ તું આવી ગાંડી થાય છે! અમારૂં આથી કેવું ખોટું દેખાય "છે, તેનો કાંઇ વિચાર તો કર! તારા સંબંધમાં તારી સહીપણીઓને

"આનંદ માનવાનો આ કરતાં વધારે રૂડો કોઇપણ પ્રસંગ મળવાનો "છે શું?" હેમકળા ઘણીય નિરૂત્તર રહેવા ચાહતી હતી પણ તે કરે શું? હૃદયમાં અગ્નિ એવો પ્રચંડ પ્રજ્જવલિત હતો કે તે જવાબ આપ્યા વિના રહી શકેજ કેમ? હેમકળાએ રડતાં રડતાં ઉત્તર આપ્યો, "બાપુ! તમે હજુ મને કેટલું દુઃખ દેવા માગોછો? હેમકળાનું "લગ્ન થાય છે; પણ હેમકળાને મન કાંઇ તેનું લગ્ન થતું નથી. "હેમકળાએ તેની સખીઓનું કશું બગાડયું નથી કે તેને માટેના "આનંદના પ્રસંગોમાં તેની સખીઓ ભાગ ના લે. પણ મારે આ "આનંદનો પ્રસંગ છેજ કયાં! તેઓ ત્યારે આવે પણ શું કરવા! "તમે મોકલો-ઘસડી જાઓ ત્યાં ઘસડાવું અને બાંધો ત્યાં બંધાવું, "અને એને લગતી ક્રિયાઓ આ બધી થાય છે. શું તમે આટલાં "બધાં મને એકલીને ઘસડી જવા શક્તિ નથી ધરાવતાં કે મારીજ "સખીઓની મને ઘસડવામાં મદદ માગોછો! તમારે મને આ અવસર "ગમે તેવો રૂડો હોય પણ ક્ષણે ક્ષણે મારૂં હૃદય જોઇ શકતા હો તો "જુઓ કે કેટલું બળી રહ્યું છે! કદાચ મારી ભૂલ હશે! ગમે તેમ "છતાં આ અવસર અત્યારે મને આનંદનો તો નથીજ. તમે મારા "હૃદય ઉપર પણ આનંદની છાયા જૂઓ છો? તમો શું 'હા' બોલી "શકવાના છો. કદાપિ નહીં. ત્યારે મારૂં સખીમંડળ મારી સાથે રડવા "અહીંઆ આવે. મારા દુઃખથી તેમને પણ દુઃખી બનાવવાને હું "બોલાવું?"

વિનયચંદ્રને છોકરીના દયાર્દ્ર અને કટાક્ષપૂર્ણ વચનોથી ઘણું લાગી આવ્યું પણ તેનો કશોય ઉપાય હોય તેવું તેને નહીં જણાતું; ત્યારે તે બિચારા શું કરે? વિનયચંદ્ર લાચારીએ 'બેટા! સમજે તો સારૂં.' એટલું કહી ચાલ્યા ગયા.

હેમકળા પોતાના ઓરડામાં પાછી એકલી પડી. તેને કોઇ પ્રસંગવશાત્ ખાસ ના પેહેરાવે તો તે કશું કિંમતી વસ્ત્ર કે ઝવેરાત પણ નહોતી પહેરતી! ખુણામાં પડેલી એક ખુરસી ઉપર બેસી પાસેના ટેબલપર ડોકું ઢાળી ડુસકાં ભરવાં અને સ્વપ્નમાં જણાયલી અને એવીજ બીજી જીવનરેખાનાં ચિત્રો યાદ કરવાં એજ માત્ર તેનું કામ હતું. આ કામ તેણે પોતે સ્વીકાર્યું પણ નહોતું; પણ કુદરતી

તને માથે તે આવી પડયું હતું. હેમકળાને અત્યારે જે જુએ તે કદાપિ એવી કલ્પના કરી ના શકે કે આ હેમકળાનું લગ્ન થવાનું હશે ! આવી સ્થિતિ જ્યારે પણ એકલી પડે ત્યારે જેવામાં આવતી. હેમકળાના પિતાને તેની પાસેથી ગયાને કલાક કે અર્ધ કલાક જેટલો સમય વ્યતિત્ થયો હશે, તેટલામાં તેને ઘરની ચાકરડી ખાવા બોલાવા આવી. 'બા તમને ખાવા બોલાવે છે, બેન !' એટલું કહી તે સહેજ ઉભી રહે એ પહેલાં તો હેમકળાએ તેને ઉત્તર પણ આપી દીધો કે, "બાને કહો કે મને ભૂખ નથી; મારે નથી ખાવું." ચિઠ્ઠીની ચાકર ચાકરડીએ બ્હેનનો સંદેશો પાછો બાને આપ્યો. કૃષ્ણા તો હેમકળાના ચાલુ–વર્તમાન વર્તનથી ઘણો કંટાળો ખાઇ ગઇ હતી અને તેથી તેણે તો 'વારૂ; કામે વળગ.' એટલું કહી ચાકરડીને ત્યાંથી દૂર કરી. વિનયચંદ્રને આ વાત જણાવી. વિનયચંદ્રે 'તે સમજાવવાનું કામ તમારૂં છે !' એટલોજ ઉત્તર આપ્યો. કૃષ્ણા ઘણી ખીજવાઇ. મનમાં ને મનમાં બડબડી; 'છોકરીને ઘણીજ ચઢાવી છે. એમજ એ તો માને છે કે બધું એનું ધાર્યુંજ થવું જોઇએ. એ તે કેમ બને. આસપાસની સ્થિતિ અને સંજોગોનો ખ્યાલ કાંઇ કરવોજ નહીં. માત્ર ચોપડીઓ વાંચી અને 'ક'કકા ભણી લખતાં વાંચતાં થયાં એટલે શું થયું ? શું એથી વહેવારમાં શું શું મુશ્કેલીઓ પડે છે, તેનો અનુભવ હોય ? જવાદો, એને ખાવું હોય તો ખાય અને નહીં તો રહે ભૂખી. થાકશે એટલે એની મેળે ખાવાનું માગી લેશે.' આટલું મનમાં બડબડી ગઇ અને સગાં વહાલાંઓને બોલાવ્યાં અને સઘળાંએ જમી લીધું. ઘરનાં જેવાં માણસો તો હેમકળાએ પહેલાં ખાધું હશે, એમ માન્યું અને બીજાઓને તો તેની શી પડી હોય.

આમ કરતાં કરતાં રાત્રી પડી. આઠ વાગ્યા. ફુલેકાનો વખત થયો. કન્યાને ચુંદડી ઓઢાડવાની આજ હતી. હેમકળાને તેના મોસાળ સ્નાન સારૂ મોકલવામાં આવી. વિનયચંદ્ર એક તરફથી સુધારક હતા અને બીજી બાજુથી હાલમાં તેઓ જ્ઞાતિમાં પણ શાણા ગણાવા લાગ્યા હતા એટલે તેમને ત્યાંના સાજનમાં સુધારક અને જુના વિચારના ઉભય પક્ષના સ્ત્રી પુરૂષો હતાં. જુના વિચારની સ્ત્રીઓ ગીતો ગાતી હતી પણ નવા વિચારની સ્ત્રીઓનો કોમળ કંઠ તો એકાદ બે ગીતો

ગાતાંજ થાકી જતો હતો. તેમના હૃદયમાં તો એમ થતું કે અહીં પણ આપણે આ તસ્દી ઉઠાવવી પડે તેના બદલે ફોનોગ્રાફ હોય તો કેવું સારૂં! આટલું છતાં ભણેલી પણ જુના વિચારમાંજ રહેલી સ્ત્રીઓ તો ગીતો ગાતી હતી, હેમકળા પોતાને સારૂ ગવાતું એકેએક ગીત સાંભળતી અને હેમકળાને તેથી આનંદ ઉપજવાને બદલે તેનું હૃદય જલતું હતું. કન્યા પક્ષથી સ્ત્રીઓએ કન્યાને ચુંદડી ઓઢાડી; વર અને કન્યાનું ફુલેકાનું સામૈયું જોડાઇ જતાં નીચલાં ગીતો ગાવામાં આવ્યાં હતાં:—

સદ્‌ગુણ હીરાનો હારડો રે, હૈડે શોભાવો હમેશરે,
હેમાબા સદ્‌ગુણ હીરાનો હારડો રે;
પૂર્ણ શોભા તેથી પામશોરે; વધશે સ્વરૂપ વિશેપરે, **હેમાબા.**
સર્વોપરી હીરો સત્યતા રે; મૂખ થકી થાય ન મૂલ રે, **હેમાબા.**
દીપે છે હીરો દયા તણો રે; તેની છે કાન્તિ અતૂલ્ય રે, **હેમાબા.**
શી કહું શોભા સંતોષની રે; શીતળતા તેમાં સાર રે, **હેમાબા.**
નૌતમ નંગ છે નમ્રતા રે; કિમ્મત કોણ કરનાર રે, **હેમાબા.**
મ્હોટો મણિ મરજાદ છે રે; જાણે છે જન જે સુજાણરે, **હેમાબા.**
વળી એક હીરો વિવેક છે રે; પારસમણિને પ્રમાણ રે, **હેમાબા.**
આ જુઓ હીરો ઉદ્યોગ છે રે; પ્રતિદિન હોય જો પાસ રે, **હેમાબા.**
તેને રહે ન દરીદ્રતા રે; અંતરની પૂરે આશરે, **હેમાબા.**
ધીરજ હીરો જે ધરે રે; એતો ન કદિ અકળાય રે, **હેમાબા.**
હોય ક્ષમા હીરો જેહને રે; જગત તેનાથી જીતાય રે, **હેમાબા.**
હિમ્મત હીરો હૈયે ધરે રે; સિદ્ધ કરે સર્વે કામ રે, **હેમાબા.**
પ્રગટે છે પ્રૌઢ પરાક્રમો રે; નવ જુગમાં રહે નામ રે, **હેમાબા.**
નાણું ખરચતાં મળે નહિ રે, એવો હીરાનો છે હારરે, **હેમાબા.**
દલપતરામના દેવની રે; મેહેર થકી મળનાર રે, **હેમાબા.**

* * * *

માલણ ગુંથી લાવ ગુણિયલ ગજરો; તારા ગજરાનો માનીશું મજરો;
માલણ ગુંથી લાવ ગુણિયલ ગજરો.

તારા ગજરાનું આપીશું મૂલ, માંહી ગુંથજે ગુલાબનાં ફૂલ;
જે તું કહીશ તે કરશું કબુલ, **માલણ.**

જેવી હોય તારી ચતુરાઇ, તેવી કરજે તેની સરસાઇ:
કાંઇ બાકી ન રાખીશ બાઇ, **માલણ.**
એવી કરજે કારીગરી એમાં, જુક્તિ હોય જોવા જેવી જેમાં;
મોહ પામે મુનિવર તેમાં; **માલણ.**
કન્યા લાડકડીનારે કાજે, એવો ગુંથજે ગજરો તું આજે;
જેવો છત્રપતિને ત્યાં છાજે, **માલણ.**
ગજરો મૂલ પામે મૂલતાન, સારો સારો કહે સુલતાન;
થાય ગુણીજન જોઇ ગુલતાન, **માલણ.**
એમાં જુક્તિ જોવાજોગ જાણી, જુએ અંગમાં ઉમંગ આણી
રીઝે રાજા અને વળી રાણી, **માલણ.**
તને આપીશ હીરાનો હાર, વળી સોળ સારા શણગાર;
ઉપર હેમની મ્હોર હજાર, **માલણ.**
કવિતાની કિમ્મત ઉર આણે, એજ ગજરાનું મૂલ પ્રમાણે.
દાખે **દલપત** બીજા શું જાણે? **માલણ.**

આ અને આવાં બીજાં કેટલાંક ગીતો ગવાયાં, પણ હેમકળાના હૃદય ઉપર તેની શું અસર થઇ? હેમકળા તે વેળાએ મનમાં શું વિચારો કરતી હતી. હેમકળા ટુંકું ને ટચ એટલુંજ સમજતી, વિચારતી અને મનમાં બોલતી કે "લોકોની વચ્ચે મોઢેથી મારાં ગમે તેટલાં વખાણ કરો પણ તમારાં હૃદયમાં તે ક્યાં વસે છે? જો તમારાં હૃદયમાં તેમાંથી કાંઇ ખ્યાલ થયો હોત તો મને–મારે મતે–ઉકરડામાં શું ફેંકવા તૈયાર થાત કે?"

રાત્રે બારેક વાગે ફુલેકું ફરીને ઘેર આવ્યું, રાત્રે કપડાં ઉતારી બધાં નિંદ્રાધીન થયાં. હેમકળાને ઉંઘવાનું તો હતુંજ નહીં. હરિરત્નરાયનો પત્ર કેમ ના આવ્યો, એ અને, પાલક અને પોષક ગણાતાં માબાપો પણ આવાજ કઠોર હૃદયથી અને સ્વાર્થપરાયણી સર્વથા હશે? આ બેજ વિચારો તેને આવતા અને તેના ઉપર પછી અનેક તર્કવિતર્કની દિવાલો તે ચણતી હતી. બીજો દિવસ લગ્નનો હતો. લગ્નનો વખત થયો અને વરઘોડા સાથે વર આવ્યો, પોંખાયો, પ્રાથમીક ક્રિયાઓ તો પૂરી થઇ અને પૂજા શરૂ થઇ. પૂજા હાલના ગોર મહારાજે

અને જોશી ભટ્ટો કેવા પ્રકારે કરાવે છે એ જેઓને લગ્નનો રંગ જોવાનો પ્રસંગ આવ્યો હશે, તેઓને સર્વથા અનુભવ હશે. હિંદુ શાસ્ત્રની લગ્નની ઉચ્ચતમ વિધિ અને તેમાં ભરાયલું ઉચ્ચતમ તત્ત્વ તથા લગ્નમાં દમ્પતિએ જે મહત્તાપૂર્ણ અને મુશ્કેલીભરી પ્રતિજ્ઞા લેવી પડે છે તેવી કશીજ વિધિ કે પ્રતિજ્ઞા જોશી મહારાજે લેવડાવી નહોતી. બાહેર આવી ચોરીમાં સાજન સન્મુખ ફેરા ફર્યા અને તેથી લગ્ન પુરૂં થયું. આ લગ્નની ક્રિયા જોતાં કયાં સુજ્ઞ સ્ત્રી યા પુરૂષને એવો ખ્યાલ નહીં આવે કે પ્રાચિન કાળની મહત્તાપૂર્ણ લગ્નવિધિ અને પ્રતિજ્ઞાઓને અસ્થાન કરવા પછી આટલી વિધિની પણ શી જરૂર છે! હાલની વિધિમાં ડગલે ડગલે સંસ્કૃતમાં ગુજરાતી અને અન્ય ભાષાના શબ્દો બોલવા, અશુદ્ધ બોલવું, અસંબંધિત ગમે તે બોલવું, અર્થનો અનર્થ નીપજાવે તેવું બોલવું, બસ ગમે તેમ પણ ઘડીએ અને પળે પૈસો મુકો, રૂપાનાણું મુકો, રૂપીઓ મુકો; આજ વાત. આ વિધિ હાલમાં શાસ્ત્રની ખરી વિધિના નામે ઓળખાય છે. આવી પ્રતિજ્ઞામાં સર્વથી વધારે દર્શનીય ફાર્સ તો એ હોય છે કે, વર અને કન્યા બેઉ પક્ષના મંત્રો પુજન કરાવનાર પોતેજ બોલી જાય છે. કોને ખબર કે કોણ અને કોની સાથે લગ્નગાંઠથી જોડાય છે?!! આ જોડામાં ઉભય એટલાં તો સ્હમજુ હતાં, કે હેમકળા તેમજ તેનો પતિ ધારે તો પોતાને એકબીજાને બોલવાના મંત્રો પોતેજ બોલે. આમ છતાંય, હેમકળાનો પતિ પોતાના મંત્રો પોતે બોલતો, જ્યારે હેમકળાનું મોઢુંજ ચુપ થઇ ગયું હતું. સુશીલ અને શાણી હેમકળા આજે પોતાનું મોઢું પણ ઢાંકીને બેઠી હતી! કોણ જાણે કે ઘુંઘટમાં તે રડતી હતી કે હસતી હતી? પ્રભુને માલુમ! હેમકળાને તેના પતિએ કેટલાંક અટકચાળાં પણ કર્યાં. નખ પણ માર્યા. પણ તે બિચારી શું કરે? જેનાથી તેનું હૃદયજ નારાજ તેની સાથે શું ગમ્મત માણે!

લગ્નવિધિ પુરી થઈ. કન્યાદાનમાં જુદાં જુદાં સગાં સંબંધીઓ તરફથી જે કાંઈ મળવાનું હતું તે મળ્યું. કમમાં કમ હેમકળાને રૂપીઆ એક હજારની આવક થઇ હશે. પ્રીતિદા અને હૃદયભામા તરફથી પોતાની છબીઓ સાથેની હાથની એકેક બંગડી આવી હતી. બેઉની

દરેકની કીંમત ઓછામાં ઓછી રૂપીઆ સોની હતી. બંગડીમાં ઉભયની છબીઓ હતી. ડાબા અને જમણા હાથમાં સ્થાન કોણ મેળવશે તે હેમકળા જાણે ! !

સઘળા વીખેરાયા, સવાર થવા આવ્યું હતુ એટલે જેઓ વચમાંથીજ ઉઠી ચાલ્યાં ગયાં હતાં તેઓ તો ઉંઘવા પામ્યાં અને બીજાંઓ બીચારાં દાતણપાણી કરીને કામપર વળગ્યાં.

પ્રકરણ ૧૫ મું.

આશિર્વચન, સ્મર્ણભેટો.

લગ્ન અને લગ્ન પછીથી સગાં સંબંધી તેમજ સ્નેહી સહોદરો તરફથી મુબારકબાદી—આર્શિવચનના પત્રો અને સ્મર્ણભેટો આવે છે. આવી ભેટો વરકન્યા ઉભયને મોકલવાનો રિવાજ માત્ર હીંદમાં છે એમ નહીં પણ દુનિયાના દરેક દેશમાં છે. જ્યાં પણ લગ્નની ક્રિયાની સ્થિતિ છે ત્યાં આ રિવાજ પણ સ્થિતિમાં છે. દુનિયામાં એવો કોઇ પણ દેશ નથી કે જ્યાં લગ્નની પ્રથા ના હોય; તો પછી દુનિયામાં એવો કોઈ વિભાગ નથી કે જ્યાં આ રીતે ભેટો અને આશિર્વચન પાઠવવાને રિવાજ ના હોય ! કેટલાક દેશોમાં અને કેળવાયલાઓમાં ભેટો અને આશિર્વચનનાં સુંદર કાર્ડો યા બીજી ભેટો મોકલવાનો રિવાજ હોય છે ત્યારે આપણા હિંદુસ્તાનમાં અને બીજા દેશોમાં જ્યાં લોકોના વિચારોએ પાશ્ચિમાત્ય તત્ત્વ ગ્રહણ કર્યું નથી ત્યાંના લોકો—તે દેશોમાં—તેવા વિચારવાળા લોકસમાજમાં ચાંડલો કરવાનો રિવાજ છે. પણ આ ઉભયનો હેતુ—પ્રકાર અને ઉદ્દેશ એકજ છે. હેમકળાને તે બેઉ પ્રકારની નવાજેશો થઇ હતી. તેના નવા વિચારનાં સખી સહોદરો અને મુરબ્બીઓ તરફથી સ્મર્ણભેટો અને આશીર્વચનનાં કાર્ડો મળ્યાં હતાં, જ્યારે જુના વિચારનાં સગાં સંબંધીઓ તરફથી ચાંડલાના રૂપે રકમ મળી હતી. ઉભયમાં કાંઇ ખર્ચનો ફરક નથી પડતો. જેટલો ધારે તેટલો વધુમાં વધુ ખર્ચ કરી શકાય છે,

એ માત્ર સંબંધના મહત્વ ઉપર આધાર રાખે છે. નવીન વિચાર-વાળામાં એક ખાસ તત્વ એ જોવામાં આવે છે કે, જુના વિચાર-વાળાઓ આશિર્વચનનાં પત્રો વડીલોના નામપર પાઠવે છે અને તેથી જેને સારૂ આશિર્વચન મોકલવામાં આવ્યાં હોય તેને તો તે બહુધા જાણવામાંય નથી આવતાં, તેમ નથી થતું. આવા સંજોગોમાં પોતાને સારૂ આશિર્વચનો પાઠવનાર માટે આભારનો શ્વાસ લેવાનું તો કેમજ બને, વરને તો ચાંડલો પણ કોનો આવ્યો છે એ વિષે પણ જુના વિચારવાળા-ઓમાં તો સમજ નથી પડતી. માત્ર કન્યાને આવેલી રકમ કન્યાનેજ આપવાની હોવાથી તે વિષે કન્યાને ખબર પડે છે. હેમકળાને ભેટમાં એકંદર કેટલી રકમ આવી તે આપણે ગત પ્રકરણમાં જાણી ચૂક્યા. પ્રીતિલા અને હૃદયભામા તરફથી તેને શું પ્રાપ્ત થયું તે આપણે જાણ્યું. હેમકળાની તે ઉભય સખીઓએ લગ્ન અવસરમાં હાજરી નહીં આપી અને છતાંય ભેટો મોકલી આપી ત્યારે તે સાથે હેમકળાને કાંઈક પત્ર પણ મળ્યો હોવો જોઇએ ! શું મળ્યો હશે ? વળી હેમકળા જે હરિ-રત્નરાય ઉપર પોતાના પ્રાણ ઓવારી ચૂકી હતી, તેના તરફથી તેને કશુંય પ્રાપ્ત થયું હોય એમ પણ આપણે જાણતા નથી ! શંકાને માટે સ્થાન છે કે, હરિરત્નરાય જેવો વિનયચંદ્રનો સ્નેહી, સુધારક અને વળી હેમકળાનો પ્રાણસ્વરૂપ હેમકળાને આવા માંગલિક અવસરે યાદ પણ ના કરે ! અદ્યપિ તેવીજ સ્થિતિ છે. અદ્યપિ હેમકળાને હરિરત્નરાય તરફથી કાંઇ પત્ર કે ભેટ નથી મળી ! હેમકળાના પિતા ઉપર પણ કશું નથી આવ્યું. તેનું શું કારણ ? ધીરજ ધરો અને આજની ટપાલ જુઓ. તેમાંથી કદાચ્ જાણવાનું મળશે.

સહવારનો સમય પસાર થયો. બપોરના બારેક વાગ્યા. હેમકળાના નામની, કૃષ્ણાના નામની, વિનયચંદ્રના નામની અને અન્ય આવેલાં સગાં સંબંધીઓના નામની થોડીક ટપાલ હતી. પોષ્ટમેન (ટપાલવાળો) બંડલ બાંધી ટપાલ લાવ્યો હતો, પણ ઘરે લગ્ન જેવો પ્રસંગ હોવાથી શેઠ કાંઇક ખુશી કરશે એવી આશામાં સિપાઇ—ટપાલવાળો ટપાલ મુંગે મોંઢે આપી જતો હતો ! હેમકળાની ટપાલ આજે સર્વથી વધારે હતી અને તેમાં એક પત્રપર નોટપેડ અને 'અનક્લેમ્ડ' 'માલિક મળતો નથી.' એવો શેરો થયલો હતો. ટપાલવાળાએ તે માટે લેવાના પૈસા પણ

આશાની ધુનમાં ભૂલમાં માચ્યાજ નહીં. કોઇનું ધ્યાન પણ એ વાત તરફ નહીં ગયું ! એ પાછો આવેલો પત્ર કોનો હશે. એ વિચાર પણ આજે કાર્ય પુષ્કળ હોવાથી કોઈને નહીં આવ્યો. રવાના કરનાર તરીકે "હેમકળા વિનયચંદ્ર" એટલું હતું એટલે તે તેને આપી દેવામાં આવ્યો ! હેમકળાની ટપાલમાં અનાયાસે તે પત્ર ઉપરજ પ્રથમજ તેના જોવામાં આવ્યો. હેમકળાએ પત્ર નિરાશાના શ્વાસ સાથે છાતી સરસો ચાંપ્યો અને તેના ઉપર એકાદ બે અશ્રુબિંદુ ટપકાવ્યાં; "તેમને તે પત્ર કેમ નહીં મળ્યો હોય ? 'નોટપેડ' હોવાથી નહીં લીધો હોય ? તેઓએ મોકલનાર તરીકે મારૂં નામ વાંચી તે પત્રનો અનાદર કર્યો હશે. ખરૂંજ; કદાચ્ તેમ હોય. કેમકે, જેને ઘરમાં નહીં સ્થાન તેને ક્યાંયે નહીં સ્થાન ! તેઓ બાહેરગામ તો નહીં ગયા હોય !" આવાને આવા અનેક તર્કવિતર્કો કર્યા અને પત્ર ફોડયા વિનાજ ફાડીને બાળી નાંખ્યો. કેમકે રખેને તે કોઇના જોવામાં આવે, અને વળી કાંઇક વીપરિત પરિણામ સહન કરવું પડે.

ટપાલનો બીજો પત્ર જોતાં–તેના કવરપરના અક્ષર જોતાં નિરાશા એકાએક દૂર થઇ, અને આશાની નહીં તોપણ ઉત્સાહની, ચેતનતાની છાયાએ હેમકળાના ચહેરા ઉપર સ્થાન લીધું ! શું કારણ ? તે પત્ર હરિરત્નરાયનો હતો. વાંચક ! તમે પણ તેમાં શું લખ્યું હશે તે જાણવાને આતુર હશોજ. લો વાંચો. પત્ર નીચે મુજબ હતો:—

"બ્હેન હેમકળા,

"તમારા શીરોનામથી પત્ર પાઠવવાનો આ મને પ્રથમ પ્રસંગ
"મળે છે અને તે છેલ્લોજ છે કે કેમ, તે પ્રભુ જાણે. ભવિષ્યમાં
"તમારા પતિ જો તમને પરવાનગી આપશે તોજ આપણો પત્રવ્યવહારનો
"તો શું પણ કશોય માત્ર સંબંધ રહી શકશે. આપણા નિર્મળ
"અને ભ્રાતૃ–ભગિની ભાવ વચ્ચે ઇશ્વર એવો અવરોધક નહીં થાય
"એમ મને તો વિશ્વાસ છે !

"તમારાં લગ્ન વિષે તમારા પિતાએ મને એકાદ મહિના ઉપર
"એક પત્ર લખ્યો હતો અને તેનો મેં ઉત્તર પણ આપ્યો છે. તેઓ
"જ્યાં જેની સાથે તમારૂં લગ્ન કરે છે, ત્યાં તમારૂં હૃદય રાચતું નથી,
"અને બીજી દ્રષ્ટિએ જોતાં તે કરતાં વધારે લાયકાત ધરાવનારો વર

"તમારી જ્ઞાતિમાંથી મેળવવાનું મુશ્કેલ છે, એ જાણી દીલગીરી સ્વભા-
"વિકજ થાય. છતાં તે માટે સંતોષ પકડવા સિવાય કશોય ઉપાય નથી.
"જો ઇશ્વર તમને એથી વધારે લાયક વરની સહોદરી બનાવવા ચાહતો
"હોત તો તેવા પ્રકારનો એક યુવક તમારી જ્ઞાતિમાં તે પરમપિતા
"અવશ્ય પેદા કરતજ. પણ તેમ નથી થયું, ત્યારે તેની તેવી ઇચ્છા
"નથી એમજ માનવું જોઇએ; અને તેની ઇચ્છા આગળ મનુષ્યના ગમે
"તેટલા પ્રયત્ન અફળ નીવડે છે એ વાત ઉપર તો, બ્હેન! તમને પણ
"શ્રદ્ધા હશેજ.

"આવા લગ્નથી હાલ કદાચ તમે તમારા પિતા કે માતા અથવા
"ઉભય ઉપર ચ્હીડવાયાં હશો, પણ મારો આ પત્ર વાંચવાથી તમે શાંત
"થશો, એમ આશા રાખવી નિરર્થક નહીં જાય તો ઠીક. જે કર્યું છે
"તે ઇશ્વરે કર્યું છે એમ માની ધીરજ ધરજો અને નિરાશ કદીય ના
"થશો. હિંદુ—યશસ્વી હિંદુ—આર્ય પ્રજાના પ્રાચિન ઇતિહાસમાં પણ
"આવા બનાવો બનેલા જોવામાં આવે છે અને તેવાં ઇતિહાસિક ચરિત્રો
"વાંચશો તો તમને સહજજ કાંઇક આશા આવશે. તમને જણાશે
કે આવા સંજોગો જે જે વખતે અને જે જે આર્ય અબળાઓના
"સંબંધમાં બન્યા છે, તેણે ધીરજ ધારી પોતાના પતિને સુધારી,
"પોતાને યોગ્ય બનાવી લેવાનું બીડું ઝડપ્યું હતું. આ પ્રયાસમાં તેઓ
"અંતે પાર ઉતરી હતી અને પોતાનું જીવન સુધારી શકી હતી.
"તમારે માટે નિર્માણ થયલા પતિ આવી પંક્તીના તો છેક નથી અને
"તો પછી તમને તો થોડા પ્રયત્ને રૂડું ફળ મળશે.

"પરમાત્માએ તમારી કસોટીજ માત્ર આથી કરી છે એમ મા-
"નજો. બ્હેન! યાદ રાખજો કે,

" રે! કર્મ કસોટીથી કંટાળ માં;
" ધરી ધીર વીરની પેઠે, વિહારમાં વશ.
" બસ રાખી અંતર સાહસ યશ
" ફસ ન દુઃખની દાહાડમાં, જંજાળમાં—રે કર્મ.

"સુજ્ઞ છો. વધુ શું લખું. બને ત્યાં સુધી ભાઇને અહર્નિશ ચાહશો.
"કામકાજ મારા યોગ્ય હોય તે ખુશીથી લખશો. હું હાલમાં અત્રે છું.
"એકાદ અઠવાડ્યામાં હું અત્રેથી નીકળીશ, અને મુંબઇ આવીશ. મારો

---

૨ મહીના સુધી માથાના દરદથી હું પીડાતો હતો તેમજ શરીર સાવ ગ્લાનિ-

"રંગવાના કામનો અનુભવ મેળવવા જર્મની જવાનો મનોભાવ છે !
"હાલ તો એજ. પિતાશ્રી ઉપર મોકલેલી નજીવી ભેટ સ્વીકારી ઉપકારી
"કરશો. તમારૂં ભવિષ્યજીવન સુખદ હો. લી. તમારો હિતૈષી ભ્રાતા
"કલકતા, તા......૧૯... હરિરત્નના આર્શિવચન.

હેમકળાના હૃદય ઉપર પત્રની શી અસર થઇ હશે ? તે પણ જુઓ. નિરાશ થયલી હેમકળાને કાંઇક આશા આવી ! 'પિતાએ અને માતાએ પોતાથી બનતું કર્યું છે, ગમે તેમ પણ થવાનું હતું તે હવે થયું છે. હવે તો માથે જે ટપલાં પડે તે સહેવાં, તેમને સુધારવા પ્રયત્ન ચાલુ રાખવો, ગમે તેવી સ્થિતિમાં તેમની ચર્ણરજ માફક જીવન વ્યતિત કરવું. હરિરત્નરાય ભાઇ પણ મને તેમાં મદદ કરશે.' આ અસર હરિરત્નરાયના પત્રથી થઇ. હરિરત્નરાય ઉપરનો પ્રિયકરભાવ હવે નષ્ટ થયો અને આજે પ્રથમ વેળાજ તેના માટેનો ભ્રાતૃભાવ હેમકળાનાં અંતરમાં પ્રગટયો.

બીજા પત્રોમાં ઘણા સુંદર કાર્ડો આર્શિર્વચનના રંગબેરંગી અને કારીગરીના નમુનારૂપ કાર્ડો, કાવ્યો, સુગંધી, જવાહીરો, અલંકારો, ઘડીઆળો વગેરે ભેટો હતી. છેલ્લે તેના જોવામાં પ્રીતિદા અને હૃદયભામાનો પત્ર આવ્યો. એ પત્ર પણ ટુંકો અને અર્થસૂચક હતો. હેમકળાનાં હૃદયમાં હરિરત્નરાયના પત્રથી જે આશા પ્રકટી હતી તેને તેથી પોષણજ મળ્યું. એ પત્ર નીચે મુજબ હતો :

"સમોવડાં થજો અને સમોવડ બનાવજો."

" બ્હેન હેમકળા. "

"તમારાં લગ્ન અવસરમાં હાજરી નહીં આપવા–ભાગ નહીં લેવા
"માટે ક્ષમા માગવાની જરૂર અમને નથી જણાતી જે અવસરમાં તમે
"આનંદિત ના હો, તેમાં અમારે આનંદ માણવાનો શાનો હોય ! આ-
"થીજ, તમારી તરફ અમારી તરફની નજીવી ભેટ નોકર સાથે મોક-
"લાવી આપી છે. તે સ્વીકારી હશે. હવે પરિણામ આવી ગયું છે
"અને તેથી હવે જુના વિચારો બાજુએ મૂકજો, વાંચીને જે શીખ્યાં
"હો ને જે વીચારો બંધાયા હોય તે છોડી દેજો અને તેમના વિચારોનાં
"હેમકળા બનજો. ટુંકામાં એજ કે ઉપરોક્ત વચનને અહર્નિશ
"હૃદયસ્થ કરજો. પ્રસંગમાંથી પરવાર્યા બાદ બને તો મળજો.

પ્રીતિદા અને હૃદયભામાના આર્શિર્વચન."

ગયું હતું ઘણા ઉપચારો કર્યા પણ કાંઈ ફાયદો થયો નહિ. આખરે

હેમકળાએ પોતાનો બધો ટપાલ જોઇ લીધો; એટલામાં તેના પિતા તથા માતા ઉપર તેના ઉપરની આવેલી ભેટો પણ નોકર લઇ આવ્યો. હરિરત્નરાયની ભેટ પણ તેમાં હતી. હરિરત્નરાય તરફની ભેટમાં તેની મર્હુમ પત્નિની છબી હતી અને નીચે "પતિ ભક્તિ એજ ઇશ્વર ભક્તિ" એ વાક્ય હતું. હેમકળાએ પિતા-માતા દ્વારા મળેલી સઘળી ભેટો પણ જોઇ લીધી, અને પછી પોતાના દ્વારા માતા-પિતાના હૃદયમાં ઉપજેલાં દુઃખ માટે તેમની પાસે જઇ નમી પડી, રડી પડી. ઉભયે પસવાળી આશ્વાસન અને આશિર્વાદ આપ્યાં.

પ્રકરણ ૧૬ મું.

ભરમાવું !

વા વાવાથી નળીયું ખસ્યું;
તે દેખીને કુતરૂં ભસ્યું !

દુનિયા દોરંગી છે, એ લોકમત સર્વથા સત્ય છે, એમ ભલે વારંવાર ના માનીએ પણ અનેક વાર આપણે પ્રત્યક્ષ અનુભવીએ છીએ. આજ વરકન્યા વળાવવાનો દિવસ છે, અને હેમકળાનો પતિ તેથી આજે હેમકળાનાં પિયરમાં છે. હેમકળાનાં પિયરમાં ત્હેના આનંદ માટે એક ખાસ ઓરડો કાઢવામાં આવ્યો છે અને ત્યાં હેમકળાનો પતિ અને તેના મિત્રો વગેરે આનંદ કરે છે. હજુ હેમકળાને તેની પાસે કે તેના ઓરડામાં પણ જવાનો અધિકાર નથી ! હેમકળાના પતિના મિત્રો ઘણા મશ્કરા હતા, અને આવા અવસરમાં સ્વભાવિકજ મિત્રો મશ્કરી કરવાની સારી રીતે અને કદાચ કોઇ વાર તો હદથી વધારે છૂટ પણ લે છે ! હેમકળાના પતિ પાસે તેના ચાર પાંચ મિત્રો બેઠા હતા એટલામાં એક મિત્રે મશ્કરી કરતાં કહ્યું; 'ભાઈ લગ્ન તારૂં થયું, તેમાં અમને શું ? તું મોજ પામશે અને અમે ફોકટમાં તારી સાથે વખત ગુમાવીએ એમ કે !

બીજા મિત્રે વચમાં કહ્યું કે, "નહીં, નહીં; એને મૂઝવશો નહીં. હમણાં તમારે માટે મીઠાઇ આવશે, આઇસક્રિમ મગાવશે, બદામ પિસ્તા ખવડાવશે, કઢેલાં દૂધ પાશે. તમે એમ એને મુઝાવો નહીં."

ત્રીજા મિત્રે પક્ષ ખેંચનારને ટેકો આપી વહાલા થવા જતાં કહ્યું, "નહીં, નહીં. તમને બધાંને અને મને પણ 'ભાભી' કહેવાનો લાભ મળશે; ભાભીના હાથનું પાણી—ચાહ વગેરે પીવા મળશે અને કોઇક વાર ભાભીના હાથથી સારી રસોઈ પણ પામીશું."

ચોથા મિત્રે વળી નવુંજ ડીંગ ઠોકયું, "નહીં, નહીં; ભાઇ એમ વિચાર કરે છે કે, આમ એક મીજબાની આપવી કે, પ્રસંગે ભેગા થવાની રાહ જોવી."

પહેલાજ મિત્રે વચ્ચે પોતાનું કથન ઉડી ના જવા પામે તેવા હેતુથી કહ્યું કે, "એમ નહીં, એ પ્રસંગ ભેગા થવાની આશા કરતાં તો લગભગ વરસ દહાડો રાહ જોવી પડે. અત્યારે આ એકનું પતાવો. એકવડો આનંદ માનો. તે વેળાએ તો આપણે બેવડો આનંદ રહેવાનોજ. જો ભાઈ બોલવા ચાલવાની મના નહીં કરે તો એક ઉજાણી ભાઈ પાસે અને એક ઉજાણી ભાભી પાસેથી અને વળી ત્રીજી બેઉ પાસે; કેમકે એ ફળ ઉપર બેઉનો સરખો હક્ક રહેશે, બન્ને વચ્ચેનો એથી દઢપ્રેમ થશે, બન્નેને બાળક રમાડવાનો એક સરખો આનંદ મળશે."

હેમકળાનો પતિ છેલ્લી મશ્કરીથી ચ્હીડવાયો અને કંટાળીને કહ્યું, "તમને તો કોઇને બીજી કંઇ મશ્કરીજ સુઝતી નથી શું? ના ફાવે તો ના બોલીએ."

એક મિત્રે આશ્વાસન આપતાં કહ્યું, "ભાઇને ચ્હીડવો નહીં. ભાઇ એવા સ્વભાવના નથી, કે આપણે કબુલાત લેવી પડે. તેમને એવો રૂડો અવસર પ્રાપ્ત થશે ત્યારે શું તેઓ આપણા કહેવાની પણ રાહ જોવાના છે કે? એ તો આપણને ઘેર બોલાવવા મોકલશે અને ભાભી સાહેબ પણ એમની સહીપર્ણીઓને પોતાના આનંદમાં ભાગ લેવાને આમંત્રણ કરશે."

એક બીજા મિત્રે ચ્હીડ વધારવાને કહ્યું, 'હવે બધી શેખાઇની વાત જવા દો. ભાઇ અને ભાભીના નામ નીચે અત્યારથીજ પુમલાઇ ના જાવ. ભાભી તો સુધારક છે તે તમારી બૈરીઓ જેવી હાહા—હીહી

---

૮ દીવસમાં હું અસલ સ્થીતીમાં આવી ગયો.

કરનારી સ્ત્રીઓના સમાગમમાં પણ આવશે કે? આશાના કિલ્લા બાંધ્યા કરો.'

વળી એક ત્રીજા મિત્રે ઠંડુ પાણી છાંટતાં કહ્યું કે, 'ભાઇ ભાભીને સુધારશે અને ઠેકાણે લાવશે. એ બાબતમાં ભાઇ કાબેલ છે.'

વળી એક અન્ય મિત્રે મશ્કરીનો રંગ ઉરાડતાં કહ્યું કે 'ભાઈ ભાભીને ઠેકાણે નહીં લાવે તો ભાભી ભાઇને પોતાના જેવા બનાવશે. દુનિયામાં મોહિની ફેલાવવામાં સ્ત્રીઓ ફાવે છે એટલા પ્રમાણમાં પુરૂષો ફાવ્યા છે શું?; અને કદાચ સ્ત્રીઓને પુરૂષો આધિન થઇ ના વર્તે તો સ્ત્રીઓ તેની દરકાર પણ ભાગ્યેજ કરે છે. સ્ત્રી ચરિત્રનો એ તો એક પ્રકાર છે..........."

આગળ બોલવા જતા મિત્રને અટકાવી એક મિત્રે કરડાઇથી બોલવું શરૂ કર્યું કે, " અને આ ભાભી તો વળી સૂધરેલાં અને ભણેલાં ગણેલાં છે. સ્ત્રી સ્વાતંત્ર્યના પવનથીજ ભરાયલાં હશે ને ભાઇ કહે એમ બધું કરશે કે ?"

હેમકળાના પતિએ આ મશ્કરીથી કંટાળી તેનો અંત આણુવાનો મનોભાવ કર્યો. મિત્રોને માટે ખાવાનું, આઇસક્રિમ વગેરે મગાવ્યું. સઘળાએ તે લીધું. સાંજના સઘળા ફરવા ગયા અને ફરીને પાછા આવતા સઘળા પોતપોતાને ગ્રહે જવા છુટા પડયા. હેમકળાના પતિનું તે પછી શું થયું ?

રાત્રે પલંગમાં પડયો પડયો હેમકળાનો પતિ મનમાં ને મનમાં બબડે છે કે, 'શું તે સુધારક છે એટલે સ્વતંત્રતાની પુતળી હશે ? તે બસ એની સ્વતંત્રતાની લેહમાં મારા વિચારોને સન્માન નહીં આપે, અને મારે તેના થવું પડશે ?.........કદાપિ બને નહીં. સ્ત્રીઓના થઇને રહેવું એ મરદનું કામ નથી. હું તેને ગમે તેમ કરી ઠેકાણે લાવીશ.........પણ શું ઠેકાણે લાવીશ ? કોને લાવીશ ? કેવી રીતે લાવીશ. જુના વિચારની બાઇ હોય તો બે સોટી કે તમાચા મારી કે જ્ઞાતિની યા લોકલજ્જાની બ્હીક બતાવીને પણ ઠેકાણે લાવી શકાય. સુધારક પવનમાં પલોટાયલાંને તેવું કહેવું તે નિરર્થક છે. એ તો ધણી ધણીઆણીના ઝઘડા કોર્ટમાં લઇ જવામાં, પતિની પોતાને

પસંદ ના આવે તેવી આજ્ઞાનું છડે બજારે અપમાન કરવામાં, ઘરમાં બધાંને ભૂખે મરતાં રાખી સભામાં હડીઓ કાઢવામાં પોતાના શિક્ષણનો વિકાસ માને છે........એવાઓ સાથે બહુ માથાફોડ કરવા કરતાં તેવાંની સાથે તો, તે સીધી ચાલે ત્યાં સુધી ઠીક નહીં તો નવગજના નમસ્કાર કરી દૂરજ રહેવું સારૂં.'

હેમકળાના પતિને આવીને આવીજ વિહ્વળ સ્થિતિમાં રહેવા દઇએ અને ચાલો આપણે હેમકળાને સાસરે વળાવી ઉભયને સાથે મેળવીએ.

પ્રકરણ ૧૭ મું.

શ્વસુર ગૃહે.

સ્મિત પ્રભારૂપી રૂડી, ચાંદનીની બહાર આવી,
મુખ ચંદ્રમાંથી સુખ, સુધાને ફેલાવતી;
પ્રિતમનાં પ્રેમીને, કુમુદ વિકાસ પામે,
રતિ રૂપી ચકોરીનું, ચિત્ત હરખાવતી;
ઠંડક સમાન આપે, શીતળ બહુ જણાય,
એવી રીતે ચંદ્રિકાના ગુણ સૌ ધરાવતી;
પરંતુ એ કોણ જાણે ? કેવો છે તલેસ્માન,
દૂર હોય ત્યારે દીસે, અગ્નિને વરસાવતી.

* * * *

એજ સ્મિતે કર્યું હશે, કૃષ્ણનું રાધાએ ચિત્ત,
સુભદ્રાએ કુન્તિ-પુત્ર મોહિત કીધો હશે ?
એજ સ્મિતે દુષ્યંતની, ફેરવેલી હશે દ્રષ્ટિ,
એજ સ્મિતે વિશ્વામિત્ર ગર્વને હર્યો હશે;
એજ સ્મિતે પુરૂરવ, લુબ્ધ થયો ઉર્વશીમાં,
એજ સ્મિતે નળરાય સતીથી ઠર્યો હશે;
એવું સ્મિત નહીં જોઉં ફરી ફરી એમ ધારી;
પ્રિતમ મદાલસાનો ઘેલો થઇ ફર્યો હશે.

સ્વ. ગુલાબશંકર કલ્યાણજી વોરા.

હેમકળાને શ્વસુરે ગૃહે વળાવવાનો,-વરકન્યા વળાવવાનો આજે મુહુર્ત દિવસ છે. એ વાત તો વાંચકો સ્હમજી શકશે કે લગ્નનાં દિવસોની હેમકળા એજ હેમકળા આજે સવારમાં હોવા છતાં ચિત્તદર્શનથી કહી શકાય કે લગ્નના દિવસો દરમ્યાનની હેમકળા અને આજની હેમકળા એ ઉભય સર્વથા ભિન્ન છે. આજની હેમકળા 'પ્રભા હેમકળા' છે. આજે 'રસજ્ઞ હેમકળા' છે. આજે 'પ્રફુલ્લ હેમકળા' છે. આજે 'ઉત્સાહદ્રશ્ય હેમકળા' છે. આજે તે ચપલા જણાય છે. પોતાને વિદાય કરવાને કોણ કોણ આવ્યું છે તે સઘળું હેમકળા નિરીક્ષણ કરે છે અને જરૂર પડે તો કોઇ નહીં આવેલાં જનો માટે માતાને યાદ પણ આપે છે. હેમકળાની સખીઓ તો આજે પણ આવી નથી. તેમને બીચારીઓને શું ખબર કે હેમકળા ફરી ગઇ છે! તેમની સખી હેમકળા નવી હેમકળા થઇ છે? હેમકળાએ એક ચીઠ્ઠી મોકલી સખી મંડળને આમંત્રણ કર્યું. અર્ધ કલાકમાં તો સઘળી સખીઓ ત્યાં ભેગી થઇ ગઇ અને આનંદ કલરવ મચી રહ્યો. હરેક સહીપણી '\u0062હેન! મને બોલાવશો કે?', 'બ્હેન, હવે અમને યાદ કરશો કે?', 'બ્હેન તો હવે રસ હીંડોળે હીંચવાનાં એટલે આ છેલ્લી ભેટ-છેલ્લી સલામ.' 'ના, બ્હેન! હું તમને રોજ મળીશ, તમને કદાપિ નહીં ભૂલીશ' વગેરે પરસ્પર હાસ્યવિનોદ ચાલતો હતો. વરકન્યા વિદાય કરવાનો વખત થયો. હેમકળાની સખીઓએ અને અન્ય સ્ત્રી સમાજે ઘટતા શબ્દપરિવર્તન સાથે ગાવા માંડ્યું:—

સતી ધર્મ સખી શાસ્ત્રકારોએ લખ્યા જો;
કહુ પ્રેમથી હૃદે ધરો તે પાળવા જો.
શાણો મંત્રી રૂડી શીખ દે ભૂપાલને જો;
બની મંત્રી વિશ્વતંત્રે દોરો નાથને જો.
માતા લાડથી જમાડે પ્રિય બાળને જો;
તેમ વહાલથી જમાડો પ્રિય પ્રાણને જો.
જગત ઝાળથી બળ્યા ઝળ્યા પતિ તણી જો;
રીઝવવા પતિને નેત્ર નંદિની બની જો.
વિકટ વિશ્વ પંથના પ્રયાણમાં સખી જો;
વિચરવું પતિને અનુકૂલ રહી જો.

આપે છે.

સખી વિશ્વના અક્ષુણ્ણ તાપને વિષે જો,
બની છાય, સેવને પતિ પ્રતિ પળે જો.
ગમે તેમ હોય તોય પતિ સંગમાં જો;
ક્ષમાશીલ થજો બ્હેન ધરિણી સમા જો.
સખી કર્મને સંજોગે પામ્યા જે પતિ જો;
પૂજો પ્રેમભર્યા વિશ્વતરણી ગણી જો.

(દયારામ.)

આ અને આ'વા બીજાં પ્રાસંગિક અને બોધક ગીતો ગવાતાં હતાં. વરકન્યા સામૈયા સાથે વિદાય થયાં. વર અને કન્યાની વચ્ચમાં હેમકળાનો નાનો ભાઇ કુસુમ બેઠો હતો. આવા પ્રસંગે અનેક હિંદુ સંસારમાં એક દુર્ઘટના જોવામાં આવે છે; ને તે એ કે, કન્યાપક્ષથી માબાપો અને સખી સહોદરો વગેરે રડવા માંડે છે. રૂદનપ્રકાર સામાન્ય રીતે નિંદ્ય અને અપશુકની ગણાય છે; છતાંય હિંદુ સંસારમાં એ દુર્ઘટનાને દૂર કરવાને કશુંય ધ્યાન નથી અપાતું એ શોકજન્ય છે. મનુષ્ય માત્રને માટે—પછી સ્ત્રી હોય યા તો પુરૂષ—લગ્ન કરતાં વધારે મહત્વનો કોઇ પ્રસંગ નથી. સ્ત્રીઓનો ભાગ્યપ્રભા આજથી પ્રગટે છે. માબાપો એક મહાન ઋણમાંથી આજે મુક્ત થવા પામે છે, અને તેમ છતાંય પોતાને માટેના મહાન ઉત્સવ પ્રસંગે—પોતેજ ઋણમાંથી મુક્ત થાય તેવા પ્રસંગે આ રીતે રૂદન કરે એ આશ્ચર્ય અને ખેદજન્ય છે! હેમકળા શ્વસુરગ્રહે પ્રવેશી એટલે સાસુને પગે લાગી પાયે પડી અને સાસુએ ઓવારણાં લઇ આશિર્વચન આપ્યાં. આશિર્વચનનું નીચલું કાવ્ય ગવાયું:—

આર્યબાળા હે! તમે આ ગ્રહ તણા દિવા થજો,
કુટુમ્બમાં આનંદને, વળી પરિવાર વધારજો;
ગ્રહકાર્યમાં કુશળ બની, પતિ પ્રેમમાં નવરાવજો,
પ્રેમે પધારો સુંદરી, કુંકુમ તણાં પગલાં થજો.
સાવિત્રી સમ પ્રિય નાથને સંસારમાં સહાયક થજો.
લક્ષ્મણ સમા સૌ ભાંડુપર સદ્‌ભાવ ઉત્તમ રાખજો;
સંસાર ને વ્યવહારમાં કિર્તિ સદા પ્રસરાવજો,
પ્રેમે પધારો સુંદરી, કુંકુમ તણાં પગલાં થજો.

અમ પુત્રનાં છો મંત્રીજી, સાચી સલાહો આપજો,
નિજ જન્મભૂમિની સેવમાં આનંદથી તલ્લિન થજો.
દાસી તમે, રાણી તમે, આ નાવ પાર ઉતારજો,
પ્રેમે પધારો સુંદરી, કુંકુમતણાં પગલાં થજો.

(વિદ્યાવિલાસી.)

કેવાં રૂડાં આર્શિવચન અને કેવો રૂડો બોધ ! કિંતુ હિંદુ સંસારનો એ અનુભવ કોને નથી કે પુત્ર વધુને ગ્રહમાં પ્રવેશતાં રાજકુંવરી જેટલું સન્માન આપે અને બીજીજ ક્ષણે તેને અને તેનાં પિતૃપક્ષનાં કુટુમ્બીઓને જોખી તોલીને, સત્યતા અને મર્યાદાને ચોમાસાનાં પૂરમાં તણાતાં મૂકીને, ગાળીપ્રદાન કરે ! હેમકળા પણ હિંદુજ છે. અત્યારસૂધીનાં ચિત્રાલેખનથી જોયું છે કે, ઉપરથી સુધારક જણાતાં જુના વીચારવાળા કરતાં પણ કેટલા અને કેવા પ્રકારે ભૂંડાં હોય છે. આજે એ પણ અનુભવમાં નોંધી રાખજો કે ચોપડીના વાંચનના આધારે થોડોક સમય જે જ્ઞાન દર્શાવી શકાય છે, તે આત્મામાંથી વહેતું નથી અને તેથી તેઓ બીજી ક્ષણેજ પોતાના પેઢી દર પેઢીથી સંસ્કાર પામેલા સ્વભાવનું દર્શન કરાવે છે. હેમકળાને મેણાંટોણાં દેવાની શરૂઆત હવે થઈ છે. હેમકળાને કરવામાં આવેલા કરીયાવરમાં વાંધો; હેમકળાને લુગડું પહેરવાની રીતમાં ભૂલ, હેમકળાની ઝાડુ કાઢવાની ભૂલ, હેમકળાની પાણી ભરવામાં ભૂલ, હેમકળાની ખાવામાં ભૂલ, હેમકળાની હરવા ફરવામાં ભૂલ, ઘડીએને પળે હેમકળાની ભૂલજ હવે ઘરનાં વડીલો અને ખાસ કરી સ્ત્રીસમાજ નિહાળવા લાગ્યો. ઘરમાં પ્રવેશતાં 'સુંદરી' પદ પામેલી હેમકળા હવે ભૂલથી ભરેલી ભૂંદરી જેવી ગણાવવાને ચોતરફથી શરૂઆત થઈ. હેમકળાને આવાં ચિત્રો કાંઇ નવાં જોવાનાં નહોતાં. હેમકળાએ આવાં ચિત્રો અનેકવાર જોયાં હતાં એટલે તેને તેથી કાંઇ આશ્ચર્ય પણ નહિં લાગ્યું અને કાંઇ ખેદ પણ ના ઉપજ્યો. હેમકળા તો એટલુંજ સમજતી હતી કે 'પતિ તરફની અમિદ્રષ્ટિ નિહાળવાની મળશે તો આખા દિવસનો પરિતાપ, કષ્ટ-કલેશના શમી જશે.' આમ કરતાં કરતાં સંધ્યા પસાર થઇ ગઇ. રાત્રીના નવેક વાગ્યા. નોકર સૌ સૌના ઓરડામાં બિછાનાં બિછાવી આવ્યો. હેમકળાના પતિના ઓરડામાં પણ પલંગ બિછાવી આવ્યો

હતો. ટેબલ ઉપર એક નાની બત્તી સળગતી હતી. ચારે બાજુએ તેના પતિની અને તેના મિત્રોની જુદી જુદી જાતની છબીઓ હતી. કોઇક સાઇકલપરની હતી, તો કોઇક ઉઘાડે માથેની હતી, કોઇ ક્રિકેટની રમત લેવાની હતી, તો કોઇક નાચના મેળાવડા વેળાની હતી. સઘળી છબીઓ આવાજ પ્રકારની હતી. હેમકળાના પિતાને ત્યાંની છબીઓ અને આ છબીઓમાં વાંચક ! તમને કશો ફેર લાગે છે ? તમારાં હૃદય ઉપર કશીય ન્યારી અસર નીપજે છે ? હજુ જુઓ. ચારે બાજુ ખસનાં કુંડાં હતાં. ઇલેક્ટ્રીક પંખો હતો, બીજી સુગંધીઓની સુવાસ પણ ઓરડામાં આવતી હતી. ટેબલપર ડઝન બેડઝન નાટકની ચોપડીઓ પડી હતી. એક હારમોનીયમ પડયું હતું. એક ખુણામાં ચોકડી હતી. તેના ઉપર ખીંટીએ હમેશા એક ટુવાલ રહેતો હતો અને સાથે પાત્રપર ડાબડીમાં સાબુ રહેતો હતો. જુદી જુદી જાતના બુટ વોકીંગ સ્ટીકસ અને એવો બીજો સામાન હતો. ટેબલ ઉપર એશઆરામ આપે તેવી દવાઓની થોડીક શીશીઓ પડી હતી અને સાથે દવાના માપનું ગ્લાસ પડયું હતું. ટેબલ ઉપર પડેલાં બીજા અસ્બાબમાં આલ્બમ હતું, જેમાં જુદાજુદા પ્રકારનાં પ્યારનાં ચિત્ર–કાર્ડો હતાં. હેમકળા પોતાના પતિથી વિરૂદ્ધ શા કારણે હતી, તે વાંચક ! હવે સહમજાયું ? આવું જેટલું વર્ણન આ ઓરડાનું કરીએ તેટલું ઓછું. એટલું સંતોષકારક હતું કે તેનામાં કશુંય દુરાચરણ નહોતું; તેમ તેને દુનિયાનો કશો ખ્યાલ પણ નહોતો. એ એટલુંજ સહમજતો હતો, મોજ માણવી અને ખાવું પીવું–હરવું ફરવું એટલામાંજ મનુષ્યત્વ સમાપ્ત થાય છે. હેમકળા કાંઇક જુદુંજ શિક્ષણ પામી હતી એ આપણે જોયું છે.

રાત્રીના નવ વાગ્યા એટલે હેમકળાનો પતિ તો પોતાના ઓરડામાં આવી ગાનતાનમાં રોકાયો. નાટકનાં ગીતો–ગાયનો હારમોનીયમ સાથે વગાડવા માંડયાં. અર્ધોએક કલાક વ્યતિત થયો એટલે હેમકળા પણ સાસુની રજા લઇ પતિના ઓરડામાં આવી. હેમકળાને આવતી જાણી તેની સામે તેના પતિએ વક્ર દ્રષ્ટિએ જોયું. તેના મનમાં હેમકળા વિષે જે ભૂત ભરાયું હતું તે અદ્યપિ દૂર થયું નહોતું અને તેથી તે તેવીજ નજરે નિહાળે તેમાં કશુંજ નવાઇ જેવું નહોતું. હેમ-

કળાને છતાંય તેથી કશુંય ખોટું લાગ્યું નહીં. હેમકળા હસતાં મ્હોડે જ ઓરડામાં પ્રવેશી અને પોતાના પતિની પાસેજ એક બીજી ખુરસી પર બેઠી. થોડીક ક્ષણો પસાર થઇ ત્યાં તેને પોતાના પતિને પ્રસ્વેદ થતો જણાયો એટલે તેણે પાસેની ખીલીપરથી પંખો લઇ પોતાના પતિને વા નાંખવા માંડયો; અને આશ્રિત રમતીઆળ પ્રાણી હોય તેમ હારમોનીયમ સાથે ગેલ કરવા લાગી. હારમોનીઅમ ઉપરની નાટકની ચોપડીઓ જોઇ નિહાળવા લાગી.. આ સઘળું છતાં હેમકળાને તેનો પતિ બોલાવે એવી તેની આશા કાંઇ સફળ થઇ નહીં. હેમકળાને તેની સ્થિતિથી ઘણું લાગી આવ્યું અને હૈયું ભરાઇ આવ્યું. 'પ્રભુ! અત્યારમાંજ મેં એમનું એવું શું બગાડયું છે ને મારી સાથે તેઓ બોલતા પણ નથી!' ગેલેરીમાં જઇ ડુસકાં ભરતાં થોડીક મીનીટમાં તો તેણે અનેક તર્કવિતર્ક કરી લીધા. પાછી મોંઢું ધોઇ ઓરડામાં આવી અને પોતાના પતિની પાસે બેઠી અને પોતાની પાસેનો રૂમાલ નીહાળવા લાગી. એ રૂમાલની કોર ઉપર રેશમથી સુંદર રીતે નીચે મુજબ ભરેલું હતું. "પતિ પત્નિ દીસે એકજ, પછી પરમીશનું શું કામ?" આ ઉપર હેમકળાના પતિ ઉપર ધ્યાન ખેંચાયું, અને તરતજ તેણે હેમકળાને પૂછ્યું 'આ કોણે ભર્યું છે?' હેમકળાએ ઉત્તર સ્પષ્ટીકરણ સહ આપતાં કહ્યું કે, એ મારૂં ભરેલું છે. મને બીજાં ચિત્રો કરતાં મારી હૃદય ભાવનાઓ ભરવી ઘણી ગમે છે. તમને મારૂં આ ભરત પસંદ આવે છે? જો તમો કહેશો તો હું તમને એવું નવું રોજ ભરી ગુંથી આપીશ" હેમકળા આટલું બોલતાં બોલતાં ખુરસી પાસે લાવી. હેમકળાના પતિનું પણ તેની તરફ ચિત્ત લલચાયું. હેમકળાને પ્રેમના ઉભરામાં પાંચ સાતવાર ઉભય ગાલોપર આલિંગન દીધું. હેમકળા પ્રફુલ્લ થઇ. ને પ્રેમથી પતિની સોડમાં લપાતી ગઇ. ખચિતજ સાંભરી આવે છે.

પાયું, પાયાં, જીગર જીગરે, અમૃતો સ્હામસ્હામાં;
દહાડો નહીં પણ ત્યાં નિશા, પ્રેમ કેરી ઉશામાં.

(બળવંત ક. ઠાકોર.)

* * * *

પ્રેમ મુર્ત્તિ છે જડાઇ
પ્રેમી હ્રદયે—પ્રેમ.

નજરે તરે છે પ્યારી, નવાં રૂપ ધારી ધારી, હસતી કાન્તી મીઠી
પ્રિય વદને—પ્રેમ.

* * * *

હેમકળાના મોઢામાંથી સ્વભાવિકજ બોલાઇ ગયું કે:—

ખીલે જો પ્રભાત, ખીલે કેવાં કુસુમ આ !
ખીલે છે હ્રદય મારૂં, હસતું વિમળ આ—ખીલે.

ભરી છે સંસારે, કેવી સુખની સામગ્રી !
હશી હશી જોતાં ભરે નજર કોમળ આ—ખીલે.

હેમકળાની અત્યારની સ્થિતિ એવીજ હતી કે:-

જ્યારે કંથ કામની વરતી, હર્ષ હ્રદયે ભરતી,
આશા નવી નવી ધરતી, એકલડી એ ફરતી.

હવે ઉભયનાં હ્રદય ખુલ્યાં, ખીલ્યાં; દિવસભરનો સર્વ પરિતાપ વિસરી ગઇ અને આખી રાત્રિ આનંદોત્સવમાં પસાર થઇ. પ્રભુ ! તેમનાં અને સર્વ યુવક-યુગ્લનાં હ્રદય અને જીવન તેવાંજ સ્થિત કરે એટલાજ આશિર્વચન સાથે આપણે આ પ્રકરણ સમાપ્ત કરીએ.

પ્રકરણ ૧૮ મું.

હરિરત્નરાય મુંબઇમાં.

હેમકળાનાં લગ્નને આજે થોડાક દિવસો વીતી ગયા છે અને હવે હેમકળા ધીમે ધીમે પોતાના પતિ સાથે ભેળાતી જાય છે. હેમકળા ઉપરના હરિરત્નરાયના પત્રમાં તેઓ જર્મની જવાને મુંબઇ આવનાર હતા એ આપણે જાણી ચુકયા. હેમકળા તેમની ઘણી આતુરતાથી રાહ જોતી હતી. આજે સહવારમાં તારવાળો એક તાર લઇ આવ્યો. એ તાર હરિરત્નરાયનો હતો. તેમાં Coming by mail એટલાજ શબ્દો હતા. આટલા શબ્દોએ વિનયચંદ્રના સમસ્ત કુટુમ્બના હૃદયમાં અને ખાસ કરીને હેમકળાના હૃદયમાં અત્યંત પ્રફુલ્લતા પ્રસરાવી હતી. મેલના વખતે વિનયચંદ્ર સ્હામા ગયા હતા અને હેમકળા પણ સાથે ગઇ હતી. હેમકળા હોય ત્યારે નાનકડો કુસુમ હોય તેમાં તો નવાઇ શી ! ટ્રેન આવી પહોંચી. હરિરત્નરાય ડબામાંથી નીચે ઉતર્યા અને નોકરે બધો સામાન કાઢી લીધો. સઘળા બહાર આવ્યા અને ગાડીમાં બેઠાં. અત્યારસૂધી હેમકળા મુંગી રહી હતી, પણ હેમકળા હવે સ્વાભાવિકજ બોલી ઉઠી "ભાઇ! આવ્યા?; ખુશીમાંતો ખરાને !" હરિરત્નરાયે 'હા ! બ્હેન !' એટલો ધીમો ઉત્તર આપ્યો. હરિરત્નરાયે જેવો અને જેવા શબ્દમાં પ્રશ્ન થયો તેવો અને તેવા શબ્દમાં ઉત્તર વાળ્યો, પણ હેમકળાના હૃદયમાં તેની અસર કાંઇંક જુદીજ નીપજી હતી. હેમકળાને પોતાનો પત્ર યાદ આવ્યો અને તેથી હેમકળાએ હરિરત્નરાય પ્રતિ જે લાગણી બતાવી હતી અને જે પ્રકારનાં વિશેષણોનો ઉપયોગ કર્યો હતો, તેનું તેને સ્મર્ણ થઇ આવ્યું. હિંદુ પ્રજામાં વપરાતા શબ્દો હૃદયના ભાવો કેવી રીતિ પરિવર્ત્તિત કરી શકે છે તેનો આ સબળ પુરાવો છે. હરિરત્નરાય એના એજ હરિરત્નરાય હોવા છતાં તેના પ્રતિનો હેમકળાનો ભાવ આમ પલટાઇ કેમ ગયો, એવો પ્રશ્ન કોઇ પાશ્ચિમાત્ય જન કરે તોતે અસ્થાને નહી ગણી શકાય, પણ હિંદુ સંસારિક ઇતિહાસજ્ઞાતાને

એમાંથી કશુંજ નવું જાણવાનું નથી મળવાનું. અનેક આર્ય અબળા જનોએ પોતાની તરફ કુદ્રષ્ટિ કરનાર અધમ માનવ પ્રાણીઓનાં હૃદયમાં તેમના પ્રતિ 'બંધુ!' એટલો શબ્દ વાપરવાની સાથે પોતાને માટે પવિત્ર અને કર્ત્તવ્યની અન્ય દિશાનો ખ્યાલ સ્થિત કર્યો છે અને તેવીજ રીતે પુરૂષોએ પોતાને માટે વિકારવશ થયલી અનેક અબળાઓને તેમની પ્રતિ " ભગિની, " " બ્હેન, " " માતા " વગેરે શબ્દ પ્રયોગ કરી પોતાની તરફનો વિકાર દૂર કરી પવિત્ર ખ્યાલ સ્થાપિત કર્યો છે. બાબુ રમેશચંદ્રે તેનું એક ચિત્ર ઘણું સુંદર આલેખ્યું છે! હરિરત્નરાય અને હેમકળાંના સંબંધમાં તેવુંજ બન્યું! 'મારૂં અંતઃકરણ પ્રિયકર તરીકે તમને યાદ કરશે.!' એ વાકય અને એકાએક મોઢામાંથી નીકળી ગયલો વિશેષક ઉચ્ચાર એવા શબ્દોના ચોક્કસ ભાવો અને તેનું એકાએક પરિવર્ત્તન થવાનાં કારણો સ્હમજવાને માત્ર અનુભવજ સાધનરૂપ છે. હેમકળાએ 'ભાઈ!' શબ્દનો પ્રયોગ કર્યો તે વેળાએ તેને પોતાની આગલી સ્થિતિ યાદ આવી અને તેની આંખોમાંથી બે આંસુનાં ટીપાં ઢળ્યાં. સઘળા ઘેર આવ્યાં. હેમકળાની માતા કૃષ્ણા પણ હરિરત્નરાય તરફ માન અને ભાવથી જોતી હતી તેણે પણ 'ભાઇ આવ્યા! ખુશી તો ખરા!' એટલું પુછી પાસે પાણીનો સ્વચ્છ પારદર્શક નવો લોટો અને પ્યાલું લાવીને મૂકયું. હેમકળાએ ભાઇને પાન સોપારી આપ્યાં. આ પછી હેમકળા અને કૃષ્ણા કામે વળગ્યાં અને હરિરત્નરાય અને વિનયચંદ્ર બેઉજ માત્ર તે ઓરડામાં રહ્યા. હરિરત્નરાયે કપડાં ઉતાર્યાં અને એક કોચ ઉપર ઢળતાં સ્વભાવિકજ પૂછ્યું: હા 'ભાઇ વિનયચંદ્ર! હેમકળાનું શ્વસુરગ્રહ હેમકળા સુખી થાય અને તે સંતોષ પામે તેવું છેને? હરિરત્નરાયનો આ પ્રશ્ન જોકે તે સર્વથા સ્વભાવિકજ હતો પરંતુ વિનયચંદ્રના હૃદયમાં તો ખળભળાટ મચાવનાર થઇ પડયો. વિનયચંદ્રને સ્વભાવિકતઃ તો આ પ્રશ્ન અસ્થાને લાગ્યો. હેમકળા પોતે પોતાનું આ લગ્નગ્રંથન નહોતી ચાહતી અને શું તેણે હરિરત્નરાયને તે વિષે કાંઇક સૂચન કર્યું હશે! એ વિના આ પ્રશ્ન સંભવે શું કરવાને? પણ બે પળમાં આવા અનેક તર્કોને સ્થાન મળ્યું અને તે ઉસ્થાપિત પણ થઇ ગયા. હરિરત્નરાયના પ્રશ્નનો ઉત્તર આપવાને વધુ પળો ગુમાવ્યા

અસરકારક છે.

વિના વિનયચંદ્રે જણાવ્યું કે ' જ્ઞાતિમાં તેના જેવો કોઇ અન્ય વર પ્રાપ્ત કરી શકાય તેવું નહોતું. ઘર શ્રીમંત છે અને ઉદારચિત્ત પણ છે ' વિનયચંદ્રનો આ ઉત્તર સાંભળતાં, પ્રશ્ન પૂછતાં જે ભાવ કે ખ્યાલ હરિરત્નરાયને નહોતો તેનો ઉદ્ભવ થયો. હરિરત્નરાય પોતાનો તે ભાવ છૂપાવી નહીં શક્યા અને પ્રશ્ન કર્યો: ' પણ હેમકળાને તમે જેવી રીતે સુશિક્ષિતા બતાવી છે તેવો તેનો પતિ પણ સુશિક્ષિત છે ને ?' હરિરત્નરાયના આ પ્રશ્નનો ઉત્તર શું આપવો તે વિનયચંદ્રને સૂઝયું નહી; વિનયચંદ્ર ગુંચવાયા પણ કાંઇ ઉત્તર આપ્યા વિના ચાલે તેમ નથી, એમ સહમજીને તેણે ગોળગોળ ઉત્તર વાળ્યો છે ' તો બુદ્ધિશાળી. શાળામાં અભ્યાસ કરે છે. ' હરિરત્નરાયે વિશેષ પ્રશ્ન પૂછયો પણ ' તે વ્યવહારિક જ્ઞાન ધરાવે છે કે ? વિનયચંદ્રે જે ઉત્તર આપવામાં અત્યાર સૂધી બખીલાઇ બતાવી હતી, તે પ્રશ્ન આજ હતો ! એ પ્રશ્ન ખાસ પૂછાયલો હોવાને લીધે હવે ઉત્તર વાળી શકાય તેમ નહોતું. એ પણ વિનયચંદ્ર સમજતા હતા કે કદાચ્ હું આ પ્રશ્નનો ઉત્તર નહીં આપું તો તે વિષે તે હેમકળાની પોતાની પાસેથી પણ માહિતી મેળવશે. આમ છતાંય વિનયચંદ્ર અને હરિરત્નરાય વચ્ચે એવો વિશુદ્ધ વિશ્વાસ હતો કે હરિરત્નરાયના આવા પ્રશ્નથી તેના વિષે કાંઈ અન્ય ખ્યાલ વિનયચંદ્રને આવવાનો તો સંભવજ નહોતો. વિનયચંદ્રનો એક સંશય, વિનશ નહોતો થયો કે ' હેમકળાએ હરિરત્નરાય જોગો કોઈ પત્ર લખી તેમને આ વિષે માહિતી કરી હોય, અને કદાચ હરિરત્નરાય તેને આધારેજ આ પ્રશ્નન કરતા હોય ! ' વિનયચંદ્રનું આ ધારવું સર્વથા ખોટું હતું અને તેમનો આ પ્રશ્ન સ્વભાવિકજ હતો એ આપણે જાણીએ છીએ. વિનયચંદ્રે સ્પષ્ટ ઉત્તર આપ્યો કે, નિશાળમાં ભણતા વિદ્યાર્થીમાં વ્યવહારિક કૂશળતા હોય એમ આશાજ રાખવી નિરર્થક છે. વ્યવહારમાં પડશે ત્યારે વ્યવહારિક કૂશળતા આવશે. ' વિનયચંદ્રનો આ ઉત્તર હરિરત્નરાયને કાંઇ સંતોષકારક લાગ્યો નહીં, પણ તેણે હવે પ્રશ્ન પૂછવાનું છોડીને પોતાના વિચારો આપવાનું ચાલુ રાખ્યું ! " વિનયચંદ્ર તમારો આ વિચાર મને તો યોગ્ય લાગતો નથી. વ્યવહારમાં પડયા બાદ વ્યવહારિક કૂશળતા આવી શકે અથવા તો આવવી જોઇએ, એ સિદ્ધાંત સામાન્ય પ્રજા સ્વિકારતી નથી. જો તે

સિદ્ધાંત સામાન્યતઃ સ્વિકારાય તો હિંદુ સંસારના એક ઝઘડાનો બહુધા અંત આવી જાય. કન્યાઓ વિવાહિતા થઇ શ્વસુરગ્રહે જાય છે તે દિવસથી સાસુઓ વહુઓને માત્ર વ્યવહારકૂશળજ નથી ઇચ્છતી પણ પોતાના કુટુમ્બીક રિતરીવાજોથી માહીતગાર હોવી જોઇએ એવી ઇચ્છા ધરાવે છે. આ વેળાએ એ વાત સર્વથા ભૂલી જવામાં આવે છે કે, તેમના પુત્રો જેઓ સર્વથા ઘરમાંજ ટેવાયલા હોય છે તેઓ કિંચિદ્ વ્યવહારિક કૂશળતા નથી ધરાવતા તો પછી ઘરમાં આવતી એક અંજાણ્ યુવતિ પોતાના–પરઘરના કુટુમ્બીક રિતરિવાજોથી માહીતગાર હોવી જોઇએ એ ખ્યાલ ઘણો કઢંગો છે. ખરૂં જોતાં સાસુઓની એ આકાંશા ઘણી અઘટીત છે અને તે કરતાં પણ યૂવકો વ્યવહારિક જ્ઞાન બીલકૂલ નથી ધરાવતા હોતા એ વધારે અફસોસ કરાવનારૂં છે. યૂવકોએ એ પ્રકારનું જ્ઞાન ધરાવતા થવું જોઇએ, અને તેમ થાય તો તેમનો સંસાર વ્યવહાર ઘણો સુઘડ ચાલે. પણ આ ખામી માટે યૂવકોને દોષ દઇ નહીં શકાય. હાલમાં અપાતી કેળવણી એટલી બધી અવળી અને બહુધા નકામી છે કે જે મનુષ્ય બનાવી શકે તેમ નથી એમ તો કેળવણી ખાતાના અનુભવીઓ પોતે પણ સ્વતઃજ કબુલ કરે છે. હાલમાં અપાતી કેળવણીમાં સઘળાં તત્વો પાશ્ચિમાત્ય હોય છે અને તેથી તે જ્ઞાન હિંદુ સંસાર માટે બંધબેસતુ કે હિતકર થઇ પડતું નથી, કે થઇ પડવાનો સંભવ નથી. હિંદુ પ્રજામાં બધેય ધર્મને સ્થાન આપવામાં આવેલું હોય છે. પાશ્ચિમાત્ય જીવનમાં વ્યવહાર અને ધર્મ એક બીજાથી સર્વથા જુદા છે. પરિણામે પાશ્ચિમાત્ય કેળવણી નહીં પામેલા જેટલા વ્યવહારકૂશળ માલૂમ પડે છે એટલા પાશ્ચાત્ય કેળવણી પામેલા નથી જણાતા. હિંદુ ધર્મમાં અસાધારણ સર્વ સામાન્ય આન્દોલન કરાવનાર વીરરત્નો બહુધા પાશ્ચાત્ય કેળવણીથી વિમૂખ હતા. સ્વામી દયાનન્દ, સ્વામી શંકરાચાર્ય, મહાત્મા ગૌતમબૂદ્ધ એ આગલા અને હાલના જમાનાના સર્વ મહાપુરૂષો આ દેશસ્થ તત્વભાનથી યુક્ત હતા અને પાશ્ચાત્ય તત્વજ્ઞાનથી વિમુખ હતા."

વિનયચંદ્ર હરિરત્નરાયના આ સર્વ વિચારો સાથે મળતા થતા હતા. પણ તે વ્યવહારમાં અમલમાં લાવી નહીં શકતા. હરિરત્નરાયને હજુ એવો કાંઇ પ્રસંગ નથી આવ્યો એટલે તેમના વિષે શું કહેવું

મુશ્કેલ છે કે તેઓ આ પોતાના સઘળા વિચારો અમલમાં મુકી શકે કે કેમ ? પણ એમ સંભવે છે અને અત્યારસુધીના સામાન્ય અનુભવ ઉપરથી જોવાને બને છે કે કહેવાનો અને કરી બતાવવાનો સમય એક સરખો નથી હોતો. જેઓ કહે છે તેઓ તેજ વેળાએ કરી બતાવે તો પરિણામે તેમને જે સાંભળતા હોય તે સાંભળે પણ નહીં અને ઉલટો હેતુ સાધ્ય થઇ નહીં શકે. જેઓ શબ્દથી ઉપદેશ કરવાની શકતી નહીં ધરાવતાં હોય તેઓ માટે પેહેલેથીજ કરી બતાવવાનું હોય છે પણ તેમના કામની કદર ઘણાં વરસ સૂધી પણ નથી થતી અને તેઓ પોતાની પક્ષમાં લોકોને ખેંચી નથી શકતા. આથી ઉલટું જેઓ માત્ર બોલનારા હોય છે તેઓ પોતાના વિચારો લોકો વચ્ચે પ્રસારી શકે છે કેમકે તેઓ, પોતે જે કહે છે તે આચરીને લોકોથી જુદા પડી ગયલા નથી હોતા. એક પરિણામ એ આવે છે કે આવા સંજોગોમાં બોલનારાઓને ગાલી પ્રહાર સહન કરવા પડે છે પણ તેમ છતાંય તેઓ પોતાના વિચારો પ્રસારી શકે છે; જ્યારે સ્વતઃ આચરણ કરી બતાવનારાઓ તેટલું પરિણામ લાવી નથી શકતા. ખરૂં જોતાં દરેક જમાનામાં કરી બતાવનારાઓ અને કહી બતાવનારાઓ ઉભયની જરૂર છે; બેમાંથી એક પ્રકારના માનવ પ્રાણીઓથી જેમ કોઈ હિલચાલ પાર ઉતરતી નથી તેમ બેઉ પ્રકારના તત્વો પોતે ધરાવતા હોય, કહેવાનું કામ પણ પોતેજ કરતા હોય અને પોતે તે મૂજબ વર્તી પણ બતાવતા હોય તેમની હિલચાલ ત્વરાથી આગળ વધતી નથી. બહુધા હિંદુ સંસારમાં તો કોઇ પણ પરિવર્તનનું કાર્ય આ રીતેજ થઇ શકે છે; કેમકે બોલનારાઓ સામે પોતે આચરી કેમ નથી બતાવતા એવો આક્ષેપ સ્વભાવિક રીતે વીરોધી જનો તરફથી કરવામાં આવે છે અને એ આક્ષેપ કરવાની સાથેજ તેઓ જેઓ એ સિદ્ધાંત આચરણમાં મુકી બતાવતા હોય તેમની સામે ચુપકીદીથી માનની નજરથી જોવાને બંધાઈ જાય છે.

આમને આમ અર્ધો કલાક વીતી ગયો. કેટલાક સંસારિક રીત રિવાજો અને વિચારોની આપ લે ઉભય મિત્રો વચ્ચે થઈ એટલામાં હેમકળા અને કૃષ્ણા થાળમાં દૂધના પ્યાલા–રકાબીઓ અને થોડોક લીલો મેવો–ફળાહાર લઇને આવ્યાં. સઘળાંએ સાથે બેસી તે લીધું

અને નારંગીના રસથી મુખ સ્વચ્છ કર્યું. હેમકળા હવે કુસુમને રમાડવાના કામમાં રોકાઇ અને કૃષ્ણા રસોઇના કામમાં રોકાઈ. કલાક દોઢ કલાક જેટલો સમય પછી રસોઇ તૈયાર થઈ. હરિરત્નરાયે, પોતે મુસાફરીમાં શ્રમિત થયલા હોવાને કારણે આરામ લીધો અને પોતાને જગાડવામાં આવતાં ગરમ પાણીથી સ્નાન કરી માથામાં મીઠું કોપરેલ નાંખ્યું અને સૌગંધિક લવડંરનાં થોડાંક ટીપાં માથામાં નાંખી માથું હોળી જમવા બેઠા. કૃષ્ણા ગરમ પુરીઓ અને ભજીઆં તળી ઉતારી આપતી હતી. હેમકળા પીરસતી હતી. કુસુમ વચ્ચે રમત કરતો, ઘડીકમાં વિનયચંદ્ર સામે જોઇ હસતો તો ઘડીકમાં હરિરત્નરાય સામે જોતાં તે તેને હસાવતા હતા. હેમકળાનું હૃદય વિકળ હતું. હરિરત્નરાયને 'તે સર્વ ચીજ આગ્રહપૂર્વક પીરસતી હતી, અને કેટલીક વાર હરિરત્નરાય લેવા માટે આનાકાની કરતા' તો 'બે દહાડા જમી લો; જર્મનીમાં આવી મીઠી રસોઈ નહીં મળશે, અને કોઇ બ્હેન ભાવથી જમાડશે પણ નહીં.' હરિરત્નરાય અને હેમકળાનાં હૃદય અત્યારે વિશુદ્ધ હતાં અને વીરપસલીના દિવસે ભગિનીના હાથે જમવામાં પ્રાપ્ત થતો નિર્દોષ આનંદ અત્યારે હરિરત્નરાયને પ્રાપ્ત થતો હતો.

જમ્યા પછી હરિરત્નરાય, અને વિનયચંદ્ર ફરવા ગયા. હરિરત્નરાયે ખાસ આગ્રહ કરી કુસુમને સાથે લીધો હતો.

પ્રકરણ ૧૯ મું.

નવરંગ નગરી–મુંબઇ.

મુંબઇને માટે આ નામ સર્વથા યથાર્થ છે. મુંબઇ ઇલાકાના આગલા ગવર્નર લૉર્ડ લૅમીંગ્ટને, પોતાને વિદાય થતી વેળાએ ભાયખલા (મુંબઇ) કલબ તરફથી આપવામાં આવેલાં ખાણાં વેળાએ કહ્યું હતું કે મુંબઇ એક એવું શહેર છે કે જેને હું કદાપિ ભૂલીશ નહીં. તે નામદારે એમ પણ કહ્યું હતું કે દુનિયાના મૂખ્ય શેહેરોમાંનું અને ધંધો રોજગાર તેમજ સૌંદર્યના સંબંધમાં તે એક મૂખ્ય શહેર છે. આ વાતમાં અતિશયોક્તિ જેવું કશુંય નથી જણાતું. હિંદમાં એવાં કેટલાંક શેહેરો છે કે જેમાંની કેટલીક સૌંદર્યતાનો ખ્યાલ કદાપિ લેખીની દ્વારાએ થઇ શકે નહીં. લખનોની નવાબી, આગ્રાની પ્રાચિન્ શિલ્પકળાના મહદ્ દ્રશ્યો, જયપુરનો બગીચો અને મુંબઈની ચોપાટી તેમાંનાં અદ્યાપિ સ્થિતિમાન સ્થળો છે. તેમના વિષે કોઇ લેખક લખીને જોઇતો ખ્યાલ આપી શકે તેમ નથી. તેની કલ્પના કરવાનું તો સર્વથા અશક્ય છે. આવી ભૂમિનાં ઉપરોક્ત થોડાંક દ્રશ્યો ઉપરાંત મુંબઈમાં એટલી વિલક્ષણતા છે કે જેમાંથી દરેક માનવ પ્રાણી જુદુંજ નિરીક્ષણ કરી શકે છે. તે જેમ ઘણું વેપારયુક્ત શહેર છે, તેમ તે એક મોજશોખી શહેર છે. તેમાં જેટલી મહત્તા છે, તેટલીજ હિનતા પણ છે. તેનાં એકેક દ્રશ્યો અને એકેક પ્રજાનાં આચારવિચારોમાંથી એટલું બધું જાણવાનું મળી શકે છે કે જેની કલ્પના નિરીક્ષક પોતે પણ ભાગ્યેજ કરી શકયો હોય ! મુંબઇના વિષેની એ હકિકત પેહેલાં ઘણી વાર હરિરત્નરાયે સાંભળી હતી અને પોતે મુંબઈ પણ આવ્યા હતા પણ કોઇજ વેળા તેઓ તેનું અવલોકન કરવાની તક નહોતા પામ્યા. આ વેળાએ તે પરદેશ જવાના હતા અને તેથી મુંબઈમાંથી તેમને કેટલીક ખરીદી કરવાની, કેટલીક માહિતી મેળવવાની

અને કેટલુંક અવલોકન કરવાની જરૂર હતી. તેઓ ઇંગ્લેન્ડ ખાતે માત્ર અભ્યાસાર્થે નહોતા જતા અથવા તો તેઓ ત્યાં કાંઇ મોજશોખ ભોગવવા નહોતા જતા પણ તેમનો હેતુ તો અત્રેનું જોવું અને ઇંગ્લેન્ડમાં તે સબંધી કેવી વ્યવસ્થા છે, કેવી સ્થિતિ છે તે નિરીક્ષણ કરવું, એમાં સારૂં કોનું કેટલું કેટલું છે તે જોવું અને પછી પશ્ચિમમાંથી જે પણ સારૂં જણાય તે હિંદમાં પ્રસાર કરી હિંદની હાલની સ્થિતિમાંથી વધારે ઉચ્ચતર સ્થિતિ કરવી. હરિરત્નરાયનો આ હેતુ ઘણો સ્તુત્ય હતો. હરિરત્નરાયે મુંબઇ વિષે ઘણું સાંભળ્યું હતું અને ઘણું વાંચ્યું હતું. તેણે મુંબઇની ખરાબી વિષે જેટલું સાંભળ્યું હતું તેટલુંજ મહત્તા વિષે જાણ્યું હતું. પણ હરિરત્નરાયનો તે વિષેનો મત સર્વ સાધારણતઃ થયો હતો કે મુંબઇમાં પ્રવૃત્તિ વિશેષ છે અને નિવૃત્તિ નથી. મુંબઈ એવું શેહેર—એવી નગરી છે—કે માણસ જેવું ચહાય તેવું પોષણ મેળવી શકે છે. અભ્યાસને લગતાં સ્થળો મુંબઇમાં ઘણી ઉંચી પંકતીનાં છે. શ્રીયુત્ દાદાભાઇ નવરોજી જેવાં રત્નો નિપજાવનારી કોલેજો મુંબઇમાં હસ્તી ધરાવે છે. મી. મલબારી જેવાં રત્ન પણ મુંબઈનેજ આભારી છે. આંધળા તથા મુંગા બહેરાંઓની નમુનેદાર શાળા પણ મુંબઇમાં છે. કળાજ્ઞાનની ઉચ્ચ શ્રેણીએ પહોંચવું હોય તો તે માટે મુંબઇ એક અત્યુત્તમ સાધન છે. વિચારો ખીલવવાને ઉંચા પ્રકારનાં વાંચનાલય પણ મુંબઇમાં છે. દેશમાં અગ્રેસર ગણાતા મહાપુરૂષોમાંના ઘણા ખરા મુંબઇમાં બહાર આવ્યા છે. સખાવતનો ઝરો પણ મુંબઇમાંજ વહે છે. મર્હુમ મી. તાતા, મર્હુમ સર જમશેદજી જીજીભાઇ, મર્હુમ શેઠ પ્રેમચંદ રાયચંદ વગેરે અનેક લોકોપકારી નરો મુંબઈનાં જવાહીર છે. મુંબઇમાં અનેક એવી સંસ્થાઓ છે કે જેના નાના વિસ્તારને દ્રશ્ય કરવા પછી તેના મોટા કામને અનુભવતાં મનુષ્ય આશ્ચર્યચકિત થઇ જાય છે. દેશના નમુનારૂપ કળાવંત ધુરંધર ચિતારો એ મહદ્ ભૂમિનું રત્ન છે. દેવી જાનકીબાઇ અને દેવી કહાનબાઇ જેવી પરમાર્થી દેવી મૂર્તિઓ આ શેહેરમાંજ જણાય છે. આવા એક શેહેરમાં જોવાનું અને જાણવાનું ઘણું મળે તેમાં કાંઇ નવાઈ નથી. શ્રીયુત્ હરિરત્નરાયે તેથીજ ઘણું જોવાનો અને તે વિષે માહિતી મેળવવાનો ઠરાવ કર્યો હતોઃ તેઓ વિનયચંદ્ર અને તેમના બાળક કુસુ-

---

મને સાથે લઇ ફરવા નીકળ્યા હતા અને તેમણે શું નિરીક્ષણુ કર્યું તે આપણે જોઈએ. તેઓ ગીરગામ બેકરોડ ઉપરથી આવતાં ચંદારામજી ગર્લ્સ હાઇસ્કુલ આગળ આવતાં એક પારસી બાનુને ગરીબોને કાંઇક નાણું વ્હેંચતાં જોયાં. વિનયચંદ્રને હરિરત્નરાયે પ્રશ્ન કર્યો કે, 'ભાઇ! આ ઉદારચિત્ત અને દિલસોઝ બાનુ કોણ છે?' વિનયચંદ્રે ઉત્તર આપ્યો કે, 'એઓ ચંદારામજી ગર્લ્સ હાઇસ્કુલનાં વડાં બાનુ શિક્ષક છે. તેઓ અદ્યાપિ કુંવારાંજ છે અને આ પ્રમાણે અત્રે બેઠેલા ગરીબોને કાંઇક ને કાંઇક આપીનેજ તેઓ સ્કુલના પગથીએ ચઢે છે.' હરિરત્નરાયનાં મોઢામાંથી સ્વભાવિકજ નીકળી ગયું કે, 'કેવાં પરમાર્થી બાનુ! કાંઈપણ નાતજાતના ભેદ વિના તેઓ કેવી દિલસોઝી બતાવે છે અને તે પણ હમેશાંજ, તેમની વિદ્યાર્થી સ્ત્રીઓ ઉપર તેમની કેવી રૂડી છાપ પડે? આ શાળા વિષે લોકોમાં શું મત છે?' 'લોકોના શાળા સંબંધી મત સાથે તેમને કશોજ સંબંધ નથી. તેમાં આપવામાં આવતું શીક્ષણ હિંદની હવાને બંધબેસ્તું થાય તેવું નથી જણાતું, ત્યાં આપવામાં આવતું શિક્ષણ પાશ્ચિમાત્ય રૂઢી મુજબનું છે અને આ દેશસ્થ અને પાશ્ચિમાત્ય સ્ત્રીજીવનનાં તત્વો અનેરાં છે. હિંદનું સર્વસ્વ મહત્વપૂર્ણ છે અને સ્ત્રીજીવન પણ તેવુંજ મહત્વપૂર્ણ છે પણ તેમાં માત્ર કેટલાંક પાપો ફેલાઈ ગયાં છે, તે દૂર કરવાં જોઇએ. જો તેટલું કરવામાં આવે તો આવાં દિલસોઝ બાનુનાં વડપણહેઠળ શાળા ઘણું સારૂં કામ કરી શકે.' આમ વાર્તાલાપ ચાલતો હતો તેવામાં તેઓ ભૂલેશ્વર પાસે આવી પહોંચ્યાં. લોકોની ઘણી ગીરદી જોઈ પહેલાં તો તેમને એમ થયું કે, અહીંઆં કાંઇક તોફાન થયું હશે. હરિરત્નરાયે સવાલ પૂછ્યો: 'આટલી બધી ગીરદી છે, તેનું કારણુ શું? કાંઇ તોફાન તો થયું નથી?' વિનયચંદ્રે હસતા ચ્હેરે જવાબ આપ્યો કે, હવે કાંઇક ઘટાડો થયો હશે; મને લાગે છે કે મહારાજ લાયબલ કેસમાં મહુંમ શ્રીયુત્ કરસનદાસનો વિજય થયો તે પેહેલાં તો અતી વિશેષ ગીરદી થતી હશે; અહીંઆં મહારાજોનાં મંદિર છે અને આ દોડધામ કરનારા માનવીઓ તેમનાં ભકતો છે. તેઓ દર્શન બંધ થઇ જવાના લોભમાં દોડધામ કરી રહ્યાં છે.' હરિરત્નરાયે પૂછ્યું, 'પણ પુરૂષો તો આ માંહે ઘણા થોડા જણાય છે. વળી વૃદ્ધાઓ પણ નજીવીજ

ઉધરશ મટાડી છે.

જણાય છે. યુવતિઓનાં આટલાં બધાં ટોળાં અહીં એકઠાં થાય છે તેનો મર્મ કાંઈજ સમજાતો નથી.' વિનયચંદ્રે હાસ્ય કરતાંજ ઉત્તર આપ્યો કે એ વાત બરાબર સમજવાને તો જેઓ મંદિરના મહારાજ તરીકે જન્મ્યા હોય અથવા તો તેમના પાત્ર તરીકે જેઓને જન્મ પ્રાપ્ત થયો હોય તેઓ સમજી શકે. વૈષ્ણવ ધર્મના મૂળ આચાર્યે તે ધર્મના સિદ્ધાંત ગમે તેવા અને ગમે તેવા હેતુપૂરઃસર ઘડયા હોય પરંતુ અત્યારે તો માર્ગીપંથની અને શાક્તસદનની કંગાળાવસ્થા થવા બાદ અનિષ્ટકર પંથોમાં તે પ્રથમ પંક્તીએ આવે છે. એ પંથના આચાર્યો સર્વાંશે અનાચારી અગ્રેસરો છે. તે માટે કોઇ કોઇવાર કોર્ટનાં દ્વાર સુધી પણ મામલો પહોંચે છે. કોઈક મહારાજ ઉપરથી શાંત અને સુશીલપણાનો ડોળ કરે પણ તેમનાં આચરણનું આતર્દર્શન કરીએ તો એ વ્યક્ત થાય કે તેમણે એક હલકો ધંધો કરનારી સ્ત્રીને શિષ્યાને સ્થાને ગોઠવી હોય, બીજી બાજુથી બાસઠ વર્ષની વયે બાર વર્ષની નિર્દોષ બાળકી સાથે લગ્ન કર્યું હોય અને વળી ઉપરથી તે પ્રસંગે હલકી ગણાતી કોમની સ્ત્રીનો નાચ પણ નાણાંની બરબાદી કરી કરાવ્યો હોય. બીજા કોઇ મહારાજ રાત્રે હલકો ધંધો કરનારી વેશ્યા સ્ત્રીઓમાં ફર્યા કરતા હોય, ત્રીજા આચાર્યને માટે સીવીલ કે ક્રીમીનલ વારંટસ ઉભેલાંજ હોય. ચોથા મહારાજની પ્રવૃત્તિ પોતાની ભક્ત બનવા આવતી સ્ત્રીઓને ભ્રષ્ટ બનાવી પછી તેમની પાસેથી નાણું કઢાવવાની હોય. પાંચમા મહારાજને ત્યાં લેહેણાં માટે મારવાડી ધક્કા ખાતા હોય. આ ઉપરાંત તેઓ ખાનપાનમાં પણ ભ્રષ્ટ થયલા હોવાનું જાહેર થયું છે. છતાંય લોકો તેમને મહારાજ, સ્વર્ગના માર્ગદર્શક માને છે! આ ઘટના વીસમી સદીમાં ઘણી જાણવાજોગ જણાય છે અને જો બારીકીથી નિરીક્ષણ કરવામાં આવે તો આ ઇતિહાસનો એક રસીલો ભાગ બને?' વિનયચંદ્રનો આ ઉત્તર અને હકીકત હરિરત્નરાયે રસ સાથે સાંભળી પણ હજુ તેઓ વિશેષ જાણવા ચાહતા હતા તેથી તેમણે પુનઃ પુછયું કેઃ 'બીજા ગામોમાં મેં જોયું છે પણ ત્યાં બહુધા વૃદ્ધાઓ જણાય છે. જ્યારે અહીંના મહારાજોની ભક્ત સ્ત્રીજનો યુવતિઓજ હોય છે? ત્યારે શું તે સ્ત્રીઓ અનાચારની વૃત્તિથીજ આવે છે? તેમ હોય તો તેમના ભરથાર કે અન્ય તરફથી તેમને કોઇ પ્રકા-

---

રનો અટકાવ નથી થતો. તેમના બીજાં ચરિત્રોથી લોકો હવે માહિતગાર થયલા છતાં તેમના તરફ લોકોનો આટલો પૂજ્યભાવ છે એ હીંદુ ભાઇઓ અને બ્હેનોની બુદ્ધિહીનતાનુંજ કારણ છે. જે સ્થિતિ તમે મહારાજોની વર્ણવી તેવી સર્વાંશે નહીં પણ થોડે ઘણે અંશે પણ કોઈ અન્ય મનુષ્યની સ્થિતિ હોય તો તેની કેવી બૂરી દશા થાય! શું તેઓ અંતિમ હલકી પંક્તી સૂધી પહોંચ્યા છે, એ તેમના પ્રતિ પૂજ્યભાવનું કારણ છે ? " વિનયચંદ્રે ઉત્તર આપ્યો, 'હરિરત્નરાય તમે હાસ્ય કરો છો પણ આ સ્થિતિ હસવા સરખી નથી. એ વિષે તમે ઉંડાને ઉંડા ઉતરો તો તમને દયા ઉપજશે કે હાય હિંદુ પ્રજા! હિંદુ સંસારને અને ખરેખર કહીએ તો હિંદુત્વને નષ્ટપ્રાયઃ કરનાર અથવા તો તેને શુષ્ક, બેવકુફીભર્યો અને કલંકપૂર્ણ બતાવનાર આ આચાર્યોનાં કર્મો છે. જગન્નાથમાં કશો જ્ઞાતિભેદ નથી માનવામાં આવતો. અને અહીં તેઓ અત્યંત જાતિભેદ રાખે છે, તેનું કારણ એવું બતાવે છે કે એ તો પવિત્રભૂમિ છે–પૃણ્યભૂમિ છે. સવાલ એ થાય કે તેમનો વસવાટ થવા છતાં આટલાં વરસો પછી પણ આ ભૂમિ પવિત્ર થઇ શકતી નથી? વિશેષ તો શું પણ મંદિરની જગાનો ભાગ પણ તેઓ પવિત્ર નથી કરી શકતા!! તે મહારાજોમાંના કેટલાક તો મારવાડીઓની માફક ધીરધાર અને વ્યાજખાઉનો ધંધો કરે છે. કેટલાક નાટકચેટકમાંજ લિન રહે છે. તેમની આ આચરણ પ્રણાલિ માટે જેટલું બોલીએ તેટલું થોડું છે પણ એકંદર આપણે એ સાર ઉપર આવી શકીએ કે પરમાત્મા આવા ધર્મો અને આચાર્યોથી આપણાં કુટુમ્બીજનોને બચાવો! આગળ ચાલતાં છેક તેઓ કોટના નાકે શ્રીયુત્ ગોખલેની હોટેલ આગળ આવી પહોંચ્યા. તેઓ કોફી પીવાને અંદર પહેલા વર્ગમાં દાખલ થયા. હરિરત્નરાય એ નહોતા જાણતા કે, આ હોટેલ કોનું છે, તેથી તેમણે પ્રશ્ન કર્યો અને ઉત્તર મળ્યો કે 'આ હોટેલ એક સાહસિક સાદા અને ભલા તરીકે નમુનારૂપ પુરૂપ શ્રીયુત્ ગોખલેનું છે. તેઓનું આજ પંક્તીનું એક બીજું હોટેલ ગ્રાંટરોડ–પીલહાઉસ ખાતે છે. આવાં મોટાં હીંદુ હોટેલો આ શેહેરમાં બીજાં નથી. તેઓએ ઘણાં નાના પાયાપર કામ શરૂ કર્યું હતું. પણ આજ તેઓ એવી સારી ઉન્નતિએ પહોંચ્યા છે અને જુઓ કે આ પ્યાલા ઉપર તેમનું નામ છે. તેઓ

પોતાની ખાસ વરદીથી પ્યાલા અને રકાબીઓ બનાવી મંગાવે છે. અત્યારે અહીં ગ્રાહકી નજીવીજ રહે છે. બપોરના અત્રે ગ્રાહકી એટલી ધમધોકાર હોય છે કે કોઇ કોઇવાર તો અંદર માણસોને દાખલ થતાં થોભાવવાં પડે છે. સત્રીના ગ્રાંટરોડ ઉપરની હોટેલમાં એટલીજ ગ્રાહકી હોય છે. આ પહેલા વર્ગની યોજના તેમણે થોડુંક થયાં કરી છે. જેઓ સ્થિતિસંપન્ન હોય તેઓ મને લાગે છે કે, અહીંઆં આરામ પ્રાપ્ત કરી શકે. હરિરત્નરાયે કહ્યું કે " હા, પણ હવે ખાણાંના મેળાવડા માટે એક હોલ બનાવવાની ગોઠવણ થવી જોઇએ. જેથી સામાન્ય હીંદમાં સત્કારની એક પ્રવૃત્તિ શરૂ થાય." મી. હરિરત્નરાયનો વિચાર ઉચ્ચતર કિન્તુ અપ્રાસંગિક હતો. માત્ર કોમી મેળાવડાઓ માટે આવાં હોટેલોની ગોઠવણ થઇ શકે કેમકે ખાણાંના સંબંધમાં આવાં હોટેલોમાં પરકોમીને દાખલ કરવા જેટલો હજુ સમય આવી લાગ્યો નથી, એમ વિનયચંદ્રનું મન્તવ્ય હતું. તેઓ આગળ ચાલતાં શેરબજારમાં આવ્યા. આ પ્રવૃતિ વિષે હરિરત્નરાયે કંઈક જોયું હતું પણ તેનાં તત્વો વિષે તેમને કશો અનુભવ નહોતો. વિનયચંદ્રે તે વિષે સમજ આપી કે, જેઓ પ્રારબ્ધવશ રહી નાણાંનો નાણાં સાથે ધંધો કરવા માગે છે તેમનું આ સ્થાન છે. અહીંઆં પ્રારબ્ધની કસોટી થાય છે અને બે માણસ વચ્ચે સોદો થાય છે તેમાંથી જેનું પ્રારબ્ધ ઉચ્ચતર સ્થિતિનું જણાઈ આવે છે તે કમાય છે પ્રારબ્ધ ઉપર આધાર રાખતાં દરરોજ કેટલા અત્રે પાયમાલ થાય છે તેનો કાંઇજ પત્તો નથી. અહીંઆંથી તેઓ બેક બેના કિનારે કિનારે ફરી 'કોઝવે બ્રીજ' ઉપર થઇ એસ્પ્લેનેડ બેન્ડ-સ્ટેન્ડ ખાતે આવ્યા. રસ્તામાં આવતાં તેમના વચ્ચે આ સ્થળોની સ્થિતિ અને થતા ઉપયોગ સંબંધી કેટલોક વાર્તાલાપ થયો. વિનયચંદ્રે પોતાના અનુભવના આધારે જણાવ્યું કે ' આ બધી મુંબઇની મોહીનીઓ છે. ઉપરથી સુંદરતા દ્રશ્ય થાય છે પણ ત્યાં કેવાં કેવાં કુકર્મો થાય છે એ જાણ્યા બાદ તેના વિષે કમકમાટ ઉપજે છે. જરા સંધ્યાકાળે આપણે અહીંઆં આવ્યા હોત તો આપણને તે જોવાનું મળત. પારસીઓ અત્રે ફરવાને પુષ્કળ આવે છે. તેઓમાં અનેક પ્રકારની પ્રવૃત્તિઓ હોય છે. સ્ત્રીજનો પણ ત્યાં ફરનાર હોય છે. કુમારિકા અને કુમારોનું અહીંઆ સ્નેહમિલન થાય છે અને અંતે છેવટે પહેલાં વિકાર

પછી વિકારી પ્રેમ, પછી કદાચ લગ્ન સંબંધ થાય છે. પારસી બાનુઓમાં એક ઘણી કુટેવ જોવામાં આવે છે. તેઓ ઘરમાં ઘણી કંગાળ અવસ્થામાં રહે છે. અને બાહેર નીકળે છે ત્યારે ફેશનની પુજારી બની જાય છે. હિંદુ શાસ્ત્રમાં વર્ણવ્યા મુજબ સઘળી ટાપટીપ ઘરમાં રહેવી જોઇએ. વળી તેઓનાં હૃદય કોણ જાણે કેટલાં વિકારી હોય છે કે તેઓ પોતાના અંગનાં કેટલાક ભાગો ઉપરથી સાડી દૂર રાખવાને ઘણી સંભાળ રાખે છે. આથી તેમની વૃત્તિઓ માટેનો ખરો ખ્યાલ આવે છે. તેઓ કેટલીકવાર સ્વભાવે દીલસોઝ સ્વભાવની હોય છે. પણ તેમનામાં ઉપરોક્ત બદી તો બહુધા ઘરગતુ થઇ પડી છે. કેટલાંક બાનુઓ અને પુરૂષો તો અહીંઆં ફરવાને બહાને પોતાની વૃત્તિઓ છીપવવાનેજ આવે છે. અહીંથી તેઓ ટ્રામવેમાં ગ્રાંટરોડ ગયા કેમકે શ્રીયુત ગોખલેનું ગ્રાંટરોડ ખાતેનું હોટેલ જોવાની મી. હરિરત્નરાયની ઇચ્છા પ્રબળ હતી. તેઓ ગ્રાંટરોડ ટ્રામમાં આવી પહોચ્યા. શ્રીયુત ગોખલેનું હોટલ જોયું અને ગ્રાંટરોડની બીજી પ્રવૃત્તિઓ પણ જોઇ. વિનયચંદ્રે પોતાના પત્રમાં ગ્રાંટરોડનો રાત્રિનો જે ચિતાર આપ્યો હતો તે સર્વથા યથાર્થ છે. આસામના બગીચામાં સ્ત્રીઓની તેના માલિકો જેવી દુર્દશા કરે છે. તેથી પણ અધિકતર બુરી દશા અન્ય દિશાયે અત્રે રા. હરિરત્નરાયે અનુભવી. હરિરત્નરાયે મુંબઇનું આવું નિરીક્ષણ કદાપિ કર્યું નહોતું. રાત્રે ત્યાંથી બારોબાર સઘળા ઘેર આવ્યા. કેટલોક વાર્તાલાપ કર્યો અને સુઇ જવા અગાઉ બીજા દિવસે ક્યાં ક્યાં જવું તે વિષે કેટલોક નિશ્ચય કર્યો. ડૉ. માસિનાની હોસ્પીટલ, પારસી સુવાવડખાનું, આંધળાં તથા બ્હેરાંમુગાની શાળા, "ઇસ્ટ એન્ડ વેસ્ટ" ઑફીસ, "વ્યંકટેશ્વર" છાપખાનું, આર્યસમાજ, પ્રાર્થના સમાજ, શ્રીયુત શીન્દે, લેડી નોર્થકોટ ઓર્ફનેજ, સેવાસદન વગેરે સ્થળો અને આસામીઓ વગેરે જોવા અને તેમની મુલાકાત લેવાનો નિશ્ચય કર્યો. વાંચકોને જણાશે કે હરિરત્નરાયે મીઠી, મધુરી કે જુસ્સાદાર ભાષામાં બોલનારા કે લખનારાઓની મુલાકાત લેવાની સ્વપ્ને પણ ઇચ્છા નથી કરી. તેમનો મત એવો હતો કે, જે શ્રદ્ધા અને સાદાઇપૂર્વક દેશની સેવામાં તલ્લિન રહેનાર હોય, તેઓ માનપાત્ર છે. રૂવાબમાં અને કોકીલ કંઠમાં પ્રજાને રંજન કરનારાઓ નાટકના

તરત મટાડે છે.

પાત્રો છે. બીજે દીવસે શ્રીયુત્ શીન્દેને મળવાનો તેમને પ્રસંગ આવ્યો. શ્રીયુત્ શીન્દેને આ વેળાએ તેઓ પ્રથમજ જોતા હતા. શ્રીયુત્ શીન્દેને પોતાનેજ તેઓ તેમના વિષે પૂછપર્છ કરે છે, એ સ્થિતિ જોઈ શ્રીયુત્ શીન્દેને સેહેજ હાસ્ય ઉપજ્યું! શ્રીયુત શીન્દે જેવા ભગવો ફેંટો અને સાદા કપડાં પેહેરેલા ગ્રહસ્થને મી. હરિરત્નરાય ક્યાંથી ઓળખે. મી. હરિરત્નરાયને તેમની સાથે થયલી વાતચીત દરમ્યાન અંત્યજો પ્રતિની તેમની લાગણી ઉભરાઈ જતી હતી. મી. હરિરત્નરાય એક ક્ષણમાં અનેકવાર તેમના અંતરાત્મા સૂધી પહોંચી જતા હતા અને પૂજ્ય ભાવથી તેમને નમન કરતા હતા. ખચિત્ શ્રીયુત્ શીન્દે વંદ્ય પુરૂષ છે. તેઓ સમસ્ત દેશી પ્રજામાં સમાન બંધુભાવની દૃષ્ટિથી જુએ છે. તે પછી તેમણે ડો. માસીનાની અને તેમની હોસ્પીટલની મુલાકાત લીધી. તુરતજ તેમના મનમાં માન પેદા થયું અને ' પરમાત્મા હિંદુ કોમમાં પણ ડોકટર માસિના નીપજાવો એવા ઉદ્ગારો નીકળ્યા. તે બાદ તેમણે મી. મલબારીની મુલાકાત લીધી. મી. મલબારી પણ એક એવા ભદ્ર પુરૂષ મનાય છે કે જેમનું નામ આ ભૂમિ ઉપરનો એક પણ ખંડ એવો નહીં હોય કે જ્યાં પ્રસાર પામ્યું નહીં હોય અથવા જ્યાંના દેશદાઝવાળા જનો જેમની સામે કાંઈક પૂજ્યભાવથી જોતા નહીં હોય. મી. મલબારીના વિચારો દેશહિતની ચિંતાથી ઉભરાઈ જતા હતા. તેઓ જેમ અંગ્રેજીના ઉંચા અભ્યાસી હતા તેમ તેઓ ગુજરાતી ભાષા પણ ઘણી સારી રીતે જાણતા હતા. તેઓ કોઈ વાર પણ મોઢેથી વાતો કરવાની હીલચાલમાં ભાગ લેતા નહોતા. મી. મલબારીએ પોતાના ધન–બળે નહીં પણ શક્તિ અને લાગણી બળે **સેવાસદન** અને **ક્ષયરોગીઓ માટે આરામગ્રહ** સ્થાપવાને ભાગ્યશાળી થયા છે. શ્રીયુત્ મલબારી વિચારમાં ઘણા મક્કમ હતા અને કદાચ્ ગમે તેટલો પ્રબળ વિરોધ પોતાના વિચાર સ્હામે કેમ ના હોય પણ તેની તેઓ જરા પણ દરકાર કરતા નહીં. તેઓનો મંત્ર હતો કે:—

લોકો ફાવે લોક વદતાં, માટે મને શું ?
ફર્જ સમજી હું વિચરતો, દુ:ખ તેમાં મને શું ?
ખોટે માર્ગે મન ધબકતાં, કાર્યમાં હું અટકતો;
કુદરતનો જો ઘાત થાતો કાર્યમાં હું અટકતો;

* * *

હું તો માત્ર તેજ કરૂં છું, જ્યાં પ્રભુતા રહે છે.

શ્રીયુત્ મલબારી પછી પારસી સુવાવાડખાનું જોવાની તક ઉભય સ્નેહીઓએ લીધી. એ સંસ્થા પણ ઘણી ઉપયોગી જણાઇ. મુંબઇની ગીચ વસ્તીમાં રહેવાની પુરતી સગવડ નથી હોતી પછી તેવા સંજોગોમાં સુવાવડ જેવો પ્રસંગ આવે ત્યારે સ્ત્રીઓને કેટલું વેઠવું પડે, અને તેથી અગવડ ઉપરાંત તેમના શરિરને પણ કેટલી હાની થાય? મી. હરિરત્નરાયને આ સંસ્થાથી ઘણો સંતોષ ઉપજ્યો હતો. તેઓ કહેવા લાગ્યા કે હિંદુઓ માટે આવું એક નાનું સરખું ખાતું છે પણ જોઇતી હવાશીલ જગામાં નથી તેમજ એવા વિસ્તારવાળી નથી કે જેને એ પ્રકારના ઉપયોગી ખાતાં તરીકે ઓળખાવી શકાય. પારસી સુવાવડખાના જેવાં પાંચ સાત સુવાવડખાનાં સ્થપાય તો મુંબઇમાં હિંદુઓની હાડમારી દૂર કરી શકાય. તે બાદ તેમણે આંધળા તથા બ્હેરાં મુંગાની શાળાની મુલાકાત લીધી. ત્યાં જોતાં તેમની લાગણી ઉશ્કેરાઇ. દૂન્યામાં નકામું શું છે? થોડાક કાળ પૂર્વે કોઇને કહ્યું હોત કે બ્હેરાં અને મુંગા તથા આંધળાઓ પણ શિક્ષણ પામી શકે અને સંસારનો પોતાનો વ્યવહાર સ્વતંત્ર રીતે ચલાવી શકે. તો તે વાત કોઇ ના માનત! તે બાદ તેમણે લેડીનોર્થકોટ ઓર્ફનેજની મુલાકાત લીધી. ત્યાં અનાથો તરફનો પોતાના બાળક જેવો તેના સ્થાપકોનો પ્રેમ જોયો અને શ્રીમંતો અનાથ બાળકોને પોતાના બાળક પ્રમાણે ચહાય એ જોઇ તેમના માટે કોને માન નહીં ઉપજે! હરિરત્નરાયે આ રીતે પોતે ખાસ જોવા ચહાતા હતા તે સર્વ જોયું. આર્યસમાજ અને પ્રાર્થના સમાજમાં ભાષણો સાંભળ્યાં. સર નારાયણરાવ ચંદાવરકરની વકતૃત્વશક્તિ માટે હરિરત્નરાયે ઘણું સાંભળ્યું હતું અને પોતે સાંભળ્યું ત્યારે ઘણો આનંદ પામ્યા. હરિરત્નરાયે તેમની સાથે મુલાકાત કરી અને ઈંગ્લૅન્ડ સંબંધી કેટલોક અનુભવ પૂછ્યો. સરનારાયણરાવ ઘણા મળતાવડા છે અને તેઓને તેમણે કેટલીક સૂચના આપી. આ પછી તેઓ રાત્રે, હીંદને થોડાક વખત માટે સલામ કરતી વેળા મુંબાઇની ઉચ્ચ પંક્તીનો એક નાટક જોવા ગયા. તેઓએ બાનુ ગૌહર અને મર્હુમ શ્રીયુત્ અમૃતલાલ નાયક વિષે વખાણ સાંભળ્યાં હતાં. તેમણે આજે "જહરી સાપ" નો વખણાતો ખેલ જોયો. મર્હુમ અમૃતલાલ માટે પ્રજા જે વખાણ કરતા હતા તે ખરાં હતાં અને બાનુ ગૌહર પણ અભિનયકળાની અનુભવી હતી, એમ શ્રીયુત્

હરિરત્નરાયને પણ લાગ્યું. આ વેળાએ કૃષ્ણા, હેમકળા, હેમકળાનો પતિ, એ સઘળાં પણ સાથે હતાં. નવાબના ત્રાસ સામે એક યુવતિ અબળા પોતાના શીયળ માટે કેટલી મગરૂબીથી અને કેવી હિમ્મત અને જુસ્સાથી લડે છે તેનો ખ્યાલ કૃષ્ણા અને હેમકળાના હૃદયમાં સજ્જડ બેઠો. નાહારસિંહનું પાત્ર સત્યાવલંબન અને દેશભક્તિનો મંત્ર શીખવનાર એક ઉચ્ચતર પંક્તિનું પાત્ર ગણી શકાય એમ એક અવાજે સઘળાનો મત થયો. હરિરત્નરાય અને વિનયચંદ્ર વાર્તાલાપ કરતા હતા તે વેળાએ હરિરત્નરાય સ્વભાવિકજ બોલી ગયા કે 'આવા અભિયોગો જો ગુજરાતી ભાષામાં ભજવાતા હોય તો પ્રજા ઉપર તેની કેવી ઉંડી અસર થાય. ગુજરાતી ભાષામાં આવી છાપ પાડનારા અભિયોગો થાય છે પણ તેમાં સ્ત્રી પાત્રમાં કે પુરૂષ પાત્રમાં હિમ્મત અને અડગતાને બદલે કુનેહબાજી અને ભીરૂતાનું દર્શન થાય છે. છાપ પાડવા માટે અને ખરેખરા ગુણો તરીકે હિંમત અને અડગતા એ ગુણો મુખ્ય સ્થાને ગણાવા જોઇએ.' ખેલ પુરો થવા બાદ બધા ઘરે જતા હતા ત્યારે હેમકળા પ્રતિ હરિરત્નરાયે કહ્યું કે, "બ્હેન ! તમે પણ ખુરશેદબાનુ બનશો કે !" હેમકળાએ વિનયપૂર્વક કહ્યું 'પરમાત્મા મને તેવી બનાવે ! જતાં જતાં રસ્તામાં પગથી ઉપર સુઈ રહેલા લાચારોની સ્થિતિની કલ્પના કરતાં હરિરત્નરાયની આંખોમાંથી આંસુ આવ્યાં. પ્રભુએ આ બિચારાંઓને કેવી સ્થિતિમાં મુક્યાં છે. આપણને તેમના કરતાં ઘણું સુખ આપ્યું છે એ પરમાત્માનો આપણા ઉપર ઉપકાર છે. અહીં આ બિચારાંઓને પોલીસ સુવા દે છે ત્યાં સુધી ઠીક નહીં તો તેઓ બિચારાંઓનું ક્યાં આરામ સ્થાન ! પગથી ઉપર સુવા દેવાથી વર્ષના વચલે દહાડે અકસ્માત બનવાનો ભય બતાવી તેમને તેવી રીતે સુવા નહીં દેવાનો સત્તાવાળાઓ તરફથી ઠરાવ થાય તો આ બિચારાંઓનો શું આશ્રય ? પરમાત્મા સર્વની ચિંતા કરે છે.

બીજે દિવસે હરિરત્નરાયે કાંઇ પણ નહીં જવાનો અને આરામ લેવાનો તથા કુટુમ્બીક આનંદમાં વિતાડવાનો સમય ઠરાવ કર્યો હતો. સાંજના તેમણે પોતાને માટે કેટલાંક સાધનોની ખરીદી કરવા વગેરેનું કામ રાખ્યું હતું. આવી સ્થિતિમાં સઘળા આનંદ વચ્ચે નિદ્રાધીન થયાં.

પ્રકરણ ૨૦ મું.

હું પણ જર્મની જાઉં છું !

રા ત્રે, હરિરત્નરાય મેહેમાન તરીકે હોવાને કારણે વિનયચંદ્ર પણ તેમની સાથેજ પોતાનું સુવાનું રાખનાર હતા પણ વિનયચંદ્ર એ વાત સારી રીતે જાણતા હતા કે હેમકળાને પોતાના પતિ સાથે જીવસંઘટ્ટન સારી રીતે નથી. એ સંબંધી ભૂલ સુધારવાને હરિરત્નરાય સારી ફતેહ મેળવવા પામશે. તેમ કરતાં પહેલાં તેણે—હરિરત્નરાયે હેમકળાના પતિના જરા પરિચયમાં આવી તેના સ્વભાવ વગેરેથી માહિતગાર થવાની જરૂર હતી. જો તેમ થયું હોય તોજ તે તે બેના વચ્ચે પ્રેમ સંઘટ્ટન કરવાનો માર્ગ શોધી શકે. આથી તેમણે હરિરત્નરાયને માટે આજ હેમકળાના પતિ સાથે સુવાની ગોઠવણ કરી હતી. હેમકળાનો પતિ પણ અજ્ઞાન હતો પણ એવો મૂર્ખ કે વિવેકહીન નહોતો કે પોતાને ત્યાં આવેલા એક મેહેમાનની ઈચ્છા સ્નેહભરી ઇચ્છાને ના અનુસરે. હેમકળા અને તેના પતિને—આ નવલ દંપત્તિને આ નવીન જીવનજ્યોતિની આરાધના કરવાનો સમય હતો, તેમ છતાં હરિરત્નરાયે હેમકળા પાસેથી તો સેહેલાઇથી રજા મેળવી લીધી. હેમકળાને હરિરત્નરાયે માત્ર હસતાં મુખડે એટલુંજ કહ્યું કે "બ્હેન ? માફ કરજો. આજ તમારો આ મુર્ખ ભાઈ તમારા અસ્ખલિત પ્રેમઝરણને સ્ખલિત કરે તો આજ તમો દંપત્તિને વિખુટા પાડવાનો છું. તમારા પતિ આજે મારી સાથે સુઈ જવાના છે."

હરિરત્નરાય કહે એટલે તે સ્વિકારવાને હેમકળા તૈયાર થાય એમતો વાંચકોને સ્વભાવિકજ લાગશે. હેમકળાએ પ્રફુલ્લ અને આભાર વત ચહેરે ઉત્તર આપ્યો "તમારે માટે તમારા મોંનો કે કોઇપણ બીજાને મ્હોડે મુર્ખ શબ્દ બોલાય ત્યારે તે સાંભળવાનો અવકાશ થાય તે પહેલાં મારા કાન બહેરા થઇ જવા જોઇએ. ભાઇ ! તમારો મારાપર એવો અનહદ્દ ઉપકાર છે કે જે પછી તમારી આ માગણી તો ઉપર ઘણી તુચ્છ છે, અને તે પણ કદાચ્ મને વધારે આભાર તળે દબાવવા

સારૂજ હશે. તમારી ઇચ્છા કરતાં અમારા સહવાસની પંક્તિ પ્રથમ નથી આવી શકવાની.”

હેમકળાના આ ઉત્તરથી હરિરત્નરાય ઘણો પ્રસન્ન થયો. હરિરત્નરાયે ખુલાસો કરવાનું મુલતવી રાખવું ઠીક ધાર્યું નહીં અને તેથી હેમકળાને કહ્યું, “બ્હેન મેં સાંભળ્યું છે કે તમારો તેમના ઉપર કાંઇક પ્રેમ અવરોધ છે. હું તેનું કારણ શોધવા ચાહું છું, અને બને તો હું તે અવરોધક કારણ દૂર કરવા ચાહું છું તે માટે હું તેમને મારી સાથે લઇ જવાની ગોઠવણ કરૂં તો તમને જે વિયોગ સહન કરવો પડે તે સારૂ શ્રાપ તો નહીં દેશોને? ! !”

હરિરત્નરાયે હેમકળાની પવિત્ર ભાવપૂર્ણ મશ્કરી કરી. હેમકળાને તેથી જરા હાસ્ય પ્રાપ્ત થયું. આ વેળાની ઉભયની સ્થિતિ એવી હતી કે જો કોઇ અજાણ્યું મનુષ્ય ત્યાં હોત તો આ ઉભય નિર્વિકારી સ્ત્રીપુરૂષ માટે કેવીયે કલ્પના કરી હોત. બીજા દેશોમાં અનીતિ અગાધ છે પરંતુ ત્યાં એક બીજાનાં વર્તન-અંગત વર્તન સામે કદાચજ ધ્યાન આપવામાં આવે છે. આ દેશમાં કોણ જાણે સ્ત્રી પુરૂષનાં હૃદય એવા શુષ્ક અને વિકારી માનવામાં આવે છે કે લોક કોઇને પણ નિર્વિકારી માનવા તૈયાર નથી. તે એક મનુષ્ય-સ્ત્રી કે પુરૂષને પ્રથમ દૃષ્ટિએ અને પ્રથમ વિચારે વિકારી-ભ્રષ્ટજ માની લે છે અને તેવા એકાદ માની લીધેલા પ્રસંગ ઉપર અનેકગણો-અકલ્પ્ય કલ્પનાનો ઘોડો દોડાવે છે. હેમકળા અને હરિરત્નરાયની વચ્ચે પરમ પિતા સિવાય અન્ય કોઇ દ્રષ્ટા નહોતું, નહીં તો આ સંસારમાં તો ઉભયની કોણ જાણે કેવીયે ફજેતી થઇ હોત. આવી સ્થિતિ વચ્ચે હેમકળાએ આંતર્પટમાંથી એવો વિશેષ સ્થિતિદર્શક ઉત્તર આપ્યો કે, “તમારી કોઇપણ ઇચ્છાની આડે આવવાની મારી શક્તિ નથી, અને મને સત્તા પણ નથી. તમે મારે માટે કાંઇ પણ જીવન વ્યવસ્થા કરવા સંપૂર્ણ સત્તા ધરાવો છો.”

“બ્હેન ! એટલાં બધાં આગળ ના વધો. તમારી એવી કુલ મુખત્યારી મને આપવાનો તમારો હક નથી. લગ્નની ગાંઠથી જોડાયાં ત્યારથી તમે તમારા પતિની ઇચ્છાને સંપૂર્ણ અનુસરવા બંધાયલાં છો,

અને મારી અને તેમની અથવા કદાચ બાપુજી અને તેમની વચ્ચે પણ મતભેદ થાય તો તમે તેમના વિચારને સમર્થક થવા બંધાયલાં છો" હરિરત્નરાયે અમૂલ્ય બોધ આપ્યો.

"આપ મારા પ્રતિ જે આ સત્ય ભાવ રાખો છો તે માટે ભાઇ! તમારો આભાર માનું કે? હું તેમનાથી વિરૂદ્ધ આ જીવમાં જીવ છે ત્યાં સુધી તો એક ડગલું પણ નહીં ચાલું. હું તેમની થઇ ચુકી છું અને તેમની થઈ રહીશ અને દોરવશે તેમ દોરવાઇશ. મારી ઇષ્ટપ્રાપ્તિ તેમાંજ છે" હેમકળાએ હૃદય પ્રકાશ્યું.

"બ્હેન! તમારાં જેવાં સુશીલ અબળાને તેજ છાજે હું ધારૂં છું કે, તેમને સાથે લઇ જવાની ગોઠવણ કરૂં તો તમે તો વાંધો નહીંજ લો, હું તેમની સાથે હવે તે સંબંધી મસલહત ચલાવીશ."

"તમે તે માટે સ્વતંત્ર કુલ મુખત્યાર છો."

હેમકળાની આટલી સંમતિ પછી હરિરત્નરાયે હેમકળા પાસેથી તેના પતિને છુટો પાડવાની પણ પરવાનગી લીધી અને તે અનુસાર આજે તેઓ એક સ્થાનમાં સુઈ રહ્યા હતા. હરિરત્નરાયને ત્રીજા દિવસે બપોરે ઉપડતી મેલ સ્ટીમરમાં જવાનું હતું અને તેને અંગે કેટલોક સામાન પણ ખરીદવાનો હતો. જો હેમકળાનો પતિ સાથે આવે તો તેને પણ તેવીજ કેટલીક ખાસ તૈયારી કરવાની હોય અને તેથી તે સવાલનો આજેજ નિશ્ચય થવો જોઇએ. હરિરત્નરાયે તેથી સ્વાભાવિકજ પ્રશ્ન કર્યો, "ભાઈ? આપનો અભ્યાસ શું અને આપની સંપત્તિ કેટલીક ગણાય?"

"મેં અંગ્રેજીનો સારો અભ્યાસ કર્યો છે. મને અંગ્રેજી પ્રેમ પ્રકરણી નવલકથાઓ વાંચવાનો શોખ અતિશય છે અને હજુ મારો અભ્યાસ ચાલુજ છે." હેમકળાના પતિએ ઉત્તર આપ્યો.

હેમકળાના પતિએ વિવેકની ખાતર પોતાની સંપત્તિના સવાલનો ઉત્તર આપવાનું યોગ્ય નહીં વિચાર્યું. હરિરત્નરાય આમ છતાં એ સહમજ્યા કે પોતાના ધારવા મુજબ તેમની આર્થિક સંપત્તિ પણ સારી છે. વળી હેમકળાનો પતિ હેમકળાના શ્વસુરગ્રહમાં

એકનો એક પુત્ર હતો. એટલે ઘણો લાડપાનમાં ઉછર્યો હતો. હરિરત્નરાયને, તેમ છતાં, તેના ઉત્તરમાંથી સમજાયું કે જો યોગ્ય રીતે વર્તવામાં આવે અને સંભાળભરી રીતે પરિચીત થઈ તેને સમજ આપવામાં આવે તો ખચીત્ તેની જીંદગીનું ધોરણ બદલાય અને હેમકળા ચાહે છે તેવું થાય. આ માટે લાંબા સહવાસ વિના તો ચાલેજ નહીં. તે જર્મની આવશે તો સારૂં જ્ઞાન સંપાદન કરશે, તેમના વિચારો સ્વભાવિકજ છૂટા થશે અને મને પણ તેમના પરિચયમાં આવી તે સુધારવાની સારી અને પૂરતી તક મળશે. હરિરત્નરાયે આથી હવે કાંઈ આડા અવળા સવાલો પૂછવા બદલે એવો સાદો સવાલ પૂછ્યો કે કદાચ અજાણ્યો તો તે અસ્થાને માને ! હરિરત્નરાયે એવો પ્રશ્ન કર્યો કે, “ તમે મારી સાથે જર્મની આવશો ? મારી સાથે જર્મની તમે જરૂર ચાલો. તમને ત્યાંથી ઘણું જાણવાનું મળશે. તમે એવું એવું ત્યાં જાણશો કે જેને પરિણામે તમારા જેવા શ્રીમંતો તો પોતાની સ્થિતિ વધારે ઉચ્ચતર બનાવવાને ઘણાં જ્ઞાનનાં સાધન સંપાદન કરવા પામે. મારા મત મૂજબ હવે તમારો અભ્યાસ પણ એવો છે કે જે અંગ્રેજી જ્ઞાન તમે અહીં થોડાંક વરસો પસાર કરતાં પણ કદાપિ પ્રાપ્ત કરી નહીં શકશો, તે ત્યાં કાંઇ પણ માથાકૂટ વિના સેહેલાઇથી તમે શીખી શકશો. મારો તમને આગ્રહ છે કે તમારે મારી સાથે જર્મની આવવાનો નિશ્ચય કરવો. ”

હેમકળાનો પતિ આ સવાલનો જવાબ ત્વરાથી આપી શકે તેવું નહોતું. તેને આ બાબતનો ઉત્તર આપતા પહેલાં જ્ઞાતિ–સમાજ બંધારણ સામે નજર નાંખવી પડે તેમ હતું એ તરફ નજર નાંખતાં પણ તે જઇ શકે તેમ તેને નહીં લાગ્યું. પરદેશગમન કરનારાઓને આ દેશમાં સમાજ–જ્ઞાતિથી બહિષ્કૃત કરવામાં આવે છે. હેમકળાના પતિની પણ તેવી દશા થાય ! હેમકળાના પિતા આવી બાબતમાં ઘણા સારા વિચાર ધરાવતા અને તેથી તે તો અવરોધક થાય તેમ નહોતું; પણ પરદેશગમન કરી આવ્યાં બાદ જે મુશ્કેલી વેઠવી પડે તે ઘણી ગુંચવાડો ઉપજાવનારી હતી. હેમકળાના પતિએ તે મુશ્કેલી હરિરત્નરાય સન્મુખ વર્ણવી. હરિરત્નરાયે તે મુશ્કેલીને હસી કાઢી. તેઓ તો એમ માનતા હતા કે આ સંસારમાં જ્ઞાતિ કે જે

હાલમાં તો સમાજબંધારણનું સ્વરૂપ છે તેનાથી બહિષ્કૃત થવામાં કશીય મુશ્કેલી ઉભી થતી નથી. કેટલાક તરફથી એવું કારણ રજુ કરવામાં આવે છે કે, જો જ્ઞાતિથી બહિષ્કૃત કરવામાં આવે તો કન્યા મેળવવા તેમજ આપવામાં મુશ્કેલી નડે ! આ મુશ્કેલી કશીજ વજુદવાળી નથી. ભાગ્યે ખપતી જ્ઞાતિમાં કન્યા આપવાનો બહુધા રિવાજ ચાલે છે જ્યારે જ્ઞાતિમાં જેઓ હોય છે, તેઓ પોતાના ચોક્કસ વાડામાંજ કન્યા આપી શકે છે અને તેટલામાંથીજ મેળવી શકે છે, ત્યારે જ્ઞાતિમાંથી છૂટા થવા બાદ તો વર્ણ સંયોગને બદલે ગુણ સંયોગ થતા હોય તેમાં લગ્ન કરી–કરાવી શકાય છે. વર્ણ સંયોગ કરતાં ગુણ સંયોગનાં લગ્નથી જોડાયલાં જોડાં વધારે સારૂં સુખ મેળવે છે. તેમનો પ્રેમ પણ વધારે ઘટ્ટ હોય છે ! હરિરત્નરાયે આ બધી વાત હેમકળાના પતિને સમજાવી. તેના મનમાં એ તો પ્રથમથીજ ઠસ્યું હતું કે પરદેશ ખાતે જઇ હુન્નર ઉદ્યોગનું સારૂં જ્ઞાન સંપાદન કરી શકાય અને બાદ સ્થિતિ સંપન્ન હોવાને લીધે આ દેશમાં સારો ઉદ્યોગ ખીલવી શકાય. હેમકળાના પતિના હૃદયમાં હરિરત્નરાયના કહેવાથી અને સ્પૂર્તનથી હિમ્મત આવી અને તેણે જર્મની સાથે જવા સ્વિકાર્યું. હવે હરિરત્નરાયનો અને તેનો સંબંધ વધારે ઘટ્ટ થતો ગયો અને એક બીજા સાથે કાંઇક છૂટથી વાત કરવા લાગ્યા. હેમકળાના પતિએ પૂછ્યું પણ હું ત્યાં આવું તેમાં તેને (હેમકળા) તો કાંઇ વાંધો નહીં હોય; તેને તો કાંઈ દુઃખ નહીં ઉપજે !"

"નહીં તે એવી અજ્ઞાન બાળા નથી કે ના સમજે. તે એ બીના સારી રીતે સમજે છે કે તમારા હિતમાંજ હવે તેનું હિત સમાઇ જાય છે અને તેથી આવી હિતકર બીના માટે તે કદાપિ અવરોધક થાય નહીં. મેં તેની સાથે આ બાબતમાં મસલહત ચલાવી છે અને પરવાનગી મેળવી છે. તેમણે તમે આ પગલું ભરો, તે માટે ઘણી ખુશી બતાવી છે." હરિરત્નરાયે કહ્યું.

પોતાની સ્ત્રી માટેનો આવો ઉચ્ચ મત સાંભળતાં હેમકળાના પતિનું હૃદય ઘણું પ્રફુલ્લ થયું અને તે સ્વભાવિકજ છે. હેમકળાની સાથેનો લાંબા સમયનો વિયોગ થનાર હોવાથી બીજી રાત્રે દંપતિએ સાથેજ નિવાસ કરવાનું ઠર્યું અને તે ગોઠવણ કરવાનું હરિરત્નરાયે

પોતાને શીરે લીધું. વળી હેમકળાનાં શ્વસુરપક્ષનાં વડીલોને સમજાવવામાં મદદ કરવાનું પણ હરિરત્નરાયે સ્વિકાર્યું. આ રીતે દરેક રીતે હરિરત્નરાયે પોતાથી બનતી દરેક મદદ કરી અને હેમકળાના પતિને સાથે આવવાનું નક્કી થયું. સહવારમાં ચાહનો સમય થાય તે પહેલાં તો આ બાબતનો નિશ્ચય કરી લેવાયો. હરિરત્નરાય અને હેમકળાનો પતિ ઉભય આવતી કાલે તો ઉપડી જનાર હોવાને લીધે આજે બપોરે તો ઉભયને માટે ઘણો સામાન લેવાનો હતો. હેમકળાના પતિને જવાનું છેક છેલ્લી ઘડીયે નક્કી થયલું હોવાથી તેનો સામાન તૈયાર કરવામાં ઘણી મુશ્કેલી હતી. આમ હોવાથી બને તેટલો વખત હેમકળાના સહવાસમાં ગાળવાની તક સાધવામાંજ આવતી હતી. ચાહનો વખત થયો. હેમકળા આવી અને ચાહ માટે આમંત્રણ કર્યું. હેમકળાના આમંત્રણનો ઉત્તર હરિરત્નરાયે આપતાં કહ્યું કે, "કૃપાની રાહે અહીંઆં ચાહના પ્યાલા લાવશો? તમારો પ્યાલો પણ અહીંજ લાવજો. અમે ઉભય આવતી કાલે સાથેજ જર્મની જઈશું. તમારે તમારા પુજ્ય પતિના સહવાસમાં રહેવાનો હાલ તો આજનો છેલ્લો દિવસજ છે."

આ સમાચાર સાંભળી હેમકળા ઘણી પ્રસન્ન થઇ. પોતાના પતિ આટલો સારો અભ્યાસ કરવા જાય છે, પોતાના તરફ હવે પ્રેમથી જુએ છે અને પોતાને માટે લાગણી ધરાવે છે અને હરિરત્નરાય પોતાના હિત માટે અત્યંત કાળજી ધરાવે છે એ ત્રણ રીતે આશા, પ્રેમ અને આભારના ઉભરાથી તે ઉભરાતી હતી. હેમકળા આમ છતાં હરિરત્નરાયની હાજરીમાં કશુંજ બોલી શકી નહીં. પોતાના પતિનું પોતાની તરફ પ્રફુલ્લ મુખ નિહાળી સ્મિત કટાક્ષ મારતી 'જી, જેવી આજ્ઞા: ચાહના પ્યાલા લઇ આવું છું.' આટલું બોલી તે ચાલી ગઇ અને ચાહના પ્યાલા લઈ આવી. હેમકળા ચાહના પ્યાલા લઇ આવે તે દરમ્યાન હરિરત્નરાયે ખુરશી ફેરવી નાંખી અને ખાલી ખુરશી મર્યાદાનો લોપ ના થાય તેવી રીતે હેમકળા માટે તેના પતિની ખુરશીની નજદીકમાં ગોઠવી. હેમકળા જોતાંજ આ વાત સમજી ગઈ! પણ તેમ છતાં "ભાવતુંતું" અને વૈદ્યે કહ્યું! આ કહેવત અનુસાર તેની સ્થિતિ હતી અને તેથી તે મર્યાદાપૂર્ણ રીતે વસ્ત્ર સંકેલી બેઠી તેણે થાળમાંથી પ્યાલા સૌને આપ્યા. હેમકળા કાંઇ વિશેષ ભાવ

જંતુ નાશ કરે છે.

વિનાજ પ્યાલા લાવી હતી અને કાંઇ પણ વિશેષ ભાવ વિનાજ તેણે તે આપ્યા હતા. પણ સ્વભાવિક રીતે હેમકળાના પતિના હાથમાં અને હરિરત્નરાયના હાથમાં ગયેલા પ્યાલા ઉપર અનુક્રમે નીચે પ્રમાણેનું વાકય હતું:...

(૧) Remember me.

(૨) With best compliments.

હેમકળાના પતિનું આ ઉપર ધ્યાન ગયું પણ તે કાંઈ બોલ્યો નહીં. હરિરત્નરાયે પોતાના પ્યાલાપરનું વાકય નજરે પડતાં હેમકળાના પતિના પ્યાલા સામું જોયું. તેને માટે આ વાકયો કેટલાં પ્રાસંગિક હતાં તેનો તેને ખ્યાલ આવ્યો. હરિરત્નરાયે હાસ્ય કરતાં કહ્યું, "બ્હેન ! આ પ્યાલા આજે આપ્યા તે ઠીક નહીં. આવતી કાલે તમારેજ હાથે ચાહ પીવાની છે. આ પ્રાસંગિક વચનયુક્ત પ્યાલાઓ આવતી કાલે આપ્યા હોત તો તે વધારે યોગ્ય ગણાત. તમારી આશીષ મને ફળો એમ હું ઇચ્છું છું. તમારા પતિ તમને યાદ કરશે કે નહીં, તે વિષે તેમનેજ પછી જુઓ."

હેમકળાને આ સાંભળી જરા શરમ આવી અને નીચું જોયું; પણ તેના પતિએ તેની તેની શરમ કાંઈ લાંબો સમય રખાવી નહીં. તેણે કહ્યું:—"સૌભાગ્યવતી ! તમારી અને મારી ઇચ્છા અને આશા એકજ હોઈ શકે એમ છે. હું તમને એક પણ ક્ષણ વીસરીશ નહીં અને તમે પણ મને નહીંજ વીસરો એમ માનું છું. હું આજેજ તમારી છબી પડાવી લોકિટ માટે લઇ જવાનો છું. મારૂં અર્ધું અંગ હું તમારૂં બનાવીશ."

હેમકળાએ આ પોતાના પતિનાં પ્રેમઝરણાં આલ્હાદે સાથે ઝીલ્યાં; આભારયુક્ત મધુર સ્વરે ઉત્તર આપ્યો કે "તમારા અને મારા હૃદયમાં પરમાત્મા અખંડ પ્રેમજ્યોતિ પ્રગટાવે. મારૂં અંગ નહીં પણ આત્મા સુદ્ધાં તમારો છે. હું વસ્ત્રાદિ ધારણ કરીશ તેના ઉપર પણ તમારી છબી હશે. હું તમારી ગેરહાજરીમાં જે ભરીશ-ગુંથીશ તેમાં પણ તમારી છબીને સ્થાન આપીશ. મારા હૃદયમાં તમારી છબી સ્થિતિમાન થઈ રહી છે."

હરિરત્નરાય ચાહ પી પાન લઈ થુંકવાને બહાને ગેલરીમાં ચાલ્યા ગયા. હેમકળા આ તક અને હરિરત્નરાયે વાપરેલી સમયસૂચકતા

સમજી ગઇ. તેણે પોતાના પતિના સામું રહેજ પ્રેમયુક્ત દૃષ્ટિ ફેંકી, તેના પતિએ પણ હેમકળાને છાતીસરસી પ્રેમથી દબાવી અને ચુંબન કર્યું. એક ચુંબન થતાં દ્વિતીય (પક્ષ) હેમકળાએ ઘણા પ્રેમથી ચુંબન કરાવ્યું. આ પ્રમાણે હેમકળાને તેના પતિએ અત્યંત વાહાલથી પાંચસાત ચુંબન કર્યાં અને ઓષ્ટપાન–અધરપાન પણ કર્યું; હેમકળાનાં આખા શરિરને ક્ષણ બે ક્ષણમાં તેના પતિએ ચાંચલિત કરી મુક્યું. હેમકળા તે ક્ષણે એવું ચહાવા લાગી કે, 'આજ રાત્રી વહેલી પડજો અને લાંબી હજો. ચાંદની બરાબર ખીલજો અને પ્રેમ પ્રભાવી હજો.' આવેશમાં હેમકળા અદ્વૈત અવસ્થામાં હતી તેજ ક્ષણે તેણે આજ રાત્રે પોતાના પતિને વેળાસર ઘરે પધારવા વિનવ્યું. પતિએ તે પ્રેમ પૂર્વક સ્વિકાર્યું. હેમકળાની અને તેના પતિની આ પ્રેમક્રિડા સમામ થઇ એટલે પાછા હરિરત્નરાયે અંદર પ્રવેશ કરી પોતાની બેઠક લીધી. હેમકળાએ, પોતાના ગાલો ભીંજાયલા હતા તે લોહી નાંખ્યા અને પોતાના ભિંજાયલા ગાલો હરિરત્નરાયના જોવામાં આવ્યા તેથી શરમાઇ !

હેમકળા ત્યાંથી ચાલી ગઇ અને તેણે પોતાનાં માતા પિતાને હરિરત્નરાયે કરેલી ગોઠવણની વાત કરી. હરિરત્નરાયે પણ તુરત તે સઘળી વાત સઘળાંને કહી અને જોઇતી સઘળી તૈયારીઓ કરવામાં સઘળાં રોકાયાં. હેમકળાએ આજેને આજે મોજાંની એક જોડ ભરી અને તેમાં તળીયાના ભાગ ઉપર પોતાની છબી ભરી. હેમકળાએ એમ બતાવવા ચાહ્યું કે, 'હું તો તમારા પગની તળી છું.'

સહવાર ગઇ, બપોર ગઇ અને સાંજ પણ પડી. સર્વથી બનતો પ્રયત્ન કરીને દરેક સામાન બરાબર વ્યવસ્થિત કરવામાં આવ્યો. સાંજે સઘળા જમ્યાં અને પછી હરિરત્નરાય, હેમકળા અને તેના પતિ ત્રણ ફરવા ગયા. હરિરત્નરાય સામે બેઠા હતા અને દંપત્તિ સાથે બેઠાં હતાં. હેમકળાના ખોળામાં તેનો નાનો ભાઇ કુસુમ હતો. કુસુમ ને હરિરત્ન-રાય અને હેમકળાનો પતિ ઉભય ઘણી ગેલ કરાવતા. રાત્રે માત્ર કલાકમાંજ તેઓ ફરીને આવ્યા. આજ કોઇએ વાર્ત્તાલાપમાં વધુ વખત ના ગાળતાં દુધ પી સઘળાં નિયત થયલાં સ્થાને સુઇ ગયાં. હેમકળા અને તેનો પતિ આજે સહવાસમાં રહેનાર હતાં. હરિરત્નરાયે પોતાની પાસે કુસુમને રાખ્યો હતો.

મરાડે છે.

પ્રકરણ ૨૧ મું.

પ્રણત રાત્રિ.

હરિરત્નરાયની ગોઠવણથી. હરિરત્નરાયનાં સૂચનથી આજે હેમકળાને અને તેના પતિને સુષુપ્તિ સમય સાથે ગાળવાનો ઠર્યો હતો. હરિરત્નરાય તથા કુસુમને સાથે લઇ સૂઇ ગયા અને હેમકળા અને તેનો પતિ પોતાને માટે નિયત કરેલામાં આવેલા ઓરડામાં સુઇ ગયા. આ ઓરડો હેમકળાના શયનાર્થેજ નિયત થયલો હતો. માત્ર આજ તેના શયનાલયમાં એક અન્ય પરંતુ હેમકળાનું માલિકત્વ ધરાવતા-પછી એ ઓરડાનું માલિકત્વનો સ્વભાવિકજ-જનને તેમાં દાખલ થવાની પરવાનગી મળી હતી; ખરૂં કહીએ તો અન્ય જનને પરવાનગી મળી હતી કે અન્ય જને તેમાં દાખલ થવાની મહેરબાની કરી હતી તે અમે નથી જાણતા! તમે સઘળા પણ નથી જાણતા. પ્રેમ-પાઠનાં પોથાં ઘરે ઘરે અને નજરે નજરે જુદી જુદી રીતેજ નીરખાય છે-વંચાય છે.

હિંદુ સંસારમાં શયનગ્રહમાં બહુધા પુરૂષથી અગાઉ સ્ત્રી દાખલ નથી થતી, એ મર્યાદા છે. જો કે એક નાટકકારે તેવી કલ્પના કરી છે. આ કલ્પના કોઇ પ્રથમ પંક્તિની યુવા માટે કરી શકાય નહીં. અથવા તો કલ્પનાનું પાત્ર યુવા હોઇ ના શકે. હેમકળા અને તેનો પતિ પ્રથમ પંકતિનાં નવલ, દમ્પત્તિ હતાં એટલે તેમના સારૂં તે ઘટના સંભવે નહીં. આમ છતાં હેમકળા પોતાના નાથ શયનગ્રહમાં દાખલ થાય તેને સારૂ તો કલ્પના કર્યા કરતી હતી. અંદર અનેક રમતો કરવાની આશાઓમાં રમતી હતી. તે સહમજતી હતી કે આજની રાત્રી છેલ્લી છે અને ફરી પ્રભુ મેળવે ત્યારે. હેમકળા સહમજતી હતી કે દરિયાઇ મુસાફરી અને પરદેશની હવા જેને માફક આવે તેને અત્યંત આવે અને ના આવે તો પ્રાણઘાતક નીવડે. કોણ જાણે છે કે જાણી શકે કે હેમકળાના ભાગ્યમાં તેનું કેવું પરિણામ નિર્માણ થયું હશે! હેમકળાનો પતિ શયનગ્રહમાં દાખલ થયો એટલે

એક ક્ષણ પણ વ્યતિત કરવા વિના પાછળ પાછળજ હેમકળા પણ શયનગ્રહમાં દાખલ થઇ.

લગ્ન સમયનો દામ્પત્ય પ્રેમ આજે જુદોજ રીતે નીરખાતો હતો. આજે ઉભય અદ્વૈત થયાં હતાં. એક બીજાનો પ્રેમ પરસ્પર પ્રતિ ઉચ્ચ શીખરે પહોંચ્યો હતો. હેમકળાની માફક તેનો પતિ પણ સમજતો હતો. આજે ઉભય એમ ચાહતા હતા કે આજની છેલ્લી રાત્રિ હાલ તો પ્રેમના અનુભવાર્થ છે. કોણ જાણે છે કે ભવિષ્યમાં એવી રાત્રી ક્યારે પ્રાપ્ત થશે ! દ્વારમાં ઉભય પ્રવેશ્યાં એટલે દ્વાર બંધ કરવા જેટલી પણ મર્યાદાની કલ્પના કરવા સિવાય હેમકળાના પતિએ ગળે હાથ ભેરવી તુરત છાતી સરસી ચાંપી ઉપરાસાપરી ચુંબનોજ ઉભય ગાત્રો પર કર્યાં. હેમકળા ‘ ઉં–ઉં ’ કરતીજ રહી પણ પ્રેમની ચુંબીઓ આગળ તે સાંભળીજ કોણ શકે ? હેમકળા જો કે ‘ ઉં–ઉં ’ કરતી ‘ ના ના ’ કહેતી હતી પણ તેને તે અત્યંત પ્રિયકર હતું ! તેની સ્થિતિ—

> દુ:ખ એ સહેવાય ના, તોયે હ્રદય તો જાય ત્યાં;
> એ વિશ્વનું વૈચિત્રય શું તે, હું થકી સમજાય ના.

એવી હતી. એક તરફથી તે ઉપરાસાપરી ચુંબનોથી કંટાળી જતી પણ એક પ્રથમ પંક્તિની યુવતિને માટે પતિનાં પ્રેમ ભર્યાં ચુંબનો કરતાં વધારે આનંદ હોય એક તરફથી ઉં–ઉં અને ના–ના કરતી હેમકળા હજુ પણ પતિ તરફથી વધુ ને વધુ ચુમ્બનો માટે આશાતુર હતી. પોતાના પતિનું ચિત્ત લલચાય અને આવેશ સમગ્રે આવેશમાં અવરોધક ના થાય તે સારૂ તેણે માથા ઉપરથી વસ્ત્ર નીચે ઉતાર્યું. કાનમાં હિરાનું એરીંગ ઝગમગી રહ્યું હતું અને માથામાં ચાક પણ તેટલોજ દેદિપ્ય હતો. અંગમાં ચોળી ધાણી જીર્ણસમ અને પોપટી રંગની હતી. આ દેદિપ્ય અંગને લીધે હેમકળાના પતિને પુન: આવેશ થયો અને પરિણામે હેમકળાનો હાથ ખેંચી તેને પુન: છાતી સરસી દબાવી ચુમ્બનો પર ચુમ્બનો કરવાને લલચાયો. હેમકળાએ પતિનો હસ્તસ્પર્શ થતાં તેમને બિલકુલ તસ્દી ના પડે તેવી રીતે તેમના અંગમાં લપાઇ ગઇ અને હસ્તે મહોડે પોતાનો પતિ થાકયો ત્યાં સુધી ઉભય ગાલોપર ચુમ્બનો કરવા દીધાં.

પાડે છે.

પોતાના પતિએ પોતાની સાથે કાંઈ અયોગ્ય છૂટ લીધી નહોતી એટલે તેથી તેણે ગાલો લોહવાની દરકાર કરી હોય કે કેમ તે નથી સમજાતું પણ પોતાના પતિને કંટાળો ના આવે તે કારણે પોતાનાં ઉભય ભીંજવાયેલા ગાલો લોહી નાંખ્યા. એવી રીતે સાફ કર્યા કે પુનઃ ગાલો ઉપર લોહી તરી આવ્યું. એકાદ બે ક્ષણ પસાર થઈ નહીં તેટલામાંજ પ્રેમભરી પણ આધિન દ્રષ્ટિ કરતાં હેમકળાએ પ્રશ્ન કર્યો કે, "હવે આવી રાત્રિ ફરીને કયારે પ્રાપ્ત થશે."

"પ્રભુ જાણે. પણ આ પ્રશ્ન અસ્થાને છે. આજની રાત્રી તો વિતવા દો."

"પણ એક રાત્રિના તાર કેટલી રાત્રિઓ બાદ સંધાશે."

"પણ તે હું કેમ જાણી શકું?"

"ત્યારે શું આજજ તેનો અંત આવવાનો."

"એવી અનિષ્ટ કલ્પના કરોછોજ શું કામ?"

"ત્યારે કહો કયારે મળવાના; પુનઃ પ્રેમાનુભવ કયારે દેવાના?"

"થોડાક સમય બાદ-દોઢ બે વર્ષ બાદ હું જરૂર આવીશ અને તમને આજના કરતાં પણ વધારે સતાવીશ!"

"તમે આમ રોજ ને રોજ સતાવો એવી તો મારી પ્રાર્થના છે. બોલો સ્વિકારોછો?"

"આશાતુર ઘણાં જણાવ છો પણ અસંભવિત ઘટનાઓ સંભવિત કેમ થાય?"

"અસંભવિત નથી. મને સાથે લઇ જાવ એટલે તે સંભવિત થશે. તમને અને હરિરત્નરાયભાઇને રાંધી ખવડાવવાનું અને અન્ય ગ્રહકામ હું આટોપીશ, એટલે તમને તેટલી તકલીફ પણ ઓછી થશે અને આપણે હમેશા આવીજ મીઠી રાત્રિ પસાર કરીશું."

"ખરી વાત છે પણ તમને લઈ જવાનું તો બને નહીં. લોકોમાં અને વડીલ વર્ગમાં અપરાધ ગણાય અને તેમની પાસે તેની પરવાનગી માગીજ કેમ શકાય! વળી તમે ત્યાં હો તો અભ્યાસ ઉપર પણ પુરતું ધ્યાન આપી ના શકાય."

"મને તો તમારૂં બોલવું ખારૂં ખારૂં લાગે છે. વડીલ વર્ગની

પરવાનગી હું મેળવું તો પણ અભ્યાસ ઉપર પૂરતું ધ્યાન આપી ના શકાય તે કેમ ?"

"તમારી આશાઓ અને ઇચ્છાઓ ઉપર મારે મારૂં સારૂં ધ્યાન આપવું જોઇએ તેથી."

'હું તમને વેઠ પડીશ નહીં. હું બિલકુલ તમને પીડારૂપ થઇશ નહીં. માત્ર તમારી સાથે રહીને હું આનંદ માણીશ. મને સાથે લઇ જાવતો."

"ના તે બની ના શકે."

"ત્યારે હું અહીંયાં ક્યાં રહું ?"

"તમને ગમે તો આપણે ત્યાં, અને અહીંઆં રહેવું હોય તોય કાંઇ વાંધા જેવું નથી."

તમારે મને તેમાં કાંઈ વાંધો નથી, પણ મને તમારા સિવાય ગમે નહીં તે."

"હોય, એ બાબત તમારે આધિન છે. અને ગમાવવું જોઇએ."

"પણ તે માટે હું શું કરૂં ?"

"તમે જે ધારો તે કરી શકો તેમ છે."

"હાજ તો. હું તો પરમાત્મા ખરીને !"

"પરમાત્મા નહીં, પણ પરમાત્માની પુત્રી !" કાંઇક હાસ્ય કરતાં હેમકળા પ્રતિ તેના પતિએ કહ્યું "તારા ઉપર પ્રેમ તો એટલો છે કે તારા વિના મને પણ ત્યાં ગમવાનું નથી, પણ અભ્યાસના કામમાં સાથે લઇ જવાય નહીં."

"અંતરનો ઉમળકો હોય તો છુટા પડી જવીજ ના શકાય. તમારે તો માત્ર મોઢેથી બોલવું."

"તમને ખોટો ભ્રમ છે. પણ નિરૂપાય વાતને સિદ્ધ કરીજ કેમ શકાય ?"

"હું સાથે અભ્યાસાર્થે આવું તો ?"

"તેમ બની ના શકે. તમે ત્યાં આવી શું અભ્યાસ કરશો ?"

"હું ત્યાં આવી સ્ત્રીજાતીનું ત્યાંનું જીવન કેવું છે, પૂર્વ અને પશ્ચિમના સ્ત્રીજીવનમાં કેટલો તફાવત છે તે હું જોઇશ, અને અભ્યાસ કરીશ. શું ફેરફાર કરવાની સ્થિતિ છે તેની તપાસ કરીશ. સ્ત્રીઓ માટેની ત્યાંની સંસ્થાઓ જોઇશ, તેનો કારોબાર કેવી રીતે

ચલાવવામાં આવે છે તે જોઇશ, અને તે અહીંઆ કેવી રીતે અનુકરણમાં ઉતારી શકાય તે વિષે પછી, હિલચાલ કરીશ."

"તમારી ઇચ્છા ઘણી પ્રબળ છે, પણ હજુ સ્ત્રીઓ, તમારી જેવી ઉમ્મરે ઇંગ્લેન્ડ જાય એવો બનાવ હિંદુ સ્ત્રીઓ માટે નથી બન્યો."

"જ્યારે ત્યારે એક બનાવ પહેલોજ ગણાવાનો ને; ત્યારે આ બનાવને પહેલો લેખાવા દોને."

"લોકોની નજરે ચઢીએ."

"કોણ ચઢશે, અને કોની નજરે ચઢશે."

"આપણે અને જ્ઞાતિજનોના નજરે ચઢીએ."

જરા સ્મિત હાસ્ય કરતાં હેમકળાએ કહ્યું, "જો એવી બીક લાગતી હોય તો, આપણે નજરે તો ચઢી ચુકયાં છીએ."

"તમારી માન્યતા ખોટી છે."

"ત્યારે તમને ખબરજ નથી. આપણે ચોરીમાં સાથે બેઠાં, એક ગાંઠે બંધાયાં અને તમારી દોરવી હું દોરાઇ તે વેળાએ આવી બીતી રાખી નહોતી."

હેમકળાના પતિને આ સાંભળી ઘણું હાસ્ય ઉપજ્યું. તેણે પરમ પ્રેમથી હેમકળાના ઓઠ ચુસ્યા અને અંગેઅંગ દબાવી હેમકળાને પુષ્કળ ચુંબન કરી ચેતન પ્રાપ્ત કરાવ્યું. હેમકળાને સ્ત્રી સ્વભાવાનુસાર પતિ તરફનો આ પ્રેમ પ્રણયતત્વ જેવો લાગતો હતો, એટલે તેણે ગાલ નુંછતાં નુંછતાં "બસ તમારે તો મને ત્રાસ આપવાનીજ વાત." એટલું બોલતાં નેત્ર કટાક્ષ કરી મોં મરડયું.

"હશે; હવે એ ત્રાસમાંથી થોડોક સમય માટે છુટશો."

હેમકળાને પોતાની બોલવામાં થયલી ભૂલ સમજાઈ; તેણે પોતાના બેઉ ગાલોપર તમાચા સ્વહસ્તે માર્યા, અને કપાળ પણ ચપોટયું. "ના, માફ કરો ! મને ત્રાસ નથી ઉપજ્યો મને તો તમારૂં પ્રણયદાન કોઇ વેળાયે એવો ભાસ આપે કે ? હું તો માત્ર અમસ્તી બોલી."

"ત્યારે મારી સાથે આવશો તો એવી રીતે રોજ ત્રાસ આપીશ ?"

તમારો એ ત્રાસ સહેવાનેજ હું તમારી સાથે આવવાને આગ્રહપૂર્ણ છું."

"લોકો ત્રાસથી છુટકારો ચહાય, ત્યારે તમે ત્રાસ વેઠવાને ચહાવછો"

"હાજી."

"તમારી જોડીનું મૂર્ખ મનુષ્ય હશે !"

"ને તેવી મૂર્ખ શીરોમણી હું હોઉં તો મને કેટલો આનંદ થાય."

"મૂર્ખતામાં આનંદ માનોછો ?"

"હા: પ્રણયને ભાસ માનું એ ભાસને ઉત્તમ માનું અને એ મૂર્ખાઈ ગણાતાં તે મૂર્ખાઈમાં આનંદ માનું તો તે મૂર્ખાઈ સંબંધે મૂર્ખ શીરોમણી ગણાવા પણ ચાહું છું."

"ત્યારે હું હવેથી તને મૂર્ખ શીરોમણી તરીકે સંબોધીશ."

"તોય મને કાંઈ વાંધો નથી. પણ મારા શીરોમણી તમે છો માટે મને માત્ર મૂર્ખ કહેશો તો ચાલશે ?" હેમકળાએ હાસ્ય કર્યું.

"ત્યારે મૂર્ખ શીરોમણી હું, એમ તમે કહેવા માગોછો ?"

હેમકળા હસતી હસતી બે ગુંઠણ વચ્ચે હાથ દબાવી, પતિના અંગમાં લપાઈ ગઈ.

"હું મૂર્ખ શીરોમણી. ત્યારે તો તમને સાથે લઈ નથીજ જવાનો."

"ના. જો સાથે લઈ જાવ તો હું મૂર્ખ શીરોમણી !"

"આ ઠીક."

"હું કહું છું, તે પણ ઠીકજ છે."

"તમે શું કહો છો ?"

"મને સાથે લઈ જાવ."

"એમ તે કાંઈ બને."

"તમારા હાથમાં છે. બનાવવું હોય તો કેમ ના બને. તમે દૂર કરવા માગો છો, તેમ સ્ટીમર તો કાંઈ સ્ત્રીઓથી અભડાઈ નથી જતી ને."

"આટલાં બધાં ગુસ્સે કેમ થાવ છો અને ગભરાવ છો શાને !"

"ત્યારે શું કરૂં ?"

"આનંદ કરો."

"પણ કમભાગ્ય તેજ છે ને, કે પાત્રજ ચાલ્યું જાય છે ?"

"પાત્ર કોણ?"

"જે ચાલ્યું જતું હોય તે."

"હું"

"હા......હું જવાબ નહીં આપું."

"પરાણે જવાબ લઈશ."

"કેવી રીતે?"

"સજા કરીને."

"તમારી શક્તિની બહારની વાત કેમ કરો છો?"

"એટલે?"

"તમે મને કદાપિ સજા કરી શકવાના નથી."

"એમ કે?"

હેમકળાએ પૂર્ણ હાસ્ય અને પ્રફુલ્લ ભાવથી કહ્યું "હા; હા; તમારાથી સજા થવાનીજ નથી!"

"તમે શાણાં છતાં ઘણાં શયતાન છો."

"નહીં તો તમારી સાથે રહેવાય કેમ?"

"ત્યારે સાથે લઈ જાઉં તો રોજ એવી શયતાનયત કરો કે?"

"હા."

"તમારી પછી વલે શું થાય?"

"હું રોજ શયતાનયત કરૂં અને તમે સજા કરો!"

"અને રોજ સજા પામતાં તમને જરાય દુઃખ ના થાય કે?"

"ના. ના. તેથી કાંઈ વધારે ગુન્હા કરવાનું મન થાય."

"તમે તો ગાંડાં જેવાં છો."

"હું તેની ક્યાં ના કહું છું. તમે જે કહો તે સઘળું મને કબુલ છે, પણ મને સાથે લઈ જાવ."

"એ તમારો વ્યર્થ દુરાગ્રહ છે. તમે અહીં સુખે જીવન નિગમન કરજો."

"હા; એમ બનતું હશે."

"પરણ્યા પછી રહે જે પિયરમાં,
"મુઆ જેવી તે.

લગભગ ૬ મહીના સુધી સંધીવાના દરદથી હું પીડાતો હતો ઘણો

" હું અહીંઆં કેમ રહી શકું."

" ત્યારે આપણે ત્યાં રહેશો ?"

" તમારી હાજરીમાં તો ત્યાં ધ્રુજું છું, તો પછી ગેરહાજરીમાં તો મ્હોતજ આવે."

" એવું ના બોલો."

" ત્યારે શું બોલું ?"

" તમે સુજ્ઞ છો, હું શું શીખવું ?"

" છતાંય તમારી પાસેથી મારે ઘણું શીખવાનું છે. તમે મારા શીક્ષક છો અને શીક્ષક થવાને પૂર્ણ યોગ્ય છો."

" હોઇશ. પણ તમે મારા શિક્ષક તો થઇ ચુક્યાં છો."

" ના, નાથ ! હું તમારી શીક્ષક થઇ તો નથી, પણ થવાનો ખ્યાલ માત્ર પણ નથી કર્યો."

" જેનું પરિણામ પણ આવી ચુક્યું, તેના ખ્યાલની જરૂર શી ?"

" શું પરિણામ આવ્યું ?"

" તમે મારા શિક્ષાગુરૂ થયાં છો."

" એવું ના બોલો."

" હું કાંઇ ખોટું નથી કહેતો: જે બન્યું છે તે હું કહું છું."

" શું હું તમારી શિક્ષાગુરૂ બની છું ?"

" હા."

" મને સમજાવશો ?"

" હા. તમારા અને મારા સંબંધ પહેલાં હું પ્રણયનું વાસ્તવિક સ્વરૂપ ક્યાં સમજતો હતો ? પ્રથમ રાત્રીએ-મારાં શયનગ્રહમાં નિરખતાંજ તમને કેવો ત્રાસ ઉપજ્યો હતો ?"

" ના. તમારા કોઇ વિચારથી મને ત્રાસ ઉપજ્યોજ નથી. તમારા ત્રાસમાંજ મારે માટે તો મિઠાશ હોય છે."

" તમે તો કાંઇ અજબ છો."

" હા. એ ત્રાસ પણ અજબ અને મીઠાશ પણ અજબ ! બેઉની જોડીજ ના મળે."

ઉપચારો કર્યા પણ કાંઇ ફાયદો થયો નહિ. આખરે મારા મીત્રે મને

"તમારી જોડી મળે કે કેમ?"

"કોને? શોધશો તો જોડી તો શું પણ ઉચ્ચતર મળી આવશે."

"અને તમને?"

"મને તો નથીજ મળવાની."

"મને મળે અને તમને નહીં મળે એ શું?"

"રાજાને ગમી તે રાણી,
(ને) "છાણે વીણતી આણી.

"તે અનુસાર તમારી આંતરલાગણી ઠારે તે તમારે મને મોટી?"

"ત્યારે હું પણ તેજ જવાબ આપું છું."

"પણ સ્ત્રીઓ તો તેવો ખ્યાલજ કરતી નથી. તેમનો સ્વભાવિક જીવનક્રમ સંતોષ અને શરમ ઉપર ટકેલો છે."

"હું તમને ત્રાસ આપું છું તે સહન કરતાં તો શરમ નથી આવતી!"

"માત્ર એટલી બેશરમ છું!!"

"તમે કે બધીય સ્ત્રીઓ"

"બધી હોય તો આર્યાવર્ત્તની ઉજળામણી કેટલી હોય! આજે પુનઃ આ દેશ પાશ્ચાત્યોથી પુજાય."

"હવે ત્યારે આપણે સુઇ જઇશું."

"મને તો ઉંઘ નથી આવતી."

"કાલે સ્ટીમરમાં ત્રાસ વેઠવો પડશે, એટલે હવે સુઈ જવાય તો ઠીક."

"મને ચેન પડતું નથી."

"આપના વિના મને બિલકુલ ગમવાનું નથી, અને મારી સ્થિતિની ચિંતા થાય છે.

"આપ વિના આવાસમાં મુજથી નવ રહેવાય,
"સારસ જોડ જુદી થતાં, પળમાં પ્રાણ તજાય.
"નાથ હુંથી વિયોગ કેમ વેઠી શકાય,

"વૃક્ષ વિના આ વેલી કહો ક્યાં જઇ વિંટાય ?—નાથ.
"આમ મુકી ના જવાય, શ્યામ વિણ કોણ સહાય થાય:
"પ્રિયતમ પડું છું પાય, રાખો સંગમાં સદાય—નાથ.
"ત્રીકમ તરછોડી તમે થશો, વિદેશ વિદાય,
"જાશે જીવ ઝુરી ઝુરી, જાણો હું જદુરાય,—વૃક્ષ.

હેમકળા સાથે જવાને અત્યાગ્રહી છે, એ જાણી તે વાતથી દૂર ખસી જવાની તેના પતિ પેરવી કરતા હતા. તેણે બીજીજ વાત ઉચ્ચારી: પ્રિયે ! ત્યાંથી હું અભ્યાસ પુરો કરી પાછો ફરીશ ત્યારે તમે ખુશી થશો કે ? તમને તે ગમશે કે ?"

"તમે એવું ઉચ્ચું જ્ઞાન મેળવો એ મને ના ગમે એવું બને ?"

"તમને પોતાને હજી ભણવાનું ગમે ?"

"કેમ ના ગમે ? મારી ગેરહાજરી દરમ્યાન તમે તમારો અભ્યાસજ વધાર્યો કરો તો ?"

"આપની આજ્ઞા મુજબ કરવામાં મને કશોજ વાંધો નથી."

"પણ હવે યુવાવસ્થામાં તમને ભણવું ગમશે કે ?"

"ભણવાનું કોને ના ગમે ?

"મારે મોટે મનાવી રાજી કહેવરાવી.
"કલાવી પટાવી પૂછો શું તમે (૨)
"ફૂલ સુગંધીવાળાં રૂડાં રંગે રૂપાળાં
"તેની મીઠી સુગંધી કોને ના ગમે,
"કોને ના ગમે   મારે.
"લીલાં પીળાં ઝાડપાન, ઉપર પંખી કરે ગાન,
"રોજ કાને સાંભળવા કોને ના ગમે,
"કોને ના ગમે   મારે."

"તમને પ્રણય ગમે કે જ્ઞાન ?"

"એ પ્રશ્નનો જવાબ મારા કરતાં તમે આપો તો ઠીક."

"મને તો જ્ઞાન ગમે."

"તમને એકાંતવાસ ગમે કે સહયોગવાસ ગમે ?"

"નહીં; સહયોગાવાસ."

અસલ સ્થીતીમાં આવી ગયો.

"ત્યારે તમને જ્ઞાનની ઉપેક્ષાએ કોઈ બીજી આકાંક્ષા મહત્વની હોવી જોઇએ."

"તમને શું પ્રણય વધારે ગમે ?"

"હા."

"પણ તમે મારી ગેરહાજરી દરમ્યાન તો જ્ઞાનજ પ્રાપ્ત કરો."

"તમારી સાથે રહીને પણ જ્ઞાન તો પ્રાપ્ત કરીશ. અહીં કરી શકું તે કરતાં ઉચ્ચતર પંક્તિનું જ્ઞાન પ્રાપ્ત કરીશ."

"હા. પણ હવે તે વાત તો છોડી દો. તે વાત માટે કાંઇ ઉપાય નથી."

"ઉપાય છે અને જરૂર પણ છે."

"શું ઉપાય અને શી જરૂર ?"

"તમે લઇ જાવ તે; અને જરૂર મને આનંદમાં રાખવાની! મને આનંદમાં રાખવાની તો તમારી ફર્જ છે."

"હા. પણ મારી આજ્ઞા માનવાની તમારી ફર્જ છે ને ?"

"ખચિત."

"ત્યારે હવે તે વાત તમે છોડી દો."

હેમકળા પતિના ખોળામાં ઢળી અને આંખો ભીંજવાઇ ગઇ. મોઢાપરનું ઝળકતું નૂર સ્થિર થઇ ગયું અને કાંઇક ગમગીની તેના ચહેરા ઉપર જણાઇ. હેમકળાની આ સ્થિતિથી તેના પતિને ઘણું લાગી આવ્યું પણ તેણે મક્કમ રહેવાની જરૂર હતી. ઘણા પ્રણય પ્રયાસો બાદ તે કાંઇક હસી. પ્રણય પાઠ પુરો થયો. કોણ ભણ્યું અને કોણે ભણાવ્યું તે અમે નથી જાણતા. પ્રણય પાઠ પરસ્પર પરોક્ષ કે અપરોક્ષ રીતે શીખવે છે. રાત્ર મોડી રાત્રે નિદ્રાધિન થયાં. સહવાર પડી ગઇ પણ કોઇ ઉઠયું નહીં. હેમકળા જાગી હતી પણ પોતાના પતિને ભેટયા વિના તેનાથી આજે છૂટા કેમ પડાય! હેમકળા પલંગમાં ચેતન-જાગૃતાવસ્થામાં પડી રહી. અર્ધો કલાક વ્યતિત થયો. હેમકળાનો પતિ પણ ઉઠયો. પૂનઃ પ્રણય પાઠનો અનુભવ કર્યો. અને લાંબા વિયોગ માટે આંસુ પાડતાં ઉભય બહાર આવ્યાં.

પ્રકરણ ૨૨ મું.

વિદાયગીરી.

આજેજ બપોરે સ્ટીમરમાં હરિરત્નરાય અને હેમકળાનો પતિ રવાના થનાર હતા. હવે હેમકળા પોતાના પતિને ફરીને આજે મળી શકે તેવું નહોતું. તે ઘણીએ તક હાથ ધરવાનો પ્રયત્ન કરતી પણ છેવટ સુધી તે નિષ્ફળ ઉતરી. હેમકળાનો પતિ આજે પોતાના પિતાને ગ્રહે જમવાનો હતો, તેમજ તેને કેટલાંક સગાં સ્નેહીઓને મળવાનું હતું તેથી તે સહવારમાં ઉઠી બાહેર આવ્યો ત્યારથી ચાહ પી તુરતજ વિદાય થયો હતો. હરિરત્નરાય પણ તેમનાં કુટુમ્બીજનોને મળવાને સાથે ગયા. હેમકળાની સાસુ જો કે હેમકળાના છોડાં પાડતી હતી, તોપણ સાધારણ હિંદુ સ્વભાવાનુસાર એક નવા માણસ તરીકે હરિરત્નરાયને તો તેમનાં તરફથી સારો આવકાર મળ્યો હતો. હરિરત્નરાય આમ છતાં કાંઈ તેથી ભોળવાયો ન હતો. હરિરત્નરાયે હિંદુસમાજ સ્વભાવનો સારી રીતે અભ્યાસ કર્યો હતો. હરિરત્નરાયને હેમકળાને પીઅર,—વિનયચંદ્ર સાથે જમવાનું હતું એટલે હરિરત્નરાય પાછા ચાલ્યા આવ્યા અને હેમકળાનો પતિ ત્યાં રોકાયો. ઉભય સ્ટીમર ઉપરજ મળનાર હતા. હેમકળા હવે ફરીને ઘરે પોતાના પતિને હાલ તો મળી શકવાની નથી.

હેમકળા તો શયનાલયમાંથી બાહેર આવ્યાના સમયથીજ જાણે પોતાનો પતિ પરદેશ સિધારી ચૂક્યો હોય એમ માની બેશુદ્ધ—બે'-બાકળી બની ઘરનું કામ કરવા લાગી. હેમકળાની સાથે જવાની ઇચ્છા પ્રબળ હતી, પણ તે યોગ્ય નહોતી. હરિરત્નરાય હેમકળાની આ સ્થિતિ સમજી ગયા હતા અને તેથી તેમનાં હૃદયમાં હેમકળા માટે સન્માન પેદા થયું હતું. હરિરત્નરાયના હૃદયમાં એમજ થયું કે પ્રભુ આર્યાવર્ત્તમાં ઘરેઘરે આવીજ પુત્રીઓ—દિવેટો પ્રગટાવજો. ગમે તેમ છતાં હરિરત્નરાયે હેમકળાને તેની સ્થિતિ વિષે કશુંજ પૂછ્યું નહીં, અને એવીજ સ્થિતિમાં મુંબઈ દશ વાગ્યા. મુંબઇ સાડા અગી-

બાર વાગે તો મોડામાં મોડું ઘરેથી નીકળી જવું જોઇએ. હેમકળાની ધીરજ રહી નહીં. હેમકળાએ પ્રફુલવદને પણ મંદ પગલે હરિરત્નરાય પાસે આવી પૂછ્યું, “ભાઈ? શું સ્ત્રીઓથી વિલાયત ન જવાય ?”

“એવું કોણ કહે છે ?”

“ત્યારે મને સાથે લઇ જાવ તો ? અહીં હું એકલી રહી શું કરૂં ?”

“બ્હેન ! તમે મારે મોઢે બોલ્યાં તેતો ઠીક, પણ જોજો: તમારી સાસુ વગેરે પાસે બોલશો નહીં, નહીં તો કિનારે આવેલું વહાણ પડી ભાંગશે. તમે અહીં બેઠાં બેઠાં આ તમારા ભાઇને આશિષ આપજો અને તમારા પતિનું કલ્યાણ યાચજો.”

“હું તમારી સાથે રહીને તેજ કામ કરીશ. પણ સાથે આવતાં મારૂં કલ્યાણેય થશે, અને અહીં રહેતાં મારૂં કલ્યાણ નથી થવાનું.”

“બ્હેન ! બધું ખરૂં; તમારી લાગણી તમારા પતિ માટે પ્રફુલ્લ થવા જેવી છે પણ હાલ તો કાંઈ ઉપાય નથી.”

“તમારી ઇચ્છાને એક નાની બ્હેન તરીકે હું જરૂર સ્વિકારીશ, પણ મને અહીં કેમ ગમશે, મારો વખત કેમ જશે ?”

“તમારી શંકા નકામી છે. અહીંઆ તમને ના ગમે એ કાંઇ વાત છે. તમારે માટે હું તમને કામ સોંપતો જાઉં, તે અમે આવીએ તેટલામાં તમે પાર ઉતારવા પ્રયત્ન કરજો. એ કામથી તમારી અહીંઆ ઘણી જરૂરીઆત હતી એમ તમને જણાશે; તમારો વખત પણ પસાર થશે અને લોકહિત પણ થશે. તમારા પિતાશ્રીને પણ તે બાબતમાં તમને સહાય આપવાને હું જણાવીશ.”

“તેવું કામ તે શું છે ?”

“તમારે એક કન્યાશ્રમ સ્થાપવું. તેમાં ગૃહિણીને યોગ્ય શિક્ષણ આપવું પણ તે વિકારરહીત હોય તે ખાસ સંભાળવું.”

“ગૃહિણીને યોગ્ય શિક્ષણ તે કેવું ? હવે તેવી સંસ્થાની ક્યાં નવાઇ છે ?”

“ના; હજુ ઘણી જરૂર છે, અને વળી છે તેમાંથી કોઇ પણ આપણો હેતુ સાધ્ય કરે તેમ નથી. હાલની સંસ્થામાંથી જાુકી, કાચી,

કચરી વગેરે મટીને પ્રમિલા, ગજેન્દ્રબાળા, કે ગુલાબ પેદા થશે; પણ તેઓ ગાર્ગી, સિતા કે સત્યવની પેદા કરી શકાવાની નથી. આજે પણ જે કુલિન અબળાઓનાં નામ આપણે પૂજ્યભાવથી યાદ કરીએ છીએ તે તેવી કોઇ સંસ્થામાંથી બાહેર આવેલાં રત્ન નથી. મીસીસ સત્યેન્દ્ર પ્રસન્ન સિંહ જેવાં આર્ય અબળા સમાજના અલંકાર એવી સંસ્થાઓનું પરિણામ નથી. એ સંસ્થાઓ ખુરશી ઉપર એક તણુ· ખલું રહેવા નહીં દેવાની શિક્ષા આપશે, પણ પતિને ચાળીસ પચાસનો પગાર મળતો હશે અને પોતાને એ સંતાન હશે તો સંતાન ઉછેરવા સાથે ગ્રહકામ પોતાને હાથેજ આટોપી લેવાની લાગણી એ સંસ્થાનું શિક્ષણ પેદા કરી નહીં શકે. મીસીસ સિંહ પાંચ છોકરાંની માતા છે અને મી. સિંહની માસિક આવક ચાલિશ હજાર રૂપીઆ જેટલી ગણાય છે છતાંય પોતાના પતિ અને બાળકોને પોતાને હાથેજ રાંધીને જમાડવાનું તે બાઇ પોતાનું કર્તવ્ય માને છે?"

"હરિરત્નરાયભાઇ ! મને લાગે છે કે તેવી પંક્તીની અબળા તો તે એકજ હશે."

"હા. બીજી કોઈ જાણવામાં નથી. તેવી લાગણી સારા પ્રમાણમાં જણાતી હોય તો હિંદુ અબળાસમાજ વગોવાય કેમ ?"

"ત્યારે શું મારે અહીંઆ એવું એક આશ્રમ સ્થાપવાનો પ્રયાસ કરવો ?"

"હા."

"તેને માટે નાણાંની જોગવાઇ ક્યાંથી થશે ?"

"તે માટે ગભરાવાની જરૂર નથી. નાણાંની જોગવાઈ માટે હું પ્રયાસ કરીશ, અને હું જણાવું તે મુજબ તેનો ઉપયોગ અને કાર્યવ્યવહાર કરજો."

"પણ નાણાં વિના બધી આશાઓ મને તો વ્યથ જણાય છે."

"ના; નાણાં પછી આશાઓ પ્રગટતી નથી, પણ નાણું હોય છે ત્યાં પણ ઘણુંખરૂં આશાઓ પ્રગટતી નથી. પણ આશા પ્રગટે છે ત્યાં પાછળ પુરૂષાર્થ કરવામાં આવે છે તો નાણું મળી રહે છે."

"ઠીક એ પાઠ હું તમારી પાસેથી શીખીશ !"

"હા; પણ આ વાત હમણાં તમે તમારા પતિને કહેશો નહીં."

"જેવી આજ્ઞા."

હેમકળા છૂટી પડી. હરિરત્નરાયે અને વિનયચંદ્રે જમી લીધું. સામાન તો ક્યારનોય સ્ટિમર ઉપર જઈ ચૂકયો હતો. હરિરત્નરાય અને વિનયચંદ્ર પણ સહકુટુમ્બ હરિરત્નરાય બેલાર્ડપીર ઉપર આવી પહોંચ્યાં. પોતે "વેટીંગ રૂમ" માં દાખલ થતાં હેમકળાનો પતિ આવી પહોંચ્યો તેને પોતાની પાસે બોલાવ્યો. થોડોક ફ્રુટ મેવો મગાવ્યો. સઘળા બાહેર ફરતા હતા તેવામાં કાંઇક કારણ શોધીને હેમકળાને અંદર બોલાવી અને એક વાર હેમકળાને તેના પતિને મળવાની ફરીને તક આપી. હેમકળા નીચે બેઠી, અને મેવા ફોલી ફોલી હરિરત્નરાય અને પોતાના પતિને આપતી હતી. કોઇ કોઇ વાર તો હેમકળા કાંઇક આપતી ત્યારે તેનો પતિ તેના હાથમાંથી કાંઇક બીજીજ ચીજ પસંદ કરી લેતો હતો. તેનો ભાવ કાંઈ ચીજ ઉપર નહોતો, પણ હેમકળાનો હસ્ત સ્પર્ષ પણ વિદ્યુત સ્પર્ષવત્ નીવડતો હતો. ઉઠવાનો વખત થયો એટલે હેમકળાના પતિએ ઉભાં થતાં પોતાની પત્નિને આશ્વાસન આપતાં પૂર્ણભાવથી કહ્યું "ગભરાશો નહીં; આજકાલ કરતાં વખત પસાર થઇ જશે, અને આપણે પાછાં મળીશું. તમો સદોદિત આનંદમાં રહેજો. અત્યારે પ્રણય પ્રકટાવવાનો સમય નથી!"

"મને ત્યાં જઇ વિસારશો નહીં. દરેક મેલમાં મને કાગળ મળે એમ જરૂર કરજો. મારી ચિંતા ના કરશો અને અભ્યાસમાં ફતેહ પામી વહેલા વહેલા આવી ભેટજો." આટલા શબ્દો બોલતાં બોલતાં તો હેમકળાનું હૈયું ભરાઇ આવ્યું અને કંઠ ગદ્દગદિત્ થઇ ગયો.

સઘળા એક વાર ફરીને ભેટયા અને હરિરત્નરાયે સ્ટીમ લોંચમાં બેસતાં બેસતાં હેમકળાની આશિષ મેળવતાં કહ્યું: "બ્હેન! હમે જઇએ છીએ."

"હા; સુખે સિધારો: અને વિજય કરી પાછા પધારજો." આટલા શબ્દો તે ધીમા, ગદ્દગદિત્, હાર્દપૂર્ણ અને વિનયપૂર્વક બોલી. તેના હૃદયનો ભાવ એ હતો કે,—

મમ હૃદય તારો સાથમાં તો જજોને;
મમ પ્રણય તારો લાવીને આપજોને;
રવિબિંબે તે પ્રણય-પ્રતિકૃતિ ઓપજોને;
ચંદ્ર અમલમાંહી શાંતિકર તે થજોને.

પ્રકરણ ૨૩ મું.

હિંદમાં પ્રવાસ.

વિનયચંદ્ર પોતે ઘણા સમજુ હતા, એટલે હિમકળાની સ્થિતિ સમજી ચૂકયા હતા, વળી હરિરત્નરાયે પણ તેમને તે સંબંધી સૂચના આપી હતી. તે અનુસાર તેઓ સહકુટુમ્બ આખા હિંદમાં પ્રવાસ કરવાનો વિચાર કરવા લાગ્યા. જેના હૃદયમાં કેળવણીના કાંઇક સંસ્કાર પડયા છે, તેવો કયો મનુષ્ય પર્યટન–પ્રવાસ માટે ના પાડે ! આખું ઘર સંમત થયું. બધો અસબાબ તૈયાર થયો. ગેરહાજરી દરમ્યાન પત્ર ચલાવવા માટે વ્યવસ્થા કરી અને કેટલુંક મેટર–લખાણ વિનયચંદ્રે પ્રવાસમાંથી મોકલવા જણાવ્યું. વિનયચંદ્ર હિંદની જાત્રાએ નીકળવાના હતા પણ તેમની જાત્રા આજકાલ માનવામાં આવે છે તેવી નહોતી. તેમને જગન્નાથના મંદિર ઉપરના લજામણાં અને બિભસ્ત પૂતળાં જોવાં નહોતાં કે ત્યાં હાંડી ફૂટવાનો ચમત્કાર જોવો નહોતો. તેમને કાશીમાં ચર્ણ સ્પર્ષ કરવાને રૂપીઆની થેલી ખાલી કરવી નહોતી અથવા તો શ્રી નાથજીમાં વિલાસ ભવનમાં વિહાર કરવો નહોતો. ગોમતીના ગંદા પાણીમાં નાહી ડાકોરમાં ધક્કા ખાવા નહોતા કે ચાણોદમાં ગોરના કુટુમ્બનાં અત્યંત અનાચારો જોઈ ત્રાસ પામવું નહોતું. વળી બીજી બાજુથી જોતાં તેમને હિમાલયનો પર્વત ચઢવો નહોતો કે મસુરી, સીમલા જેવાં સ્થળોની હવા ખાવી નહોતી. તેમનો ઉદ્દેશ લખનોની નવાબી જોવાનો નહોતો; કે દિલ્લીની બાદશાહી જોવાનો વિચાર નહોતો; તેમનો વિચાર ગોવાની ખુબસુરતી નિહાળવાનો નહોતો કે સર ટી. માધવરાવે વખાણેલાં ભાવનગરનાં સુંદર મકાનો નિહાળવાનો નહોતો. તેમનો વિચાર જયપુરનો બગિચો જોવાનો નહોતો કે કલકત્તાનું મ્યુઝીઅમ જોવાનો નહોતો. તેમનો વિચાર આગ્રાનો તાજમહાલ જોવાનો નહોતો કે દિલ્હીનો કુતુબમિનારો જોવાનો નહોતો. તેમનો વિચાર હિંદની પ્રાચિન મહત્તા નિહાળી નિહાળી હવે અપ્રાપ્ય અને અશક્ય જાહોજલાલી ઉપર જેમ આંસુ ટપકાવવા નો નહોતો, તેમ અનાચારના અખાડા જેવા ગણાતા જાત્રાનાં મનાતાં

ધારો નિહાળવાનો પણુ નહોતો. તેમનો વિચાર માત્ર હાલ હિંદની કઇ કઇ આદર્શ સંસ્થાઓ આ દેશના આ પ્રાંતમાં-મુંબઇ ઇલાકામાં સ્થાપી શકાય તેમ છે, અથવા તો એકજ પ્રકારની આ ઇલાકાની અને તેવીજ બીજા પ્રાંતોની સંસ્થાઓની વચ્ચે ફેર શું છે તે અવલોકવાનો હતો. હરિરત્નરાય આ વેળાએ સાથે હોત તો કેવું સારૂં થાત એવો ખ્યાલ સ્વભાવિકજ વિનયચંદ્રને અનેક વેળાએ પ્રવાસમાં આવતો હતો. વિનયચંદ્રે સહકુટુમ્બ પહેલાં જામનગરના દરિયામાંથી મોતીનો વેપાર કેમ કરવામાં આવતો હતો તે ત્યાં જઇ જોયું અને ત્યાંથી પાછા ફરતાં ગીરનારપર ચઢી તેની ગુફાઓમાં અનેક પ્રકારની વનસ્પતિ નીહાળી; તેના ઉપયોગ વિષે માહિતી મેળવી. ત્યાંથી તેઓ એકદમ અમદાવાદ આવ્યા; વચમાં વિરમગામ ખાતે તેમણે દેશી રાજ્યો અને સરકાર વચ્ચેના ઝગડાના પરિણામમાં પ્રજાના કર્મે ચોટેલી કાળરૂપ જકાત ચુકવવાની ત્રાસપૂર્ણ પદ્ધતિનો અનુભવ લીધો. ત્યાંથી તેઓ અમદાવાદ આવ્યા; ત્યાં મહિપતરામ અનાથાશ્રમ, રણછોડલાલ છોટાલાલ ટેકનીકલ સ્કુલ વગેરે જોયું અને મીલ ઉદ્યોગનો થોડોક અભ્યાસ કર્યો. મર્હુમ મી. સેમ્યુઅલ સ્મીથે અમદાવાદમાંજ કહેલું વચન યાદ આવ્યું કે " લગભગ ૧૮૮૦ ના વરસમાં એ અમદાવાદમાં જ્યારે માત્ર એકજ મીલ હતી જ્યારે આજકાલ અમદાવાદનો કિલ્લો-કોટ મીલોના ભુંગળાંથી બંધાયલો જણાય છે. છાપખાનાની સંખ્યા પણુ હિંદના બીજા કોઇ પણુ શેહેર સાથે સરખાવતાં વસ્તીનાં પ્રમાણમાં ઘણી વધારે છે, આ રીતે અમદાવાદમાં વેપાર ઉદ્યોગ કેમ વધતો ગયો અને કેટલો વધ્યો છે તેનો અભ્યાસ કર્યો અને દરીયો નજદીક હોય તોજ માત્ર વેપાર ખીલી શકે છે એ માન્યતા કેટલી ભુલભરી છે, તે જોયું. સાથે સાથે તેમણે એ પણુ જોયું કે અમદાવાદની આસપાસની ભૂમિ એવી રસાળ અને ફળદ્રુપ છે કે જો સાભ્રમાતા (સાબરમતી) નદીમાંથી નહેરોવાળી તે દરેક ભાગને પાણી પુરૂં પાડવામાં આવે તો ધોળકા અને બીજો ઘણો ભાગ મળી શકાય તેમ છે. વળી તેમણે એ પણ જોયું કે જો મન ઉપર લેવામાં આવે તો ઇડરીયા પથ્થરનો વેપાર પણુ અમદાવાદ મારફતે ખીલવી શકાય તેમ છે. આ પછી અમદાવાદથી તેઓ આબુ આવ્યા. આબુ

માત્ર થોડોકજ વખત રોકાયા અને ત્યાં કેટલીક વનસ્પતિ નિહાળી. શુદ્ધ સ્વદેશી સાકરનું કારખાનું નિહાળ્યું અને એ રીતે જોયું કે આવી વનસ્પતિઓના અર્ક કે તેની દવાઓ બનાવવામાં આવે તો પેટંટ દવાઓનાં નામે દર વર્ષે હિંદમાંથી કરોડો રૂપીઆ પરદેશ જાય છે તે અટકાવી શકાય. વળી હિંદમાં પેદા થતી વનસ્પતિ હીંદી પ્રજાને વધારે ગુણકારી થાય અને સસ્તી પણ મળે. આગળ ચાલતાં તેઓ અત્રેથી અજમેર ગયા. અજમેરમાં કાંઇ તેઓ પુષ્કરજીની યાત્રા કરવા આવ્યા નહોતા પણ સ્વામી શ્રી દયાનંદ સરસ્વતિના પ્રયાસની ભવ્યતા સમજાવનાર કેસરગંજ ખાતેનું વૈદિક છાપખાનુ, અનાથાશ્રમ, સમાજ અને હાઇસ્કુલ વગેરે સ્થળો તેમણે નીહાળ્યાં. આ સ્થળે જાણે આર્ય સમાજે અત્રે કિલ્લો બાંધી લીધો હોય નહીં એમ જણાય છે. અનાથાશ્રમમાં કન્યાઓ અને કુમારોને અપાતું ઉચ્ચ પ્રકારનું શીક્ષણ અને તેમના વસવાટ વગેરે તેમની સરભરાનો ઉત્તમ બંદોબસ્ત, વૈદિક યંત્રાલયનું આંખને ચોંકાવી નખે તેવું ભારે કામકાજ અને તેના તરફથી બાહેર પાડવામાં આવેલાં અનેક સાર્વજનીક ઉપયોગી ગ્રંથો વગેરેનું નિરીક્ષણ કર્યું. હાઇસ્કુલમાં પણ સર્વ કોમનાં બાળકોને જે સમભાવથી શિક્ષણ આપવામાં આવે છે તે જોયું. અત્રેથી તેમણે વૈદિક પ્રેસનાં કેટલાંક પુસ્તકો પણ ખરીદયાં અને આ પ્રેસ સ્વામીજીની મીલ્કતનું ફળ–પરોપકારી સભાનું છે તથા તેની વ્યવસ્થા માત્ર આર્ય સમાજીઓને હસ્તક રાખવાને બદલે સર્વ કોમના, સર્વ મતના અને સર્વ જાતના, પ્રજાકિય આગેવાનો તેમજ સરકારી હોદ્દેદારોને હસ્તક ચલાવવામાં આવે છે એ જાણી આનંદ થયો. ત્યાંથી તેઓ ઉદેપુર ગયા. ઉદેપુર ખાતેનાં ખંડયરો નિહાળ્યાં. તેનો દેખાવ જોતાં પ્રાચિન રજપુત વિરતાનું સ્મર્ણ થવા સાથે સ્વાભાવિકજ હૃદયસ્થ ભાવ પ્રગટે છે કે 'આવી ભૂમિનો રાજકર્તા હજુ સુધી પોતાનો ટેક સાચવી રાખવામાં મગરૂબી માને અને ગમે તેવા જોખમનો તે વિચાર કરે તેમાં કાંઇ નવાઇ નથી.' ત્યાંથી તેઓ મધ્ય હિંદ અને જોડયા પ્રાંતો ખાતે અને ફીરોજપુર, જવાલાપુર, મુરાદાબાદ, કાનપૂર, કલકત્તા, આગ્રા, અલિગઢ લખનો વગેરે સ્થળે ગયા. ફીરોજપુરનું અનાથાશ્રમ, જવાલાપુરનું કન્યાઆશ્રમ, મુરાદાબાદની ધાતુકામની કારીગરી, કાનપુરની કાપડની ઉચ્ચ

અનાવટ, કલકત્તામાં બંગદેશીય સાહિત્ય, સ્ત્રી અને પુરૂષોનાં સ્વતંત્ર તંત્રીપદ હેઠળ નીકળતાં સંખ્યાબંધ સુપ્રસિદ્ધ વર્તમાનપત્રોનો કારોબાર, ડોકટર બોઝની પ્રયોગશાળા, બંગાળી પ્રજાનો બંધુભાવ, બંગાળમાં બનતું ફુમાશદાર કાપડ, આગ્રાના રમકડાં, અલિગઢની ઇસ્લામી કૉલેજ વગેરે હિંદની પ્રજાની હાલ સુધી ટકી રહેલી અને બીજી બાજુથી તેણે નવી પ્રાપ્ત કરેલી મહત્તાના આદર્શ નમુનારૂપ છે એમ તેમનો મત સ્વભાવિકજ બંધાયો. ત્યાંથી તેઓ પંજાબમાં અને મદ્રાસમાં ગયા પંજાબમાં જતાંજ તેમને આર્ય સમાજની ભવ્યતાના ભણકારા વાગવા લાગ્યા. એક બાજુ દયાનન્દ ઍન્ગલો વેદીક કૉલેજ તથા બીજી બાજુથી મજીઠીયા કૉલેજ એ બે પ્રજાકિય ખાતાં છે. વળી આશ્ચર્ય છે કે મજીઠીયા કૉલેજ એક વતનદારનું સખાવતનું પરિણામ છે, જ્યારે દયાનન્દ ઍન્ગલો વેદીક કૉલેજ કકડા ભુકા જેવા ફાળાનું પરિણામ છે. તેને દર વરસે પોતાની આવકનો મોટો ભાગ શ્રીયુત્ લાજપતરાય આપી દે છે અને બીજી બાજુથી પોતાની સ્ત્રી અને બાળબચ્ચાંને વડીલ ભાઇના આશ્રયપર સોંપી હિંદની પવિત્રભૂમિને ઉદ્ધારવાને અંતની વખતે જણાયલા સ્વામિ દયાનન્દનું રૂણ ચુકવવા તો શું પણ તેનું સ્મર્ણ રાખવા સ્થપાતી હાઇસ્કુલ અને કૉલેજના વડા તરીકે કશો પણ પગાર લેવા વિના સંસ્થાને જરૂર હોય ત્યાં સુધી નિસ્વાર્થપણે સેવા બજાવનાર શ્રીયુત્ લાલા હંસરાજ તથા પોતાના ભાઇને તેની સંપૂર્ણ સગવડ કરી આપનાર તેમના ભાઈ શ્રીયુત્ લાલા મૂળરાજ માટે પ્રેમ અને નમનનો ભાવ કોના હૃદયમાં ના પ્રગટે! આ સંસ્થા હિંદની કેળવણીને લગતી સંસ્થાઓમાં એક આદર્શ સંસ્થા છે અને આવા આત્મભોગથી ચલાવવામાં આવતી આ પેહેલી અને એકલી કૉલેજ છે. ત્યાંથી તેઓ હરદ્વાર–કનખલ ખાતે ગયા. ગુરૂકુલ જોયું. પ્રાચિનકાળમાં આર્ય બાળકોની અભ્યાસ કરવાની રૂઢી કેવી હતી, તેમના ગુરૂઓ તેમને માટે પોતાના જીવન ઉપભોગોનો કેવી રીતે ત્યાગ કરતા હતા, બ્રહ્મચર્ય પાલન માટે કેટલી કાળજી રાખવામાં આવતી હતી, અને શહેરની શાળાઓ કરતાં જંગલનો વસવાટ વિદ્યાર્થીઓના શારિરિક સંરક્ષણ વગેરે માટે કામો લાભદાયી થઈ પડે છે તેનો ખ્યાલ તેમને આવ્યો.

મટી જાય છે.

સંસ્થાના અધ્યાપક મહાત્મા મુન્શીરામના સાથે વાર્તાલાપ કર્યો. પોતાની બહુધા સર્વસ્વ મિલ્કત આ સંસ્થાને માટે એમણે અર્પણ કરી હતી. તેમની ભવ્ય મુખમુદ્રા અને તદન સાદો પોશાક જોઈ, અને તે સાથેજ તેઓએ પોતે ગુણ, કર્મથી જાતિ માનતા હોવાથી એક ચમાર જાતિમાં જન્મેલા પણ સમર્થ વિદ્વાન પુરૂષને પોતાની કન્યા આપવાની હિમ્મત બતાવી હતી એ વાતનું સ્મર્ણ થતાંજ વિનયચંદ્રે પોતાના ગાલોપર તમાચા લગાવ્યા, અને હૃદયસ્થ બોલાઇ ગયું કે, " ડોળઘાલુ સુધારકોથી કશુંજ વળવાનું નથી. જેઓ " પોતાને ઘેર પ્રસંગ આવતાં જ્ઞાતિથી બહિષ્કૃત રહેવા જેટલી " માત્ર હિમ્મત બતાવી નથી શકતા અને જ્ઞાતિને આધીન " થઇ પોતે જે હલકું ગણે છે તેવાં કાર્યો વીના અચકાયે " કરો છો તેઓ આ મહાપુરૂષ—દેવપુરૂષ પાસે આવો, ઘુંટણીએ " પડો, તમારા ગાલોપર, તમારાં તે ડોળઘાલુ સમાજભક્તિનાં " આચરણો માટે તમાચા લગાવી પ્રાયશ્ચિત કરો. કાં તો રાજા " રામમોહન રોય, સ્વામિ દયાનન્દ વગેરેના અનુયાયી ગણા- " વાનો ડોળ ઘાલી તેમના પવિત્ર નામ અને પવિત્ર કામને " કલંકિત કરતાં અટકો અને કાં તો અંતઃકરણથી કરેલાં ઢોંગો " માટે પ્રાયશ્ચિત કરી ઇશ્વરપર શ્રદ્ધા રાખી વિચાર તેવા " આચાર બનાવો. મુન્શારામ ખરેજ મહાત્મા છે અને એવા " અનેક મહાત્મા, ઓ પ્રભુ! આ સાંસારિક મહત્તામાંથી " હિણાયલા ભારતવર્ષમાં તેના ઉદ્ધાર સારૂ નિપજાવો."
પંજાબમાં આ ઉપરાંત ઠેકઠેકાણે ફરતાં તેમને ત્યાં નહેરોની ભવ્યતા અને કેળવણી સંબંધી લોકોના ઉંચા વિચારો માટે ગૌરવ પેદા થયું. 'ભારતી'ના સંપાદિકા શ્રીમતિ સરલાદેવીની મોલાકાત લીધી તેમની લોહચુંબક જેવી મુખમુદ્રા જોતાંજ વિનયચંદ્રનો એ મત બંધાયો કે માત્ર પટપટારો કરી જનારાઓ સામે આવા એક આર્ય યુવતિ છત મેળવે અને કાંગ્રેસનો તંબુ સંસારિક હિલચાલ માટે મળી શકે નહીં, સંસારિક અને રાજદ્વારી હિલચાલને કાંઇ સંબંધ નથી એવા લિલાંઉ કરવા લાયક વિચાર ધરાવનાર 'યસ' અને "નો' (yes and no) ના જમાનામાં કોઇ એકાદ કારણે માન ભોગવવા પામેલા માનવપ્રાણી

સામે થઇ તેને ઠોકર ખાતો કરી કોંગ્રેસનો તંબુ સાંસારિક હીલચાલ માટે અપાવે અને રાજદ્વારી ઉન્નતિ સાંસારિક ઉન્નતિ વિના હોઇ શકે નહીં એ પાઠ નવેસરથી ગોખાવે એમાં કાંઈ નવાઇ નથી. જલંધર ખાતેનું કન્યા મહાવિદ્યાલય અને કનખલ ખાતે સેવા આશ્રમ એ પણ તેવીજ નમુનેદાર સંસ્થાઓ છે. જલંધર ખાતેનું કન્યા મહાવિદ્યાલય સ્ત્રીઓને હાથેજ ચલાવવામાં આવે છે અને ગાર્ગી અને સાવિત્રીદેવી જેવી સ્ત્રીરત્નો તેણે પેદા કર્યાં છે. કનખલ ખાતે સેવા આશ્રમમાં યાત્રા વગેરે કારણે આવતાં અનેક અજાણ્યા લોકોની ખરા દુઃખની વખતે સેવા બજાવવામાં આવે છે. આગ્રા પાસે એક ઉદ્યોગગ્રહ છે, જેમાં દેશી ભાષામાં અને ઘણીજ સહેલાઇથી ઘણા ઉપયોગી હુન્નર ઉદ્યોગો શીખવવામાં આવે છે અને શીખવા પાછળ ખર્ચ પણ ઘણો થોડો થાયછે. મદ્રાસમાં તેમણે ધાર્મિક અંધશ્રદ્ધા અત્યંત જોઇ; લોકોની સ્મર્ણશક્તિ સારી જોઇ પણ વિચારશક્તિ થોડી જોઇ. ત્યાં અંગ્રેજી ભાષાજ્ઞાન બીજા કોઇ પણ પ્રાંત કરતાં વધારે સારી રીતે પ્રસાર પામ્યું છે અને તેમ છતાં ત્યાંની પ્રજા ઘણા જુના વિચારો ધરાવે છે. ત્યાંથી તેઓ દક્ષિણમાં આવ્યાં, પણ કાંઇ ખાસ જોવા જેવું નહીં જણાયું. પુનામાં ફરગ્યુસન કોલેજ, કર્વેનું આશ્રમ તથા હિંદ સેવકસમિતીના કારોબારની માહીતી મેળવી. કર્વેના આશ્રમ તથા હિંદ સેવકસમિતીના (Servants of India Society) માટે માન પેદા થાય તે સ્વભાવીકજ છે. આગળ આવતાં તેઓએ તળેગામ ખાતે પૈસા ફંડથી ચાલતું કાચનું કારખાનું જોયું અને હીંદની નાદર કારીગરીને ઉત્તેજન મળે તો તે કેવી રીતે આગળ વધે તેમ છે તે ખ્યાલ આવતાં હ્રદય કાંઇક આશા તેમજ નિરાશાના શ્વાસ પ્રશ્વાસ કરવા લાગ્યું. ત્યાંથી તેઓ મુંબઇ આવી પહોંચ્યાં.

આ રીતે તેઓએ હીંદના જુદા જુદા ભાગની મહત્તાની માહીતી મેળવી અને મુંબઇની સ્થાનિક ગણાતી મહત્તા સાથે સરખામણી કરી. વિનયચંદ્રને તેથી ઘણો અફસોસ થયો એમાં કાંઈ નવાઇ નથી. શ્રીયુત્ શીન્દે, શ્રીયુત્ દયારામ ગીડુમલ, પરમાર્થી જાનકીબાઇ, વગેરે ગણ્યાગાંઠયાં પૂજ્ય સ્ત્રીપુરૂષો સિવાય બીજા તો તેમને તાંબા પીતળપર સોનાના ઢોળ જેવા લાગ્યાં.

પ્રકરણુ ૨૪ મું.

પાશ્ચાત્ય જનસ્વભાવ.

સ્ટીમરની મુસાફરી સંબંધે કેટલોક ભય રાખવામાં આવે છે. પણ હરિરત્નરાય કે હેમકળાના પતિને તેવો કશોય ભય લાગ્યોજ નહોતો. તેઓ માર્શેલ્સમાં આવ્યા. હરિરત્નરાયે ઇંગ્લૅન્ડ સંબંધી ઘણું વાંચ્યું હતું પણ હેમકળાનો પતિ તો તે વિષે બહુધા અક્ષરશુન્ય હતો એમ કહીએ તો ખોટું નથી. હિંદ અને ઇંગ્લૅન્ડની સ્થિતિ અને ભૂમિ વચ્ચે એટલો અત્યાન્તર છે કે અજાણ્યો માણસ ઇંગ્લેન્ડની કશી પણ માહિતી વિના ઇંગ્લૅન્ડમાં એકાએક દાખલ થાય તો તેને આ માનવીસૃષ્ટિ કે કેમ એ પારખવાનું મુશ્કેલ થઇ પડે. ખરેખર પ્રવૃત્તિમય જીવનદ્રષ્ટિથી નીરખીએ તો તે ઇંગ્લૅન્ડ કે સમસ્ત પાશ્ચાત્યભૂમિ બહુધા આ જમાનાની દેવભૂમિ છે. માર્શેલ્સ બંદર ખાતે આવી પહોંચતાંજ હેમકળાના પતિએ હરિરત્નરાયને પૂછ્યું "કેમ હવે તો આપણે આપણા મહદ્ નિર્ણીત સ્થાને આવી પહોંચ્યા ?" હરિરત્નરાયે પ્રફુલ્લ ચહેરે "હા" એટલો ઉત્તર આપી વધુમાં જણાવ્યું કે "મહુંમ મહિપતરામભાઇના લખવા મુજબ આજે તમને નવી દુનીયામાં તમે આવેલા હો તેમજ જણાય છે કે નહી ?" હેમકળાના પતિએ ઉત્તર આપ્યો, "ખચીતજ. આ ભૂમિ તેવીજ છે. કયાં હિંદમાં અત્યારે હજુ ચોરા ઉપર કે ગેલરીમાં ગામગપાટા ચાલતા હોય એ સમય અને કયાં આ ભૂમિમાં અત્યારમાં સર્વ ઉદ્યોગમાં મચી ગયેલી પ્રજાનું દર્શન ! હિંદની પ્રાચિન જાહોજલાલિનું ગમે તેટલું વર્ણન કરવામાં આવે અને તે ગમે તેટલું આકર્ષક હોય પરંતુ તે સમયથી તેમનામાં એક ઉપહાસ્ય જોવામાં આવે છે. તેઓ આખો દિવસ ધર્મધર્મને નામેજ ક્રિયા કર્મ કર્યા કરતા હતા. તે સ્વપ્રજાના આશ્રયમાં રહેવાનું હોય ત્યારે ઠીક પણ હરિફાઇના સમયમાં તો બેહાલ સ્થિતિમાં લાવી મુકે તેમાં કશીજ નવાઇ નથી. હિંદી પ્રજાએ

ઠંડક અને લહેર આપે છે.

હાલના સમયમાં એક મનુષ્યની વ્યવહાર ફરજ આ પ્રજા પાસેથી શીખવી જોઇએ. ”

“ મેં તમને હિંદમાં આ વાત કરી હોત તો તમે માનત પણ નહીં, કેમ ? ”

“ કોણ માની શકે ? ”

“ ખચિત્ જેનો ખ્યાલ સ્વપ્નમાં પણ આવી ના શકે તે માની કેમ શકાય ? હવે તમે પૂર્વાત્ય પ્રજાને આ વાત સમજાવવા પ્રયત્ન કરજો;–ખાસ કરીને શ્રીમંત વર્ગ જે આપણા દેશમાં ગરીબોની મહેનતપર અને તેમની આંતરડી કકળાવી કકળાવી પેદા કરેલા પૈસાવડે મોજ માણે છે તેઓને આ વાત સમજાવજો. એક અમેરિકન ધનાઢયે એક હૉસ્પીટલ બંધાવી તેના ઉપર એવો લેખ કોતરાવ્યો છે કે ‘ શ્રીમંતો એ માત્ર ગરીબોની બેંક છે. ’ આ સર્વથા સત્ય છે. ગરીબો મહેનત કરી જે લાવી આપે છે તેજ શ્રીમંત વર્ગ તીજોરીમાં મુકે છે; છતાંય શ્રીમંતો ગરીબોને તેમની મહેનતના પૈસા આપવામાં પણ બખિલાઇ કરે છે. ” હરિરત્નરાયે કહ્યું.

“ પરમાત્મા તેવા શ્રીમંતોનો ઇન્સાફ બરાબરજ કરશે. તેઓ જો નોકરો સાથે ભલું વર્તન ચલાવે તો નોકરો તેમને ઘણો વધારે લાભ કરી આપી શકે, પણ શ્રીમંતોનાં આવાં વર્તનથી તેમના નોકરો તેમની સામે વક્ર દૃષ્ટિજ કરતા રહે તેમાં નવાઇ નથી. ”

હરિરત્નરાયે વધુ જણાવ્યું કે, “ અહીં તો શ્રીમંતો–શેઠીઆઓ પોતાના નોકરો માટે ઘણી કાળજી રાખે છે; તેઓને લાયક બનાવવાને તેઓ અનેક પ્રયાસ કરે છે અને આપણા દેશમાં તો તેવી કશીજ લાગણી નથી જણાતી. ”

“ હા. આપણે ત્યાં જતાં તે વિષે પ્રયાસ કરીશું. ”

આમ વાર્ત્તાલાપ કરતાં કરતાં તેઓ એક હોસ્ટેલમાં આવી પહોંચ્યા ત્યાં તેમણે ઉતારો લીધો. થોડોક વખત થયો અને એક યુવતિ બાઇએ તેમને તેમની હાજત વિષે પૂછ્યું. હરિરત્નરાયે તુરત માટે નાસ્તો અને કોફી મગાવી. ઉભયે તે લીધું અને પોતાના માટે બીજી સગવડો કરી આપવાને સૂચન કર્યું. હરિરત્નરાય તેમજ હેમકળાનો પતિ હોસ્ટેલના

નોકરો અને માલિક વગેરેથી ઘણા ખુશી થયા. હિંદમાં પાશ્ચાત્ય પ્રજાની નીતિરીતિ વિષે એવું ઘણું તેમણે સાંભળ્યું હતું કે જે ભ્રમજ અંતરમાં સ્થિત હોય તો આવું માન તેના પ્રતિ કદાપિ પેદા થાય નહીં. હિંદમાં બહુધા એવોજ ખ્યાલ પ્રજા વચ્ચે છે કે આ દેશની પ્રજામાં નીતિ જેવું કાંઇ તત્ત્વ નથી અને હોસ્ટેલોમાં ઈંગ્લૅન્ડમાં–પાશ્ચાત્ય દેશોમાં અનીતિ ચાલે છે. એ વાત સર્વથા ખોટી છે. જેઓ એવીજ દ્રષ્ટિથી નિરીક્ષણ કરે તેમને તેવી સંસ્થાઓ મળી રહે એ સ્વભાવીક છે પણ તેથી તે આખા દેશને લાગુ પાડી બદનામ કરી નહીં શકાય.

હોસ્ટેલના માલિક તરફથી તેમની તેહેનાતમાં એક માણસ સોંપવામાં આવ્યો અને તે માણસને તે હિંદી મેહેમાનોને કાંઈ પણ પ્રકારની મુંઝવણ ના થાય તે વિષે સંભાળ રાખવાની સૂચના આપવામાં આવી. નોકર પાસે સીગાર વગેરે મંગાવ્યા બાદ ઉભય મિત્રો ખાનપાન સંબંધી વિષય તરફ વિચાર કરવા લાગ્યા. હરિરત્નરાયનો વિચાર માંસાહારની તરફેણમાં બિલકુલ નહોતો. પરંતુ તે સાથે તેઓ એમ માનતા હતા કે ધાર્મિક નજરે તેની સામે જે વિચાર ધરાવવામાં આવે છે તે કાંઈ વ્યાજબી નથી, એટલુંજ નહિં પણ વ્યવહારૂ નજરે વ્યાજબી નથી અને ઈંગ્લૅન્ડ જેવી ભૂમિની હવાને તે માફક નથી અને તે સાથે ત્યાં સર્વ સ્થળે અન્નફળાહારની સગવડ મેળવવી પણ મુશ્કેલ છે એટલે ઈંગ્લૅન્ડમાં એવો વિચાર કાંઇ અમલમાં લાવી નહીં શકાય. હરિરત્નરાયે આ વિચાર પ્રગટ કરતાં હેમકળાના પતિએ તે વાતને ટેકો આપ્યો કેમકે ઈંગ્લૅન્ડમાં શરદી ઘણી રહે છે અને જેઓ શરદીથી બિલકુલ લગભગ ટેવાયલા નથી તેઓને તેની સામે થવું એ એક પ્રકારનું જોખમ છે. તેઓએ તે સાથે એટલો પણ નિશ્ચય કર્યો કે આપણે આપણા દેશમાં જઇ આ વાત છૂપાવવાની જરૂર નથી પણ સ્થિતિ સંજોગ ત્યાં દર્શાવવા અને પછી જ્ઞાતિજનો જે પણ સજા ફરમાવે તે સહન કરવી; તેઓ કદાચ પ્રાયશ્ચિતની વાત કહે તો તે જો કે અર્થ વિનાની છે પણ તેમાં સામે થવાની જરૂર નથી. આ ભૂમિવાસીઓમાં પણ કેટલાક અન્નફળાહારીઓ છે પણ આપણા દેશવાસીઓએ તેનું અનુકરણ કરવાનું ઇચ્છવાજોગ નથી, કેમકે એઓ સ્વભાવીક રીતે આ દેશની હવા તથા ૠતુથી ટેવાઇ ગયલા હોય છે, જ્યારે

આપણે તેવી રીતે બીલકુલ ટેવાયલા નથી હોતા. આ પછી તેઓ કપડાં પહેરી બાહેર નીકળ્યા. તેમણે દેશી પોશાક પહેર્યો હતો અને તેથી તેમની સામે કેટલીક વાર તો પ્રજા ટિકીટિકીને જોયા કરતી હતી. તેઓ રસ્તામાં એક વેજીટેરીઅન રેસ્ટોરા અન્નફળાહારી આરામગ્રહમાં ગયા પણ ત્યાં તેમણે કાંઇક વિચિત્રજ જોયું. તેમણે એક પાણીથી ભરેલાં કુંડામાં માછલીઓ જોઇ. તેમણે એમ સાંભળ્યું હતું કે ઇંગ્લૅન્ડમાં માછલીઓ લગભગ દરેક હોટેલ કે રેસ્ટોરામાં હોય છે. તે વિષે રેસ્ટોરાંના સ્થાપકને પૂછતાં તેણે ખુલાસો કર્યો કે આ દેશમાં અન્નફળાહારીઓ પણ માછલીના ખોરાકને નિંદ્ય ગણતા નથી. તેઓ તેને એક પ્રકારનો માંસાહારથી ભિન્ન ખોરાક માને છે, અને તેનું કારણ એવું છે કે, માછલીઓનો નાશ, બીજાં પ્રાણીઓ માફક, બીજી કોઇ રીતે થતો નથી. તે તેનાથી બળવત્તર પ્રાણીઓ જાનવર કે મનુષ્ય પ્રાણીના ખોરાકમાં આવે તોજ તે ઓછી થઈ શકે નહીં તો તે એટલી બધી વધી જાય કે થોડા પ્રમાણમાં હોતાં તે પાણી નિર્મળ રાખવાનું ઉત્તમ કામ બજાવે છે તેના બદલે તેટલાંજ પ્રમાણમાં તેઓ ખરાબ કરી નાંખે. આ વાર્તાલાપ ચાલતો હતો એટલામાં બે અન્નફળાહારી ઉપ-દેશકો ત્યાં આવી પહોંચ્યાં અને તેમણે બીજી કેટલીક વસ્તુઓ સાથે માછલી મગાવી. તરતજ કુંડામાંથી કાઢી તેને તાવડીમાં નાંખી તળી રજુ કરવામાં આવી અને તે વેળાએ માલિકે આપણા હિંદી મેહેમાનો સામે જોયું અને હિંદી ભાઇઓને હસવું આવ્યું ! રસ્તામાંથી બહાર નીકળતાં એક ફેરીઆ પાસેથી તેમણે 'લંડન ટાઇમ્સ' (દૈનિક) ની એક પ્રત લીધી. તેમાં મીલ માલિકો અને કામદારો વચ્ચેની હડતાલ વિષેની જાણવાજોગ ખબરો હતી અને તે વાંચી કામદારો પણ આ દેશમાં સ્વહક્કસંરક્ષણ માટે કેટલી બધી કાળજી ધરાવે છે, તેનું અનુપમ દ્રષ્ટાંત અનુભવ્યું. હેમકળાનો પતિ સ્વભાવીકજ બોલ્યો કે "આપણા દેશના શ્રીમતોનો તોર ઉતારવાને આવીજ રીતે નોકરોએ કામ લેવું જોઇએ." હરિરત્નરાયે ખુલાસો કર્યો કે, "હા; પણ આ દેશના કામદાર વર્ગનાં સંરક્ષણ માટે જેટલાં સાધન છે તેટલાં આપણા દેશમાં ક્યાં છે ? આપણા દેશના કામદારોની સ્થિતિ તો એવી છે કે ઘરમાં જે મનુષ્ય રળી લાવે તે ખાય, અને રોજ રળે અને રોજ

ખાય. અહીંઆં કામદારોને આવા સંજોગોમાં અને વૃદ્ધાવસ્થામાં મદદ કરનારાં મોટાં ફંડો હોય છે. તેમનાં બાળકોને કેળવણી મુફત આપનારી સંસ્થાઓ હોય છે. આપણા દેશમાં હજુ તો તેવું કશુંય જીવન્ત નથી જણાતું."

"આ દેશના લોકોનું કેવું સમભાવવર્ત્તન !"

"કેવું આદરણીય અને અનુકરણીય ! પણ તે પોતાના જાત ભાઇઓ કે દેશભાઇઓ સાથેજ. બાકી હિંદમાંથી કાચનો ઉદ્યોગ શીખવાને અત્રે આવેલા મી. વાગલે એક કાચ બનાવવાના કારખાનામાં પ્રવેશતાં The blackman came" (કાળો આદમી આવ્યો.) એવી બુમો મારી ચપોચપ કારખાનું બંધ કરી દઈ એક હિંદી રખેને તેમની પાસેથી કાંઇ શીખી જાય તે સામે સુગ ચહડાવનાર પણ તેઓજ છે !"

"શું તેમનું તેવું વર્તન સર્વથા છે ?"

"ના, હું એમ કહું છું કે આ દેશમાં પણ એવો હિણો સ્વભાવ છે."

"વાડના બધાય વેલા સરખા ના હોય, પણ એટલું તો ખરૂં કે આ દેશની પ્રજાને વગોવનારૂં કેટલુંક એકપક્ષીય સાહિત્ય આપણા દેશમાં પ્રસાર પામ્યું છે તે યથાર્થ નથી."

"હા, હજુ આપણે જુદા જુદા શેહેરોની જુદી જુદી સંસ્થાઓ જોઇશું, ત્યારે તમને સમજવાને બનશે કે અત્રેની પ્રજાનો જનસ્વભાવ શું છે અને તેમાંથી કેટલું અનુકરણીય છે."

આમ વાતો કરતાં થોડુંક ફરી તેઓ પાછા નિવાસસ્થાનપર આવ્યાં. ખાણું લીધું અને મુસાફરીનો શ્રમ ઉતારવાને જરા આરામ લીધો. હોસ્ટેલમાં એટલી સગવડ હતી કે એક જરાક ઘંટડી વગાડતાં સ્ત્રી યા તો પુરૂષ નોકર વિના સંકોચે અને વિના વિલંબે આવી હાજર થતું. તેઓ આરામ લઇ ઉઠયા, હોસ્ટેલમાંથી એક ભોમીયાને સાથે લીધો અને ગાડી મગાવી ફરવા નીકળ્યા. અનેક સ્થાનો તેમણે જોયાં. આ દેશની પ્રવૃત્તિ અને હિંદી પ્રજાની શુન્ય પ્રવૃત્તિ એ બે બાબત હરેક સમયે તેમના ખ્યાલમાં આવતી હતી. એકંદરે અત્યારે તેમણે એ અનુભવ્યું કે હિંદના એક વૃદ્ધ થયલા નરમાં જે હિંમત નથી

હોતી તેવી હિમ્મત આ દેશના એક બાળકમાં પણ હોય છે. કોઈપણ નવા સંજોગમાં આવતાં કે દાખલ થતાં કોઇ મુંઝાતું નથી. આ સ્થિતિ આ દેશની સ્ત્રીઓને આભારી છે. આ દેશની સ્ત્રીઓ ઘણું સ્વાતંત્ર્ય ભોગવે છે અને તે અનુસાર તેઓ પોતાનાં સંતાનોને પણ સ્વતંત્રતાનો જુસ્સો વારસામાં આપે તેમાં કાંઈ નવાઇ નથી. ફરતાં ફરતાં એક બગિચામાં એક બાંકડાપર તેઓ બેઠા હતા. ત્યાં પાસે એક યુવતિ આવી સાથે બેઠી. તે યુવતિએ આ પરદેશીઓને જોઇને પૂછયું "તમે હિંદી છો ?"

"હા, બાઈ." હરિરત્નરાયે ઉત્તર વાળ્યો.

"તમે અહીંઆં શું કરો છો ?"

"અમે હજુ તો આજે સહુવારેજ તમારી આ મહદ્ભૂમિમાં ઉતર્યા છીએ. અમારો ઉદ્દેશ તમારા દેશમાંથી રંગવાની કળા અને વિજ્ઞાનશાસ્ત્ર સંબંધી જ્ઞાન સંપાદન કરવાનો છે." હરિરત્નરાયે ઉત્તર આપ્યો.

"તમને તમારા દેશમાંથી તેવું શિક્ષણ મળી શકે તેમ નથી ? તમારા દેશ વિષે અમે તો ઘણું ઘણું અત્રે સાંભળીએ છીએ અને મહાન તત્વવેત્તા જેકોલીઅટના શબ્દોમાં કહીએ તો અમે તો અહીંઆં અમારી માતૃભૂમિને પૂર્વકાળનું હિંદ બનાવ એમ હમેશાં પ્રાર્થના કરીએ છીએ." યુવતિએ કહ્યું.

"હા, તે બરોબર છે. અમે પણ તે તો ચાહીએ છીએ કે **પરમાત્મા અમારી માતૃભૂમિ હિંદને ફરીને તેની પૂર્વકાળની સ્થિતિમાં ફેરવી નાંખો.**"

"ત્યારે શું અત્યારે હિંદમાં કાંઇજ દમ નથી ?"

"છે; બધુંય છે. પણ વ્યવહાર સ્થિતિમાં નથી. જે વસ્તુની હસ્તિનું જ્ઞાન અમને છે તેને વ્યવહારૂ કેમ બનાવવી તે જ્ઞાન સંપાદન કરવાને અમે અત્રે આવ્યા છીએ."

"તમારો ઉદ્દેશ ઘણો પવિત્ર છે. તમને તેટલું તો અમારી પાસેથી જાણવાનું મળશે, કિન્તુ કાંઇ નવિન તત્વ જાણવા ચાહતા હો તો તે અમારી પાસેથી મળી શકે તેમ નથી. અમારી પાસે તેવું કશુંજ તત્વ નથી." યુવતિએ કાંઇ આભારદર્શક ભાવથી કહ્યું.

" ભાઈ, તમારૂં વિનય તમે બતાવો છો. આજ તમારી ભૂમિની બરાબર કોણ કરી શકે તેમ છે ?" હરિરત્નરાયે કહ્યું.

" ના. હું ખરૂં કહું છું. મારા કુટુમ્બમાં હિંદી સાહિત્યનો શોખ ઘણો વધારે છે. મારા વાંચન મુજબ તો હજુ હિંદ પાસેથી તેને મળ્યું છે તે કરતાં તેણે કશુંજ વધારે પ્રાપ્ત નથી કર્યું." યુવતિએ કહ્યું.

" અમે એવો દાવો કરી શકીએ નહીં. અમારા દેશમાં કોઇક કાળમાં કદાચ હશે, પણ હાલના સમયમાં તો લગભગ આ માનવી સૃષ્ટિનો આધાર ઇંગ્લૅન્ડ ઉપરજ બહુધા છે. હરિરત્નરાયે ખુલાસો કર્યો.

" બેશક; લોઢા અને પથ્થરની ખાણોને શોધી તેનું જ્ઞાન મેળવ્યું છે. હિંદી પ્રજાએ પણ તેટલું તો કર્યું છે પણ તેણે તે જ્ઞાન માત્ર પુસ્તકમાં સ્થિતિમાં રાખ્યું છે જ્યારે આ દેશસ્થ પ્રજાએ તેને વ્યવહારમાં ઉતાર્યું છે; જે ફેર છે તે આટલોજ છે." યુવતિએ ભેદ ખૂલ્યો.

" હા. એ તફાવતમાં તમો ઘણા ઉચ્ચતર છે અને તે જ્ઞાનજ અમે મેળવવા અત્રે આવ્યા છીએ." હરિરત્નરાયે કહ્યું.

" તમને તે માટે ઘણું વેઠવું પડશે. અમારે અહીંની પ્રજા મળતાવડી છે પણ સ્વાર્થી પણ છે. તે તમને તે વિષે જ્ઞાન મેળવવાનો સંજોગ આપશે નહીં. તમારી સાથે મળી તમારા કુટુમ્બીક બનવું અને ઘર ખાલી કરી તમને પાછું સ્વાધિન પણ કરવું પણ ખાલી કરેલો સામાન જરાય પાછો નહીં આપવાનો આ દેશસ્થ પ્રજાનો સ્વભાવ છે." યુવતિએ પોતાના દેશભાઇઓનું વર્તન જણાવ્યું.

" નહીં; વર્તમાનપત્રોમાં અમે રોજ વાંચીએ છીએ કે અમારી તરફ આ દેશસ્થ પ્રજા માન અને માયાની દૃષ્ટિથી જુએ છે."

" બેશક; તમારા દેશ વાસીઓ અત્રે આવી અરજ ઉપર અરજ કરવા ચાહતા હોય તો તેમને શાંતિપૂર્વક સાંભળવાને અને તેમને દિલાસો આપવા સૂધી અમે અમારી ઉદારતા બતાવી શકીએ ખરા, પણ જે અરજ ગુજારવામાં આવે તેનું ફળ તમને કાંઇ પ્રાપ્ત થઇ શકે નહીં." યુવતિએ પ્રાશ્ચાત્ય દેશસ્થ જનસ્વભાવનું વધારે સ્પષ્ટિકરણ કર્યું.

અસરકારક છે.

"ત્યારે બાઇ, અમારે શું કરવું ?"

"તમો મજુરી મેળવવા માગતા હશો તો તે અત્રે ખુશીથી મળશે. બીજાઓને પોતાના કરતાં ઉચ્ચતર પંક્તીમાં પહોંચવાની તકજ ના આપવી એ અહીંની પ્રજાનો જનસ્વભાવ છે." યુવતિએ માર્ગ દર્શાવ્યો.

"ગરીબો તરફ પણ અહીં ઘણું ભલી લાગણી બતાવવામાં આવે છે !"

"હા; પણ પોતાની સંફમાં આવી ના જાય તે વિષે બહુ કાળજી રાખવામાં આવે છે. ઉમરાવ સામાન્ય મનુષ્ય સાથે ખાણું પણ લઇ નથી શકતા. શું તમે એ નથી જાણતા કે સ્ટીમરોમાં હિંદીઓ સાથે માત્ર તેમને હલકા ગણવાના કારણેજ યુરોપીઅનો કે પાશ્ચાત્ય પ્રજામાંનો કોઈ મનુષ્ય બેસવાનુંય પસંદ નથી કરતો ?" યુવતિએ પ્રમાણ આપ્યું.

"હા. એ વિષે અમે વાંચ્યું છે અને મુંબઈમાં તેમજ હિંદમાં પણ મોટી હોસ્ટેલોમાં મુખ્ય દરવાજેથી હિંદીઓને દાખલ થવાનો અધિકાર નથી હોતો, તે તો અમે સારી રીતે જાણીએ છીએ." હરિરત્નરાયે મળતાપણું દર્શાવ્યું.

"બાઈ, અહીંઆં આપનાં જેવાં માયાકુળ સ્ત્રીરત્નો કેટલાં હશે. અમે આજે તમારા ઘણા આભારી થયા છીએ."

"નહીં. એવું ના બોલશો. અમે તમારા આભાર નીચે દબાયલાં છીએ. અમારૂં સત્ર તંત્ર પૂર્વ કાળના હિંદી પ્રજનનાં તંત્રોને આધારે રચવામાં અને ચલાવવામાં આવે છે. એ શિક્ષણ નિષ્કપટ ભાવે અમારે માટે પણ ખુલ્લું મુકવામાં તમે અમારા પ્રતિ કાંઈ ઓછો આભાર નથી દર્શાવ્યો. એ આભારનો બદલો વાળવાનું તો રહ્યું પણ તમારા તરફ સમભાવવર્ત્તન બતાવવા જેટલું પણ હું કરી ના શકું, તો મેં અત્યાર સૂધી અમારા દેશસ્થ ભાંડુઓ વિષે જે ટિકા કરી તે મને પણ લાગુ પડે." યુવતિએ વિનય દર્શાવ્યો. આગળ ચાલતાં યુવતિએ જણાવ્યું કે, "હજુ તમારા દેશ પાસેથી અમારે ઘણું શીખવાનું છે. સભ્યતા શું, સાંસારિક જીવનની ઉત્તમતા શું, આધ્યાત્મિક જીવન શું, સાદી ગ્રહવ્યવસ્થા શું, સ્ત્રીઓની જીવન મહત્તા શું વગેરે ઘણું હજુ

અમારે તમારી પાસેથી શીખવાનું છે. પ્રાચિનકાળમાં તમારા દેશમાં સ્ત્રીઓ ઘણી સત્તા ધરાવતી અને સન્માન પામતી એ વાત શું ખરી છે?"

"હા, બાઇ; તે ખરી છે. પણ તે સત્તા કે સન્માન આજ આ દેશમાં આપવામાં આવે છે તેવાં નહોતાં!" હરિરત્નરાયે કહ્યું.

"ત્યારે ફેર શું હતો?"

"સાંસારિક દરેક વ્યવસાયમાં તેના વિના એક ડગલું પણ ભરાતું નહીં. તેમજ તેને દેવી ગણી તેવાજ ભાવથી તેની સાથે વર્તવામાં આવતું. તમારા દેશમાં તો ગાડીમાંથી ઉતરતા કે ગાડીમાં બેસતાં ટેકો આપવામાં તેનું સન્માન સમાઇ જાય છે! પુરૂષોને માટે પણ કપડાં ખરીદી લાવવાની અને બીલ ચુકવતાં પતિને નાદારી નોંધાવવી પડે કે છૂટાછેડા માગવા પડે ત્યાં સુધી ફૅશનની પાછળ બીલો ચઢાવ્યા કરવાની સત્તા આપવાની કે ગ્રહવ્યવસ્થા નોકરોને હસ્તક સોંપી, સમાજ વ્યવસ્થા માટે બેદરકાર બની રાજ્ય વ્યવસ્થામાં હિસ્સો પડાવવા માટે તોફાન કરવાની સ્વતંત્રતા તેમને કદાપિ મળી નથી, એ ફેર છે." હરિરત્નરાયે કહ્યું.

"ત્યારે શું ચોક્કસ પ્રકારનો કાબુ પુરૂષો તેમના ઉપર કાયમ રાખતા હતા?"

"ના. તેવું કાંઇ નહોતું. પૂર્વકાળના અમારા ઉજ્જવલ જીવનની મહત્તા એજ છે કે પુરૂષો તેમના ઉપર કાબુ રાખતા નહીં પણ તેમનો કાબુ રહેતો હતો. જેમ પુરૂષો માનતા હતા કે સ્ત્રીઓ એ ગ્રહદેવી છે, તેમ સ્ત્રીઓ એમ માનતી કે પુરૂષો એ અમારા પૂજ્ય દેવ છે અને તેમના આધિનમાં રહી જીવન ગાળવું એ અમારૂં કર્ત્તવ્ય છે. આવો પરસ્પર ભાવ તે વેળાએ અમારા દેશમાં હતો." હરિરત્નરાગે ઉત્તર આપ્યો.

"અત્યારે તો એવું નહીં હશે. કોઇ પણ દેશમાં એવું સ્વપ્ન માત્ર નથી જણાતું!" યુવતીએ કહ્યું.

"ના, જાપાને ઘણુંખરૂં તે પ્રણાલિ ગ્રહણ કરી છે. જાપાનની આવી અને આટલા ટુંક વખતમાં ઉન્નતિ થઇ તે બહુધા એ આર્ય જીવનના અનુકરણને પરિણામે છે. હિંદમાં તો અત્યારે તેનું કશું સ્વપ્નું પણ નથી." હરિરત્નરાયે કહ્યું.

"ખરેખર, ત્યારે અમે જે બાબતમાં તમારા દેશના પ્રાચીન તત્વનું અનુકરણ કરી નથી શક્યા, તે બાબતમાં જાપાને અનુકરણ કરી બતાવ્યું છે."

"હા; જી."

"મને જણાવશો કે, ત્યાં સ્ત્રીઓનું જીવન, અને સ્ત્રીસત્તા વગેરે કેવાં હોય છે?"

"ત્યાં સ્ત્રીઓની તરફ પુજ્ય ભાવથી જોવામાં આવે છે અને સ્ત્રીઓ પુરૂષો તરફ પણ તેવા ભાવથી જુએ છે. ત્યાં સ્ત્રીઓ દરેક કામમાં પુરૂષોની સહાધ્યાયિની હોય છે. જાપાન અને રૂષીયા વચ્ચેની લડાઇ વેળાએ પુરૂષો જ્યારે લડાઈમાં જતા હતા, ત્યારે સ્ત્રીઓ લડાઇમાં ગયલાં માણસો માટે કપડાં શીવી મોકલતી, તેમને વિજયમાળો ગુંથી મોકલતી હતી. તેમને લડાઈમાં ઘાયલ થાય તેઓના ઉપયોગને માટે પાટા તૈયાર કરી મોકલતી. ઘરની પણ સઘળી વ્યવસ્થા કરતી હતી. લડાઇના ખર્ચને માટે ફંડ એકઠું કરતી હતી અને પ્રસંગ આવે તો પોતે પણ પોતાના ભરથારોને સહાય કરવાને આતુર જણાતી હતી." હરિરત્નરાયે કહ્યું.

"આ બધું જ્યારે સ્ત્રીઓ કરે છે ત્યારે ત્યાં રાંધવાનું અને બાળકો ઉછેરવાનું વગેરે કામ સ્ત્રીઓને પરહસ્તે કરવું પડતું હશે?"

"નાજી; બીલ્કુલ નહીં. તેઓ એમ માને છે કે મનુષ્ય આશાએશ ભોગવવા નહીં પણ બને તેટલો વધારેમાં વધારે પુરૂષાર્થ કરવાને બધાયેલ છે. ત્યાં સ્ત્રીઓ આ ઉપરાંત તો કેટલુંક કામ પણ કરે છે અને પૈસો કમાય છે, અને તેનો ઉપયોગ પોતાના દેશની ઉન્નતિ માટે કરે છે, ત્યાં કરનો બોજો બીજા કોઇ પણ દેશ કરતાં વધારે છે, પણ તે નભી શકે છે, તેનું કારણ ત્યાંની પ્રજાનું ઉપયોગી જીવન છે. ત્યાંની સ્ત્રીઓ ઘરનું સઘળું કામ તો સ્વહસ્તેજ કરે છે." હરિરત્નરાયે જાપાનનાં સ્ત્રીજીવનનું સ્પષ્ટ કર્યું.

"આવું શિક્ષણ ત્યાં સ્ત્રીઓને શાળાઓમાંજ મળે છે?"

"હા. ત્યાં શાળાઓ તેમજ બૉર્ડીંગમાં સાફસુફ રાખવાનું, ફરનીચર વગેરે ગોઠવવાનું, વગેરે કામ સ્ત્રી વિદ્યાર્થીઓ અથવા સ્ત્રી બોર્ડરો (છાત્રો) નેજ કરવાનું હોય છે. ત્યાં તેઓને રાંધતાં, બાળબચ્ચાં અને

બીજાઓની માવજત કેમ રાખવી તે સઘળું શીખવવામાં આવે છે અને તે ઉપરાંત સ્ત્રી અને પુરૂષો વચ્ચે એક બીજાને અનુગ્રહીને રહેવાનો જે અદ્ભૂત ગુણ જોઇએ, તેનું પણ શિક્ષણ આપવામાં આવે છે." હરિરત્નરાયે જાપાનમાં કેળવણીનું ટુંક વર્ણન કર્યું.

"અમારા દેશમાં તેથી ઉલટુંજ છે, એમ તમારા જોવામાં આવશે." યુવતિએ કહ્યું.

વખત ઘણો થયલો હોવાથી યુવતિએ બેઉ હીંદી ગ્રહસ્થોના હાથ ચુમ્યા અને તેમનાં નામો પૂછ્યાં અને ઉતારાનું રહેઠાણ પૂછ્યું. હરિરત્નરાયે પોતાનું નામ જણાવ્યું અને હેમકળાના પતિએ પોતાનું નામ પણ જણાવ્યું કે, મારૂં નામ હેમાનાથ છે. યુવતિએ પોતાનું વીઝીટીંગ કાર્ડ આપ્યું. તેનું નામ **માસ નોબલ મરસી** હતું. છેવટે છુટાં પડતાં યુવતિએ પોતાને આજે પરસ્પરના વાર્તાલાપથી આનંદ થયલો જણાવ્યો અને છૂટાં પડતાં પુનઃ સર્વએ એક બીજાના હાથ ચુમ્યા.

પ્રકરણ ૨૪ મું.

હેમકળા ઉપર પત્ર.

મીસ નોબલ મરસીથી છૂટા પડયા બાદ સર્વ પોતપોતાને ઠેકાણે ગયા. હેમાનાથ અને હરિરત્નરાય તથા મીસ નોબલ વચ્ચે કેટલીક ચર્ચા ચાલી, પણ તેમનું માનવું એવું હતું કે આવી ઓળખાણો કાંઇ ચિરંજીવ થતી નથી. હેમાનાથ અને હરિરત્નરાય ઉભયમાંથી કોઇને પણ ઇંગ્લન્ડ વિષે એટલો બધો અનુભવ તો નહોતો કે તેઓ આવી આંતર્જીવનની બાબતમાં પણ સ્વતઃ કોઇ મત બાંધી શકે ! ઇંગ્લન્ડમાં આવી રીતે ઘણી ઓળખ થાય છે એ ત્યાંની સમાજ રૂઢી છે અને આ દેશમાં પણ પાશ્ચાત્ય દેશસ્થ પ્રજા એવી રીતે પરિચિત થાય છે. ટ્રેનમાં મુસાફરી કરતાં એક દેશી મનુષ્ય સાથે આપણે ઓળખ કરતાં અચકાઇશું, કે તે આપણી સાથે બોલતાં

અચકાશે, પણ જો એક પાશ્ચિમાત્ય દેશસ્થ મનુષ્ય હશે, તો આપણે ભલે પ્રથમ ઓળખ નહીં કરીશું, તો તે આપણી સાથે ઓળખ કરશે. જે ખાસ અવલોકવાલાયક બીના છે તે એ કે આ દેશમાં સ્ત્રીઓ પુરૂષો સાથે–અજાણ્યા પુરૂષ સાથે બીલકુલ ઓળખ પાડી શકતી નથી, જ્યારે પાશ્ચિમાત્ય સ્ત્રીઓ વિના અચકાયે ઓળખ પાડે છે અને વળી તેને ચિરંજીવ પણ બનાવે છે. માસ નોબલ મરસી અને હેમાનાથ તથા હરિરત્નરાય વચ્ચે પણ તેમજ બન્યું ! આપણે ઉપર જોયું તેમ હેમાનાથ કે હરિરત્નરાયે આ નિર્દોષ કુમારિકા તરફના ચિરંજીવ સ્નેહની બીલ્કુલ આશા રાખી નહોતી પણ બીજી સહવારે મીસ નોબલ મરસીનો એક પત્ર લઇ એક સિપાઇ આવ્યો ત્યારે તેના મનમાં કાંઇક આશ્ચર્ય ઉપજ્યું, જે સ્વાભાવિકજ હતું. "બાગમાં સેહેજ મળેલી એક અંજાણુ અબળા આટલી બધી માયાકુળ ?" આ વાક્ય–સ્મર્ણ સ્વભાવિકજ હૃદયમાં ઉદ્ભવ્યું; તરતજ તે અંતરમાં શમ્યું અને સિપાઈ સાથે, તે બાનુએ તે પત્રમાં પોતાને ત્યાં એ ઉભય પરદેશી મનુષ્ય બાંધવોને આમંત્રણ કર્યું હતું તેને અનુસરીને હેમાનાથ તથા હરિરત્નરાય, તેને ઘરે ગયા. મીસ નોબલ મરસી અને અન્ય કુટુમ્બીજનોએ આ બંને દેશીઓની સારી આગતાસ્વાગતા કરી. તેણે –મીસ નોબલ મરસીએ આ ઉભય દેશીઓના લાગણી કોઇ પ્રકારે દુ:ખાય નહીં, તે વિષે પૂરતી સંભાળ રાખી હતી અને તેથી આતિથ્ય માટેની સઘળી વ્યવસ્થામાં હિંદી ચીજોને અગ્રસ્થાન આપ્યું હતું. બહુધા લીલો તથા સુકો મેવો, મીઠાઈ વગેરેજ ગોઠવ્યું હતું. આથી આ ઉભય મિત્રો ઘણા સંતુષ્ટ થયા હતા. તેઓ સાથે માત્ર આ રીતે આતિથ્ય સત્કાર કરી સંબંધ વધારીને તે બાનુએ પોતાનું કર્ત્તવ્ય પરિપૂર્ણ થયલું માન્યું નહીં, પણ તેણે પોતાના દેશની જુદાજુદા સંસ્થાઓ વિષે અને પોતાના દેશના સામાજીક ગુહ્યાર્થો વિષે સમજ આપી, એટલુંજ નહીં પણ પૂર્વ અને પશ્ચિમનું સામ્યત્વ નજદીકના ભવિષ્યમાં થાય તે અર્થે પરસ્પર શું ગ્રાહ્ય છે, એ વિષે કાંઇક વિચાર પણ કર્યો. ઉભય મિત્રો આ પછી ઘરે આવ્યા અને આ રિતે આ એક પાશ્ચિમાત્ય કુટુમ્બ સાથે તેમની ગાઢ મિત્રતા થઈ. ઉભય મિત્રો ઘરે આવ્યા બાદ હેમાનાથે હેમકળા ઉપર એક પત્ર લખી કાઢયો.

તમારો મલમ એક જાદુઇ ચીજ છે અને તેણે જલદીથી શઈ તેમજ

પત્ર માત્ર પ્રેમનાં ટાહેલા, વાહાલાં અને વાહાલીનાં વિશેષણોથી કે વિયોગવિરહનાં રોદણાંથી ભરેલો નહોતો પણ પોતાને રસ્તામાં શું થયું, રસ્તામાં પોતાના મનોરાજ્યમાં કેવા કેવા વિચારો ઉદ્ભવતા હતા, આ વિરસ ભૂમિ ઉપર ઉતરવા બાદ પોતાને શું અનુભવ થયો અને અત્રેની કઇ કઇ સંસ્થાઓ કેવું કેવું કામ કરે છે, પ્રજાનું સામાજીક જીવન કેટલું ઉન્નત છે વગેરે અનેક બાબતોથી તે પત્ર ભરેલો હતો. વાંચકોને એ પત્ર શિક્ષાપ્રદ હોવાથી નીચે આપવો અઘટિત્ નહીં ગણાય. પત્ર નીચે મુજબ હતો:—

" પ્રિયે સૌ. હેમકળા જોગ,

" ઘટિત આશિર્વચન સહિત. આ પત્ર તમારા હાથમાં આવતાં
" પ્રથમ તમે આશ્ચર્ય પામશો કેમકે તમારા ઉપર પત્ર પાઠવવાનો
" સર્વથી પ્રથમ પંક્તીનો હક્ક મારો હોવા છતાં, અદ્યપિ મને તમારા
" હસ્તમાં એક પત્ર પાઠવવાનો તો શું પણ મારા હસ્તાક્ષરનું અવ-
" લોકન કરાવવાનો પણ કાંઇ પ્રસંગ પ્રાપ્ત થયો નહોતો. આજે તે
" પ્રથમ પ્રસંગ છે, અને કદાચ વિસ્મય પામો તો તે સ્વભાવિકજ
" છે. મારા આ પત્રમાં હું તમારા તરફ પ્રેમનાં ટાહેલાં ચિતરી મો-
" કલવા નથી ચાહતો. જેઓનાં હૃદયના આંતર્પટમાં વિશુદ્ધ અને
" અસ્ખલિત્ પ્રેમ નિવાસ કરી નથી રહ્યો હોતો તેઓનેજ પત્રોમાં
" પણું તેવાં ઉલ્લેખો કરવાનો પ્રસંગ આવે છે. તમે આ વાત સારી
" રીતે સમજોછો, એટલે વિશેષ તે બાબત ચર્ચવાની જરૂર નથી.
" જો તમારાં કે મારા હૃદયમાં પરસ્પર માટે અસ્ખલિત પ્રેમ હોય
" તો પત્રમાં આલેખન કરવાથી વિશુદ્ધ અને અસ્ખલિત્ પ્રેમ છે
" એમ માની કેમ શકાય ! આવાંજ કારણોથી પત્રમાં આલેખન ક-
" રવાનું મને ઠીક નથી જણાતું અને હું કરતો નથી."

" આ દેશમાં હું આવીશ કે, હરિરત્નરાય મને અહીં તેમની
" સાથે આવવાને સમજાવવાને સામર્થવાન થશે, એમ તમે કદાપિ
" કલ્પના કરી નહીં હોય ! બેશક, એક વેળાના આ હેમાનાથ માટે
" તમે તો શું પણ કોઇ પણ તેવી કલ્પના કરી શકે નહીં. લગ્નના
" સમય સુધી તમે મારી સાથે લગ્ન કરવા નહોતાં ચાહતાં, એ વાતથી
" મને શ્રીયુત્ હરિરત્નભાઇએ માહિતગાર કર્યો છે. તમે તેથી કશોય

---

* ઉધરસ મટાડી છે.

" ગુસ્સો ના ધરતાં. હરિરત્નભાઇએ મને તે વાત કહેવાથી મને તમારા
" ઉપર કશુંય ખોટું નથી લાગ્યું, પણ દ્વિતીય પક્ષે તમારાં સંબંધમાં
" મારી માનની લાગણી થઈ છે. વળી હરિરત્નભાઇના પત્રથી તમારો
" તે વિચાર પરિવર્ત્તન પામ્યો અને મારી સાથેનાં લગ્ન સંબંધ માટે
" ઉત્સાહપૂર્ણ બન્યાં, એ જાણ્યું ત્યારે તો વિશેષ માનની લાગણી
" પેદા થઈ. મને લાગે છે કે, જ્યારે મેં આ દેશમાં આવવાનો વિચાર
" કર્યો અને તે તમારી સન્મુખ દર્શાવ્યો, ત્યારે પ્રથમ ઘડીએ તો
" તમે આશ્ચર્ય પામ્યાં હશો, પણ આ ઉપરથી એ બીના તમે સારી
" રીતે સમજી શકશો કે આપણા દેશના લોકોમાં ઘણીખરી વેળા
" પ્રથમ–પ્રયાસ આદરવા અને તેના પરિણામ માટે રાહ જોવાની તક
" હાથ ધરવા વિનાજ નિરાશ થવાનો સ્વભાવ છે. સાંસારિક જીવનમાં તો
" આ સ્થિતિ ઘણી ખેદજન્ય છે. આપણુંજ જીવન જોઇએ તો એ
" બીના સ્પષ્ટ સમજાય છે કે, તમે મારે માટે મારાં આગલાં વર્ત્તનથી,
" મારી સાથેનો તમારો જીવન સંબંધ કેવો નિરાશાપૂર્ણ નીવડશે, તે
" વિષે ઘણી ચિન્તા કરતાં હતાં અને વળી તમે તે વિષે ઘણો
" ઉહાપોહ કર્યો હતો, પણ હવે તમે જોઇ શક્યાં હશો, કે એવી
" નિરાશા વેળાએ ઉહાપોહ કરવા કરતાં શાંતિ ધારી ધીરજથી પ્રયાસ
" કરવાથી પરિણામ વધારે સારૂં આવે છે. સમાજ ઉપર પણ તેની
" ઘણી સારી અસર થાય છે. જુઓને તમારા સંસ્કૃત પ્રયાસે મારા
" ઉપર કેવી અસર કરી? તમો મારા તરફના અસ્ખલિત વિશુદ્ધ
" પ્રેમનીજ આશા રાખી ના હોય તો મારા તરફના આવા પત્રની
" આશા તો તમે ક્યાંથી રાખી શકો? પરંતુ આજે તમારા હસ્તમાં
" મારો એક તેવો પત્ર આવે છે. કદાચ તમે એમ માનશો કે આ
" પત્ર હું લખી શકુંજ નહીં; નાટકચેટકના રંગરાગમાં રમનારો અને
" મહદ્ આર્યજીવનથી સંસર્ગશુન્ય હું આટલી મુદતમાં આ પંક્તીએ
" આવી શકુંજ નહીં! આ પત્ર હરિરત્નભાઇએ લખાવ્યો હશે, એવી
" પણ કલ્પના કદાચ તમે કરો તો તે સ્વાભાવિકજ છે, પણ હું
" તમને ખાત્રી આપુંછું કે, આ પત્ર મેં સ્વયમજ લખેલો છે. આ
" બધું તમારા સુસંસ્કૃત સહવાસ અને પ્રેમમિશ્રિત શિક્ષણનુંજ પરિ-
" ણામ છે, એમ હું આભારની લાગણી સાથે ગૌરવ ધારીને જણાવું

" છું. તમે એમ નહીં માનતાં કે, આ તમારાં ખાલી વખાણ કરૂંછું,
" પણ જે સત્યજ છે તે હું કહુંછું. આપણા લોકોમાં એક એવો
" હલકો વિચાર સામાન્ય રિતે ચાલે છે કે, સ્ત્રીઓની કોઈ મહત્તા
" હોય તો તે દર્શાવવી નહીં, પણ મને તે વિચાર પ્રશસ્ય
" જણાતો નથી."

" સહચારિણી દેવી ! પ્રથમ પત્રને લીધે આટલો પ્રસ્તાવ કરવા
" બાદ હવે હું પત્રના તત્વ ઉપર આવીશ. મુંબઇનો કિનારો છોડયો
" ત્યારે તમારાં હૃદયમાં અને મારા હૃદયમાં કેવા ભાવો પ્રકટ્યા હશે
" તે વિષે જો કે આપણ ઉભયમાંથી કોઈ ઉલ્લેખ કરવાની તક પ્રાપ્ત
" કરી શકયાં નહોતાં, તેમ છતાંય પ્રેમનું એ એક મહદ્ તત્વ છે કે
" જેવા વિચારો તમારા હૃદયમાં પ્રાદુર્ભાવ પામ્યા હશે, તેવાજ વિચારો
" મારા હૃદયમાં પ્રાદુર્ભાવ પામેલા હોય એ સંભવિત છે ! બેશક, તે
" વખતે તમારા હૃદયમાં એક એવો ખ્યાલ પણ આવ્યો હશે કે હવે
" ક્યારે મળીશું; અને તેવો વિચાર મારા હૃદયમાં પણ પ્રદિપ્ત થયો
" હતો, પણ હવે તો મને એ ખ્યાલ કાંઈ ભૂલભર્યો હોય એમ જણાય
" છે. તમારાથી છૂટો પડયો તે પછી જાગ્રતાવસ્થાની એક ક્ષણ પણ
" એવી પસાર નથી થઈ કે હું તમને વિસર્યો હોઉં ! તમે કદાચ
" એમ માનતા હશો કે, જ્યારે હું અન્ય કામમાં રોકાયલો હોઉં ત્યારે
" તમને કેવી રીતે સ્મરણમાં લેતો હોઇશ ? પણ આ બિના ભૂલભરી
" છે. મારાં આંતહૃદયમાં હમેશા-હરક્ષણે તમારી પ્રતિકૃતિ સ્થિતિમાન
" હતી, અને હું માનું છું કે તમારા હૃદયમાં મારી પ્રતિકૃતિ પણ
" તેવીજ રીતે સ્થિતિમાન હશે ?

" હું અને હરિરત્નભાઈ સ્ટીમ લૉંચમાં બેઠા અને સ્ટીમર ઉપર
" પણ ચઢી ગયા, તે પછી અમને જુદા જુદા દેશસ્થ લોકોનો સહ
" વાસ પ્રાપ્ત થયો. જુદા જુદા દેશસ્થ લોકોનો સહવાસ થયો, અને
" જે પણ વિચારો પરસ્પર પ્રાપ્ત થયા તેમાં તમને જાણવા જેવું કશુંય
" નથી. માત્ર હરિરત્નભાઇ સાથે વાર્તાલાપ થયો અને મારૂં હૃદય
" કાંઇક વિશેષ સંસ્કૃત થયું. તે માંહેથી માત્ર તમને જણાવવા જેવું
" હતું, તેટલું જણાવ્યું છે ! સ્વભાવિક રીતે પ્રવાસ દરમ્યાન મને જે
" વિચાર પ્રાપ્ત થયો તે એ કે, પ્રવાસ કરવાથી, જે શારીરિક પ્રફુલ્લતા

" પ્રાપ્ત થાય છે તે વિષે આપણા લોકો સર્વથા અજ્ઞાન છે. ઘણા લોકો,
" જેના સંબંધમાં આપણે કદાપિ આશા રાખી નહીં શકીએ તેવી
" રીતે, પ્રવાસથી તંદરોસ્ત બને છે ! પરદેશગમનના-પ્રવાસના બીજા
" લાભો જો કે અતિ ઘણા મહત્વના છે, પણ શું આ પણ એક
" અગત્યને ઉદ્દેશ તરીકે સ્વિકારવો નહીં જોઇએ ?

" આ રીતે હમે પ્રવાસ કરતાં કરતાં માર્શેલ્સ આવ્યા કે જ્યાં-
" થીજ તમને આ પત્ર લખું છું. અહીંની હોસ્ટેલ વ્યવસ્થા અને
" આપણાં દેશમાંની હોસ્ટેલો કે લોજમાંની વ્યવસ્થાની સરખામણી
" કેમ કરવી, અને તે મને આ દેશમાં તેમની સગવડ વગેરેને ખ્યાલ
" કેમ આપવો તેમને સમજાતું નથી. બેશક મારા અહીંના ટુંકા-
" અતિ ટુંકા અનુભવને આધારે હું કહી શકું કે, કેટલીક બાબતોમાં
" તો હું જે સગવડ કે સુખ ઘરમાં નહીં ધરાવતો તે અહીંઆ વિના
" મુશ્કેલીએ મેળવી શકું છું.

" મને અહીંના લોકોનું ઉદ્યોગીક જીવન અજાયબી પમાડનારૂં
" નીવડયું છે ! મનેજ નહીં પણ હરિરત્નભાઇ અહીંના વિષે ઠીક ઠીક
" માહિતી ધરાવતા હોવાં છતાં તેઓ પણ અજાયબી પામ્યા છે. અહીંને
" દરેક કામદાર આપણા દેશના કામદારો કરતાં વધારે વખત કામ
" નથી કરતો, છતાંય તે ઘણી સારી રોજી પ્રાપ્ત કરે છે; એમ છતાંય
" અહીંનો માલ આપણા દેશમાં સસ્તા ભાવથી અહીંના વેપારીએ
" વેચાવી શકે છે, એ આશ્ચર્ય પામવા જેવું અને તેમાં સમાયલા ભેદ
" વિષે વિચાર કરવા જેવું છે. મને લાગે છે કે અહીંના ઉદ્યોગી જીવન
" વિષે હું પત્રમાં તમને કાંઇ પૂરતો ખ્યાલ આપી નહીં શકું, અને
" વળી એ વિષયને વધારે ઉલ્લેખ તમારા પત્રમાં તો અસ્થાને છે.

" અહીંનું સામાજીક જીવન પણ ઘણું રમ્ય છે. ખરેજ સ્વર્ગને
" માટે જીવનપર્યંત અનેક પ્રયાસ કરનાર હિંદુએ અત્રે આવે તો
" પેહેલી તકે તો તેઓ સ્વર્ગમાં આવી પહોંચ્યા એમ માન્યા વિના
" ના રહે. આપણે ત્યાંનું જીવન કયાં અને અહીંનું જીવન કયાં ? તમને
" આ પત્રમાંથી તેની જરા તરા સમજ પડશે.

" એક વેળાએ, અમે બેઉ-હું અને હરિરત્નભાઇ એક આરામ
" સ્થળે બાંકડા ઉપર બેઠા હતા, ત્યાં આવીને એક આ દેશસ્થ યુવતિ

" બેઠી. આટલું કહેવામાં આવે તોજ એકાદ બે ક્ષણમાં આપણા
" દેશના લોકો કેવા કલ્પનાના ઘોડા દોડાવે એ વિષે તમને કાંઈ સમ-
" જાવવું પડે તેમ નથી, પણ આ દેશમાં તેવું નથી. મને પોતાને તે
" બાઇ અમારા બાંકડા ઉપર આવીને બેસતાં ક્ષોભ થયો અને અમે
" બેઉ જણ ઉઠી જવાનો વિચાર કરતા હતા, એટલામાં તે બાઇએજ
" અમારી સાથે ઓળખ કરી, અને અમારો ક્ષોભ દૂર કર્યો. આપણા
" દેશમાં એક પરાઇ સ્ત્રી પોતે કદાચ બોલાવે-જો કે તે હાલ માટે
" તો આકાશ પુષ્પવત્ કલ્પના છે-તોપણ તેને ટેકો આપી તેની સાથે
" વાર્તાલાપ કરી શકાય નહીં, પણ અહીં એવું કશુંય નથી, આનું
" કારણ એ છે કે, આપણા દેશમાં સ્ત્રીઓ માટે ઘણો હલકો વિચાર
" ધરાવવામાં આવે છે કે જે પછી એવો ખ્યાલ થવાનું સ્વાભાવિકજ
" બને. આ દેશમાં તેવું કશુંય નથી. આ દેશમાં સ્ત્રીઓ અજાણ્યામાં
" સ્ત્રી યા તો પુરૂષ સાથે છૂટથી વાતચિત કરી શકે છે. હું આજે જે
" યુવતિ વિષે ઉલ્લેખ કરૂં છું, તેનું નામ **મીસ નોબલ મરસી**
" છે. તે એક ખાનદાન કુટુમ્બની યુવતિ છે. તેણે અમારી સાથે પ્રથમ
" ઓળખાણ કાઢતાં અમે હીંદીઓ છીએ, એટલું જાણી લઇ પછી
" હિંદના અને હિંદુસમાજનાં સાંસારિક જીવન વિષે કેટલાક સવાલો
" ચર્ચ્યા. તે બાદ આપણાં હિંદુસમાજ અને હિંદીસમાજ વિષે કેટલાક
" પ્રશ્નો કર્યા. મને તો આ સઘળું સર્વથા નવું હતું, એટલે હું તો
" માત્ર મુંગે મોઢે સાંભળતો હતો અને હરિરત્નભાઇ તેની સાથે
" વાર્તાલાપ કરતા હતા. આ વાતચિત દરમ્યાન તેણે આ દેશસ્થ લોકો
" તરફથી હિંદને કેવી રીતે પ્રકટમાં ઉતારી પાડવામાં આવે છે અને
" આંતર્ગત તે હિંદનીજ પ્રજા પાસેથી કેવી રીતે શિક્ષણ પ્રાપ્ત કરે છે
" તે જાણ્યું. કેટલીક વેળાએ અહીંની પ્રજાને આપણા દેશ માટે દાઝ
" ધરાવતી પ્રજા માનવામાં આવે છે, પણ તે બહુધા કેવું પોકળ હોય
" છે, તે તે બાનુએ ખોલી નાંખેલા પડદાથી સમજાયું. આવું ખુલ્લું
" સ્પષ્ટિકરણ કોઇ કરી શકે નહીં. આવો કેટલોક વાર્તાલાપ થયા બાદ
" અમે સઘળાં છૂટાં પડયાં, પણ આ વખતથી અમારી અને તેની વચ્ચે
" મૈત્રિભાવ બંધાયો, એમ અમે નહોતું ધાર્યું. આપણા દેશમાં સ્ત્રીઓની
" અને પુરૂષોની પરસ્પર મૈત્રિનાં હજુ સ્વપ્ન છે ! ! કારણ એજ છે

"કે, આપણા દેશના લોકોના રિવાજ અને રિવાજને વળગી રહેવાના
"વિચારો અત્યંત અધમ છે ! જ્યાં સુધી આવા વિચારોને તરછોડી
"કાઢવાની હિંમત આપણે નહીં કરીએ અને કદાચ શરૂઆતમાં અ-
"નિષ્ટ પરિણામ આવે તોપણ માલૂમ પડતી ભૂલો સુધારતા જઇ
"મૂળ નિશાન સુધી પહોંચવાને મક્કમ નહીં થઇએ, ત્યાંસુધી આપણા
"દેશનું સમાજીક જીવન ઉન્નત થાય એમ હવે મને નથી લાગતું.

"તે બાઇએ બીજે દિવસે એક ચિઠ્ઠી લખી પોતાના સિપાઇને
"મોકલ્યો. આ ચિઠ્ઠીદ્વારા તે યુવતિએ અમને પોતાને ત્યાં આમંત્રણ
"કર્યું હતું. તેમનું આતિથ્ય કોઈ પણ રીતે આપણને સંકોચ પામવાને
"કારણ બને તેવું નહોતું. આપણા દેશમાં લોકો પોતાના વતન-ભાઇ
"મળતાં જે ભાવ નથી જણાતો તે ભાવ અત્રેના લોકોમાં સારી રીતે
"જોવામાં આવે છે. આ ભાવ સાર્વભૌમ મનુષ્ય સમભાવ બતાવે છે
"અને આપણા દેશમાંના વર્તનથી આપણા દેશના લોકોમાં વતન માટેનો
"ભાવ-ચાહ કેવી અધમ પંકતીનો છે, તે સમજવાને બને છે. તેણે
"પોતાનાં કુટુમ્બની સાથે અમારી ઓળખાણ કરાવી અને તે બાદ
"ઇંગ્લૅન્ડની કેટલીક સંસ્થાઓ વિષે માહીતી આપી. તેમાંની
"કેટલીકના વિષે તો તે શું કામ બજાવે છે, એ વિષે આપણા દેશમાં
"લોકો બિલકુલ નહી જાણતા હોય તો આવી સંસ્થાઓનું અનુકરણ
"તો કયાંથીજ થયું હોય ! તેનું અનુકરણ આપણા દેશમાં-આપણી
"પ્રજા માટે કેવા પ્રકારે કરવાને અગત્યનું અને ઉપયોગી
"થઇ પડે તે સમજાય છે. આપણા સામાજીક જીવનમાં
"આવાં ઘણાં પ્રગટિકરણની જરૂર છે. સ્ત્રીઓને લગતાં અત્રે
"ઘણાં મંડળો છે અને ઘણી સંસ્થાઓ છે; બેશક તેમાં ઘણી એવી
"છે કે જેની તો આપણા દેશમાં હસ્તી ના હોય તો વધારે સારૂ
"એમ મને લાગે છે. જેનું એક દ્રષ્ટાંત ગુપ્તપણે પ્રાપ્ત થતાં સંતાનો
"નાંખવાની પેટી અથવા સંતાનોનું રક્ષણ કરનારી હૉસ્પીટૅલો. આ-
"પણા દેશમાં અને આ દેશમાં એક ખાસ તફાવત છે અને તે એ કે,
"અહીં ઘણી મોટી ઉમ્મર સુધી અને કેટલીક વેળા તો જન્મપર્યંત
"કૌમાર્યજીવન ગાળવામાં આવે છે. આવી સ્થિતિમાં ખરેખર કૌ-
"માર્યજીવન ના હોય તો પ્રાપ્ત થતાં સંતાનો માટે આવી પેટીની કે
"સંસ્થાની જરૂર સ્વિકારવી ના પડે. આપણા દેશમાં તો એવી ઉમ્મરે

તરત મટાડે છે.

" સ્ત્રીઓ લગ્ન કરી ગ્રહસંસારમાં પ્રવેશે છે કે જેમાંજ કાંઇક વધારો
" થવાની જરૂર છે, તો પછી આવી પેટીની કે સંસ્થાની જરૂર કેમ
" સ્વિકારી શકાય ? માત્ર વિધવાઓ માટે કાંઇક આવી યોજનાની
" જરૂર છે, પણ આવી સ્થિતિ ધરાવતી વિધવાને આશ્રય આપવા
" કરતાં તેઓને પ્રથમથીજ પરણાવી નાંખવાનું પગલું ભરવું–તે માટે
" પ્રયાસ કરવો એમને ઉચિત્ જણાય છે.

" વળી અહીંની સ્ત્રીઓ દરેક બાબતમાં પુરૂષોની બરાબર હોવા-
" નો ખ્યાલ ધરાવે છે. હીંદની સ્ત્રીઓ એવો ખ્યાલ ધરાવતી થાય
" અને વખતના પસાર થવા સાથે સ્ત્રીઓનું ઘર કામ પુરૂષોએ માથે
" ઉપાડવું પડે તેવી સ્થિતિ ના આવે એ ઇચ્છવાજોગ છે. સ્ત્રીઓ
" ને લગતું કેટલુંક વાંચન આ સાથે મોકલું છું તે તમારા પિતા
" પાસેથી સમજશો.

" વિશેષ આવતા પત્રમાં. હાલ તો આટલુંજ બસ છે. તમારાં
" માતા પિતાને મારા નમ્ર પ્રણામ–વંદન વંચાવશો. સખિ મંડળમાં
" મારા આશિર્વચન. તમારાં સખિમંડળથી પરીચિત થવા પહેલાંજ
" મારે અહીં આવવાનું થયું એ જરા ખેદજન્ય છે. અત્ર લાયક
" કાંઇક જણાવવાનું હોય તો સુખેથી જણાવશો. કુશળપત્ર લખશો.

" તમારો સહચરી

" હેમાનાથ. "

આ પત્ર નીચે હરિરત્નરાયે પણ ટુંકું ને ટચ લખ્યું હતું. પેહેલાના અને હાલના હેમાનાથ વચ્ચેના થઇ ગયેલા તફાવત વિષે તેમાં જરા ચેષ્ટા કરી હતી.

પત્રના પાકીટ ઉપર સરનામું નીચે મુજબ હતું:—

Mrs. Hemanath
C/o. " Swatantra Mata " Office;
Bombay (India.)

પ્રકરણ ૨૫ મું.

હેમાનાથનું મરણ.

મ્હારાથી મુજ આ દ્વિધા નહિ બને હૈયું, પ્રિયે મૃત્યુથી,
મ્હારી તું નવલેશ ઓછી બનશે, એ કાલ રાત્રિ થકી;
તું જાતાં નહીં હું રહું, જીવિતનો લોભી નથી હું નકી,
તું સ્વર્ગે કર વાસ, કે સમજજે આ દાસ ઉભો તહીં.

કલાપી.

કવીવર કલાપિની આ પંક્તીઓ હેમકળા જાતિવાચક શબ્દ પરિવર્ત્તન કરી બોલે તો તે તેની સ્થિતિ માટે યથાર્થ છે.

* * * * *

હેમકળાના ઉપરનો હેમાનાથનો પત્ર આજજ ટપાલમાં મળ્યો છે, હેમકળાએ એ પત્ર કેટલા પ્રેમ, આશા અને ઉલ્હાસથી વાંચ્યો હશે તે આલેખીને સમજાવી શકાય નહીં ? હેમકળાએ એ પત્ર વારંવાર વાંચ્યો, પોતાના માતા પિતાને વંચાવ્યો, માતા પિતાએ પોતાની સામે લગ્ન પ્રસંગે કરવામાં આવેલી છોકરમત માટે મેહેણું માર્યું. હેમકળા નીચું જોઇ શરમાઇ ગઇ. હેમકળા પોતે પોતાના તે વર્ત્તનમાં પોતે કાંઇક અનુચિત વર્ત્તન ચલાવેલું માનતી હતી, એટલે શરમાય તેમાં કાંઇ નવાઇ નથી !

કોણ જાણે છે કે, હેમકળા કેટલા વખત માટે હરખાય છે, ફુલાય છે, પ્રફુલ્ય થાય છે. કોણ જાણે છે કે આશાની વાદળીઓ ઘડીકમાં કેમ વીખેરાઈ જશે. ચઢેલી આશાસૂચક વાદળીઓ તુટી તૃપ્ત કરવાને બદલ સર્વથા અદ્રષ્ય થઇ જશે. ખરૂં છે કે,

શ્રાવણની જળ ભરી વાદળીઓ વીખરાતાં શી વાર ?

શ્રીયુત્ ડાહ્યાભાઇ ઝવેરીની આ પંકતી આ વખતે પ્રસંગોપાત અને દ્રષ્ટાંતાત્મક થઇ પડે છે. પત્ર વાંચી હજુ તો તેને ટેબલ ઉપર

પણ નહોતો મુકયો, અને વિનયચંદ્ર આ પત્ર સામાન્ય પ્રજાને પણ હિતાવહ હોવાનું ધારી ચોક્કસ ભાગ સિવાય સદંતર પત્રમાં પ્રગટ કરવાનો વિચાર કરતા હતા, તેટલામાં રોઈટરની એજંસી તરફથી એક તારનો સંદેશો આવ્યો. તાર જોતાંજ સ્વભાવિકજ સર્વ ગભરાયા. હિંદની પ્રજાને અને કુટુમ્બીક વ્યવહારમાં તો તારનું સ્વપ્નું પણ પ્રજાને નથી આવતું. તાર હરિરત્નરાય તરફનો હતો અને તેમાં નીચે મુજબ શબ્દો હતા.

Hemanath died by weather effect.

વિનયચંદ્રે આ તાર વાંચ્યો, અને વાંચક ! તે વેળાએ વિનયચંદ્રના હૃદયમાં શું અસર થઇ હશે. વિનયચંદ્રની જગાએ બીજું કોઈ હોત તો કદાચ દિવાનું પણ બની જાય. અનેક તેવા બનાવો બન્યા છે, બને છે અને બને. પણ વિનયચંદ્ર કેળવાયલા ગ્રહસ્થ હતા. તેમણે આ સમાચાર વાંચી થોડીક ક્ષણ તો ભારે ગમગીનીમાં પસાર કરી, પણ સમાચાર જલ્દીથી કહેવા જેવા હતા. કૃષ્ણાને પાસે બોલાવી કેટલીક ધીરજ આપી, હેમકળા માટે પુરતી કાળજી રાખવા સુચવી સમાચાર જણાવ્યા. એક હિંદુ કુટુમ્બમાં એકનો એક પુત્ર મરી જવા કરતાં પણ એક બાળપુત્રી વિધવા થવાના સમાચાર વધારે કાળજાફાટ થઇ પડે છે. એ સ્વભાવિકજ છે. હિંદુ સંસારની બુરી સ્થિતિનો ખ્યાલ જે કોઇ પ્રસંગે નથી આવતો, તે આવે પ્રસંગે આવી જાય છે. હેમકળાને પણ સમાચાર જણાવવામાં આવ્યા. હેમકળા બીજી બાળાઓ કે યુવતિઓ જેવી નહોતી. તેણે સમાચાર સાંભળી 'પ્રારબ્ધ' એટલોજ માત્ર શબ્દોચ્ચાર કર્યો, અને પોતે મક્કમ રહી પોતાના માતાપિતા કાંઇ નાહિમ્મત ના બને તે વિષે સચેત રહી, પણ હેમકળા શું કરી શકે ? તેનું કાળજું ઘણુંએ કરવા છતાં કાંઈ હાથમાં રહ્યું નહીં, થોડીક મીનીટો પસાર થઇ તેટલામાં તો તેની આંખોમાંથી આંસુઓ ડળકડળક દળવાં માંડયા હેમકળાની આંખમાંથી આંસુ દળવા માંડયા પછી તેનાં માબાપની સ્થિતિ કેવી કફોડી થઇ પડી હશે, તેનો ખ્યાલ વાંચકો કરી શકશે. નિર્દોષ હેમકળાને ઘણી ધીરજ આપવામાં આવી, પણ હેમકળા કોણ મરી ગયું, તેની સાથે પોતાનો શું સંબંધ હતો વગેરે બાબતોથી અનભિજ્ઞ નહોતી કે નહીં સમજે. તેણે પોતાનાં જે પણ વડીલો

ધીરજ આપવા આવતાં તેમને પોતાની પાસેથી ખસી જવાને કહેતી અને પરમાત્માએ જે કાંઇ કર્યું તે યોગ્યજ કર્યું હશે, કાંઇક કર્મનું ફળજ હશે, પોતે જેની સાથે જીવન જોડતાં અનેક ટંટા–કજીઆ કરે તેની સાથે સુખે જીવન કેમ ભોગવાય! પોતે બીલકુલ દુઃખ માનતી નથી વગેરે અનેક રીતે તે પાસે આવનારાઓને સમજાવતી હતી. એક બાજુ હેમકળાને સગાંવહાલાં અને સખીમંડળ ધીરજ આપતું, આશ્વાસન આપતું હતું, બીજી બાજુએ લોકોનો સ્ત્રી–પુરૂષોનો રડણુ પાટલો ચાલતો હતો. હેમકળાએ પોતાની એક સખી પાસે પોતાના પિતાને કહેવડાવ્યું, 'થવાનું થયું,' હવે તમે રડો નહીં; પરમાત્માએ માથે નાંખ્યું સહેવું એ ફરજ છે અને હું સુખેથી સહીશ; તમે રડવું બંધ કરો, નહીં તો એમનો આત્મા દુઃખી થશે." પોતાની એક નિર્દોષ બાળ પુત્રી, વિધવા થયલી પુત્રીનાં આ વચન સાંભળી કાળજું ના ફાટી જાય એવો કોઈ માનુષિ હૃદયવાળો મનુષ્ય છે કે? અમે નથી જોયો. વિધવા થવું એટલે શું અને તે પછી પોતાની એ પુત્રી–યુવતિ બાળાને જે સંકટો સહેવાં પડશે તે કયા પ્રકારનાં છે, એ જેઓ જાણતા હોય તેઓ માટે એક મરણ વખતે ભલે કશો પણ ખ્યાલ ના આવે પણ એક યુવતિ સ્ત્રી વિધવા થતી હોય તે વેળાએ તેના ચેહેરા ઉપર એક વાર શોકની છાયા છાયા વિના નહીં રહે.

કેટલોક વખત પસાર થયા બાદ–રિવાજ ક્રિયા પૂરી થઇ. સામાન્ય રીતે જે સ્ત્રી વિધવા થતી હોય તેણે રિવાજાનુસાર કોઇ સ્નાન કરવાના સ્થળ ઉપર પોતાનો સૌભાગ્ય ચુડો નન્દી નાંખવો–ફોડી નાંખવો જોઇએ અને ત્યાં તેના માથાપરનો કેશકલાપ પણ હજામ પાસે ઉતરાવી નાંખવો જોઇએ. હેમકળાને આ રીતે નહીં કરાવવાને અને ચુડો ઉતારી બંગડી તથા વાળ વગેરે કાયમ રાખવા જણાવવામાં આવ્યું. હેમકળાએ તે નહીં સ્વિકાર્યું. હેમકળાએ સ્પષ્ટ જણાવ્યું કે, "આર્યસંસારમાં તે રાખ-
"વાનો હવે મને અધિકાર નથી. કેશકલાપ ભલે હું નહીં કઢાવું પણ તે
"મને ઉપયુક્ત તો નથી. પરન્તુ હું ચુડો કે બંગડી તો રાખી શકું નહીં.
"હું તે કોના નામે રાખી શકુ. એ જો દેહીક સૌંદર્ય વધારવાને માટે
"હોય તો તે મને હવે જરૂરનું નથી અને જો તે સૌભાગ્ય ચિન્હ
"હોય તો હવે મારૂં સૌભાગ્ય ચિન્હ હસ્તીમાં નથી કે આવવાનું નથી.

"મારાથી હવે તે નહીં રખાશે. મારો પતિ-રક્ષક આ સંસારમાંથી "ગયો છે અને મારે હવે માત્ર એકાંતવાસજ કરવાનો છે. આ "દેશની સ્ત્રીઓ માટે અને સમસ્ત સ્ત્રીસમાજ માટે આ ગૌરવપૂર્ણ "રૂઢી છે અને મારે પણ તેનો સ્વિકાર કરવો જોઇએ." હેમકળાને આ સંબંધમાં સખી સહોદર, સઘળાંએ સમજાવ્યું પણ કોઇનું કહ્યું હેમકળાએ સ્વિકાર્યું નહીં. વિનયચંદ્ર પોતે પણ હેમકળાને સમજાવવા પ્રયત્ન કર્યો પણ તે ફોકટ ગયો. હેમકળાએ પોતાના પિતાને નમ્રતા-સહ જવાબ આપ્યો કે, "બાપુ ! દૈવને ગમ્યું, તેમાં તમે આમ "હવે કેટલો અટકાવ નાંખશો ? તમે મારી કાંઈ ચિંતા ના કરશો; "હું કુસુમનું દાસી માફક પાલન કરીશ. હું તેજ મારૂં કર્તવ્ય "બનાવીશ." આમ અનેક ધીરજપૂર્ણ ઉત્તરથી તેણે સઘળાને શાંત પાડયાં સઘળાં તળાવપર ગયાં અને હેમકળાએ પોતાનો ચુડો, બંગડી ફોડી નાંખ્યું અને બીજું બધું પોતાની માતાને સ્વાધિન કર્યું. કહો જોઇએ કે આ રિતે હેમકળાના અલંકારો પોતાના હાથમાં લેતાં તેની માતા કૃષ્ણાને કેટલું દુઃખ ઉપજયું હશે ! કૃષ્ણાના હાથને અલં-કારનો સ્પર્શ થતાંજ તે મૂર્છાવશ થઈ, પડી ગઈ. તેને પાણી છાંટી સાવચેત કરવામાં આવી અને અનેક પ્રકારે ધીરજ આપી સમજાવ-વવામાં આવી. હેમકળાના પોતાને આપવામાં આવેલાં અલંકારો હેમકળાની સખી પ્રીતિદાને આપવામાં આવ્યા. હેમકળાની સઘળી સખીઓ આ વેળાએ પાસે હતી. પણ હેમકળાનું તેમની તરફ બિ-લકુલ ધ્યાન નહોતું. હેમકળાને હવે સખીઓ સાથે શું કામ હતું. સખી મંડળી સાથે શું આનંદ વિનોદ કરવાનો હતો. હવે તો તેને પોતાની એજ સહીપણીઓ દુઃખકારક સ્મર્ણ કરાવતી થઇ પડે તેમ હતી. આમ છતાં હેમકળા કોઇ કોઇ વાર પોતાની સખીઓ સામે જોઇ જતી. પોતે ખાસ જોતી નહીં પણ તેની નજર પડી જતી અને તેની સાથેજ તે ડુસકાં ભરવા લાગતી હતી. ક્રિયા પૂર્ણ થઈ, દુષ્ટ ક્રિયા કરાવનારાઓએ ત્યાંને ત્યાં પૈસા માગ્યા અને વળી વધતા ઓછા માટે પંચાત કરવાને પણ ઉણપ નહીં રાખી વિનયચંદ્ર બીજાના જેવા મૂર્ખ નહોતા કે આ વેળાએ એવા પૈસા આપવાની પંચાયત કરે. ક્રિયા કરાવનારે માગ્યા તેજ પૈસા તેમણે આપી દીધા. સઘળા મનુષ્યો નાહી

ધોઈ ઘરે આવ્યા. હેમકળા ઘરે આવી, એટલે એક પડોશીના ઘરેથી હેમકળાને અને બધાને જમવાને આમંત્રણ થયું. આવા પ્રસંગે કોને ખાવું ગમે. સામાન્ય કહેવત છે કે 'પેટને કાંઈ રજા પડે છે?' પણ પ્રિય વાંચક ! સારા યા માઠા પ્રસંગે હૃદયની એકાગ્રતા કોઇ અન્ય કાર્યમાં કે બાબતમાં થયલી હોય તો તે દિવસે ભૂખ લાગે તો પણ તેનું સ્મર્ણજ ના આવે. મરણ જેવા પ્રસંગે આમ બને તે સ્વભાવિકજ છે. આમ છતાં ઘણાંએક લોકો ઢોંગ કરે છે, એ વાત પણ સ્વિકારવી જોઇએ. હેમકળાનાં માતાપિતા અને અન્ય કુટુમ્બીક વડીલોથી તો આજે ખાસ કરીને ખાવા ઉપર અભાવ દેખાડવામાં આવવો જોઇએ. હેમકળાને ઘણી પટાવવામાં આવી, પણ તે બિચારી શું જમે, તેની ભૂખ આજ ઉડી ગઇ હતી. કોણ કહે કે પત્ર વાંચતી હતી તે હેમકળાજ આ હેમકળા હતી. થોડાક કલાકો માત્ર પસાર થયા છે પણ હેમકળાના ચેહેરામાં એવો તો ફેર થઈ ગયો છે કે હેમકળાના ગાલ સુકાઇ ગયા છે, કંઠ સોસાઈ ગયો છે, વાળ પેખાઈ ગયા છે, તેના ગાલ ઉપરથી આંસુની ધારા વહ્યા કરે છે અને તે કદિ કદિ સુકાઇ પણ જાય છે. ખરેખર હેમકળાને અત્યારે જોતાં તેને માટે હરકોઇને દયા આવે તેમ હતું. ભલે બનેલા બનાવ જાણતું હોય યા નહીં પણ હેમકળાને જોવાથી હરકોઈ ડચકારો ખાઇ દયા દાખવે તેમાં શક બિલ્કુલ નહીં. હેમકળાને જમવાને કહેવામાં આવ્યું પણ તે ફોકટ ગયું. હેમકળાએ જમવાની રૂચી નથી, એટલો જવાબ આપ્યો. હેમકળાએ પોતાનાં કપડાંલત્તાં બદલી નાંખ્યા. તેને ચાલુ વસ્ત્રો ધારણ કરવાનું ઘણું સમજાવાયું પણ કશાયની કશીજ અસર નહી; હેમકળાએ એક સાદું ગવન અને ચોળી અંગમાં પરિધાન કર્યા. ખચિત્ એક પવિત્ર વિધવાને છાજે અને પવિત્ર જીવનનો ખ્યાલ આવે એવાં તેનાં વસ્ત્ર હતાં. હેમકળાની આ સ્થિતિ જોઇને વિનયચંદ્રને સ્મર્ણ થયું કે,

મન ચાહ્ય કંઇ ને થાય કંઇ, હરિની માયા સમજાય નહીં,
સુખ ચાહી જમાઈ પસંદ કર્યો, દુર્દૈવ વિવાહની પેહેલ હરયો;
મુખ અમૃતપાત્ર તૃષાથી ધર્યું, ઢળ્યું તે તત્કાળ ન હસ્ત ઠર્યું,
ઘન યોગ્ય સમે નભ સજ્જ થયો, પણ ના વરસ્યો વિખરાઇ ગયો.

કિરીટકુમાર.

વાહાલી બા બા સહન કરવું, એય છે એક લ્હાણું.

કલાપી.

આ ઉપરાંત બીજા પણુ અનેક તર્ક વિતર્ક વિનયચંદ્રના અંતઃકરણુમાં ઉદ્‌ભવ્યા.

હેમકળાએ હવેથી પલંગ ઉપર સુઇ જવાને બદલે એક ગોદડી ઉપર સુઇ જવાનું અને આસન તરીકે એક ગુણુપાટનો કોથળો રાખવાનું પસંદ કર્યું. આ રિતે એકદમ હેમકળાએ પોતાના સૌભાગ્ય જીવનને સાધ્વીજીવન બનાવી દીધું.

પ્રકરણુ ૨૬ મું.

પતિની પ્રતિકૃતિ.

પ્રણયનો પાઠ શીખી જે, હવે કયમ તે ભુલાશે?
દિવસ એ શું ફરી આવે?; પ્રણય રસ કોણ પાશે?

વિદ્યાવિલાસી.

થવાનું તે થઇ ગયું. હેમાનાથ માર્શેલ્સમાંજ પરમાત્માના ધામમાં પહોંચ્યો, અહીંઆં પણુ તેના નામે રડણુ પાટલો પુરો થયો, સઘળું શાંત પડયું. રાત્રિ પડી, સઘળાં સુવાની તૈયારી કરવા લાગ્યા. હેમકળાને આજે તો પોતાની સાથે સુવાનો કૃષ્ણાએ આગ્રહ કર્યો પણ હેમકળાએ તેટલાજ આગ્રહથી પોતાનાજ શયનાલયમાં સુવાનું નક્કી કર્યું. સઘળાં સુઇ ગયાં અને હેમકળા પણુ પોતાના ઓરડામાં પેસતાંજ તેણે બત્તી ઝીણી કરી નાંખી અને ઓરડાનાં બારણાં બંધ કર્યાં; એક કોચ ઉપર પડી, ત્યાં ચેન નહીં પડતાં પાછળની ગેલેરીમાં થોડાક ફેરા ફરી અને પાછી અંદર આવી. એક શેત્રંજી પાથરેલી હતી તેના ઉપર પડી અને કોણી વડે હથેલીમાં માથું ટેકવી તેનેજ ઓશીકું બનાવ્યું. સામે હેમાનાથની એક પતિકૃતિ ટાંગેલી હતી. તેની સાહામે ટગર ટગર જોઇ રહી. થોડીક મીનીટો સીધી રીતે સ્તબ્ધાવસ્થાથાં વ્યતિત થઇ ત્યાં તો હેમકળાના મહોડામાંથી ધીમા મંદ

પાડે છે.

સ્વરે બોલાઇ ગયું કે, 'નાથ! હવે ફરીને નહીં મળો? કયાં છો તે તો જણાવો; હુ તમારી પાસે આવું. તમે મારી પાસે ના આવો તો હું તમારી પાસે આવું. તમારા વિના હું એકલી કેમ રહી શકું? મને અહીં આધાર કોનો? મને આવી રીતે તદન નીરાધાર છોડી જવાને તૈયાર થયા એવો મેં તમારો શું ગુન્હો કર્યો હતો. મને, મારા તે ગુન્હા માટે બીજી કાંઇ સજા ના કરી ને છેક આવી ઘોર સજા. મને મોહોતની સજા કરી હોત તો આટલું બધું દુઃખ મને ના થાત. હજુ મને તેવી સજા કરવામાં આવે તો, થઇ શકતી હોય તો, તેવી સજા ખમવા હું તૈયાર છું.

પતિના હાથની શિક્ષા થકી, શું મિષ્ટ અધીકું?
સહે જે શાંત ચિત્તે તે તણું ગૌરવ અધીકું.
પતિની દાસી થઈ તેનું થશેરે માન અધીકું,
પતિના માનમાં છે માન, સ્ત્રીનું તો અધીકું.

મને ગમે તેવી સજા કરવામાં આવે તે સહેવાને હું તૈયાર છું. પણ તમારા વિના હું જીવી શકું તેમ નથી. રાધા થોડાક દિવસનો કૃષ્ણજીનો વિયોગ સહન કરી નહીં શકયાં તો હું હવે જીવનભરનો વિયોગ કેમ સહન કરી શકીશ? પ્રણય રાત્રીઓનું સ્મર્ણ થતાં હવે હું નિરાંતે નિદ્રાધિન કેમ થઇ શકીશ?

પ્રણયનું પાત્ર જાતાં તો થયો સંસાર સુનો,
જીવન શાંતતામાં બહુ ફૂટયો કળી ચુનો;
પતિની મુક્તિ થાતાં, મળી મુને નહીં કાં?
મને ડુબાડી દીધી, પ્રજળતા ઉદધીમાં,
પ્રણયનું પાત્ર ગયું પણ પ્રણય ના દૂર થાતો,
નહીં આ શુષ્ક થાતાં, અધર કે ગુલ ગાત્રો;
રગેરગમાં વહે છે, પ્રણયની નહેર જ્યાં ત્યાં,
રગેરગ છે પૂકારે, પ્રણયી રે ગયો કયાં?
હતી હું સ્ત્રીને, હતા તે એક નૃઅંશ,
અને કો છે અહીંઆં, અરે એવાજ નૃઅંશ;
નહીં પણ ચિત્ત ચોટે, અરે તે માંહી કયાંયે,
જણાવો દોડી આવું, રહ્યા છો ગુપ્ત કયાંયે?

ખબર છે મુજને કે, રહ્યા છો મુજ હૃદયમાં
તથાપિ ના મળીને, મનેરે બાળશો મા.
પ્રથમ પ્રાર્થો પ્રભુને, મુજ જીવનાન્ત કાજે,
રવડતી મુકવી તે પતિને નાજ છાજે.

* * *

અરે પ્રતિકૃતિમાં પ્રણયની નીક વહે છે,
પીતાં ના આવડે પણ, અરે અજ્ઞાન એ છે !
કહો છો, લે જનમ પ્યાલો, બનીજા મસ્ત પીને,
પણ કહો, ક્યાંજ છે તે ? કે, બની જાઉં મસ્ત પીને !

* * *

શું ખામી પરમેશની, નહીં શક્તિજ દીધી,
પતિ વિયોગની કાંઇ, ટળે નહીં લેશ બીતિ;
રોપ્યું બીજ પ્રણયનું, નહીં બિલ્કુલ પોષ્યું,
હતી નહીં એવી શક્તિ તો કાં બીજ રોપ્યું ?
પ્રણયી આત્માને, અરે શું ડામવાને ?
સુખે બહુ જીવતાંને, ત્યારે શું રીબવાને ?
અમારાં દુઃખથી શું, તું સંતુષ્ટ થાતો ?
અમોને રીબાને કાં, અરે તું ખુશ થાતો ?
નજરે ના તુજ ટીકી, જગતમાં અન્ય ક્યાંયે ?
પ્રણયના રંગ કુંડે, ઘટાવ્યું ઝેર કાંરે ?
રમાડે તું એ રંગે, પછી ડુભાવવાને
(પણ) નથી તું શક્તિ દેતો, દુઃખ એ શમાવવાને.

* * *

કરો ઓ નાથ મારા, પ્રણય રસનીજ ધારા,
ઝીલીશ હું પ્રેમથી તે, પ્રજળતી શાંત થાવા:
કદાપિ બેવફાઇ, થવાની હું થકી ના,
અરે સ્વપ્ના મહીં હું, તમોને ભૂલતી ના.
તમારી મૂર્તિ તો હૃદયમાં સ્થિત થઇ છે,
પ્રણયના ગુંથણેથી અરે ગુંથાઇ ગઇ છે;

તમોના જીવતા હો, (પણ) જીવન તમ આશરે છે,
તમે તરછોડશો જો, બધે નિરાશ તો છે.
અમે સુરદાસ જીવો, દોરો ત્યાંજ જઇએ,
ગયો જો દોરનારો, જીવી શી રીતે શકીએ?
(માટે) ગયો જો દેહ છોડી, તો આત્માજદ્વારા,
પ્રણય રસ રેલી નિત્યે, પોષો આ દીન દારા.
સુણી મુજ વિનતી આ, નહીં વિસારશોને?
પ્રણયરસ—મૂર્તિ છો તો નહીં બદલાઇ જશોને!
પ્રણય દોરીએ બાંધી, ખેંચો આ મુર્ખને જો,
ઉભય એકત્ર થઇએ, બીજાનું શું જોઇએ તો?

પણ આ આશા ક્યાં સફળ થવાની છે? આશાના કિલ્લા બાંધવાને કોઈ અટકાવી શકે તેમ નથી, પણ તે પાર પાડવામાં કોઇની સહાય મળે તેમ નથી. આવી રીતે વિધવા થઈ વિધવાવસ્થામાં જીવન વ્યતિત્ કરવું એના કરતાં તો કૌમાર્ય જીવન વધારે સારૂં. 'હવે મારૂં જીવન એક સાધુડી કરતાં વધારે શું મહત્વનું છે? એક સાધુડીને પણ અનેક મનુષ્યો નમન કરે છે, પણ મારો શુકન તો કોઇજ લેવાનું નથી. હવે મારો કોઇ પ્રણયતાર વગાડનાર નથી. કોઈ મને કોઈ વાતમાં દિલાસો આપનાર નથી. જે ભાઇ વીરપસલી દેછે અને એવા પ્રસંગે જમવા આવે છે તેઓ પણ વિધવાવસ્થામાં બેનની દરકાર નથી કરતા એમ બધેબધ જોવામાં આવે છે. અનેક શુભ પ્રસંગોમાં 'હેમકળા' 'હેમકળા' થાત તે હવે હેમકળાની સાહામે પણ કોઇ જોશે નહીં. મનુષ્ય સારાનું સારૂં છે એ વાત સંપૂર્ણ સત્ય છે. વિધવાવસ્થામાં એક નહીં પણ અનેક રિતે દુઃખ સહન કરવું પડે છે. એક પરાધીન જીવન નહીં પણ ગુલામી જીવન ગાળતાં થવું પડે છે. મેં સંસારમાં પ્રવેશતાં તેમના સહવાસના પ્રથમ પ્રકરણે આશાના ચોક કેવા પુર્યા હતા ? પણ......પણ શું? તે બધાંય વિખરાઈ ગયાં. જેનાથી હૃદય દોઢ ગાઉ દુર નાસતું હતું, તેની સાથે હૃદય મેળવ્યું, પણ પ્રભુનેજ તે ગમતું હોય તેમ જણાતું નથી. પ્રભુનેજ મને સુખી કરવાનો ઈરાદો નથી......હું સુખી જીવન ગાળું એ પ્રભુનેજ રૂચતું નથી? એમજ હશે. ખરૂંજ કહેવામાં આવ્યું છે કે,

અરે સાંધે કદી જો એક તો ત્યાં તેર તુટે છે;
દબાયે આશ અંકુર જ્યાં, હજુ ફુટે ન ફુટે છે.

* * *

ગરીઓનાં ગરીબ તગદીર, એ કહેવત નથી જુઠી
હમારો પાસમાં મૃત્યુ સરે જાહેર લુંટે છે.

(દિવાનો.)

પ્રભુ ! તું મારોજ આવો દુશ્મન કેમ થયો. મેં તારૂં શું બગાડયું હતું. યુવાનીના અનુભવ વેળાએ અમારા આનંદમાં તું શા માટે વિક્ષેપક થાય છે. તને આખી સૃષ્ટિમાં અન્ય સ્થાન ના મળ્યું કે તેં અહોંજ અગ્નિ પ્રજવળાવ્યો..................

હતાં મોજુદ હજારો ગુલ, અહીં ગુલઝારમાં ન્હાતાં,
મગર આ ગુલ ચુંટીને, ગુમાવી તુજ વડાઇ છે.

(બુલબુલ.)

* * *

ગુન્હા માટે સજા કરનાર, સ્વયમ્ ગુન્હો કરે ત્યારે;
રે ફર્યાદને કાજે, નહીં કંઇ સ્થાન રહે ત્યારે ?
ગુન્હો કરનારથી, રહ્યું તો રક્ષવાનું;
ગણ્યે રક્ષનારો, ને કરે કૃત્ય મારવાનું.
દુ:ખદનાં આંસુડાં લોહોવાં ખરી તેમાં વડાઇ છે;
રમતાં બાગમાં બાળો, રડાવ્યે ના વડાઇ છે !

ભલે, તારે આમજ કરવું હતું, તો મને સંસારના સ્વર્ગિય સુખનું સ્વપ્નું દેખાડવુંજ નહોતું. હવે બીજાં સ્વપ્નાં માફક હું તે ભૂલી નથી શકતી. મારૂં જીવન હવે ચેતન નહીં પણ સ્વપ્નાવસ્થામાં છે. મારૂં જીવન ગમે તેવું આનંદી હતું, તેમાં તને શું હરકત હતી. તેં તો મારાં જીવન માટે મને સ્મર્ણ કરતી કરી કે—

વિધવા વામાનો ધર્મ સન્યાસીના જેવો.

પણ મારામાં સન્યસ્થ ધર્મ પાળવાની શક્તિ કયાંથી આવવાની ? સન્યસ્થ ધર્મનું પ્રથમ પગલું પણ નહીં સમજનાર ઉચ્છૃંખલ બાળ સન્યસ્થ ધર્મ કેમ પાળી શકશે, એટલો તો ખ્યાલ કરવો હતો. ”

આવા અનેક તર્ક વિતર્ક કરતાં કરતાં થોડી મીનીટ પછી ફરીને

પ્રતિકૃતિ પ્રતિ હેમકળા દૃઢ ચિત્તે જોઇ રહી. મનમાંથી બોલાઇ ગયું કે "નાથ, એક વાર આવો, એકજ વાર; એકજ વાર ભેટો, એકજ વાર ભેટી મને પ્રણય રસ પાઓ." પણ આ સઘળા હેમકળાના મનના ધખારા હતા. હેમકળા તેમ છતાંય સ્મરી રહી કે,

ગયો વ્હાલો મારો, પાછો મળશે કે નહીં ?
મારાં દીલની એ આશ, કદી ફલશે કે નહીં ?

કહો શું થશે ?

નહીં, અરે દુખીયારી નાર, કદી નહીં;
સખીથી મળે દીલદાર કદી નહીં !

કેમકે

ઉજડ ખેડા ફીર બસે, નીરધન્યા ધન પાય,
ગયા જોબન ન આવરા, મુવા ન જીતા થાય.

*   *   *   *

ગુઝર કે તનસે હરેક દમ ગયા,
સો ફીર ના ફીરા
દુનિયા કુ છોડ કે આદમ ગયા, સો ફીર ના ફીરા.

ત્યારે વાંચક ! બિચારી હેમકળા પ્રતિ સંબોધો કે,

સબર રે સબુરી પકડ નેક નાર !
મળશે તુંજ વાહાલો, દાદારને દ્વાર,
જાવું છે આખરે તુંને પણ ત્યાં;
ન કોઇ સદા રહ્યું, ને રહેવાનું ત્યાં.

(સુરજ.)

પ્રકરણ ૨૭ મું.

આફત ઉપર આફત !

રહમ કર ના બચાવી દુઃખથી, સુખી બનાવાને !
રહમ ચાહું, પ્રભુ પ્યારા ! તો તો મ્હોત દેવાને !

વિદ્યાવિલાસી.

હેમકળાએ જો કે કેશવપન નહોતું કરાવ્યું અને તેની નાની ઉમ્મરને લીધે તેને વિધવાવસ્થામાં ભોગવવી પડતી કેટલીક વિટંબણામાંથી મુક્તિ મળી શકે, પણ હેમકળા પોતે એ વાત સારી રીતે સહમજતી હતી કે હવે પોતાનું જીવન નિઃસાર થયું છે અને તેથી તે કાંઇ પણ પ્રકારની છુટ નહોતી ચાહતી અને પોતાનું જીવન સાધુડી જેવું તેણે કયારનુંય બનાવી મુકયું હતું.

હેમકળા વિધવા થયાનો તાર આવ્યાને આજે વીશેક દિવસ વીતી ગયા છે અને હમેશાં કુદરતી નિયમાનુસાર આ વીસ દિવસ દરમ્યાન રડવા કુટવા સિવાય વિશેષ કશુંજ બન્યું નહીં. હેમકળા પોતાનું જીવન ધૈર્યપૂર્વક વ્યતિત કરે છે. આજે મેલનો ટપાલ આવવાનો દિવસ હતો. હેમકળા ઉપરનો એક પત્ર તેમાં હતો, અને હરિરત્નરાયે તે લખેલો હતો. હરિરત્નરાયે બીજો એક પત્ર હેમાનાથનાં માબાપ ઉપર પણ લખ્યો હતો અને ત્રીજો એક પત્ર વિનયચંદ્ર ઉપર હતો. હેમાનાથના માબાપના પત્રમાં કે વિનયચંદ્રના પત્રમાં કાંઇ ખાસ જાણવાજોગ નહોતું. હેમકળાનો પત્ર જરા લંબાણ અને અગત્યનો હતો. એ પત્રમાં હેમાનાથનું મરણ કેમ નીપજ્યું તે વિષેની હકીકત લંબાણથી જણાવી હતી, તેમ હવે હેમકળાને માથે આવી પડેલી આફત અને પોતાનો જીવનક્રમ કેવો રાખવો તે વિષે કેટલીક સુચનાઓ કરી હતી. તેમણે આ પત્રમાં હિંદુ સમાજમાં અબળાઓની સામાન્ય દુઃખિયારી સ્થિતિ વિધવાવસ્થામાં કેવી ભયંકર બને છે તેનો ખ્યાલ આપ્યો હતો અને તેવા સંજોગ વચ્ચે એક સ્ત્રીનું કર્ત્તવ્ય શું છે તે વિષે વિવેચન

કર્યું હતું. હરિરત્નરાય પોતે તો આવા સંજોગ વચ્ચે વિધવાવિવાહના મજબુત હિમાયતી હતા પણ તેમણે આ પત્રમાં તે વિષે કશોજ વિચાર દર્શાવ્યો નહોતો; અને માત્ર ટુંકમાં કહીએ તો નિષ્કામ, પવિત્ર, સાદું જીવન ગાળવાની, નિર્દોષ કુસુમને રમાડતાં પોતાનો વખત શાંતિમાં–આનંદમાં ગાળવાની સુચના કરી હતી. હેમકળાને ધીરજ આપવાને હરિરત્નરાયે પોતાથી બન્યું તેટલું આ પત્રમાં સમજાવ્યું હતું અને પોતાને પત્ર લખતાં રહી પોતાથી યત્કિંચિત્ પણ સંકોચ નહીં રાખવાની સુચના કરી હતી. વિનયચંદ્રના પત્રમાં પણ હેમકળા કોઇ પણ રીતે દુભાય નહીં તેની સંભાળ રાખવાની ભલામણ કરી હતી.

હેમાનાથનાં મરણ વિષે એવી વીગત આપવામાં આવી હતી કે, અચાનક કોઇ નહીં જણાયલા સંજોગ વચ્ચે અત્યંત શરદી થવાથી તેમનું મરણ નીપજ્યું હતું. ઇંગ્લેન્ડની હવા ગમે તેટલી સુંદર છે અને ઘણાની તબીઅત તેથી સુધરે છે પણ ત્યાં શરદી લાગુ પડે છે તો તે જીવલેણ નીવડે છે. મહુંમ શ્રીયુત કૃષ્ણદાસ મૂલજીને એજ ઘાતક રોગ લાગુ પડ્યો હતો અને તેઓ તુરત વૈદકી સલાહ મુજબ અહીં ચાલ્યા આવવા છતાં એજ રોગને પરિણામે તેમનું અંતે મોહોત નીપજ્યું હતું. હેમાનાથનું મોહોત પણ એજ રોગને લીધે થયું.

હેમકળાને માથે આ રિતે આખા ભવનું ભયાનક દુઃખદ આભલુ તુટી પડ્યું હતું તેમ છતાંય હજુ કોણ જાણે બીજી કેટલીય આફત ગુજરવાની હશે કે હજુ તો હેમકળાએ વળતાજ મેલમાં હરિરત્નરાય પ્રતિ કાંઇ ઉત્તર વાળ્યો નથી તે દરમ્યાનમાં હેમકળાનાં માતા–પિતા ઉભય એકજ દિવસે કોલેરાના ત્રાસદાયક–શ્રાપજન્ય રોગથી સ્વર્ગવાસ પામ્યાં. વાંચક! સમજવાનું સ્હેલું છે કે, એક તરફથી સંસારસુધારક તરીકે અને વળી હેમકળાએ સ્વયં પોતાનો પતિ પસંદ કરવામાં જે સત્યાગ્રહી વર્તન બતાવ્યું હતું તેથી તેની સામે જ્ઞાતિજનોની બિલ્કુલ દિલસોજી નહોતી, અને આવી ઘોરતમ્ દુઃખદ સ્થિતિ હેમકળાની થઈ ત્યાં સુધી તેના તરફ કશીજ દયા જ્ઞાતિજનો તો શું પણ તેનાં શ્વસુરગ્રહ–જનોએ પણ નથી દર્શાવી. હેમાનાથ મરણ પામ્યાની ખબર આવી ત્યારથી હેમકળાની સાસુએ તો હેમકળા માટે ગમે તેમ બોલવાનું શરૂ કરી દીધું છે! 'એ હિણુપગલાંની આવી, તે મારા

ઘરમાં આમ થયું.'........'મારો છોકરો એને દીઠેજ ગમતો નહોતો અને તેથી તેણે મારી નંખાવ્યો.' વગેરે અનેક મેહેણાં હેમકળા માટે તે ઉચ્ચારતી હતી. નિર્દોષ બિચારી હેમકળાને તે સઘળું સહન કરવા સિવાય કશો છૂટકો પણ નહોતો. હેમકળાની હવે કેવી કફોડી સ્થિતિ થઇ પડી! કુસુમ નાનો છે; એની ચિંતા પણ હેમકળાને શીરેજ આવી પડી. કુસુમ જો કે ઘણી નાની ઉમ્મરનો હતો; મરવું શું અને જન્મવું શું, તેનાં સુખદુઃખો, હર્ષ શોક શું એ વિષે કશીજ સમજ તે બિચારા નિર્દોષ બાળકને નહોતી. છતાંય એ એટલું સમજતો હતો કે પોતાનાં માબાપ હવે મરી ગયાં છે અને પોતાની સારવાર બહેને કરવા માંડી છે. તેનો ચહેરો જ્યારથી વિનયચંદ્ર અને કૃષ્ણાનાં મરણ નિપજ્યાં ત્યારથી શુષ્ક અને નિર્માલ્ય થતો જતો હતો. હવે તે કુસુમ હેમકળાની ગોદમાં ગેલ નથી કરતો, પણ એથી ઉલટું હેમકળાના ચેહેરા સામે ટગરટગર જોઇ રહ્યો છે. શું થયું છે એ નથી સમજતો, તેમ છતાંય તે એક નજરે હેમકળા સામે હેમકળાનો કંગાળ પોશાક–હેમકળાનું કંગાળ મુખાવલોકન કર્યા કરે છે. હેમકળાના ચેહેરા ઉપર પણ હવે નુર ક્યાંથી હોય! અને વળી કુસુમનો ચેહેરો આ રિતે શુષ્ક થતો જતો હોવાથી તેને વધારે દુઃખ થતું હતું. છતાંય દુઃખ બેશરમ છે. દુઃખ નિર્દય છે. આવી સ્થિતિ વચ્ચે થોડાક દિવસો વિત્યા, વિનયચંદ્ર અને કૃષ્ણાની ઉત્તર ક્રિયાના દિવસો સમાપ્ત થયા એટલે તેણે હરિરત્નરાયપર એક પત્ર લખ્યો, હેમકળા બિચારી પત્રમાં શું લખે? શું લખવું તે હવે તેને શું સુઝે! પોતાના શ્વસુરગ્રહીજનો આવા સંજોગ વચ્ચે પણ હેમકળાની ખબર સરખી નથી પૂછતાં એ કરતાં વધારે નિર્દયપણું વિષમતા હિંદુ સંસારમાં બીજી કઇ હોઈ શકે વારૂ! હેમકળાએ આ બધી સ્થિતિ પોતાના પત્રમાં જણાવી અને પોતાને આવી દુઃખદ સ્થિતિમાં એક ભાઇ તરીકે, પોતાના પિતાના એક મિત્ર તરીકે બને તેટલી મદદ કરવાને વિનતિ કરી, વળી અકળામણમાં એક વાર તો હરિરત્નરાયને હિંદમાં પાછા ચાલ્યા આવવાને પણ આગ્રહ કર્યો. આવી અનેક વિહ્વળતા હેમકળાના પત્રમાં હતી, અને તે સંભવેજ. આ બધાં કાર્યમાંથી પરવાર્યા પછી હેમકળાએ પોતાના માબાપની મિલ્કત વિષે તપાસ કરી તો જણાયું

કે એમાં પણ કાંઇ આશા જેવું નથી. જે કાંઈ લેહેણું હતું તે વર્ત-માનપત્રનાં ગ્રાહકોનું લવાજમ, જાહેરાત આપનારાઓ ઉપરનું જાહેરાતોનું લવાજમ હતું. વર્તમાનપત્ર બંધ થતાં તેના ચાલક યા તો તે વારસામાં પ્રાપ્ત કરનારને પોતાના ઉપર લેહેણા નીકળતા પૈસા મોકલી આપે એટલી વ્યવહાર શુદ્ધતા હિંદી પ્રજામાં નથી. ચાલુ વર્તમાનપત્રોનાં લવાજમો આપવામાં, જેમ પોતાની પદ્ધિ ઉંચી તેમ લુચ્ચાઇ વધારે હોય છે તો પછી આવા સંજોગ વચ્ચે-જ્યારે કોઇ દબાણ કરી શકે તેમ નહીં હોય તેવા સંજોગ વચ્ચે તો લવાજમ વગેરે મોકલી આપવા જેટલી વ્યવહાર શુદ્ધતા તો ક્યાંથીજ બતાવે ? એક તરફથી સ્થિતિ આ હતી અને બીજી બાજુથી વર્તમાનપત્ર ચલાવવામાં વિનયચંદ્ર તદ્દન નિષ્કામ વૃત્તિ ધારણ કરી રહ્યા હતા અને ઉલટું પોતાથી બને તેટલો તેની પાછળ ભોગ આપતા હતા એટલે તેમની મિલ્કત પણ કાંઇ ના હોય એ સ્વભાવિકજ છે. હેમકળાને આવા સંજોગ વચ્ચે વળી લગભગ પોતાના પલ્લાંની રકમ ઉપર નિર્વાહ કરવાનો અને બાળક કુસુમને પોષવાનો હતો. હેમકળાનું પલ્લું માત્ર રૂપીઆ પાંચસોનું હતું. આઠ આનાના હિસાબે અઢી રૂપીઆ માસિક વ્યાજના આવે તેમાં બિચારી હેમકળા પોતાનું અને પોતાના બાળક ભાઇનું પોષણ કઇ રિતે કરે વારૂ ! હિંદુસંસારમાં ઘણે ખરે ઠેકાણે પલ્લાંની રકમ ઘણી થોડી હોય છે અને તેથી પલ્લાંની રકમ લેવાનો રિવાજ જે હેતુસર ઉભો થયો હશે તે અત્યારે તો હેતુ સાધ્ય થતો નથી. જે સમયે દાણા વગેરેનો ભાવ અને નિર્વાહનો ખર્ચ ઘણો મજીવો હશે તે સમયે આ રકમ ઠરાવનારાઓએ ખર્ચનો અડસટ્ટો કરીને પલ્લાંની રકમ ઠેરવેલી હોવી જોઇએ; પણ સાધારણ રિતે પલ્લાંની રકમમાં હજુ સુધી કાંઈ વજુદ જેવો ફેરફાર થયો નથી. હાલમાં પણ ઘણેખરે સ્થળે પલ્લું રૂપીઆ પાંચસો કરતાં વધારે નથી હોતું એવા સંજોગોમાં એક સ્ત્રી પોતાનું પોષણ માથે સંકટ આવી પડતાં કેવી રિતે કરી શકે ? આથી, આમ છતાંય પલ્લાંની રકમ વધારવાની હિમાયત કરવાનું અને તેમ નથી, બલ્કે વાસ્તવિક રિતે પલ્લાંની રસમજ દૂર કરવા જેવી છે. અનેક કુટુમ્બો પલ્લાં માટે પારકું દેવું કરવા પછી મરણપર્યંત દેવામાંથી છૂટતા નથી; જે માર્ગ છે તે સ્ત્રીજાતિનાં રક્ષ-

ણાર્થે સારી જેવી રકમ તેને સંકટ સમયે પ્રાપ્ત થાય તેવી યોજના થવાની જરૂર છે અને તે માટે વીમાની પોલીસી આપવાની યોજના યોગ્ય થઇ પડે. રાંડયા પછી તો પલ્લાંથી જે વ્યાજ મળવાનું, તે પોલીસી ઉપર પણ મળી શકે, અને પુરૂષને ચાલુ આવકમાંથી ભરવાનું હોય એટલે તેને પણ કાંઈ મુશ્કેલી નહી પડે અને પારકે ઘેર વ્યાજ ભરતાં ભરતાં મરણ પથારીએ સુવાની સ્થિતિ ના આવે. કેટલેક સ્થળે સ્ત્રીપુરૂષો વચ્ચે અનેક પ્રકારના કજીઆ થાય છે તે પણ આથી શાંત થશે, કેમકે દરેક સ્ત્રી પોતાના હિતની વીમાની પોલીસી સહીસલામત રાખવામાં કાંઈ મુશ્કેલી નહીં ઉપસ્થિત થાય તેવી પેહેલી સંભાળ રાખશે; આવી રિતે વીમાની પોલીસી લેવાની યોજનાથી સઘળી જાતની વ્યવહારની સરળતા થશે વળી પુરૂષ પાછળથી સ્ત્રીને સતાવવાને પ્રીમીયમ—વીમાનું લવાજમ ભરવામાં કશી બેદરકારી નહીં કરે તેટલા પુરતી સાક્ષીઓ જામીનગીરી--કબુલાતો લેવી પુરતી ગણવી જોઇએ.

ગમેતેમ છતાં હેમકળાનું પલ્લું તો રૂપીઆ પાંચસોનું હતું, એ આપણે ઉપર જોયું અને તેના અઢી રૂપીઆના વ્યાજમાંથી પોતાનું પોષણ કરવાનું તેમજ ભાઇને ઉછેરવાનું હતું. મહા મુશકેલીએ તેણે પોતાની માતાની પલ્લાંની રકમનો જે વારસો પોતાના ભાઇ કુસુમને મળે તેનું વ્યાજ પોતાને દર મહીને મળે તેવી ગોઠવણ કરી લીધી. હેમકળાને અત્યારે આ સહાયતા સોના જેવી થઇ પડી. હેમકળા આ સર્વ પ્રારબ્ધવશાત્ માની સહન કર્યા કરતી હતી પણ હજુ તેના પ્રારબ્ધપ્રયોગ અહીંઆજ સમાપ્ત થતો નથી. હેમકળા ખ્યાલ કરે છે કે કાલે સહવારે કુસુમ મોટો થશે અને મારા પલ્લાંની તેમજ માતાના પલ્લાંની બધી રકમ પુરી થતાં સુધી હું કુસુમને ભણાવીશ અને પછી પહેલાં હું તેનું ભાઈ તરીકે પોષણ કરીશ અને પછી તે મારૂં બ્હેન તરીકે પોષણ કરશે. ! પણ હેમકળાના આ આશાના તરંગો ખરેજ તરંગો હતા. દૈવની ઘટમાળ સંબંધમાં એક મનુષ્ય કલ્પના કરી તેના ઉપર મદાર બાંધે એજ તેની સંકુચિત્ બુદ્ધિ છે. હેમકળાને પોતાના માતપિતાના અને પતિના મરણથી આવી પડેલાં દુઃખ કાંઇક શાંતિથી સહન કરવાની ટેવ પડી, પણ જેમ અનુભવ મળતાં મળતાં નોકરીની પંકતી ઉચ્ચતર પ્રાપ્ત થતી જાય છે તેમ

હેમકળાના સંબંધમાં પણ બન્યું. હેમકળાને આટલું દુઃખ જાણે ઓછું હોય તેમ તેના ઉપર એક નવી આફત આવી પડી કે જાણે એનામાં દુઃખ સહન કરવાની શક્તિ કેવી છે તેની તે દૈવ્ય કસોટી કરતો ના હોય ? હેમકળાએ પોતાના અને માતાના પલ્લાની રકમ એક સ્થળે કરી નાંખી અને તેનું વ્યાજ દર મહીને પોતાને નિયમસર મળે તેવી ગોઠવણ કરી અને તેનો થોડોક સમય પસાર થયો નહીં, તેટલામાં તો જેને ત્યાં રૂપીઆ વ્યાજે મુકેલા હતા તેણે કમનસીબે દેવાળું કાઢયું. પરિણામે તે વેપારીના અનેક માગનારાઓના રૂપીઆ ડુબ્યા તેમ હેમકળાના પણ બધા રૂપીઆ ડુબ્યા. વીમા કંપનીઓમાં તો જામીનગીરીની રકમમાંથી થોડી ઘણી રકમ પણ આવા સંજોગ વચ્ચે મળે પણ દેશી વેપારીને કે શ્રાફને તો જમે કરતાં ઉધાર પાસું વધારેજ દેવાળુ કાઢતી વેળા હોય ત્યાં કશુંજ મેળાવવાની આશા રાખી કેમ શકાય ? હેમકળાની બધી આશાઓ ધૂળધાણી થઇ; હવે હેમકળાના જીવનનો કોઇ માર્ગ છે કે ? હિંદુસંસારમાં આવા સંજોગોમાં એક સ્ત્રી–એક યુવતિની દશા કેવી થઇ પડે તેનો ખ્યાલ કદાચજ કોઇ કરતું હશે. જેને સ્વતઃ આવી સ્થિતિનો અભ્યાસ કરવાનો પ્રસંગ મળ્યો હોય તેજ આ સ્થિતિની મુસ્કેલી સહમજી શકે. પરમાત્મા એ દુર્ઘટનાથી સર્વને બચાવે. આમ છતાં હેમકળા હિંમત હારી નહીં. તેણે આમ છતાં પોતાના શ્વસુરગ્રહ તરફથી પોતાની કશી દરકાર કરવામાં નથી આવતી, તેથી દુઃખ માન્યું નહીં; પણ તે બિચારી પોતાનાં જીવન–સાધનોનોજ વિચાર કરતી હતી. હેમકળાએ નર્સીંગનો અભ્યાસ કરવાનો વિચાર કર્યો, પ્રયાસ કરી એકાદ સ્કૉલરશીપ પ્રાપ્ત કરવાનો અને તેથી પોતાનો તેમજ કુસુમનો નિર્વાહ કરતા જવાની અને પોતાનો અભ્યાસ કરતા જવાની તેણે ભાવના કરી અને તેમાં હરિરત્નરાય તરફથી ટેકો મળ્યો. હરિત્નરાય પોતે કાંઇ ધન સંબંધી સારી સ્થિતિ ધરાવતા નહીં અને પોતે જર્મનીમાં કાંઇ કમાય તેવું તો હતુંજ નહીં, કે જેથી હેમકળાને તેઓ ધન સંબંધી કાંઇ મદદ કરી શકે. પણ તેઓ હમેશા સુચના, ઉત્સાહ અને ધીરજ આપતા હતા. હેમકળાને તે ઘણા મદદગાર થઇ પડતા હતા. છેવટે હેમકળાએ નર્સ થવાનો નિશ્ચય કર્યો અને તેને માટે સાધન મેળવવા પ્રયત્ન કરવા લાગી.

પ્રકરણ ૨૮ મું.

ઉજાશમાં અંધારૂં.

હેમકળાએ નર્સીંગનો અભ્યાસ કરવા વિચાર કર્યો અને હરિરત્નરાયની તે સંબંધિ સંમતિ મેળવી. પોતાનાં શ્વસુર પક્ષીય જનોને તો તેણે કાંઇ પૂછવાની જરૂરજ નહોતી. હેમકળાને આ કામમાં સહાય આપવાને હેમકળાને હરિરત્નરાયે સંમતિ આપી તેજ વેળાએ, એક સુધારક સ્થિતિસંપન્ન ગૃહસ્થ ઉપર ભલામણ પત્ર લખી મોકલ્યો હતો. આ ગૃહસ્થની સાથે હેમકળાના પિતાને ઓળખાણ હતી અને કાંઇક અંશે મૈત્રિ પણ હતી, એમ કહી શકાય, પણ મંદિર ગયું ત્યાં મુર્ત્તિની પુજા શી? વિનયચંદ્ર ગયા એટલે હવે નિર્દોષ હેમકળાની સંભાળ કોણ લે? આવા એક ગૃહસ્થ પોતાથી પરિચિત એક ગૃહસ્થ આગળ પોતાને હરિરત્નરાયની ચિઠ્ઠીથી મદદ માગવા જવું પડયું હશે, ત્યારે હેમકળાને કેટલું લાગી આવ્યું હશે વારૂ! હેમકળા હરિરત્નરાયનો પત્ર લઈ ગૃહસ્થને ત્યાં ગઈ, એટલે તે હેમકળા કેમ આવી તે વિષે આશ્ચર્ય પામ્યા પણ હેમકળાએ હરિરત્નરાયનો પત્ર હાથમાં મુકતાં, જો કે કાંઇ હેમકળા પ્રતિમાન કે દયાથી લાગણી ઉદ્‌ભવી નહિ પણ હરિરત્નરાય હજુ સજીવન્ત હતા અને તેથી તેમની શરમ કાંઇક પડી હેમકળા સંબંધમાં એ પત્રને માન આપી માસિક બાર રૂપીઆ સ્કૉલરશીપની ગોઠવણ તે ગૃહસ્થે હેમકળાને કરી આપી અને તે સાથે તેને એક હૉસ્પીટલમાં નર્સીંગના અભ્યાસ સારૂ દાખલ કરાવી આપી. મુંબઈમાં બે જણનું બાર રૂપીઆમાં પોષણ કરવું એ મુશ્કેલ છે અને તેમાંય ગીરગામનાં એક કુશાદે મકાનને બદલે હેમકળાને એક બે પાંચ રૂપીઆની ઓરડીમાં નિવાસ કરી જાહેર ટિકાકારોની નજરે ચઢવું પડયું હશે, તેમની ગમે તેવી ટિકાના ભોગ થવું પડયું હશે ત્યારે તે સહન કરવામાં કેટલી સહનશીળતા વાપરવી પડી હશે, તે માત્ર અનુભવીજ જાણી શકે. ગમે તેમ છતાં પણ હેમકળા નર્સીંગનો અભ્યાસ ખંતથી કરે છે, અને પોતાના નાના ભાઇ કુસુમનું પાલણપોષણ પણ સંભાળપૂર્વક કરે છે. હેમકળાને સામાન્ય રીતે

નર્સીંગનો અભ્યાસ કરનારી સ્ત્રીઓ જેવી ટાપટીપમાં ફરે હરે છે તેવી ફેશનનું ચેટક લાગે તેમ નહોતું પણ તે સાથે હેમકળા આ અભ્યાસ કરવાનું સામાન્ય માનતી હતી તેવું સહેલું નથી, એમ પણ તેને લાગ્યું. તેનું એમ માનવું નહોતું થયું કે અભ્યાસ કરવા પાછળ ઘણી મુસ્કેલી છે, અને જ્ઞાન પ્રાપ્ત થઇ શકતું નથી; પણ આવા ખાતાંઓમાં બહુધા હિંદુ સ્ત્રીઓ તો વિ'વાજ જોડાય છે અને તેમની પાછળ હલકા મનુષ્યો અનેક પાપ-જાળો ફેલાવે છે. કેટલીક વેળાએ તો ખાતાનાં વડાઓ પણ આવી નિર્દોષ સ્ત્રીઓને અનાચારમાં ફસાવવાને પ્રયત્ન કરે છે અને તેમાં ઉપરી બાનુઓ મદદ કરે છે. આવું કાંઇ બધેબધ હોતું નથી, પણ બીજી દરેક બાબતમાં અપવાદ હોય છે તેમ આ બાબતમાં પણ હોય છે. હેમકળાને તેવા સંજોગો ભોગવવા વખત આવ્યો. તેને વડાં ખ્રીસ્તી બાનુએ સ્વધર્મ-ખ્રિસ્તી ધર્મમાં પરિવર્તિત થવાને ઉપદેશ આપવા અને તેને અંગે કેટલીક લાલચો આપવા માંડી. હેમકળા દ્રઢ હતી અને તેથી જેમજેમ પોતાની વડી બાનુએ તેને આ બાબતમાં દબાણ કરવા માંડયું તેમ તેમ તેણે તેની સાથે લટ સલામનો વ્યવહાર રાખવા માંડયો ? વડી બાનુ આ વાત સમજી ગઇ અને તેથી તેણે તે વાતની ચર્ચા કરવાનું બંધ કર્યું. આમ એક મુસ્કેલીનો અંત આવ્યો, પણ તુરતજ એક વાર રાત્રિને સમયે હેમકળાને પોતાની 'ડયુટી' ઉપર હાજર થવાનું હતું-હેમકળાને રાત્રે હોસ્પીટલમાં રહેવાનું હતું. એક પુરૂષ દર્દીની સારવાર કરવાનું કામ હેમકળાને સોંપવામાં આવ્યું હતું. નર્સનું કામજ એ છે કે દર્દીની માવજત કરવી-સારવાર કરવી, અને તે માટે એક નર્સ અસ્વિકાર કરી શકે નહીં. ખાસ કરીને અભ્યાસ કરતી સ્ત્રીઓની તો, જેમ પુરૂષ વિદ્યાર્થીઓને ગમે તેવાં દર્દીની સારવારનું કામ સોંપવામાં આવે તે તેમણે બજાવવું પડે છે તેમ સ્ત્રીઓની પણ તે ફર્જજ માનવામાં આવે છે. દર્દી પુરૂષ હતો, અને તેની ઉપરની દેખરેખ તો એક પુરૂષ ડાકટરનેજ રાખવાની હતી. પણ તેમાં મદદગાર તરીકે હેમકળાને નીમવામાં આવી હતી. હેમકળા આ એક આફત સમજતી હતી. હેમકળાએ પોતાને આ ફર્જપર ના નીમવામાં આવે તે માટે ઘણો પ્રયત્ન કર્યો પણ કાંઇ વળ્યું નહી. અહીં કહેવાની જરૂર છે કે જે પુરૂષ

ડાકટર હેમકળાની સાથે ફરજ પર હતો તે ખાતાની વડી બાનુ ઉપર પણ સત્તા ભોગવતો હતો અને તેથી તે વડી બાનુ કોઇ પણ રીતે તેને રાજી રાખવા પ્રયત્ન કરે તે સ્વભાવિક હતું. હેમકળા પ્રતિ તે ડાકટરની કેટલાક સમય અગાઉથી દુષ્ટ વૃત્તિ થઇ હતી અને આજે તેણે પોતાની સાથે હેમકળાને ફર્જ પર નીમવાની માગણી કરી. આ માગણી કેવા કારણસર થઇ હતી તે વડી બાનુ સમજી ગઇ હતી, તેમ છતાં તેણે હેમકળાની નીમણુંક કરી અને હેમકળાની આનાકાની છતાં તેણે તેમાં કશોજ ફેરફાર કર્યો નહીં. હેમકળાનો આનાકાની કરવામાં કાંઇ ખાસ ઉદ્દેશ નહોતો: તેને તો ડાકટરની આ દુષ્ટ ભાવનાની કાંઇ કલ્પના પણ નહોતી. તેણે તો સ્વભાવિકજ આનાકાની કરી હતી.

રાત્રે હેમકળા ફર્જ ઉપર જોડાઇ અને ડાકટર પણ જોડાયો ડાકટરને કાંઇ ઉજાગરો કરવાની ફર્જ નથી, તે પોતાને માટે ઠેરવેલા ઓરડામાં સુઇ ગયા હતા અને હેમકળાને આરામ લેવાની છૂટ હતી, પણ સચેત રહેવાની અને જ્યારે પણ દર્દી બોલાવે કે તુરત જવાબ આપવાની, વારંવાર દર્દીની સ્થિતિની તપાસ રાખવાની અને જરૂર પડે તો ડાકટરને જગાડવાની ફર્જ હતી. હેમકળા આથી દર્દીની પાસેજ સુતી હતી અને નર્સને હમેશા તેવીજ રિતે પોતાની ફર્જ ઉપર રહેવાનું હોય છે. હેમકળાને આ ફર્જ બજાવતાં ઘણું ગૌરવ પેદા થતું. એક મનુષ્યને દુઃખને સમયે કોઇ પણ રિતે મદદગાર થવાનું ભલું કાર્ય બજાવવાનું કોના નશીબમાં હોય ! હેમકળા પોતાને એવો સંજોગ મળવા માટે મગરૂર હતી, અને હરહમેશાં આવી રિતે દુઃખીઓને મદદગાર થવાની પોતાને તક મળે એમ યાચતી હતી. રાત્રિના લગભગ બે (સ્ટાન્ડર્ડ) વાગ્યા, અને દર્દીને ચસક-આવવાથી તેણે જરા બુમ મારી, પડખું ફેરવ્યું અને ફરી ચસક આવી અને ફરીને બુમ મારી; હેમકળાએ, પોતે આ સ્થિતિ નહીં સમજવાથી ડાકટરને બોલાવવાનું યોગ્ય વિચાર્યું. તે ડાકટરના ઓરડામાં ડાકટરને જગાડવા ગઈ. ડાકટર જાગતાજ હતા, હેમકળા પોતાના ઓરડામાં પ્રવેશી તે તેઓએ જોયું છતાંય તેઓ કાંઇ બોલ્યા નહીં. ડાકટર પોતાને પોતાની દુષ્ટ મુરાદ બર લાવવાને આ સારી તક મળી એમ માની પ્રફુલ્લ થયો. હેમકળા પાસે આવતાં તેમણે પોતાની આંખ મીચી દીધી અને ઉંઘતા હોવાનો

મટી જાય છે.

ખોટો ડોળ કર્યો. હેમકળાએ છેક પાસે જઈ એક બુમ મારી તેનો કશો જવાબ ના આપ્યો. હેમકળાએ બીજી બુમ મારી એટલે જાણે ઉંઘમાંથી પોતે જાગતા હોય તેમ "કોણ, હેમકળા !" એટલો અવાજ કર્યો. હેમકળાએ 'હાજી' એટલો ઉત્તર આપ્યો. 'તમે કયાં હતાં ?' ડાકટરે પ્રશ્ન કર્યો અને "જી, હું દર્દીની પાસે સુતી હતી." એટલો હેમકળાએ ઉત્તર આપ્યો. "તમને ત્યાં સુવાનું કોણે કહ્યું હતું ?" ડાકટરે ગુસ્સાની લાગણી દર્શાવતાં પુછ્યું. "જી, દર્દીને જરૂર પડતાં તુરત મદદ આપી શકાય માટે હું ત્યાં સુતી હતી." હેમકળાએ ઉત્તર આપ્યો. "હું તમને કહેવું ભુલી ગયો. ત્યાં સિપાઇ સુતો છે એટલે બસ છે ! આથી તો મને જરૂર પડે તો મારે વારંવાર ઘણી મુશ્કેલી વેઠવી પડે તે માટે અહીંઆં બીજો કોચ ગોઠવાવી ત્યાં સુઇ જવું જોઇએ. શું તમે રાત્રે નર્સની ફર્જ કેવી રીતે બજાવવી એ નથી જાણતાં અને તમને તમારી વડી બાનુએ કશી માહિતી પણ નથી આપી ?" ડાકટરે ઘણો ગુસ્સો દર્શાવતાં કહ્યું.

"નહીંજી"

"હવે તમારે રાત્રિના સમયે ડાકટરના ઓરડામાં સુવું જોઇએ એ વાત લક્ષમાં રાખવી." ડાકટરનું આ ફરમાન હેમકળાને કાંઈ વ્યવહારૂ લાગ્યું નહીં. પણ હેમકળાએ આ માટે કાંઈ સ્હામા થવાનો સંજોગ નહોતો. બેઉ જણ બાહેર આવ્યાં. ડાકટરે દર્દીને તપાસ્યો અને પડખા પરથી ખસી ગયલો લેપપટ્ટો બરાબર કર્યો. ડાકટર અંદર પાછા સુવા ગયા અને હેમકળાની સામું જોયું. હેમકળા સ્હમજી ગઇ અને સિપાઇને પોતાનો કોચ અંદર ગોઠવવા ફરમાવ્યું. હૉસ્પીટલમાં આવા બનાવો ઘણીવાર બને છે અને સિપાઇઓ તો એ વાતથી સારી રીતે જાણીતા થઇ ગયલા હોય છે; એટલે સિપાઇએ તો ફરમાન થતાં તુરતજ કોચ અંદર ગોઠવ્યો. હૉસ્પીટલોમાં બનતા આવા બનાવોમાં ઘણી વેળા સ્ત્રી અને પુરૂષ ઉભય એક યા બીજા કારણે સમંત હોય છે. આજે હેમકળાના ફરમાનનો સિપાઇએ એવોજ ભાવાર્થ માન્યો પણ સિપાઇઓને તેમાં કાંઇ ગેરલાભ નથી હોતો. હેમકળા અંદર સુઇ ગઇ. અર્ધોએક કલાક થયો. મુંબઇ બે વાગ્યાનો અમલ થવા આવ્યો અને ડાકટર પોતાના બિછાનામાંથી ઉઠી હેમકળાના બિછાના પાસે આવી

મંદસ્વરે બોલ્યો "હેમકળા; જાગો છો કે ?"

"હાજી;"

"તમને ઉંઘ નથી આવતી ?"

"ઉંઘતો આવે છે પણ ઉંઘી જાઉં તો ફર્જમાં ગફલત થાય માટે સચેત રહું છું."

"મને પણ ઉંઘ નથી આવતી."

"આપ જેવા લાયક ડાકટરની તે ફર્જ છે."

"તમે મને ઉંઘવાની તક નહીં આપશો ?"

"આપ સુખેથી ઉંઘી જાવ; હું જરૂર પડતાં આપને જગાડીશ."

"પણ મને ઉંઘ નથી આવતી, અને બાફ ઘણો લાગે છે, તમે જરા પવન નાંખશો ?"

હેમકળા ચુપ રહી, અને શું જવાબ આપવો તે વિચારમાં પડી. હેમકળા કાંઇક વિચારી ઉત્તર આપે તેટલામાં તો ડાકટર ફરીને બોલ્યા "કેમ તમને કાંઇ વાંધો છે ?"

"હું આપને કેવી રિતે પંખો નાંખું ?"

"એ દર્દીને નાંખો તેવી રિતે."

"પણ આપ કાંઇ દર્દી નથીને !"

"શું હું દર્દી થઇ આવું, તોજ તમારી બરદાસ્ત પામી શકું ?"

હેમકળા પાછી ગુંચવાઇ, 'હા' કે 'ના' કશો ઉત્તર આપવાનું બને તેમ નહોતું. હેમકળાએ મુંગે મોઢે પંખો નાંખવાનું સ્વિકાર્યું. ડોકટર બીછાનામાં સુઇ ગયો અને હેમકળા ઉભી ઉભી પંખો નાંખવા લાગી, લગભગ પાંચેક મીનીટ એમ પસાર થઇ એટલે ડાકટરે ધીમે સ્વરે કહ્યું. "હેમકળા ! તમે એક નર્સ છો અને હું ડાકટર છું. એ વાત હું સમજું છું તમે મારા પ્રતિ એક વડા તરીકે સન્માન દર્શાવતા હશો, પણ આવી રિતે ફર્જ બજાવવામાં તમે થાકી જશો માટે બેઠા બેઠા પંખો નાંખો. તમે પંખો નાંખો છો તે માટે હું તમારો ઉપકારી છું:"

"આપની સેવા બજાવવામાં મને અંતે લાભજ છે. મને બિલકુલ શ્રમ નથી થતો."

જંતુ નાશ કરે છે.

" ના; એવો દુરાગ્રહ ના કરો; બેસીને પંખો નાંખો."

" આપ એવો વિવેક ના કરો. એવા વિવેકની કશી જરૂર નથી."

" નહીં; પણ તમને તસ્દી આપું, અને ઉભા રાખું એ તો મને ઠીક નથી લાગતું. મારૂં માન જાળવવાને બેસીને પંખો નાંખો."

ડોકટર જરા ખસ્યા અને હેમકળા એક કોરાણે બેઠી બેઠી પંખો નાંખવા લાગી. ડાકટરે ધીમે ધીમે ઉંઘી જતા હોવાનો ડોળ કરવા માંડયો અને આમ તેમ પડખાં ફેરવવા માંડયા. હેમકળા પણ એમજ માનતી હતી. આમ પડખાં મરડતાં તેણે હેમકળા એકદમ ઉભી થઇ નહીં શકે તેવી રીતે તેના પગ ઉપર પગ લાંબા કર્યા. હેમકળાએ તે જાણે ઉંઘમાંજ બન્યું હોય તેમ તે સંભાળથી ખસેડયા અને તેમ થતાંજ પોતે ચોંકી ઉઠયો હોય તેવા ડોળ સાથે ડાકટર બોલ્યા, "કેમ, હેમકળા ! શ્રમ થયો !"

" કાંઇ શ્રમ નહીં."

" હવે આરામ લેવો હોય તો લો."

" નાજી; આપ સુઇ જાવ; મને ઉંઘ નથી આવતી."

" એમ ના ચાલે."

" મારી ચિંતા આપ ના કરો."

આટલામાં તો ડાકટર બેઠા થયા અને હેમકળાના હાથમાંથી પંખો લેતાં કાંઇક ચેષ્ટાનો પ્રયાસ કર્યો. હેમકળાએ તુરત ઉઠવાની રજા માગી અને ડાકટરે તે વિષે સ્પષ્ટ આનાકાની કરી અને જણાવ્યું કે, " તમે આવી રિતે વર્ત્તન ચલાવશો તો તમને ઘણું ખમવું પડશે."

" જે ઇશ્વરે ધાર્યું હશે તેજ થશે, પણ નીતિભ્રષ્ટ થઇને જે સહન કરવું પડે તે કરતાં તો ઓછુંજ સહન કરવું પડશે."

" ના; વધારે સહન કરવું પડશે."

" હા. તમારે આધિન નહીં થઉં તો મને હૉસ્પીટલમાં સહન કરવું પડશે, અને નીતિભ્રષ્ટ થાઉં તે ઇશ્વરી દરબારમાં પણ જવાબ આપવો પડે."

" તમારાં જેવાં કેળવાયલાં બાઈ આવા સંકુચિત વિચારો ધરાવે એ આશ્ચર્યકારક છે."

" હશે."

" પણ ત્યારે શું તમે તમારી ભૂલ સુધારવા નથી ચાહતા. "

" ભૂલ નથી ત્યાં સુધારૂં શું ? "

" તમે અહીંથીજ તમારો અભ્યાસ સમાપ્ત કરવા માગો છો ?"

" નાજી; "

" તમારા આ વર્ત્તનનું પરિણામ ભેગવું આવશે. "

" મેં આપનો શો ગુન્હો કર્યો છે કે આપ મને એવી રીતે હેરાન કરશો ? "

" તમારા કરતાં બીજી નર્સીસ વધારે વિવેકપૂર્ણ હોય છે. એવો વિવેક તમારામાં નથી. "

" એટલે શું તેઓ નીતિની દરકાર નથી કરતી ? "

" એ કશું હું સમજતો નથી. "

" મારાથી તેમના જેવું નહીં થવાશે. "

" ઠીક, તમને ફાવે તેમ કરો. "

હેમકળા પોતાનાં બીછાનાપર જઇ સુઇ રહી. થોડોક સમય થયો. હેમકળા ઉજાગરાને લીધે ઉંઘી ગઇ હતી, અને તેવી અવસ્થામાં ડાકટરે તેના ઉપર બળાત્કાર કરવા પ્રયત્ન કર્યો. હેમકળા જાગી ઉઠી. ગભરાઇ ગઈ અને જીભ કચડી આત્મઘાત કરવા જતી હતી, તેમાંથી ડાકટરે બચાવી લીધી અને ઉલટી આપઘાત કરવાનો પ્રયાસ કરવાનું તોહોમત મુકી પોલીસને સ્વાધિન કરવાની ધમકી આપી. હેમકળા અતિષય ગભરાઈ. ડાકટરે તક લીધી. હેમકળા ધિક્કાર બતાવતીજ રહી અને ડાકટરે પોતાનો જુલ્મી દોર બજાવ્યો. હેમકળા દેહભ્રષ્ટ થઇ.

આ રિતે હેમકળા હૃદયભ્રષ્ટ નહોતી થઈ પણ દેહભ્રષ્ટ એક પ્રકારે તો થઈ. જે ખાતાને તે પ્રજોપકારી માનતી હતી તેમાં પણ ઉજાસમાં અંધારૂ કેવું હોય છે તે હેમકળાએ અનુભવ્યું.

લગભગ ૬ મહીના સુધી સંધીવાના દરદથી હું પીડાતો હતો ઘણા

પ્રકરણ ૨૯ મું.

વંશ વિનાશ.

હેમકળા નર્સીંગનો અભ્યાસ કરે છે અને તેમાં તેને અનેક પ્રકારનાં સંકટો સહેવાં પડે છે. ગઇ રાત્રે આપણે તેને માથે ગુજરેલી આફતની વિગત જાણી. વાંચક ! ક્ષમા કરી તેને ભ્રષ્ટ ના કહેતા. એક શબની સાથે છુટ લેવી, અને એક સબળ એક નિર્બળ ઉપર બળાત્કાર કરી, દેહભ્રષ્ટ કરે એ બેઉમાં કાંઇ વજુદ જેવો તફાવત નથી, કિંતુ સામ્યત્વ વધારે છે. આમ છતાં હેમકળા હૉસ્પીટલના અનીતિભર્યા ત્રાસથી ઘણી દુઃખી થઈ હતી. તે છોડી દેવાને ચાહતી હતી. પણ તેની ફર્યાદ ક્યાં કરે ? વડી બાનુએ જાણીજોઇને આ તક ગોઠવી હતી એમ હેમકળાએ જાણ્યું, એટલે તેની પાસે ફરીયાદ કરવાનું નકામું હતું. કોર્ટમાં આવી ફરીયાદ કરવાની હિંમત હજુ હિંદી બાનુઓમાં નથી આવી. એનું કારણ કેટલેક અંશે એ પણ છે કે સ્ત્રીઓ પુરૂષોની મદદ માગતાં પોતાને વિષે કાંઇ સંકુચિત ખ્યાલ બાંધી લેવાશે, અને પોતાને વધારે ખમવું પડશે. "પડયા ઉપર પાટુ" થશે, એમ ગભરાઇ ચુપ રહી જાય છે. હેમકળાને તો તે વિષે કોઈ વાત કરવાનું કે ફર્યાદ કરવાનું સ્થળજ નહોતું. સહવારમાં ડોક્ટરે હેમકળા વિષે એવો શેરો કર્યો કે "ફર્જમાં બેદરકાર, ઉદ્ધત અને અવિવેકી" આનું પરિણામ શું આવ્યું ? વડી બાનુ આ શેરો કેમ થયો છે તે સમજી ગઇ પણ તેમ છતાંય તે શેરો કરવાનો ઉદ્દેશ પાર ઉતારવાને તેણે હૉસ્પીટલોના વડા ઉપર તે મોકલી આપ્યો અને એણે એક ઠરાવ બાહેર પાડી હેમકળાને હોસ્પીટલમાંથી કાઢી મૂકાવી. હેમકળાની અત્યાર સુધીની મહેનત બરબાદ ગઈ અને અનેક સંકટો સહન કર્યા તે નફામાં ! હેમકળા હવે નિર્વાહ—સાધન કેમ પ્રાપ્ત કરવું તે વિચારમાં ગભરાવા લાગી. એટલામાં વળી એક નવો દૈવી કોપ તેને માથે ઉતર્યો. ખીલતું કુસુમ કરમાયું ! કુસુમ પણ બેદિવસની તાવની બિમારી ભોગવી મર્ણવશ થયો. હેમકળા આથી એક રીતે જંજાળથી મુક્ત થઇ, પણ બીજી તરફથી તેને ચિંતા અને નિરાશા

ઉપચારો કર્યા પણ કાંઈ ફાયદો થયો નહિ. આખરે મારા મીત્રે મને

પ્રાપ્ત થઇ. ચિંતા એ થઈ કે પોતાના પિતાનો વંશ વિનાશ થયો અને નિરાશા એટલા માટે કે જેને માટે પોતે અત્યારસુધી બધુંય સહન કર્યું. તે આશા પણ અંતે ફળિભૂત નહીં થઈ. હેમકળાથી બોલાઈ ગયું કે,

ચેરાગ મારા પેદરથી થયો તું ગુલ,
વંશનો કરી વિનાશ, કરમાયું ફુલ, *

હવે હેમકળા સ્વતઃ માટે તો ગમે તેમ કરીને ગમે તેવી રિતે જીવન ગાળવાને શ્વસુરગ્રહે આશ્રય મેળવી શકત, પણ હવે તો તે પણ નાશ પામી ગયું છે, એટલે અત્યારે હેમકળાને કોઇ પક્ષે કશો આશ્રય નથી. હેમકળા પોતાની આ સ્થિતિ માટે ઘણીજ દુઃખી થતી અને વારંવાર ડુસ્કાં ભરી એકાંતમાં રૂદન કરતી હતી. બિચારી રૂદન કરવા સિવાય બીજું તો કરી પણ શું શકે? તેને વારંવાર એમ થઇ આવતું કે " આટલું બધું મેં કોના સારૂ સહન કર્યું? મેં જેના સારૂં આટલું દુ;ખ સહન કર્યું તેને પણ ઇશ્વરે મારાં શાંત્વન માટે રહેવા દીધો નહીં. દૈવ્ય મેં તારૂં એટલું બધું શું, આ ભવમાં નહીં તો આગલા ભવમાં બગાડયું છે!" આવો વિલાપ કરતાં લઘુ બંધુ કુસુમના આત્માની શાંતિ અર્થે પ્રભુ પ્રાર્થના કરી:

હે જગ પાલનહાર, કરજોડીને વિનવું;
દેજે જગકિરતાર, શાંતિ એના આત્મને.

(બુલબુલ.)

હેમકળા દરેક બનાવ સંબંધી હરિરત્નરાયને ખબર આપવા ચુકતી નહીં. અને તેણે તે મુજબ પોતાને હૉસ્પીટલમાંથી કાઢી મુકવામાં આવ્યાની તેમજ કુસુમના પરલોકગમનની ખબર પણ તેમને આપી.

---

* આ પંકતીઓ " હિંદી ગ્રાફીક " નામક પત્રના મર્હુમ માલિક મી. સોરાબ પાલકકોટના સ્વર્ગવાસ સમયે તેમની ભગિની મીસ ભીખાઈજી પાલમકોટે એક કવિતા લખી હતી, તેમાંની છે અને તેમાં બીજી લીટીમાં ફેરફાર કરવામાં આવ્યો છે. મીસ ભીખાઈજી પાલમકોટની બીજી લીટી " સાહિત્યના બાગમાંથી કરમાયું ફુલ " એમ હતી.

ગ્રંથકર્તા.

પ્રકરણ ૩૦ મું.

ધર્મ પરિવર્ત્તન.

હમને આફ્લાકકો સોરંગ બદલતે દેખા;
પર કીસમતકે નવીશ્તે કો ન ટલતે દેખા.

કુસુમ પણ ગયો. હવે હેમકળાને કોઇ પ્રકારની ચિંતા નહોતી. થવાનું હતું તે સર્વ થઇ ગયું. હેમકળા જેની ખાતર જે સહન કરતી હતી, તે હવે કાંઇ વધારે સહન કરવાનું હતું નહીં. જીંદગીમાં ઠેબાંથી સંભાળવાની જરૂર માત્ર કુસુમ ખાતર હતી, પણ હવે હેમકળા ઠેબાં ખાઈ ખાઇને ટેવાવા તૈયાર છે. હેમકળા હવે તો મસ્ત આત્માન સ્વરે વદે છે કે,

અમને જવા દો જ્યાં અમે, જઇએ અમારા વેગથી,
મિથ્યા અમારો ખેદ ઉરમાં લાવશો કોઇ નહીં;

* * *

ડરતું હતું મન જ્યાં લગી, ત્યાં વેળ સૌ ઠીકજ હતું !
જે તવાયું તેને ફરીથી, તાવશો કોઇ નહીં.

(દુર્લભ શ્યામ ધ્રુવ.)

હેમકળા હવે આ રિતે સર્વ જંન્નળથી મુક્ત થઇ છે. પણ તેને હવે ઉપરની લગ્નિ લાગી છે, કિંતુ એ ખ્યાલ હેમકળાને હાલ તુરત આવતો નથી. પોતે મહેનત મજુરી કરીને જે ચાંર આના મળે તેથી પોતાનો આબરૂપૂર્ણ નિર્વાહ કરે છે. આ સ્થિતિ વાંચક ! પેલા ગીરગામના સુંદર ગ્રહ મંદિરમાં વસવાટની સ્થિતિ સાથે સરખાવી જુઓ; એક વાર સરખાવો અને હેમકળા માટે માત્ર આંસુનાં બે ટીપાં તો પાડો. તે બે સ્થિતિ વચ્ચેના અંતરનો ખ્યાલ તમે કરી શકો તો અમે ના કહીશું તો પણ તમે આંસુ પાડયા વિના નહીં રહેશો. હેમકળાનું નશીબ એ ડગલાં આગળજ ચાલે છે. હેમકળા બિચારી આ રિતે મહેનત મજુરીથી પોતાનો નિર્વાહ કરતી હતી તે પણ દૈવથી સાંખી નહીં શકાયું હોય, તે એક મહા પણ સામાન્ય

અસલ સ્થીતીમાં આવી ગયો.

આફત આવી પડી. હેમકળા તેની ભોગ થઇ પડી. આ આફત દુષ્કાળ-ની હતી. વર્ષા ના થઇ અને તેથી દુષ્કાળ ચાલુ થયો. હેમકળાને હવે મજુરી મળવી પણ મુશ્કેલ થઇ પડી. ખાવાનાં ફાંફાં હોય ત્યાં લોકો કામ પૈસા આપીને ક્યાંથી કરાવે ! આવી સ્થિતિમાં હેમકળાને રોજી ક્યાંથી મળે. આવા સંજોગામાં એક જાણવાજોગ બનાવ એ બને છે કે, જેમ કેટલા પરમાર્થી મનુષ્યો સંસ્થાઓ કિંવા ફંડો ખોલી રિબાતી પ્રજાને રક્ષણ આપે છે, તેવી રિતે ધર્મ-મત પંથો પણ પોતાના ધર્મ-મત-પંથમાં લોકોને ભેળવવાને શ્રમ ઉઠાવે છે. રિબાતા લોકોને આશ્રય આપે છે. ખાવા પિવાનું તથા રોજીનું સાધન આપે છે અને તેના બદલે પોતાના ધર્મમાં, તેના અસલ ધર્મમાંથી પરિવર્તિત કરે છે. આવી રિતે ઘણા લોકો આવા સમયે ધર્મ પરિવર્તિત થાય છે. કેટલીક વાર ઘણા આબરૂદાર કુટુંબો આવાં સંકટમાં આવી પડે છે અને તેમના કુટુંબમાં પણ આવા બનાવ બને છે. પણ બહુધા જેઓને આસઆસની કોઇની ચિંતા ના હોય કે પોતાને માટે કો ચિંતા કરનાર ના હોય તેઓ આવા સમયમાં ત્વરાથી ધર્મ પરિવર્તિત થાય છે. હેમકળા રોજી વિના કેટલાક દિવસો સુધી રિબાઇ, ભુખે દિવસો કાઢયા. “ દાંત આપ્યા તે ચાવણું આપશે ” અથવા “ પ્રભુ ભૂખ્યા ઉઠાડે પણ સુવાડે નહી. ” એવી કહેવતો ખોટી પડી. હેમકળા હવે કોઇ વાર હિંમતમાં આવતી હતી, તો કોઇ વાર તદ્દન નિરાશ થઈ જતી હતી. કેટલીકવાર તો હિંમતથી-ધીરજથી લલકારતી હતી કેઃ—

મળો મ્હેલની મજાઓ આનંદ છેરે લોલ;
મળો ગીરીની ગુફાઓ આનંદ છેરે લોલ;
મળો પહેરવા સુ ચીરો, આનંદ છેરે લોલ;
મળો લુગડાંનો લીરો, આનંદ છેરે લોલ;
મળો ઓઢવા દુશાલા, આનંદ છેરે લોલ:
ભલે ફકત મૃગછાલા, આનંદ છેરે લોલ:
મળો ખાવા શીરાપુરી, આનંદ છેરે લોલ:
ભલે ભાખરી અધુરી, આનંદ છેરે લોલ;
ઘણું અન્ન હું અપાતું, આનંદ છેરે લોલ;
ભલે ભીખ માગી ખાઉં, આનંદ છેરે લોલ;

ભલો સુવા સેજ સારી, આનંદ છેરે લોલ;
ભલે ભોંયની પથારી, આનંદ છેરે લોલ.
રૂડા પોઢવા પલંગો, આનંદ છેરે લોલ;
સુવા સાથરો કઢંગો, આનંદ છેરે લોલ.

* * *

કદી નહીં નાશ થાયે, આનંદ છેરે લોલ;
ભલે આજ મ્હોત આવે, આનંદ છેરે લોલ.
બધી સ્વપ્નાની બાજી, આનંદ છેરે લોલ;
જાણું રોજ રહું રાજી, આનંદ છેરે લોલ.
સહુ એક રૂપ લેખું, આનંદ છેરે લોલ;
સારૂં નરસું ના લેખું, આનંદ છેરે લોલ.
બધો બ્રહ્મનો ખજાનો, આનંદ છેરે લોલ;
તેમાં રાગ, દ્વેષ શાનો? આનંદ છેરે લોલ.

(અમ્બર.)

આ પ્રમાણે ગઇ વારવાર ધીરજ ધરતી હતી; પણ તે સ્મશાન જ્ઞાનવતજ થતી હતી. બબે દિવસના ઉપવાસ કરવાની ફરજ પડી. રોજ દહાડામાં ત્રણ ચાર વખત દુધ, ચાહ, નાસ્તો વગેરે મળતું હતું તેજ જીવન ગાળી ચુકેલી યુવતિને આજે બબે દિવસો સુધી અપવાસો કરવા પડે પછી ઉપલી લીટીઓનો બોધ તે કેટલી વાર અસર દૃઢ રાખી શકે. સંજોગવચ્ચે હેમકળા ખ્રિસ્તિ ધર્મમાં પરિવર્તિત થઇ. ત્યાં તેને દાખલ કરવામાં આવી ત્યારે તો સારી આશાઓ આપવામાં આવી હતી અને માત્ર ભણવા ગણવાનું અને ખાઇ પી, પેહેરી ઓઢી સુખમાં જીવન પસાર કરવાનુંજ હોવાનું સમજાવ્યું હતું. હેમકળાએ તેમના પરમાર્થી કામ વિષે હર્ષ જાહેર કર્યો અને પોતાને-પોતાના જેવી કંગાળ અવસ્થામાં આવી પડેલી સ્થીતીની સ્ત્રીને આશ્રય આપવા માટે ઉપકાર માની તેમાં દાખલ થઇ આ રિતે તે ખ્રિસ્તી કોમમાં દાખલ થઇ. તે ઇસુ કે ઇશ્વર શબ્દ વચ્ચે કાંઇ તફાવત સ્હમજતી નહી અને તેથી દરરોજ ચર્ચમાં જઇ પ્રાર્થના પણ કરતી હતી. થોડાક દિવસો તો તેને ત્યાં ઘણી રાહત લાગી. તેને કેટલુંક કામ શીખવ્યું પણ પાછળથી એકવાર હરિરત્નરાયનો કાગળ અસલ સરનામા પરથી ફરીને આવતાં તે હોમના વડાએ ફોડયો અને

આપવા ના પાડી. બાહેરના કોઈ પણ માણસ સાથે શીધો કશોય પરિચય નહીં રાખવાને તેને ફરમાન થયું. અહીંઆંથી તેને હેમકળાને અહીં વિષમતા ભાસવા લાગી. પણ તે પછી તો ધીમે ધીમે તેની પાસેથી કામ ઘણું વધારે પ્રમાણમાં કરાવવા માંડયું, પણ આથી હેમકળાને કાંઇ દુઃખ ઉપજ્યું નહીં; ધાર્મીક શંકાઓ તો હેમકળાને કાંઇ ઉદ્‌ભવતીજ નહીં, એટલે તેમાં કશોજ વાંધો નહીં પડતો. એક દિવસે 'હોમ' ના વડાએ પાસે બોલાવી હેમકળાને પૂછયું કે, "તમે કુંવારાં છો?"

"નહીંજી, હું પરણી હતી, પણ મારો પતિ ગુજરી જવાથી હું વિધવા થઇ છું."

"ત્યારે તમારે ફરી લગ્ન કરવું જોઇએ."

"નહીંજી, મારો ફરી લગ્ન કરવા વિચાર નથી."

"તમારે લગ્ન તો ફરીને કરવું પડશે, લગ્ન વિનાની જીંદગીમાં સ્ત્રીઓને જીવવા દેવી એ એક પ્રકારે બોજો વધારવા જેવું છે લગ્ન કરવાની અને યુવાનીનો સમય લગ્નમય જીંદગીમાં વ્યતિત કરવાની સ્ત્રી તેમજ પુરૂષ સર્વને માટે જરૂર છે." હોમના વડાએ કહ્યું.

"નહીં, પણ મારી ઇચ્છા તેવી બિલકુલ નથી."

"તમારી ઇચ્છા કરતાં 'હોમ' નાં ભલાંનો વિચાર વધારે અગત્યનો છે, અને તમને લગ્ન કરાવી આપવામાં આવે તેમાં 'હોમ' નું હિત રહેલું છે, માટે તમારે લગ્ન કરવું પડશે." વડાએ કહ્યું.

"મારી ઇચ્છા વિરૂદ્ધ મારી પાસે લગ્નનો સ્વિકાર કરાવવામાં આવશે?"

"તે અમારી ઇચ્છા ઉપર છે."

"હું 'હોમ' છોડી જવાનું, તે કરતાં તો વધારે પસંદ કરીશ"

આટલું બોલી હેમકળા તે વેળાએતો ત્યાંથી ચાલી ગઇ, પણ તે સમયથીજ તેના ઉપર વધારે જાપતો મુકાયો. એક વેળાએ એક યુવક) સાધારણ સ્થિતિનો વિહ્‌વળ હૃદયનો, વિકારી મનુષ્ય પાદરી પાસે આવ્યો. તેને સ્વધર્મ-ઇસ્લામી ધર્મ ઉપર શ્રદ્ધા નહોતી તેણે પાદરી સાહેબ પાસે કેટલીક વાતચિત કરી; એ દરમ્યાન પાદરી સાહેબે હેમકળાને ઠા-

---

મટાડે છે.

મના બ્હાને બોલાવી: હેમકળા આવી તેવી ફરમાન બજાવી ચાલી ગઇ. પણ પાદરી સાહેબે પેલા દસ્લામી ગૃહસ્થને હેમકળા સાથે લગ્ન કરાવી આપવાની આશા આપી. અહીઆં એવો તો જાપતો રાખવામાં આવે છે કે તેમાંથી કોઇ છટકી શકે, તોપણ સહીસલામત સુખી જીવન ગાળે ત્યારે ખરૂં. નહીંતર ખરેખર તો અંદર રહે અને તેમના હેતુ પાર કરવામાં મદદગાર થાય ત્યાં સુધીજ માત્ર જીવન આનંદમાં ગાળી શકે.

જ્યારથી હેમકળા આવી ઘટમાળથી માહિતગાર થઇ ત્યારથી અત્યંત દુઃખી થવા લાગી.

પ્રકરણ ૩૧ મું.

હેમકળાની શુદ્ધિ.

આજે દિવસો પછી દિવસો અને મહીનાઓ પછી મહીનાઓ એ રિતે પસાર થતાં થતાં હરિરત્નરાયને પરદેશ ગયાને અઢી વરસ થઈ ગયાં અને હિંદમાં પાછા પણ આવી પહોંચ્યા છે. હેમકળા જ્યારથી આ સ્થિતિને પ્રાપ્ત થઇ ત્યારથી હરિરત્નરાય ઉપર તેનો બિલકુલ પત્ર ગયો નહોતો. પણ ખ્રિસ્તિ હોમમાં તે કાંઇ લાંબા સમયથી રહી નહોતી અને તેનો પત્ર હરિરત્નરાય પર ગયાને કાંઇ લાંબો સમય વિત્યો નહોતો. હેમકળાની આ સ્થિતિ વિષે તો હરિરત્નરાયને મુંબઇમાં ઉતર્યા બાદ તુરત ખબર પડી અને અત્યંત દીલગીર થયા; પણ હેમકળાને મળવું કેવી રિતે એ એક સવાલ થઈ પડયો. મહા મહેનતે પાદરી સાહેબની જાણમાં ના આવે તેવી રિતે હેમકળાને મળ્યા અને હેમકળાને 'ખ્રિસ્તિહોમ'માંથી મુક્ત કરી. શુદ્ધિ સમાજ તરફથી તેને પુનઃશુદ્ધ કરવાની ગોઠવણ થઇ. એક જાહેર મેળાવડા દ્વારા તેને શુદ્ધ કરવામાં આવી. હેમકળાને હેરાન કરવાને તેના ઉપર 'હોમ'માંથી ચોરી

કરી ગયાનું તોહોમત મુકી ફર્યાદ કરવામાં આવી પણ હેમકળા તેમાં નિર્દોષ ઠરી.

* * *

હેમકળાને સ્વપ્નમાં જણાયલું પોતાનું ભવિષ્ય બહુધા ખરૂં નીવડયુંછે.

હેમકળા હવે હરિરત્નરાયની સાથે રહે છે. હરિરત્નરાયે એક રંગવાનું કારખાનું કાઢયું છે. તેમાં વિલાયતી જેવાજ રંગોથી રંગેલા અને છાપેલાં ગવનો વગેરે તૈયાર કરવામાં આવેછે. કારખાનામાં બનતો માલ ઝડપથી વેચાઇ જાયછે. હરિરત્નરાય શ્રીમંત નથી તોપણ સહૃદયી છે અને તેથી તેમણે હેમકળાની દેખરેખ નીચે એક "કન્યાશ્રમ" ખોલાવ્યુ છે અને તેમાં હિંદુ કન્યાઓને ગૃહિણી બનવામાં ઉપયોગી થાય તેવું શિક્ષણ આપવામાં આવે છે. કન્યા આશ્રમનું અર્ધું ખર્ચ હરિરત્નરાય આપે છે અને બાકીનું ઉઘરાણાથી ચાલે છે. આ કન્યાશ્રમ મુંબઈના એક પરામાં સ્થાપવામાં આવ્યું છે અને તે નાના પાયા ઉપર ચલાવવામાં આવે છે, પણ તે ઘણું ઉપયોગી ખાતું આજે મનાય છે. તેમાં ધનના પુરતા અભાવે કેટલીક ખામીઓ નજરે આવે છે, પણ તે સુધારવાને મનપર લેવાતુંજ રહે છે. આટલી આટલી વિટંબણાઓમાંથી પસાર થઇ હેમકળા હરિરત્નરાયના આશ્રય નીચે પોતાના પિતાની માફક પરમાર્થ જીવન ગાળવાનો સંજોગ પ્રાપ્ત કરી શકી તે માટે તે ઇશ્વરનો આભાર માને છે. આમ છતાં તેને વારંવાર એક દુઃખ ઉપજતું તે એજ કે પોતાના મરણ બાદ પોતાના પતિના વંશનું નામ કે પોતાના પિતાના વંશનું નામ કે પોતાના પિતાના વંશનું સ્મર્ણ પણ કોઇ રિતે નહીં રહે ? એક વાર તેણે પોતાની આ દુઃખદ લાગણી હરિરત્નરાય પાસે જણાવી. હરિરત્નરાયે હેમકળાને પુનર્લગ્ન માટે સુચના કરી પણ હેમકળાએ સ્વીકારી નહીં. એ બાદ હરિરત્નરાયે તેને નિયોગ સંબંધી શાસ્ત્ર સંમતિ સમજાવી. પોતાનાથી પુત્ર પ્રાપ્તિ કરવાની હેમકળાની ઇચ્છા છે એમ હરિરત્નરાય સમજી ગયા, પણ હેમકળા કાંઇક પણ તે ઇચ્છા પ્રગટ કરે તે પહેલાં તેમાં શાસ્ત્ર અસંમત હોવાનો વાંધો સમજાવ્યો. હેમકળાએ પોતે લગ્ન સમયે લખેલો પત્ર આધારભૂત બનાવી તેનું નિવારણ કર્યું અને તેમનાથીજ નિયોગદ્વારા સંતાન પુત્રપ્રાપ્તિ કરી.

હરિરત્નરાય પણ એક સુધારક યુવતિ સાથે લગ્ન કરીને હાલમાં સુખી જીવન ગાળેછે, હેમકળા સ્ત્રીવિષયક પરમાર્થી કાર્યો હરિરત્નરાયની પત્નિ સાથે મળી કરેછે. અને હરિરત્નરાય ધન સંબંધી મદદ જરૂર પડયે પોતે આપે છે અને અન્ય સ્થળેથી મેળવી આપે છે. હરિરત્નરાય અને હેમકળા વચ્ચેનો પ્રેમ અત્યારે ભ્રાતા અને ભગિની વચ્ચેના પ્રેમ જેવોજ નિષ્કલંક અને નિર્મળ છે. હેમકળાનો પુત્ર તંદુરસ્ત અને સુંદર છે. હરિરત્નરાયને કાંઇ સંતાનપ્રાપ્તિ હજુ નથી થઈ.

સમાપ્ત

ચારૂતરનું

અમૃતબિંદુ.

આજ કાલ કરતાં ૨૦) વર્ષથી હું એવી શોધમાં હતો કે એવી કોઈ દવા શોધી કાઢવી જોઇએ કે જે ખરેખરૂં માણસ જાતને આશિરવાદ સમાન નીવડે. એકજ નાની શીશી ગજવામાં રાખવાથી આખું દવાખાનું નિરૂપયોગી કરી શકાય—કહો કે વાસકોટના ગજવામાં એક મોટું દવાખાનું નાની શીશીમાં લઇને દેશ—પરદેશ ફરી શકાય તેવી કોઈ દવા શોધી કાઢવાનો મારો ૨૦ વર્ષનો પ્રયત્ન આજે ફળીભુત થયો છે. પરવરદીગારની પરમ કૃપાથી આજ આ અમૃત બિંદુ પ્રજાસનમુખ રજુ કરવાને હું ભાગ્યશાળી થયો છું. કોઇપણ પ્રકારની વગર જોખમની અને નાના પ્રકારના તરેહવાર રોગો ઉપર તાત્કાળીક અસર કરે તેવી દવા આ અમૃતબિંદુ સેંકડો નિષ્ફળતા પછી આજે પ્રાપ્ત થઇ છે. અમૃતબિંદુ જગતના વ્યવહારમાં લાવવા પહેલાં વિચાર કરવાનો અને અજમાવી જોવાનો પુરતો વખત લઇને જ્યારે મારા અંતકરણે મને ખાત્રી આપી છે કે આ દવા જાહેરમાં લાવવા માટે તદન લાયક છે ત્યારેજ હું આજે બહાર પડયો છું. આશા છે કે લાયકને લાયક ઉત્તેજન મળશેજ.

ચારૂતરનું અમૃતબિંદુ

શું ચીજ છે તે માટે સારો કે ખોટો અભીપ્રાય માની લેવામાં ડાહાપણ નથી, ખરૂં છે કે આ ધતીંગના જમાનામાં જાહેરાતોનાં જુઠાણાદ્વારા પ્રજાનો વિશ્વાસ નષ્ટ કરવામાં આવ્યો છે. પણ જ્યાં સુધી એક સત્ય વાર્તા ફેલાવવાનું બીજું કોઈ વધારે ઉત્તમ સાધન મળે નહીં ત્યાં સુધી જાહેરાતોનું શરણ લેવા વિના પ્રમાણીક વેપારીઓનો પણ છુટકો નથી, ગમે તેવો ચાલુ માલ હોય પણ જો જાહેરાતોનું બાયકોટ કરવામાં આવે તો થોડાજ સમયમાં તે માલ જગતમાંથી બાયકાટ થયા વિના રેહેજ નહીં એ વાત નિશ્ચય જાણવી તેટલા માટે હમો હમારા વાંચનારાઓને નમ્રતાપુર્વક વિનંતી કરીએ છીએ કે, જ્યાંસુધી આપે "અમૃતબિંદુ" ની અજમાયશ જાતે પોતે લીધી હોય નહીં, ત્યાં સુધી તે સંબંધી આપનું મત રીઝવર્ડ રાખશો. વિસ વર્ષના લાંબા અનુભવે હમોને શિખવ્યું છે કે ઘણા નીંદાખોર લોકો કાંઈ નવી ચીજ જુવે છે કે કાંઈ પણ કારણ કે સમજ વિના તેને વિષે માઠું બોલવાજ મંડી જાય છે તેજ માટે આટલું લખવું પડયું છે.

'આરૂતરનું'

અમૃતબિંદુ

કોઇ આકાશી જાદુઇ ચીજ હોવાનો હમે દાવો કરતા નથી આ હીમાલયના મહાત્માઓની પ્રસાદી હોવાની રસીલી વાતોથી વાંચનારાઓને હમે ફસાવવા માગતા નથી. **અમૃતબિંદુ** ખરેખરી રીતે દેશી અને ઇંગ્રેજી વૈદકમાં માન્ય રાખેલી ચીજોની મેળવણી માત્ર છે. સેંકડો વખત આ ચીજો તમારા હાથ નીચે આવી ગઇ હશે અને વારંવાર આવતી હશે પણ "જાણે તેનો કહોયડો" "મારે તેની તરવાર" "ભણે તેની વિદ્યા" એ રીતે હમારી મહેનતનુંજ આ ફળ છે. આ સુચીપત્રમાં બતાવેલા સર્વ રોગ તે ખાત્રીપુર્વક સારા કરે છે.

અજીર્ણ.

સર્વ રોગનું કારણ અજીર્ણ—બદહજમી છે. માણુસને જ્યારે ખોરાક ઉપર અરૂચી થાય છે ત્યારે જાણવું કે રોગની શરૂઆત થઇ ચુકી છે માટે તેનો તત્કાળ ઉપાય કરવો. ગમે તેવા **અજીર્ણમાં અમૃત બિંદુ**ના માત્ર બેજ ટીપાં ઘણી સારી અસર કરે છે, એકજ દિવસમાં કકડીને ભુખ લાગે છે અને કોઇ પણ પ્રકારનો ખોરાક ખુશીથી જરપત કરી શકાય છે. જો પંદર દીવસ લાગટ બેબે ટીપાં **અમૃતબિંદુ**નાં લેવામાં આવે તો હમેશ કરતાં ડબલ ખોરાક ઉડાવી શકાય છે અને તે પાચન કરી શકાય છે.

ઉપયોગ—રોજ બન્ને વખત જમ્યા પછી એક ચમચા પાણી સાથે અથવા દસ ટીપાં સુંઠના અર્ક સાથે બેબે ટીપાં **અમૃતબિંદુ** પીવું. અર્ક અગર હમારે ત્યાંથી મંગાવશો તો દર શીશી દીઠ રૂ. ૦।। પડશે.

ઝાડા, સંગ્રહણી.

ઝાડા સંગ્રહણી, કોલેરા, અતીસાર, ઉલટી, એ રોગોમાં **અમૃતબિંદુ** ઘણીજ અકસીર દવા છે. દીવસમાં ૧૦—૧૦ વખત ઝાડા થતા હોય, પાતળાં પેટ આવતાં હોય, ખાધુ કે તુરત ઝાડા છુટી જતા હોય, કે સાધારણ ઝાડા થતા હોય, ટુંકમાં જેને ઝાડાનો રોગ હોય તેણે પેહેલી તકે અમૃતબિંદુનો ઉપયોગ કરવો. એકજ દીવસમાં તે ખાત્રીપુર્વક આરામ પહોંચાડે છે. ઉલટી શરૂ થતાની સાથેજ જો **અમૃતબિંદુ**નો ઉપયોગ કરવામાં આવે તો પાંચ દશ મિનીટમાં ફાયદો પહોંચાડે છે. જ્યાં જ્યાં કોલેરાનો સંભવ હોય અથવા ઉપરાછાપરી જમણવાર ચાલતાં હોય, યાત્રામાં ઠંડા પાણીનાં સ્નાન, ખોરાકનું અનીયમીતપણું અને રખડપટ્ટીથી શરદી લાગી

ઉપરના રોગ થવાનો સંભવ છે. તેવે સ્થળે એક એક શીશી અમૃતબિંદુની ગજવામાં રાખવી તે ઘણું ડહાપણ ભર્યું છે. પોતાનો અને બીજાનો કીંમતી જાન બચાવવા માટે દરેક ગ્રહસ્થની ફરજ છે કે તેણે અમૃતબિંદુની એક શીશી ગજવામાં રાખવાની હમેશાં સંભાળ રાખવી.

ઉપયોગ દીવસમાં બેથી ચાર વખત અથવા ઘણા ઝાડા ઉલ્ટી હોય તો કલાકે ચારચાર ટીપાં **અમૃતબિંદુ** થોડા પાણી સાથે ઝાડા ઉલ્ટી બંધ થતાં સુધી લીધાં જવું. અથવા વધારે જરૂર જણાય તો અંદર બેબે ટીપાં લવિંગનો અર્ક નાંખવો. લવિંગનો અર્ક રૂ. ૦ાા ની એક શીશી એ પ્રમાણે હમારે ત્યાંથી મળી શકશે.

ચુંક, આંકડી, પેટદર્દ.

ઠંડા પાણીમાં રેહેવાથી, ખોરાકની સંભાળ નહી રાખવાથી, વાયરી ચીજો ખાવાથી, તેલમાં તળેલાં પદાર્થ ગળચી ગળચીને ખાવાથી, ભૂખ ન હોવા છતાં ખોરાક લેવાથી, અને બીજાં અનેક કારણોથી પેટમાં ચુંક અથવા આંકડી પેદા થાય છે. ઝાડો કબજ થાય છે. અને કેટલીક વાર તો એટલી બધી ચુક આવે છે કે તે સહન થઇ શકતી નથી અને આસપાસના માણસોને ગભરાવી મારે છે. તેવી વખતે **અમૃતબિંદુ**ના માત્ર બેજ ટીપાંથી જાદુઇ અસર થાય છે. માત્ર ૧૫ મીનીટમાં દરદ દફે થાય છે અને એક કે બે દીવસ દવા ચાલુ રાખવાથી પ્રકૃતી પાછી અસલ હાલતમાં આવી જાય છે. ઉપયોગ દર કલાકે આંકડી બંધ થતાં સુધી બેબે ટીપાં **અમૃતબિંદુ** એક એક ચમચા દુધ યા પાણી અથવા વલીયારીના અર્કનાં દસ ટીપાં સાથે લીધાં કરવી. તેમજ પાવલીભાર તપખીર (છીકણી) માં ૧ ટીપું અમૃતબિંદુનું મેળવીને દુંટીમાં ભરવી. વલ્યારીનો અર્ક એક શીશી રૂ. ૦ાા ભાવે હમારે ત્યાં પણ મળે છે.

ખાંસી, દમ, સ્વાસ.

ખાંસી, દમ, સ્વાસ, ક્ષય બાળકોનું ઉટાટીઉં, વિગેરે છાતીનાં દરદો ઉપર **અમૃતબિંદુ** ઘણી અસરકારક દવા છે. બે ત્રણ દીવસ દવા ચાલુ રાખવાથી જરૂર આરામ પહોંચે છે. "રોગનું ઘર ખાંસી" એ વાત યાદ રાખજો. અને શરૂઆતના ઉપાય તરીકેજ **અમૃતબિંદુ** ઉપયોગમાં લેજો. જેથી તમારી જાતનું અને પૈસાનું રક્ષણ કરી શકશો. દમ અને ક્ષયના દરદીઓએ સામાન્ય રીતે એક મહીનો દીવસ **અમૃતબિંદુ**નું સેવન ચાલુ રાખવું જોઇએ. ઓછા ખરચે, વગર તકલીફે અને ટુંકી મુદતે ફાયદો મેળવવાનો રસ્તો આ એક છે.

ઉપયોગ—બે બે ટીપાં **અમૃતબિંદુ** રોજ સહવાર સાંજે એક ચમચા દુધ સાથે પીવું તથા આઠ તોલા તલમાં ચાર આનીભાર

અમૃતબિંદુ મેળવી શીશામાં રાખવું અને રોજ તેમાંથી થોડું છાતીયે ચોળી ઉપરથી ગરમ કપડાનો શેક કરવો.

શીરદરદ, આધાશીશી, સળેખમ.

માથાનો ગમે તેવો સખત દુખારો, સણકા, ચસ્કા, આદાશીશી વિગેરે રોગોમાં અમૃતબિંદુ ખાત્રી ભરેલી દવા છે. માત્ર એ પાંચ મીનીટમાંજ પુરો આરામ થઈ જાય છે. જાણે કદી માથું દુખતુંજ નથી. તાવમાં પણ જ્યારે માથું દુખતું હોય ત્યારે આ દવાથી માથું દુખતું તો મટી જાય છેજ. ગમે તવો સખત દુખારો પાંચ મીનીટમાં સાફ થઇ જાય છે. ઝામરાના દરદીએ પણ અમૃતબિંદુનું સેવન કરવું કે જેથી ખાત્રીથી ફાયદો મેળવી શકાશે.

ઉપયોગ— એક ટીપું કપાળ ઉપર ચોળપું પાંચ મીનીટમાં આરામ નહી થાય તો ફરીથી એ ટીપાં ચોળવાં. સંભાળ રાખવી કે આંખમાં લાગે નહીં.

આંખનો દુખાવો.

આંખોનો દુખારો, કળતર, લાલી, ગરમ વિગેરે દૂર કરવા માટે સૌથી સરસ દવા માત્ર અમૃતબિંદુ છે, આંખોની ગરમી દુર થઇ જાય છે. અને લાલી કપાઇ જાય છે, જ્યારે આંખમાં રેતી કે કંઈ રજ જેવું પડયું હોય છે અને ઘણું ખુંચે છે ત્યારે તે કાઢવાનો ઉપાય આંખમાંથી પાણી પુષ્કળ કાઢવું તે છે, આંખોમાંથો પુષ્કળ પાણી કાઢના માટે અમૃતબિંદુ ઘણી સરસ અને સસ્તી દવા છે.

ઉપયોગ—-આંખના ભમરની ઉપર એક ટીપું ચોળવાથી તુરત આંખમાંથી પાણી વહેવા માંડશે અને ગરમી ઝરી જશે. સંભાળજો જરાપણ આંખની અંદર જવા નહી પામે. જો ૧ તોલાં સુરમામાં માત્ર એકજ ટીપું અમૃતબિંદુ મેળવી પછી એ સુરમો આંખમાં આંજવામાં આવે તો તેથી પણ લાભ થાય છે.

દાંત દાઢમાં કળતર.

દાંતમાંથી લોહી નીકળવું, દાઢમાં કળતર, દંતશુળ; શણકા વિગેરે દાંતના રોગો ઉપર તત્કાળ અસર કરવા માટે અમૃતબિંદુ ખાત્રી ભરેલી દવા છે દાઢના સણકાનો રોગ કેટલો ત્રાસદાયક છે તે વિતે તેજ જાણે. એક એક મીનીટ તેવા દરદો માટે એક એક યુગ સમાન છે. તેવા વખતે અમૃતબિંદુ માત્ર લગાડવાની ખોટી છે, દાંત કે દાઢને દવા અડતાંની સાથે આરામ થઇ જાય છે, જેમને દાંતનો રોગ અસલથીજ હોય તેમણે રોજ બ્રશ ઉપર એક ટીપું પાડીને તેનાથી દાંત ઘસવાની ટેવ રાખવાથી કદી પણ દાંતની પીડા થશે નહી. દાઢના સણકા ઉપર જરા પુમડું ભીંજવી કળતરવાળા ભાગ ઉપર લગાડવું.

કાનના સણકા.

પરૂ વ્હેવું, કાનમાં દુખાવા, બહેરાપણુ, કર્ણસુળ વિગેરે કાનનાં સઘળાં દરદો ઉપર **અમૃતબિંદુ**નો ઉપયોગ કરવો જોઇએ. એક તોલા કુંગળીના રસમાં અથવા ૧ તોલા તલના તેલમાં, અથવા એક તોલા દારૂમાં માત્ર એક ટીપું **અમૃતબિંદુ**નું મેળવી તેના કાનમાં ટીપાં પાડવાનું મટતાં સુધી ચાલુ રાખવું.

દરાજ, ધાધર ખસ, ખરજવું.

દરાજ અથવા ધાધર ઉપર **અમૃતબિંદુ** રામબણ દવા છે. બે ત્રણ વખતજ લગાડવાથી આરામ થાય છે. ખસ અને ખરજવાં ઉપર પણ તે ઘણીજ અકસીર દવા છે. આવા રોગોમાં જુદી જુદી દવાઓ કરીને જેઓ કંટાળી ગયા હોય તેમણે છેવટના ઉપાય તરીકે **અમૃતબિંદુ**ની અજમાયશ લેવી અને હમે ખાત્રીથી કહીએ છીએ કે જેમનાં એ દરદનું આયુષ્ય પુરૂ થયું હશે તેમને **અમૃતબિંદુ**ના ઉપયોગની સલાહ ખરીજ લાગશે પણ જેમનાં એ દરદોનો છેડો આવવાનું હજી દુર હશે તેઓ બીજી દવાઓનો ઉપયોગ કરવા પછી **અમૃતબિંદુ** વાપરશે.

ઉપયોગ—એક તોલા તલના તેલમાં ચાર ટીપાં **અમૃતબિંદુ** નાંખી દાદર ઉપર ચોળવું. ખસ ઉપર લગાડતી વખતે અગર અગન બળે તો તલના તેલની જગોએ ચંદનનું તેલ લેવું. ચંદનનું તેલ હમારે ત્યાંથી રૂ. ૧ માં એક શીશી મળશે.

સોજો.

કાંઇક વાગવાથી, ઘસારાથી અથવા બીજા કોઇ રોગોથી શરીરના અમુક ભાગ ઉપર સોજો આવી જાય છે. તેના ઉપર **અમૃતબિંદુ** ઘણી અકસીર દવા છે. એક અથવા બેવાર લગાડતાંની સાથેજ સોજો ઉતરી જાય છે.

ઉપયોગ—દીવસમાં બે ત્રણ વખત એક એક બે બે ટીપાં **અમૃતબિંદુ** મસળવું. સંભાળજો આંખમાં લાગે નહીં.

સંધીવા—લકવા.

અર્ધાંગ વાયુ, સંધીવા લકવા, વિગેરે દરદ ઉપર ખાસ કરીને અમૃતબિંદુ વાપરવા લાયક છે. સાંધાઓ ઝલાઇ જઇ માણસ ખાટલા વશ કેમ નહીં થયો હોય પણ લગાડતાં લગાડતાંજ આરામ થતો ખુલ્લો જણાય છે. એકજ દીવસમાં દરદી પોતાને કરાર વળેલો જણાવે છે—સાધારણ હાથ પગમાં થતો ફાટ, તોડ, સુથારો, ઝઝણી આવતી સાંધાઓમાં કળતર થવું, કમરમાં દર્દ, બરડાની કરોડમાં દુખારો, સુળ,

પાંસળાંમાં કળતર, છાતીમાં દુઃખ થવું, હાથ પગનું ભરાઈ જવું, વિગેરે દરદોમાં સસ્તી કીંમતે જલદી આરામ મેળવવાનો એકલો રસ્તો અમૃતબિંદુનો ઉપયોગજ છે. થોડાક કલાકમાંજ તે મન માનતો ફાયદો પહોંચાડે છે. ગમે તેવા જુનાં દરદ ઉપર પણ એકજ શીશી પુરતી છે. ૧૦૦) રૂપીયાના ખરચે જેઓનો લકવા સારો થયો હતો નહીં તેવા દરદીઓને અમૃતબિંદુની એકજ શીશીએ સંતોષકારક આરામ પહોંચાડયો હતો. એવા એક નહીં પણ અનેક દરદીઓ ઉપર તેની અજમાયેશ લેવાય છે. અને તે સઘળામાં તે ફતેમંદજ નીવડયું છે. સરસવનું અથવા તલનું તેલ, ટરપેનટાઇન કે ધાસલેટ એક તોલો લઇ તેમાં ૦॥ તોલો અમૃતબિંદુ મેળવી દુખતા ભાગ ઉપર ખુબ ચોળવું. ઉપરથી ગરમ કપડાનો સેક કરવાથી જલદી આરામ થશે. અગર અગન બળતી જણાય તો અમૃતબિંદુ ૦॥ ને બદલે ૦। તોલો લેવું.

કમજોર—નિર્બળતા.

શરીરમાં લોહી ચઢતુંજ નહીં હોય, ગમે તેવા ઉંચા ખોરાકની જાણે શરીર કીંમતજ નહીં કરતું હોય, આખો દીવસ સુસ્તી લાગતી હોય, આંખો નિસ્તેજ, મોં ફીકું, ડાચા બેઠેલાં, છાતીના પાંસળાં ૫૦ કદમ દુરથી ગણી શકાતાં હોય, પાંચશેર ભાર ઉચકી પાંચ ડગલાં ચલાતું નહીં હોય, પવન આવે તો ઉડી જાય તેવું શરીર હોય, ચાલતાં સ્વાસ ભરાઇ જતો હોય, મન હમેશાં ઉદાસ રહેતું હોય, જીવ બળબળ થયા કરતો હોય, રસના પણ જતુ રહ્યું હોય, નિરાશામાં દીવસો વ્યતિત થતા હોય. કોઇને ઉભું થવું ભારી પડતું હોય, આખો દીવસ સુઇજ રહીએ એમ લાગતું હોય, મગજ ઉપર પુષ્કળ બોજો લાગતો હોય, યાદશક્તિનો નાશ થતો હોય, મગજમાં અનેક ગુંચવાડાઓ ઉભા થતા હોય, ટુંકમાં જ્યારે શરીર કેવળ શક્તિ વગરનું થઈ ગયું હોય ત્યારે અમૃતબિંદુનો જરૂર ઉપયોગ કરવો. અંદરના અને બહારના ઉપયોગથી શરીર જોરાવર, હાડકાં ચોકણાં, અંગ ભરાવાદાર, ચેહરો ગુલાબી, છાતી ઉઠાવદાર, કંમર મજબુત, હાથ પગ તાકાતવાળા, આંખો તેજસ્વી અને મન ઉમંગી બની મગજ પણ આનંદી બને છે. એકજ શીશીનો ઉપયોગ તમોને જરૂર સંતોષ આપશે. વિદ્યાર્થીઓએ ખસુસ કરી વાપરવું જોઇએ, ધાતુ પૌષ્ટીક દવાઓમાં પેહેલો નંબર અમૃતબિંદુનો આવે છે.

ઉપયોગ—એક તોલો ઘી અને અડધો તોલો મધ, અથવા ૧. તોલો માંખણ અને અડધો તોલો પીસેલી સાકર, અથવા એક તોલો બદામનું તેલ, અથવા ૧૦ તોલા દુધ એમાંના કોઇપણ અનુપાન સાથે બે બે ટીપાં અમૃતબિંદુ સહવાર સાંજ ચાટવું.

હરસ.

હરસની પીડા જેને વીતે તે જાણે—જ્યારે હરસની દવા કરી કરીને તમો કંટાળી ગયા હો ત્યારે છેલ્લા ઉપાય તરીકે માત્ર અમૃતબિંદુ અજમાવજો અને ખાત્રીથી એ પીડા હમેશની દુર થઈ જશે.

ઉપયોગ—રોજ સહવારમાં અડધો તોલો વાટેલું નાગકેશર, ા તોલો વાટેલી સાકર ભેગાં કરી તેમાં બે ટીપાં અમૃતબિંદુ નાંખી ફાકી મારવી અને ઉપરથી ા દુધ પીવું. જો ફાકવું પસંદ નહી હોય તો માખણમાં મેળવી ચાટવું.

ઉચ્ચુ નાગકેશર દળેલું તૈયાર શીશી ૧)નો રૂ. ા હમારે ત્યાંથી પણ મળશે.

મ્હોં આવવું.

ગમે તે કારણથી મોં આવ્યું હોય, અવાળુ ફુલી ગયાં હોય, મોમાં ચાંદાં-ઘોરાં પડી ગયાં હોય બધું એ ચાર વખતમાંજ મટી જાય છે.

ઉપયોગ—ા તોલો કબાબચિની (ચીણીકબાલા) બારીક વાટી તેમાં માત્ર એકજ ટીપું અમૃતબિંદુનું નાંખી મેળવી મોંમાં ચોપડવું અને મોં ગળતુ મુકવું. (લાળ જવા દેવી) એ રીતે દીવસમાં ત્રણ કે ચાર વખત કરવું.

પ્રમેહ.

ગમે તે જાતનો ગમે તેવો પ્રમેહ હશે પણ અમૃતબિંદુથી તે જરૂર મટશેજ. ઉપયોગ—રોજ સહવારમાં ૧) તોલો વાટેલા ગોખરૂ, ૧ તોલો દામડીનાં પાંદડાંનો રસ ૧) તોલો દળેલી સાકર ત્રણે મેળવી તેમાં બે ટીપાં અમૃતબિંદુ નાંખી પી જવું. અથવા ૧૦-૧૨ ટીપાં ચોખું ચંદનનું તેલ લઈ તેમાં બે ટીપાં અમૃતબિંદુ મેળવી રોજ સહવારમાં ચાટી જવું. ચંદનનું ચોખ્ખું તેલ હમારે ત્યાં પણ મળશે. કીંમત રૂ. ૧)

ચામડીનું ફાટવું.

શિયાળામાં ઘણું કરીને દરેક માણસના હાથ પગની ચામડી ઓછી વધારે પણ ફાટયા વિના નથી રહેતી. તેવે પ્રસંગે અમૃતબિંદુ ઘણીજ અકસીક દવા છે. ઉપયોગ—માંખણ, ઘી, તેલ, દીવેલ, અથવા વેસેલીન એમાંથી કોઇ પણ ચીજ ા તોલો લઇ તેમાં બે ટીપાં અમૃતબિંદુ નાંખી ચોળવું એટલે જલદી આરામ થઇ જાય છે.

ઝેરી ડંખ.

ભમરી, વીંછુ, મધમાંખ, ચાંચડ, માંકડ, મચ્છર, કાનખજુરો વિગેરેના ડંખ ઉપર અમૃતબિંદુ અમુલ્ય દવા છે. હજારો વખત તેની અજમાયેશ લેવાઇ છે અને હજી સુધી એક વખત પણ નિશ્ફળતા મળી નથી. દવા લગાડતાં વારજ અસર થવા માંડે છે અને પાંચ મીનીટમાં તો દરદનું ચિન્હ પણ રહેતું નથી.

ઉપયોગ—ડંખ ઉપર એક ટીપું અમૃતબિંદુ ચોળવું.

પ્લીહા—બરોળ.

બરોળના દરદીએ ખાસ કરીને અમૃતબિંદુ અજમાવું. જ્યાં બીજી કોઇ દવાએ ફાયદો નથી પહોંચાડયો, ત્યાં તે જરૂર સારૂં પરીણામ લાવશે. થોડા ખરચે જલદી આરામ કરવાનો એજ રસ્તો છે કે, અમૃતબિંદુની અજમાયેશ લેવી.

ઉપયોગ—સાચા મોતીની છીપની ભષ્મ બે આના ભાર લઇ તેમાં બે ટીપાં અમૃતબિંદુ મેળવી રોજ દીવસમાં બે વાર જમ્યા પછી ખાવી. છીપની ભસ્મ અમારે ત્યાંથી મંગાવવામાં આવશે તો રૂ. ૧) ની ૧ તોલો એ હીસાબે મોકલવામાં આવશે.

અંડવૃદ્ધિ.

એક બે અને ત્રણ વખત લગાડતાંની સાથેજ ફાયદો થતો નજરે પડે છે. માત્ર આઠ દિવસમાંજ સદંતર આરામ થઇ જાય છે. ગમે તેવા કેસમાં તે પોતાનું કામ સંતોષકારક બનાવે છે.

ઉપયોગ—૧ તોલો દીવેલમાં ૦)= ભાર અમૃતબિંદુ મેળવી સવાર સાંજ એ મીશ્રણ ચોળવું.

નપુંશકતા.

વિર્યનો કોઇ પણ રીતે નાશ થવાથી આ દરદ ઉત્પન્ન થાય છે. સૃષ્ટીવિરૂદ્ધ, કર્મ, હસ્તદોષ, અતિશય વિહાર, રાતદિવસ હલકી મોજના વિચારો, બીભત્સ વાંચન લેખન, સ્વપ્નાવસ્થા ઈત્યાદી કારણોથી વિર્યનો અઘટીત રીતે નાશ થઇ માણસ પુરૂષત્વ ખોઈ બેસે છે. તેવે વખતે તેમને ચીંતાથી મુક્ત કરનાર એક અમૃતબિંદુ એજ ખરો આધાર છે. ધાતુક્ષીણતાથી નસો ઢીલી પડી જઇને શિથિલતા પ્રાપ્ત થાય છે, ઢીલી પડેલી નસોને પાછી તંગ બનાવી તેમાં તાકાત લાવવા માટે અમૃતબિંદુ રામબાણ દવા છે. પુરૂષત્વના નાશથી જેઓ રાત દિવસ ચિન્તામાં રહેતા હોય, હજારો જાતની દવાઓ વાપરીને જેઓ નિરાશ થઇ ગયા હોય તેઓને છેલ્લા ખાત્રી ભરેલા ઉપાય તરીકે અમૃતબિંદુ વાપરવાની ભલામણ કરવામાં આવે છે. અને હમો ખાત્રી આપીએ છીએ કે એકજ શીશીથી તેઓની ભવની ચીંતા ખચીત ટળી જશે. ઉપયોગ રોજ સહવાર સાંજ ૦ાા તોલો તલના તેલમાં એક ટીપું અમૃતબિંદુ મેળવી તેને ચોપડવું.

પ્રદર રોગ.

સ્ત્રિયોના પ્રદર રોગ ઉપર અમૃતબિંદુ અજાયેબ અસર કરે છે. રક્ત યા શ્વેત ગમે તે પ્રદર ઉપર તે આપી શકાય. બેચાર દીવસમાં તેનાથી આરામ થઇ જાય છે. સ્ત્રિયોને તન્દુરસ્ત, આરોગ્ય મજબુત બાંધાની રાખવાથી તેમની સતતી પણ નિરોગી બનાવી

શકાય છે. સ્ત્રિયોને નિરોગી બનાવવા માટે દર વર્ષે એક શીશી **અમૃતબિંદુ** આપવામાં આવે તો સુવાવડોમાં આવનારી નબળાઈથી પણ તેમનું રક્ષણ કરી શકાય. **ઉપયોગ**—સહવાર સાંજ જમ્યા પછી દરેક વખતે ०ાા તોલો નાગર કેશર (ઝીણું વાટેલું) લઈ તેમાં એક તોલો માખણ તથા બે ટીપાં **અમૃતબિંદુ** મેળવી ખાવું. ઉપરથી રૂચી અનુસાર તાજુ દુધ પીવું.

શરદી.

અતિશય શરદી થઈ જવાથી માણસ ઘણીવાર ઠંડોગાર બની જાય છે. આ સ્થિતિ ઘણી ભયકર છે અને જો આવી સ્થિતિમાંથી તત્કાળ તેને બચાવવામાં નહીં આવે, આંખમાં ગરમી લાવનારા ઉપચારો કરવામાં નહીં આવે તો થોડા કલાકોમાં તેનું આયુષ્ય પુરૂ થઈ જાય છે. ગરમી લાવનારા બીજા સઘળા ઉપચારોમાં તત્કાળ કામ લાગે, જલદી અસર કરે અને વળી સસ્તો પડે તેવો ઉપાય **અમૃતબિંદુ**જ છે આવી સ્થિતિમાં તે પગનાં તળીએ ચોળવાથી આખા શરીરમાં ગરમી આવી જાય છે અને બે ટીપાં પેટમાં જતાંની સાથેજ હુશિયારી આવી જાય છે.

ઉપયોગ—એક તોલો સરસીનુ તેલ લઇ તેમાં ૧૦ ટીપાં **અમૃતબિંદુ** મેળવી ખુબ ચોળવું. વધારામાં જરૂર જણાય તો ૧૦ ટીપાં તજનું તેલ ઉમેરવું. તજનું તેલ હમારી પાસેથી મગાવતાં રૂ. ०ાા ની એક શીશી મોકલવામાં આવશે.

તાવ.

ઠંડીનાં લખલખાં આવીને, રોજીંદો, એકાંતરીયો, ચોથીયો ગમે તેવા તાવ આવતો હોય તેને નાબુદ કરવાનો સહેલો ઉપાય "**અમૃતબિંદુ**" છે. જીર્ણજ્વર ઉપર પણ તે ઘણું સારૂ કામ કરે છે. સેંકડે ૮૦ માણસોને તેથી આરામ થઈ જાય છે. **ઉપયોગ**—તુલસી, આદુ અને ખાવાનાં પાન પ્રત્યેકનો રસ (०ा) પા પા તોલો મેળવી તેમાં બે ટીપાં **અમૃતબિંદુ** નાંખી દરદીને દિવસમાં બે વખત પાવું.

ન્હારૂ.

ન્હારૂ અથવા વાળો એ એક જાતનો તારના રૂપનો કીડો છે. ખરાબ પાણીથી અથવા બીજા ઘણા કારણોથી માણસના શરીરના ગમે તેવા ભાગમાં વાળો નીકળે છે. એકવાર વાળો બહાર દેખાયો કે તેને બાંધી રાખવા પડે છે. કારણ કે તાણી કાઢતાં જો તુટી જાય છે, અથવા અંદર પાછો પેશી જાય છે તો તે પોતાનો રસ્તો ફેરવે છે અને ઘણી ઘણી વેદના દીવસો—મહીનાઓ સુધી આપે છે. **અમૃતબિંદુ** લગાડવાથી વાળો બળી જાય છે. **ઉપયોગ**—ચાર ટીપાં હીંગનો અર્ક લઇને તેમાં બે ટીપાં **અમૃતબિંદુ** નાંખી થોડું પાણી ઉમેરી રોજ દિવસમાં ત્રણ વાર પીવું. હીંગનો અર્ક હમારી પાસેથી મંગાવશો તો રૂ. ०ाा શીશીને હીસાબે મોકલીશું.

જંતુનાશક.

ઘરમાં ખાળ, મોરીયો, વિગેરે જગાઓ સાધારણ પાણીથી ધોવા છતાં ઘણી દુરગંધી મારે છે તથા જીવ ઉત્પન્ન થાય છે. આવા વખતે ઘરમાં વસનારને ઘણો કંટાળો ઉપજે છે, એટલુંજ નહીં પણ એવી દુરગંધમાં વસવું તે પણ જોખમ ભરેલું છે. થોડા પાણીની અંદર બે ટીપાં **અમૃતબિંદુ** નાખી જે તેવી જગાઓ સાફ કરવામાં આવે તો દુર્ગંધી દુર થશે. એટલુંજ નહી પણ હાનીકરતા જંતુઓનો પણ નાશ થાય છે.

માંકડ.

પલંગ, ખુરસીઓ, ટેબલ, મેજ, કબાટ, અભરાઈ, બારી, બારણાં, ભીંતની તરડો, વિગેરે જગાઓમાં માંકડ પુષ્કળ ભરાઇ રહે છે. તેમનો નાશ કરવા માટે **અમૃતબિંદુ** ઘણી અકસીર દવા છે. માંકડનો કંટાળો લગભગ દરેક ઘરમાં હોય છે, અને માંકડના ઉપદ્રવથી બચવાની ઇચ્છા પણ દરેકની હોય ત્યારે માંકડનો નાશ કરવા ઉપરાંત જેમાં બીજા સેંકડો ગુણો સમાયલા છે તેવા અમૃતબિંદુની દરેક ઘરમાં જરૂર છે એ વાત પુરવાર થાય છે.

ઉપયોગ—સાબુનું ફીણ બનાવીને તેનું પાણી ગલાસ ભરીને તૈયાર કરી તેમાં ચાર ટીપાં **અમૃતબિંદુ** નાંખી માકડ ભરાવાની જગાઓમાં તે ઉતારવું. એથી માંકડ મરી જશે અને મહીનાઓ સુધી તે જગામાં માકડ ભરાઇ બેસશે નહીં.

ઉપર લખવામાં આવેલા **અમૃતબિંદુ**ના સઘળા ગુણ અતિશયોક્તિથી કેવળ નિરાળા છે, દરેક ઘરમાં તેની આજકાલ જરૂર છે. પોતાના સ્વાર્થને માટે તો ઘણા માણસો આ શીશી ખરીદ કરે છે. પણ પરોપકાર માટે પણ તેની સેંકડો શીશી દયાળુ ગૃહસ્થો ખરીદ કરે છે. જે ઘરમાં **અમૃતબિંદુ**ની એક શીશી છે તેને વૈદ ડાકટરની ક્વચિતજ જરૂર પડે છે.

કીંમત.

અમૃતબિંદુની એક શીશી સેંકડો રૂપીયાની કીંમતની છે. એમ કહીએ તો પણ ચાલે, કારણ કે તેનાથી વૈદ ડાકટરોના મોટાં બીલો ભરવાનાં બચી જાય છે. પરંતુ હમોએ તેની કીંમત માત્ર રૂ. ૧ રાખી છે.

અડધી કીંમત.

જો કે અમૃતબિંદુની એક શીશી રૂ. ૫ માં મુફત જેવીજ છે. તે છતાં હમો તેનો પ્રજાને જેમ બને તેમ વધારે પરીચય આપવા ઇચ્છીએ છીએ, કે જેથી હમોને ભવિષ્યમાં ફાયદો થાય, દવા એવી તો ઉમદા છે કે એકવાર ખરીદ કરનાર પાસેથી રૂ. ૫) ને બદલે રૂ. ૧૦ માંગવામાં આવે તો પણ તે વગર આનાકાનીએ ખરીદશે. તેટલા માટે હાલમાં આવતી વસંત પંચમી સુધી તેની અડતી કીંમત એટલે માત્ર રૂ. ૨ાા રાખ્યા છે. તે ઉપરાંત વળી પ્રજામાં આ દવા જાણીતી કરવા માટે ઇનામોની સીસ્ટમ નીચે ગોઠવવામાં આવી છે.

આ ઈનામો પણ વસંતપંચમી સુધીજ આપવામાં આવશે. તે મુદત વીત્યા બાદ શીશીની કીંમત રૂ. ૫) આપવા પડશે અને કોઇ પણ જાતનું ઇનામ આપવામાં આવશે નહીં.

૧ એક શીશી લેનારને એક મેજ ઉપર મુકવાનું ખુબસુરત ટાઈમપીસ ઘડીઆળ મુફત આપવામાં આવશે. કીંમત રૂ. ૨ાા વી. પી. થી રૂ. ૩.

૨ બે શીશી લેનારને ગજવામાં રાખવાનું એક ઘણું સરસ રેલવે રેગ્યુલેટર અથવા રારકોપ સીસ્ટ ઘડીઆળ ઘરાકની ઇચ્છાનુસાર મોકલવામાં આવશે કીંમત રૂ. ૫) વી. પી. થી રૂ. ૫ાા

૩ ત્રણ શીશી લેનારને એક ચાંદીનું હાથે બાંધવાનું ઘડીયાળ પટા સાથે ઇનામ આપવામાં આવશે. કીંમત રૂ. ૭ાા) વી. પી. થી રૂ. ૮।)

૪ ચાર શીશી લેનારને એક બ્રેસલેટ વોચ જે ગ્રહસ્થો અને બાનુઓના હાથનો ખુબસુરત નકલી સોનાનો રત્નજડીત અથવા સાદો રોલ્ડ ગોલ્ડનો દાગીનો છે, અને જેમાં ઘણું મજબુત ખુબસુરત ઘડીયાળ છે, તે ઈનામમાં મળશે. કીંમત રૂ. ૧૦ વી. પી. થી રૂ. ૧૦ાા≈

૫ પાંચ શીશી લેનારને ખુબસુરત, નકશીદાર બન્ને બાજુ ઉપર સોનેરી અથવા રૂપેરી ઢાંકણાંવાળુ ઘણું મજબુત ઘડીયાળ ઇનામમાં મળશે. કીંમત રૂ. ૧૨ાા વી. પી. થી. રૂ. ૧૩)≈

૬ છ શીશી અમૃતબિંદુ ખરીદ કરનારને એક એનગ્રેન્ડ ઢાંકણાનું ખરીચાંદીનું હંટીંગ વોચ બક્ષીસ આપવામાં આવશે. કીંમત રૂ. ૧૫) વી. પી. થી. રૂ. ૧૫ાાા

૭ સાત શીશી ખરીદનારને એક ઘણું મજબુત ગજવાનું ઘડીયાળ ઇનામ મળશે. આ ઘડીઆળને અઠવાડીઆમાં માત્ર એક વારજ ચાવી આપવી પડે છે. રોજ ચાવી આપવાની કટકટ નથી. કીંમત રૂ. ૧૭ાા વી. પી. થી રૂ. ૧૮।

૮ આઠ શીશી ખરીદ કરનારને ઉપર પ્રમાણેનુંજ ખરી ચાંદીના ઘરનું વિકલી વાઇન્ડીંગ ઘડીયાળ બક્ષીસ મળશે. વી. પી. સાથે રૂ. ૨૧) ભરવા પડશે.

૯ નવ શીશી ખરીદ કરનારને એક ફેન્સી કેલેન્ડર વોચ ગજવાનું (ઘડીયાળ) બક્ષીસ મળશે. આ ઘડીયાળમાં કલાક, મીનીટ, સેકન્ડ ઉપરાંત તારીખ, વાર, મહીનો તથા ચંદ્રમાની વધઘટ સઘળું ખુલ્લે ખુલ્લું જણાય છે. અમીર ઉમરાવોને વાપરવા લાયક આ ઘડીયાળો છે. રૂ. ૨૩ા માં ઘેરબેઠાં ટપાલ ખર્ચ સાથે પહોંચતું થશે.

૧૦ દસ શીશી ખરીદ કરનારને ઉપર પ્રમાણેનુંજ ખરી ચાંદીના ઘરનું કેલેન્ડર વોચ બક્ષીસ મળશે. વી. પી. ખર્ચ સાથે રૂ. ૨૬)

૧૨ બાર શીશી ખરીદ કરવાથી એક ખરાં સોનાનું લેડી વોચ બક્ષીસ મળશે. સ્ત્રીપુરૂષો તેને પોતાની છાતી ઉપર ટાંગી શકશે. ગજવામાં રાખી શકશે, અથવા કાંડા ઉપર બાંધી શકશે. ઘણું દીલકસ ઘડીયાળ છે. વી. પી. ખર્ચ સાથે રૂ. ૩૧ ભરવા પડશે.

૨૪ બે ડઝન શીશી ખરીદ કરનારને એક ગજવામાં રાખવાનું કવારટર રીપીટર ઘડીયાળ બક્ષીસ મળશે. આ ઘડીયાળ ગજવામાં રાખવાનું હોવા છતાં તેમાં વખત જણાવનાર ૦ા–ાા–ાાા કલાક તથા કલાક વાગે છે. શ્રીમાનોજ તે ગજવામાં રાખી શકે. કારણ તે ઘણાં મોંઘી કીંમતનાં છે. વી. પી. સાથે રૂ. ૬૦) પડશે. રૂ. ૫) અગાઉથી ઓરડર સાથે મોકલવા.

૩૫ ત્રણ ડઝન શીશીના ઘરાકને ઉપર પ્રમાણેનુંજ ખરી ચાંદીના ઘરનુ કવારટર રીપીટર વોચ બક્ષીસ મળશે. રૂ. ૫૦) અગાઉથી મોકલવા. બાકી રૂ. ૮૭) ખર્ચ સાથે વી. પી. માં ભરવા પડશે.

ચેતવણી.

આ ચાંરૂતરનું અમૃતબિંદુ સરકારમાં રજીસ્ટર કરાવ્યું છે. તમારા પોતાના ફાયદા માટે બજારમાંથી ખરીદ કરતી વખતે સાવધાન રહેજો અને રજીસ્ટર નંબર ૮૪૧–૧૦ તપાસીને પછીજ તમારાં ગજવામાં હાથ નાંખજો. નકલી માલ શોધી તે બનાવનારાઓને કોર્ટમાં સજા કરાવતાં સુધીની મદદ કરનારાઓને ઇનામ આપવામાં આવશે. સરનામું બરાબર યાદ રાખો.

અમૃતબિંદુ ઓફીસ
કાલબાદેવી રોડ—**મુંબાઇ.**

વખણાયલાં અને ઉપયોગી પુસ્તકો.

જ્ઞાનોત્તેજક કાવ્યસંગ્રહ—૪૦ જાણીતાં સ્ત્રી અને પુરૂષ લેખકોનાં સાંસારિક, ધાર્મિક અને નૈતિક વિષયપર સરખી અને મધુર ભાષામાં લખાયલાં સર્વ ઉમરનાં, સર્વ ધર્મનાં, સર્વ સ્થિતિના મનુષ્યોને ઉપયોગી થઇ પડે તેવાં કાવ્યોનો સંગ્રહ. દરેકને આ પુસ્તક એક સાચા મિત્રરૂપ લાગે તેવું છે. વીસ ફૉર્મ; કપડાનું બાઇન્ડીગ. **કિંમત રૂ. ૧—૪—૦.**

સંસારસુખ સાધન—આ પુસ્તક ઇનામ આપીને લખાવ્યું છે; તેમાં સરળ પણ અસરકારક અને મધુર ભાષામાં લખાયલા ૩૬ નીબંધ છે. પુસ્તક સર્વને ઉપયોગી થઈ પડે તેવું છે. વડોદરાનાં કેળવણી ખાતાંએ ઇનામ તથા લાઇબ્રેરી માટે મંજુર કરેલું છે. વર્તમાનપત્રો અને વિદ્વાનોએ દરેકને તે વાંચવાની ભલામણ કરી છે. દશ ફૉર્મ. **કિમત ૦—૮—૦.**

દેશભકત દાદાભાઇ નવરોજી—(જીવનચરિત્ર) **કિમત ૦-૪-૦.**

રંગરસાયણ વિદ્યા—ગમે તે રોગ વગર ખર્ચે મટે એવી નવીન પણ અકસીર અને સ્હેલી રૂઢીને લગતું આ પુસ્તક વૈદાંના ૩૦-૪૦ વર્ષના અનુભવાંએ લખ્યું છે. **કિમત ૦—૪—૦.**

પ્રાચીન તથા અર્વાચીન હિન્દ—કિમત રૂ. ૦—૧—૬.

આપણી ઉન્નતિ કોના હાથમાં છે?—કિમત રૂ. ૦—૧—૬.

☛ દરેક પુસ્તક મોકલવાનું ખર્ચ ગ્રાહકોને શીર છે. પરંતુ આ બધાં પુસ્તકો **માત્ર રૂ. ૨** નાં વી. પી.થી મોકલવામાં આવશે.

એ ઉપરાંત શાળામાં ચાલતાં, જુદા જુદા ધંધાઓને લગતાં, તેમજ બીજાં કોઈ પણ જાતનાં ગુજરાતી, અંગ્રેજી, તેમજ મરાઠી પુસ્તકો અમારી મારફતે મંગાવવાથી પુસ્તકો તપાસીને, કિમતમાં કસીને સંભાળપૂર્વક પેક કરીને વગર વીલંબે મોકલી આપવામાં આવશે.

ભારતી અને કંપની;

મુંબઇ, પોષ્ટ નં. ૪.

